શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ઉપાધ્યાય શ્રી રત્નચંદ્રગણી પ્રણિત

# શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર

## ભાષાંતર

* ભાષાંતર કર્તા *

મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજા

* સંયોજક *

પૂ. આચાર્ય શ્રી વિજય અશોકચંદ્ર
સૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાલા)

* પ્રકાશક *

માસ્તર રમણીકલાલ ત્રીકમલાલ ઝવેરીવાડ, જી.મહેસાણા(ઉ.ગુ.)પાટણ.

પૂ. ગુરૂદેવ ઉગ્ર તપસ્વી શાસ્ત્ર વિશારદ
સ્વ. આચાર્યદેવેશ શ્રી નિપુણપ્રભ-
સૂરિ મહારાજાની શ્રદ્ધાંજલી નિમિત્તે
પં. ચિદાનંદ મુનિની પ્રેરણાથી
પ્રગટ કરાયેલ

# શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પન્યાસ ધર્મ-અશોક-ગ્રન્થમાળા પુષ્પ ૧૦મું

પૂ. પં. રત્ન-મોહન-ધર્મ-અશોકચંદ્રસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ

ઉપાધ્યાય શ્રી રત્નચંદ્રગણી પ્રણિત

# પ્રદ્યુમ્ન ચરિત્ર

ભાષાંતર



ભાષાંતર કર્તા
મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજા

સંયોજક
પૂ. આચાર્ય શ્રી વિજય અશોકચંદ્ર સૂરીશ્વરજી મહારાજા
(ડહેલાવાળા)

પ્રકાશક
કીર્તિ પ્રકાશન, C/o. ઝવેરી સ્ટોર્સ
ગોપીપુરા સુભાષચોક, સુરત-૧.

વીર સંવત ૨૫૧૦ વિક્રમ સંવત ૨૦૪૦ ધર્મ સંવત ૫૦

કિંમત રૂા. ૧૬=૦૦

*** પ્રાપ્તિ સ્થાન ***

**મુખ્ય પ્રાપ્તિસ્થાન તથા કાયમી પત્ર વહેવાર**

**કીર્તિ પ્રકાશન, C/o. કેતન કે. પરમાર**

૧૩, ડાકોરદાર સોસાયટી, ઘોડદોડરોડ, અઠવાલાઈન્સ.

**સુરત-૩૯૫૦૦૧.**

●

**કીર્તિ પ્રકાશન**

C/o. **ઝવેરી સ્ટોર્સ**-ગોપીપુરા સુભાષચોક. **સુરત-૧.**

●

**કીર્તિ પ્રકાશન, C/o. સુમતિલાલ જમનાદાસ**

૨૨૭, અદાસાની ખડકી, પતાસા પોળ ગાંધીરોડ.

**અમદાવાદ-૧.**

●

**સેવંતિલાલ વી. જૈન**

૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર. **મુંબઈ-૨.**

●

**સરસ્વતી પુસ્તક ભંડાર**

રતનપોળ. હાથીખાના, **અમદાવાદ-૧.**

●

**સોમચંદ ડી. શાહ**

જીવનનિવાસ સામે. **પાલીતાણા.** (સૌરાષ્ટ્ર)

જગત્પૂજ્ય શ્રી મોહનલાલજી મહારાજના સમુદાયવર્તી સાધ્વીજી
શ્રી વિનયશ્રીજી મ. ના સદુપદેશથી તખતગઢવાલા
શ્રી બાબુલાલ કપુરચંદજી તરફથી ગુરૂભક્તિ નિમિત્તે
ઉગ્ર તપસ્વી શાસ્ત્રવિશારદ

**પૂ. આ. શ્રી નિપુણપ્રભસૂરિજી મહારાજા**



**જન્મ :** ગામ વસી (મેવાડ) સંવત ૧૯૬૦ ના જેઠ સુદ ૧૪.
**દીક્ષા :** શત્રુંજ્યાવતાર કતારગામ તીર્થ (સુરત) ૧૯૮૪ ના મહા વદ ૩.
**આચાર્યપદવી :** પાલીતાણા સંવત ૨૦૨૩ના ચૈત્ર વદ ૭, ૩૦-૩-૧૯૬૭
**સ્વર્ગવાસ :** સુરત ફાગણ વદ ૨ બુધવાર, ૩૦-૩-૧૯૮૩.

અનેક ગુણરૂપી પુષ્પોથી નંદનવન સમાન ઉગ્ર તપસ્વી
શાસ્ત્રવિશારદ બાલબ્રહ્મચારી પૂ. આચાર્ય મહારાજા

# શ્રી નિપુણપ્રભસૂરિ મહારાજાની
# જીવન સુવાસ

મેવાડના વસી ગામમાં સુશ્રાવક ખરતાજીને ત્યાં નવલમલજી તરીકે સંવત ૧૯૬૦ને જેઠ સુદ ૧૪ના જન્મ લઈ સુરત પાસે મરોલી ગામમાં તેમના ફોઈને ત્યાં પ્રાથમિક શિક્ષણ લીધું. ૧૬ વર્ષની વયે સુરતના ધર્મનિષ્ઠ વ્રતધારી સુશ્રાવક **શ્રી કૃષ્ણાજી જોધાજી**ને ત્યાં રહેતા ધર્મ-પ્રેરણા મેળવી વ્રત, પચ્ચક્ખાણ સામાયિક પૌષધમાં જોડાયા.

વિક્રમ સંવત ૧૯૮૦માં સુરત ગોપીપુરામાં **પં. શ્રી પદ્મમુનિજી મહારાજા** પાસે ઉપધાન કર્યાં. ત્યાં દીક્ષાની ભાવના થઈ અને ૧૯૮૪નાં મહા વદ ૩નાં શ્રી શત્રુંજયાવતાર કતારગામ તીર્થમાં દીક્ષા થઈ. નામકરણ **પૂ. પં. શ્રી કનકમુનિ ગણિ**ના શિષ્ય **શ્રી નિપુણમુનિજી** મહારાજ થયું.

**પૂ. શ્રી મોહનલાલજી મહારાજ**નાં શિષ્ય પૂ. **શ્રી દેવમુનિજી મ.** પાસે વૈયાવચ્ચ ભક્તિ કરતાં આગમસૂત્રોનું વાંચન કર્યું. **પં. શ્રી કીર્તિમુનિજી મ.** તથા **પં. શ્રી હીરમુનિજી મ.** તથા પૂ. આ. **શ્રી અમૃતસૂરિજી મ.** પાસે યોગોદ્વહન કર્યાં.

સંવત ૨૦૧૨માં સુરત વડાચૌટામાં પૂ. આ. **શ્રી સમુદ્રસૂરિજી** પાસે પન્યાસ પદવી થઈ. સં. ૨૦૧૮માં મુંબઈ લાલબાગ ચોમાસું કરી પૂ. શ્રી મોહનલાલજી સ્મૃતિ ગ્રન્થ પ્રગટ કરાવ્યો. સં. ૨૦૨૩નાં ચૈત્ર વદ ૭ને તા. ૩૦-૩-૧૯૬૭માં પૂ. આ. **શ્રી વિજયઉદયસૂરિજી** આદિ પાંચ આચાર્યની નિશ્રામાં આચાર્ય પદવી થઈ. અને સમેત-શિખરજીનાં તથા કલકત્તાથી પાલીતાણા સંઘમાં પધાર્યા. વિહારમાં પણ શ્રી વર્ધમાન તપની ઓળીઓ ચાલુ રાખી ૧૧૦ ઓળી સુધી પહોંચ્યા.

અંતિમ પણ ચોવિહારા ચાર ઉપવાસ કરી. સં. ૨૦૩૯નાં ફાગણ વદ ૨ને બુધવાર તા. ૩૦-૩-૮૩નાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

શ્રી વર્ધમાન તપનાં આરાધક ઉગ્રવિહારી, તપસ્વી સૂરિદેવને કોટીશઃ વંદના.

લિ.

પં. ચિદાનંદમુનિનો શિષ્ય **કીર્તિસેનમુનિ**

# ✻ પ્રસ્તાવના ✻

શ્રી શ્વેતામ્બર તપાગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘમાં શાસન પ્રભાવના અનેક પૂર્વાચાર્યો કરતા આવ્યા છે. તેમાં મોગલ બાદશાહ **અકબરને** પ્રતિબોધ કરનાર **પૂ. આ. શ્રી હિરસૂરિજી (હીરલા)** સાથે વિહાર કરનાર **ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્ર ગણિવરના** મુખ્ય શિષ્ય ઉપાધ્યાય **શ્રી રત્નચંદ્ર ગણિએ** આ મહાકાવ્ય સંવત ૧૬૭૪ના આશ્વિન માસમાં વિજયાદશમી અને ચન્દ્રવાસરે સંસ્કૃત ભાષામાં રચેલું હતું. તેઓશ્રીએ ભક્તામર સ્તવ. શ્રી કલ્યાણમંદિર સ્તવ. શ્રી દેવપ્રભ સ્તવ, શ્રીમદ્ ધર્મ સ્તવ, શ્રી ઋષભ-વીર સ્તવ, કૃપારસ કોશ, અધ્યાત્મ કલ્પદ્રુમ-નૈષધ મહાકાવ્ય, રઘુવંશ મહાકાવ્ય વિગેરેની વૃત્તિ રચેલ છે તેવી જ રીતે આ **પ્રદ્યુમ્ન ચરિત્ર** મહાકાવ્ય પણ (ત્રણ હજાર પાંચસો અગણોસિત્તેર) **૩૫૬૯** શ્લોક પ્રમાણ ગીર્વાણ ભાષામાં રચેલ છે.

આ સંસ્કૃત **પ્રદ્યુમ્ન ચરિત્રનું** ગુજરાતી ભાષાંતર પૂ. મુનિરાજ **શ્રી ચારિત્ર વિજયજી** મહારાજે કરી ગુર્જર ભાષાના જાણકાર ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ ભાષાંતર પોણોસો (૭૫) વર્ષ પહેલાં વીર સંવત ૨૪૩૫માં છપાયેલ પરંતુ આજે એ અલભ્ય છે.

પૂ. આચાર્ય દેવેશ **શ્રી અશોકચંદ્રસૂરિજી** મહારાજે (ડહેલાવાલા) સદુપદેશ આપી આ ગ્રન્થ પ્રસિદ્ધ કરવા જે સ્તુત્ય પ્રયાસ કર્યો છે તે માટે શ્રી સંઘે ગૌરવ લેવા જેવું છે.

નાનપુરા જૈન ઉપાશ્રય,
અઠવા ગેટ સામે.
સુરત-૧.
મહા સુદ ૫

પં. ચિદાનંદમુનિ ગણીવરનાં
શિષ્ય
**કીર્તિસેનમુનિનાં**
ધર્મલાભ

# ❋ અનુક્રમણિકા ❋


| | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ લો સર્ગ : | દ્વારિકા સ્થાપન, કૃષ્ણ રાજ્ય પ્રાપ્તિ ... | ૧ |
| ૨ જો સર્ગ : | રૂક્મિણીને ત્યાં નારદનું આગમન... ... | ૧૫ |
| ૩ જો સર્ગ : | રૂક્મિણી ગ્રહણ કરવા કૃષ્ણનું કુંડીનપુરમાં આવવું | ૨૮ |
| ૪ થો સર્ગ : | રૂક્મિણીનું પાણિગ્રહણ... ... ... | ૪૦ |
| ૫ મો સર્ગ : | પ્રદ્યુમ્ન હરણ, નારદ આગમન, સીમંધરસ્વામીને પ્રશ્ન | ૬૨ |
| ૬ ઠ્ઠો સર્ગ : | રૂક્મિણીનો પૂર્વભવ, નારદનું આવવું ... | ૯૧ |
| ૭ મો સર્ગ : | પ્રદ્યુમ્નની યૌવનાવસ્થા, ૧૬ લાભ ... | ૧૦૦ |
| ૮ મો સર્ગ : | પ્રદ્યુમ્નનું દ્વારિકામાં જવું, માતા-પિતાનું મિલન.. | ૧૫૨ |
| ૯ મો સર્ગ : | શાંબનો જન્મ, વૈદર્ભી સાથે પ્રદ્યુમ્નનું પાણિગ્રહણ, નવાણું કન્યા સાથે શાંબનું પાણિગ્રહણ | ૧૯૩ |
| ૧૦ મો સર્ગ : | જરાસંઘ વધ, શ્રીકૃષ્ણ રાજ્ય પ્રાપ્તિ ... | ૨૨૯ |
| ૧૧ મો સર્ગ : | સાગરચન્દ્ર કમલામેલા પાણિગ્રહણ, ઉષાહરણ... | ૨૬૩ |
| ૧૨ મો સર્ગ : | નેમિનાથ વિવાહ, દીક્ષાગ્રહણ, કેવલ ઉત્પત્તિ... | ૨૭૧ |
| ૧૩ મો સર્ગ : | દ્રૌપદી હરણ, કૃષ્ણ-પાંડવનું અમરકંકાગમન દ્રૌપદીનું લાવવું, પાંડવને દેશવટો આપવો, દ્વારકા આગમન ... ... ... | ૩૦૦ |
| ૧૪ મો સર્ગ : | દેવકીના છ પુત્રો, ગજસુકુમાલ-સાગરચંદ્રનો અધિકાર, દેવ-પરિક્ષા, ભેરી સમર્પણ, ધન્વંતરી-વૈતરણિ વૈદ્ય-ઢંઢણકુમાર અધિકાર તથા પૂર્વભવ. | ૩૧૩ |
| ૧૫ મો સર્ગ : | રથનેમિ-રાજિમતિ શાંબ-પાલકનો અધિકાર ... | ૩૩૪ |
| ૧૬ મો સર્ગ : | દ્વારિકા પ્રલય પૃચ્છા, કૃષ્ણ મરણ નિમિત્ત-પૃચ્છા, શ્રી નેમિનાથનો પ્રત્યુત્તર ... ... | ૩૩૮ |
| ૧૭ મો સર્ગ : | બલદેવ દીક્ષા, તપસ્યા, સ્વર્ગગમન ... | ૩૫૬ |

श्री अर्हद्भ्योनमस्तात्

# श्री प्रद्युम्न–चरित्र

પ્રારિપ્સિત શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર મહાકાવ્યની નિર્વિઘ્નતાથી સમાપ્તિ થવા માટે શ્રીયુત્ ઉપાધ્યાય શ્રી રત્નચંદ્રગણિ, સ્વકીયગ્રંથારંભમાં પાંચ શ્લોકથી સ્વેષ્ટ દેવતાનુકુલ્યર્થ મંગલાચરણ કરે છે. યથા—

राज्यलक्ष्मीर्न्यायलक्ष्मीर्धर्मलक्ष्मीश्च निःसमा ॥
येनोपदिष्टा लोकानां स जीयादृषभप्रभुः ॥ १ ॥

**અર્થ**:—લોકોને અનુપમ, રાજ્યલક્ષ્મી ન્યાયલક્ષ્મી તથા ધર્મલક્ષ્મીને આપનારા શ્રી **ઋષભદેવ** પ્રભુ જયશાલી થાઓ.

यश्चकार शमी शान्तिं विष्टपत्रितयेऽखिले ॥
स जीयात् सान्वयं नाम दधानःशान्तितीर्थराट् ॥ २ ॥

**અર્થ**:—પંચેંદ્રિયનો સંયમ કરનાર, ભુવનત્રિતયવર્તી અખિલ જનોના હૃદયમાં આધિવ્યાધિનો સમૂલોચ્છેદ કરી શાંતિ કરવાથી પોતાનું "शान्तिनाथ" નામ સાર્થક કરનાર શ્રી **શાંતિનાથ** ભગવાન્ જય પામો.

यदूनां हठवृत्यापि ब्रह्मसीमा मुमोच न ॥
स नेमिर्जयतान्नित्यं कलाकेलिविडंबनः ॥ ३ ॥

**અર્થ**:—સ્ત્રી પરણુવા વિશે યાદવોનો અત્યાગ્રહ હોવાથી પણ શ્રી બ્રહ્મચર્ય વ્રત સીમાને નહીં છોડી માત્ર કલાકેલીનું અનુકરણ કરનાર શ્રી **નેમિનાથ** ભગવાન નિત્ય ઉત્કૃષ્ટતાએ વર્તો.

**संज्ञां यो भूयसीं लेभेऽवदातेतिनिर्मलैः ॥**
**विघ्नव्रातलतापार्श्वः स जीयात् पार्श्वसार्ववित् ॥ ४ ॥**

**અર્થ**:—અતિ નિર્મલ યશોથી અનેક સંજ્ઞા સંપાદન કરનાર, વિઘ્ન સમૂહરૂપ લતાઓનો નિર્મૂલ ઉચ્છેદકારક પરશુ સમાન શ્રી **પાર્શ્વનાથ** ભગવાન્ જયવાન્ થાઓ.

**श्रीगौतमगणेःपूर्वपक्षसिद्धांतकृत् प्रभुः ॥**
**जीयाच्चिरं महावीरः कैवल्यपथभास्करः ॥ ५ ॥**

**અર્થ**:—શ્રી ગૌતમગણિએ કરેલા પૂર્વ પક્ષોનું સમાધાન કરનાર, મોક્ષ માર્ગનો પ્રકાશ કરવામાં ભાસ્કર સમાન શ્રી **મહાવીર** ભગવાન્ ચિરકાલ જય પામો.

ઉપર દર્શાવેલા જીનેશ્વરોને નમન કરી તથા શ્રુતદેવતાનું હૃદયમાં સ્મરણ કરી યથામતિ યથાશ્રુત તથા પ્રદ્યુમ્ન–ચરિત્ર લખવાનો હું પ્રારંભ કરૂં છું.

સેવાવૃત્તિ કરનારા અનેક ભૂપોથી પરિવૃત ચક્રવર્તિ રાજાની માફક અસંખ્ય દ્વીપ તથા સમુદ્રોથી વેષ્ટિત અતિ પ્રસિદ્ધ જંબુદ્વીપ જેમાં, અનેક મુનિ નાયકોથી તથા અનેક તીર્થંકરોના ચૈત્યોથી ભૂષિત દક્ષિણ દિશાના ભૂષણભૂત ભરત-ક્ષેત્રને વિશે, પુણ્યરૂપ પદ્મથી અતિ મનોહર તથા શ્રીમત્ તીર્થંકરોના અનેક તીર્થોને લઈ સર્વ પુરૂષોને પાવન કરનાર અતિ ઉત્તમ મગધ નામે દેશ છે, જે દેશમાં સૂર્યચંદ્રનું જ રાહુથી ગ્રહણ થાય છે પણ લોકોનું અમુક આરોપને લઈ ગ્રહણ થતું નથી, જે દેશમાં ભૂપતિના છત્રમાં જ દંડ છે પણ લોકોને કોઈ જાતનો દંડ થતો નથી, તથા વિવાહમાંજ

કર ગ્રહણ થાય છે, લોકો પાસેથી કોઈ જાતનો કર લેવાતો નથી, યુવતિ જનોના કેશપાશનું જ બંધન થાય છે તથા અગરૂવાસ ( અગરનીવાસ ) પણ તેમાંજ થાય છે, શિક્ષા માટે લોકોનું બંધન નથી તથા સર્વ લોકોનો કુલવાસી ગુરૂ ગૃહવાસી થાય છે, મૃદંગમાંજ તાડન ( વગાડવું ) છે, દોષોને લઈ લોકોનું તાડન નથી. દ્વિજીહ્વતા ( બે જીભપણું ) તો સર્પોમાંજ છે. લોકોમાં દ્વિજીહ્વતા ( ચાડીયાપણું ) નથી. તસ્કરપણું વાયુમાંજ છે, લોકોમાં તસ્કરપણું (ચોરી કરવાપણું) નથી, તે મગધ દેશમાં લક્ષ્મી અને સરસ્વતીનું સદા નિવાસ-સ્થાન હોવાથી અતિ પ્રશંસનીય, ક્રોડો ધનિકોથી મંડિત, કદાપિ શત્રુઓથી ખંડિત નહિ કરાયેલું ભૂમિનું મુખ્ય ભૂષણ રાજગૃહ નામે પ્રસિદ્ધ પુરમાં સ્વકીય યશની શ્રેણી કરનાર ક્ષાયિક દર્શનનો ધારક, અનાગત ચોવિશિમાં આદિ તીર્થંકર થનારા, દેવ ઉપસર્ગરૂપ કસોટીથી પરીક્ષિત, સમ્યક્ત્વરૂપ સુવર્ણ ભૂષણધારક, કદાપિ મિથ્યાત્વના લેશ માત્રથી પણ દૂષિત નહીં થયેલ, નિખિલ વિદ્વજ્જનથી પ્રશંસાપાત્ર **શ્રેણિક** નામે રાજા રાજ્ય કરે છે.

એક સમયે સુરાસુર પરિષદ સહવર્તમાન, કર્મરૂપ ઇંધન સમુહમાં અગ્નિ સમાન, સુયશસ્વી શ્રી મહાવીર ભગવાન્ સમવસર્યા; ત્યાં દેવતાઓએ શરણાર્થી પુરૂષોને શરણરૂપ મણિસ્વર્ણ રજતાદિકથી સમવસરણ રચ્યું. તે સમયે જેના હૃદયમાં હર્ષ માતો નથી તેવા વનપાલે આવી રાજાને વિજ્ઞપ્તિ કરી કે હે સ્વામિન્ આજે ઉદ્યાનમાં શ્રી**વીર ભગવાન** સમ-વસર્યા છે, આ વાત શ્રવણ પથગોચર થતાંજ ઉત્થિત

રોમાવલિરૂપ કંચુક ધારણ કરનાર, ઔચિત્યને જાણનાર અતિ હર્ષવાન્ થયેલા તે શ્રેણિક રાજાએ સ્વશરીરસ્થ સર્વ અલંકારાદિક તે વનપાલને આપ્યાં. **उक्तंच.**

**सव्यपाणिगतमप्यपसव्यप्रापणावधि न देयविलंबः ॥**
**न ध्रुवत्वनियमःकिल लक्ष्म्यास्तद्विलंबनविधौ न विवेकः ॥ १ ॥**

**અર્થ**:—દાન આપવા માટે ડાબા હાથમાંથી જમણા હાથમાં ગ્રહણ કરવા જેટલો પણ વિલંબ ન કરવો, કારણ કે લક્ષ્મીની ચંચળતા હોવાથી તેટલો સમય પણ લક્ષ્મીની સ્થિરતા વિશે સંશય છે. તેટલા માટે દાન આપવામાં કોઈ જાતનો પણ વિલંબ કરવો એ વિવેક ન કહેવાય.

**औचित्यमेकमेकत्र गुणानां कोटिरेकतः ॥**
**विषायते गुणग्राम औचित्यपरिवर्जितः ॥ २ ॥**

**અર્થ**:—એક તરફ ઔચિત્ય અને એક તરફ કોટિ ગુણો હોય પણ કોટિ ગુણો ઔચિત્યથી વર્જીત હોય તો કોટિ ગુણો પણ વિષતુલ્ય થઈ પડે છે. માટે ઉચિતપણું જ શ્રેષ્ઠ છે.

તદનંતર સ્વર્ગમાંથી નીકલતા ઈંદ્રની ઉપમા યોગ્ય સર્વ અલંકારોથી દેદીપ્યમાન **શ્રેણિક** રાજા મહાન્ હસ્તિ ઉપર બેસી ઉત્તમ અશ્વને અગ્રેસર કરી અંતઃપુર સહીત ગાજતે વાજતે **શ્રીવીર ભગવાનને** વાંદવા માટે પોતાની નગરીમાંથી નીકળ્યો. શ્રેણિક રાજા ઉદ્યાનની પાસે આવી હાથી ઉપરથી ઉતરી છત્ર ચામરાદિક રાજચિન્હો છોડી દઈ, વિનયાવનત થઈ શાસ્ત્રોક્ત વિધિપુરઃસર સદ્ભાવપૂર્વક જીનેશ્વરને પ્રણામ કર્યા પછી, ઈંદ્રાદિકે સન્માન અપાયેલો, સ્વામિના મુખ સન્મુખ

દૃષ્ટિ રાખી અંજલીપુટ કરી આસન ઉપર બેઠો. વિકથા ચતુષ્ઠયને છોડી એકાગ્ર ચિત્ત થયેલો તે રાજા ધર્મદેશના આપવા તત્પર થયેલા સ્વામિના મુખમાંથી પ્રવાહરૂપે નીકલતી વાક્ સુધાનું કર્ણપુટ વડે પાન કરવા લાગ્યો. જેમકે—

હે ભવ્ય જીવો! સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એવી રીતે ધર્મ દ્વેધા છે. તેમાં સાધુ ધર્મની શુદ્ધ સેવા કરવાથી મોક્ષ અથવા સ્વર્ગ મળે છે. અને શ્રાવક ધર્મ પાળવાથી શ્રાવકની સીમારૂપ બાર દેવલોક સુધી ગતિ થાય છે. માટે આ લોક પરલોકમાં આત્મકલ્યાણાર્થી પુરૂષોને યથારૂચિ બેયમાંથી એક ધર્મ સેવવો. સંસારસ્થ સર્વે જીવો સુખાભિલાષી હોય છે, પણ સુખ તો સર્વજ્ઞોક્ત ધર્મ કરવાથીજ થાય છે. ઈતર પ્રાણી પ્રકલ્પિત જે ધર્મ તે કરવાથી કદાપી સુખ થવાનું નથી. હે ભવ્ય જીવો તે ધર્મમાં પ્રતિબંધક ક્રોધાદિક ચાર શત્રુઓ વિદ્યમાન છતાં કરેલો ધર્મ નષ્ટ થવાથી તે ચાર શત્રુનો ત્યાગ કરવો ઉચિત છે.

**कोहो, पीइं, पणासेइ माणो विणयनासनो ॥**
**माया मित्ताणि नासेइ लोहो सव्वविणासणो ॥ १ ॥**

**અર્થ**:—ક્રોધ કરવાથી પરસ્પર પ્રીતિ નષ્ટ થાય છે, માન રાખવાથી વિનયનો નાશ થાય છે, માયા કરવાથી મિત્રો તજી દીયે છે, તથા લોભ કરવાથી સર્વ અભીષ્ટ વસ્તુનો નાશ થતાં વાર લાગતી નથી.

એ હેતુથી પૂર્વોક્ત વૈરિઓનો મૂલતઃ ઉચ્છેદ કરી સર્વ પ્રાણીઓમાં મિત્રતા કરી સ્વર્ગ તથા અપવર્ગને આપનાર બેયમાંથી એક પણ ધર્મ કરવાથી લક્ષ્મી બલ રૂપની પ્રાપ્તિ

તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે. જેમ પ્રદ્યુમ્નને મોક્ષ થયો તેમ.

**શ્રેણિક** રાજા પૂછે છે હે ભગવન્! **પ્રદ્યુમ્ન** કોણ હતો, તે વિશે આપની જો રૂચિ હોય તો તે ચરિત્ર શ્રવણ કરાવો, કારણ કે તે સર્વજ્ઞ પ્રણિત શાસ્ત્રોજ સુશાસ્ત્ર હોવાથી મિથ્યાદૃષ્ટિ પુરૂષોના વચનોથી દગ્ધકર્મ કોટરવાળા અસ્મત્ સદશ દેહીઓને ઉપકારક આ ચરિત્ર હે પ્રભુ આપના મુખથી સાંભળવા ઇચ્છું છું. આ પ્રમાણે શ્રેણિક રાજાનું વચન શ્રવણ કરી જગતનાથ શ્રી **મહાવીર** ભગવાને કર્ણને વિશે પીયુષ સમાન શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર કહેવાનો પ્રારંભ કર્યો.

આ ધરામાં સર્વ દ્વીપોમાં મધ્યવર્તી પૂર્ણ ચંદ્ર સમાન મનોહર જંબુવૃક્ષથી ઉપેક્ષિત જંબુદ્વીપ છે તેમાં નાના પ્રકારના તીર્થોથી મનોહર લાગતો અનેક ચૈત્યોથી સંયુક્ત મધ્યમાં રહેલા રજતના વૈતાઢ્ય ગિરિથી બે ભાગ કરાયેલ તથૈવ હિમાલયની પુત્રી ગંગા સિંધૂ નદી વડે ષટ્ખંડ કરાયેલ અતિ ઉત્તમ ભરત ક્ષેત્ર છે. તેની દક્ષિણ બાજુ રહેલ મધ્ય ખંડમાં મનોહર અનેક વાપી, કૂપ, તડાકાદિ જલાશ્રયોથી આશ્રિત અનેક ઉદ્યાન્ લતા પુષ્પોથી સુશોભિત દાનશીલ જન સંયુક્ત **શત્રુંજયાદિક** સત્ તીર્થો વડે નિખિલ પ્રાણીઓને પાવન કરનાર અનેક પત્તનોથી યુક્ત દુષ્ટ જનોથી અયુક્ત જેમાં કલેશ તો લેશ માત્ર પણ નથી એવો **સૌરાષ્ટ્ર** નામે દેશ છે. તેમાં ઇંદ્રના નિર્દેશથી કુબેર મહારાજે બનાવેલી સુવર્ણના પ્રાકારથી (ગઢથી) સંયુક્ત ફરતી ખાઈ રૂપ થયેલા સાગરવાળી, સ્વર્ણ રત્ન તથા મણિઓથી નિર્મિત ગૃહોથી અતિ દેદીપ્યમાન, તીર્થંકરોના ચૈત્યોથી ભૂષિત વાપી, કૂપ,

તડાક તથા ઉપવનની શ્રેણિઓથી અતિ સુશોભિત લાગતી જેમાં ધનિક પુરૂષોના ગૃહો ધન ધાન્ય મણિ કનકાદિક વસ્તુઓથી સંકીર્ણ થયેલા છે, જેમાં દુકાનો કર્પૂર કસ્તૂરી કુંકુમાદિ સાર વસ્તુઓથી પરિપૂરિત છે. હેમકંદ તથા ઉત્તમ મુક્તાફલોના સમૂહથી ભૂષિત શ્રીફળ, ઈલાયચી લવિંગાદિકના રાશિથી જેમાં ચતુઃપથ શોભે છે. જેમાં રાજ્યમાર્ગો અતિ વિસ્તીર્ણ છે તો પણ હસ્તિ અશ્વ રથાદિકના સંમર્દ થવાથી સંકીર્ણ થઈ જાણે આ પૃથ્વીમાં બીજી સ્વર્ગપુરી આવી હોય તેવી અતિ રમ્ય **શ્રીદ્વારિકાપુરી** છે.

પ્રતિવાસુદેવ **જરાસંઘ**ના જમાઈ **કંસરાય**ને મારવાના વૈરને લીધે શત્રુથી અગમ્ય નગરીની પ્રાપ્તિ વિશે જ્યોતિષિકને પૂછતાં તેણે જણાવ્યું કે તમારો ઉદય પશ્ચિમ દિશામાં થશે. એમ જાણી કરેલા અષ્ટમ તપથી અતિ પ્રસન્ન થયેલા સમુદ્રાધિષ્ઠાતા દેવે સમુદ્રને ખસેડી જેને ભૂમિ અર્પણ કરી છે, ઇંદ્રના આદેશથી કુબેરે જેને નગરીની રચના કરી આપી છે, પ્રતિવાસુદેવ જરાસંઘનો વધ કરવાથી પ્રાપ્ત થયેલ ત્રિખંડને ભોગવતા કોટિ કોટિ યાદવોથી પરિવૃત અનુપમ ઋદ્ધિને ભોગવતા **શ્રીનેમિનાથ** બળદેવાદિ ભ્રાતાના સૌહાર્દથી શોભિત સમુદ્રવિજયાદિક ભૂપોનો વિનય જાળવનાર નીતિ પ્રમાણે ચાલનાર વસુદેવનો પુત્ર **શ્રીકૃષ્ણ** તે શ્રીદ્વારિકામાં રાજા છે.

પૂર્ણ ઇંદુ સમાન મુખવાળી નીલકમલ સદૃશ લોચનવાળી શુકની ચંચુ સમાન નાસિકાવાળી પ્રફુલ્લિત રક્ત કમલ સમાન જેના અધરોષ્ઠ છે. જેનો શ્વાસોશ્વાસ પ્રફુલ્લિત અરવિંદની સુગંધ સમાન છે. દાડિમની કળીઓ સમાન દાંતોથી અતિ

મનોહર લાગતી, શંખ સદૃશ કંઠ હોવાથી પોતાનું શુભ ભાગ્ય સૂચવતી જેનો કંઠ કોકિલના કંઠ સમાન છે. વિશાલ વક્ષસ્થલથી વિરાજીત ઉન્નત તથા પુષ્ટ સ્તનને લીધે રમ્યાકૃતિવાળી શ્યામ રોમાવલી યુક્ત જેની કટી મુષ્ટિગ્રાહ્ય છે. નાભિ નિમ્ન (ઉંડી) હોવાથી પોતાનું સદ્ભાગ્ય પ્રકટ કરનારી, નિતંબ ભાગ પુષ્ટ હોવાથી ગતિમાં મંદતા કરનારી, જેનો જઘનનો ભાગ ઉન્નત અને પુષ્ટ છે. જેના બે ઉરૂ રંભા કદલી સ્તંભ સમાન છે. પાકેલ રક્તકમલ સમાન કર તથા પાદયુગ્મવાળી ગજ સમાન ગતિ કરનારી, ઔદાર્ય અને ધૈર્યસંપન્ન નારીના અનેક લક્ષણોથી પરિપૂર્ણ જોવામાં આવતી, સ્વપતિના ચિત્તને અનુસરનારી, સુભગ ભાગ્યશાળી સ્વામિનો પરમ પ્રેમ મારા ઉપર છે એમ માનનારી, પોતાના લાવણ્યના ગર્વને લીધે સર્વ સ્ત્રીઓને તૃણ સમાન માનનારી, અતિ તેજસ્વી સર્વ અંતઃપુરમાં માનવાલાયક, સર્વ આભરણોથી ભૂષિત, મધુર વચન બોલનારી ઉગ્રસેન મહારાજાની પુત્રી **સત્યભામા** નામની કૃષ્ણની અગ્ર મહીષી છે. પોતાની ગંભીરતામાં સમુદ્રને જીતનાર, પ્રણામ કરતા અનેક રાજાઓના મુકુટમાં રહેલા માણિક્યથી પૂજા કરતા સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા, સર્વ અલંકારોથી દેદિપ્યમાન લાગતા, અનેક દેશોમાંથી આવેલા ભેટણાંઓને જોવામાં સાવધાન, વિનંતિ કરવા આવેલા કેટલાએક લોકોની વિનંતિનું માન રાખતા, નાના પ્રકારના દેશોની વાર્તાને શ્રવણ કરતા, નૃત્ય કરતા સ્ત્રીપુરૂષોના નૃત્યોને જોનારા, પદ્મ સમાન નેત્રવાળા પ્રસન્ન થઈ અનેક દેશો આપી દેનારા, ક્રોધ આવવાથી અનેક વસ્તુનું ગ્રહણ કરનારા,

વિદૂષકોથી હાસ્યરસમાં મગ્ન થએલા, હાથીનું યુદ્ધ, મલ્લનું યુદ્ધ, કુકડાનું યુદ્ધ, ઉંટનું યુદ્ધ અને ઘેટાનું યુદ્ધ ઇત્યાદિ યુદ્ધને કરાવનારા અને તેના યુદ્ધને બંધ પાડનારા, ઉદાર મનવાળા બલદેવના ભ્રાતા, લક્ષ્મીના નાથ **કૃષ્ણમહારાજ** એક દિવસે સભામાં બેઠા છે. તે સમયે આકાશમાર્ગે ચાલ્યા આવતા દૂર રહેલા સાક્ષાત્ તેજોમય પુરૂષને જોઈ આ કોણ હશે એમ સભાસદો શંકાપૂર્વક વિચાર કરે છે, તેટલામાં તે પુરૂષ અતિ નજીક આવવાથી સર્વને નિશ્ચય થયો કે, મૃગચર્મ ધારણ કરનારા, જટારૂપ મુકુટથી સુશોભિત, હસ્તમાં દંડ રાખનાર, જેનાં નેત્ર પીળાં છે, કલેશની વાર્તા જેને અતિ પ્રિય છે, મહાન્ લોકોને પણ માનવા લાયક, અખંડિત બ્રહ્મચર્યવ્રત ધરનાર આ **નારદ** છે, એમ જાણી શ્રીકૃષ્ણ બળદેવાદિક પુરૂષો પોતાના આસન ઉપરથી ઉઠી સન્મુખ જઈ પ્રણામ કરી અર્ઘ પાદ્યાદિક આપી, હસ્તગ્રહણ કરી સભામાં લઈ આવ્યા. કૃષ્ણે કરેલા સન્માનથી હર્ષિત થતાં તે નારદમુનિને કૃષ્ણ તથા બલદેવે દુર્વા (ધ્રોખડ) તથા સરસવથી પુજીને મોટા આસન ઉપર બેસાડ્યા. શાસ્ત્રમાં કહ્યું છે કે—

**पह्यागच्छ समाविशासनमिदं प्रीतोस्मि ते दर्शनात्**
**का वार्ता परिदुर्बलोसि च कथं कस्माच्चिरं दृश्यसे ॥**
**इत्येवं गृहमागतं प्रणयिनं ये भाषन्त्यादरात्**
**तेषां युक्तमशंकितेन मनसा गंतुं गृहे सर्वदा ॥ १ ॥**

**અર્થ**:—અહો! હો પધારો પધારો, આ આસન ઉપર બીરાજમાન થાઓ, આપના દર્શનથી હું બહુજ ખુશી થયો છું. બોલો શું હકીકત છે, આમ અતિ દુર્બલ કેમ થઈ

ગયા છો, આજ તો ઘણેક દિવસે દર્શનનો લાભ આપ્યો, આવી રીતે જે સતપુરૂષો પોતાને ઘેર આવેલા સ્નેહીજનને આદર સત્કારપૂર્વક કહે છે તેવા પુરૂષોને ઘેર મનમાં કોઈ જાતની શંકા રાખ્યા વગર જવું સર્વદા યોગ્ય છે.

**वचने पि दरिद्रस्य धनाशा तत्र कीदृशी ॥**
**यवागुजरणे जाड्यं मोदकानां तु का कथा ॥ २ ॥**

**અર્થ :**—જેના વચનમાંજ સદા દરિદ્રતા રહેલી છે, ત્યાં વળી ધનની આશા કેવી હોય? જેને રાબડી પચવી પણ મુશ્કેલ થતી હોય તેને લાડુ પચવાની શી વાત કહેવી?

નારદમુનિના મુખની સન્મુખ દૃષ્ટિ રાખી હાથ જોડી પોતાના સિંહાસન ઉપર બેઠેલા **કૃષ્ણ બલદેવ** નારદમુનિની પાસે અનેક દેશોની વાર્તા કરવા લાગ્યા. નારદમુનિ પણ કુશલતા પૂછે છે કે હે કૃષ્ણ બલદેવ! તમારા દેશમાં, નગરમાં કુલમાં, સૈન્યમાં, કુશલતા વર્તે છે! તથા બન્ને ભાઈયોનો સ્નેહ પણ પૂર્વ પ્રમાણેજ છે!

નારદમુનિનાં આવાં સ્નેહપૂર્વક વચન શ્રવણ કરી કૃષ્ણ-મહારાજ કહે છે કે જેનું કીર્તન સમગ્ર જગતમાં પ્રસિદ્ધ છે એવા આપ જેવા મહાત્મા અમારા શુભચિંતક છો તો અમારૂં અકુશલ ક્યાંથી હોય? અને બંધુઓમાં પરસ્પર પ્રેમનો અભાવ પણ ક્યાંથીજ હોય? તથા અનેક જન્મથી ચાલી આવતી આપણા બેયની પ્રીતિ પણ કેમ નષ્ટ થાય?

ઇત્યાદિક મધુર વચનથી સંતુષ્ટ થયેલા દેવર્ષિ પુનઃ બોલ્યા કે હે **પુરૂષોત્તમ!** તમારી સંપત્તિનું અવલોકન કરવા માટે આવેલો હું લોકોથી અવર્ણનીય તમારી સંપત્તિ જોઈ

આશ્ચર્યરૂપ સમુદ્રમાં મગ્ન થયો છું. તમારી રૂપસંપત્તિ, ઉદારતા, દાન આપવાની ચતુરાઈ, નિરાભિમાનતા આશ્ચર્યજનક છે તથા તમારૂં ઐશ્વર્ય, બાહુવીર્ય, ધૈર્ય અને પૂજ્યમાં વિનયયુક્ત રહેવું ઇત્યાદિ સમગ્ર જનને મોહજનક છે, કામ, ક્રોધાદિ શત્રુઓથી ન જીતી શકાય તેવા શાંત્યાદિક ગુણો પુરૂષોત્તમત્વને લીધે અહંપૂર્વિકતાથી તમને આશ્રય કરી રહ્યા છે, તે સમગ્ર હું જાણું છું. એ સમગ્ર જોઈ ચિત્તની આકાંક્ષા શાંત કરી, પણ મેં સાંભળેલું છે કે સુંદર મુખવાળી લોકમાં પ્રખ્યાત રૂપસંપત્તિ—અન્ય સ્ત્રીનો તિરસ્કાર કરનારી **સત્યભામા** નામની તમારી મુખ્ય મહિષી છે. તો હું તે તમારી સ્ત્રીને જોઈ મારા નેત્રના જન્મને સફળ કરૂં, કારણ કે મારા કર્ણ તો લોકના મુખથી શ્રવણ કરી સંતુષ્ટ થયા છે, પણ દર્શન નહી થવાથી નેત્રની ઉત્કંઠા પૂર્ણ થઈ નથી. માટે જો તમારી આજ્ઞા હોય તો તે નેત્રની ઉત્કંઠા પૂર્ણ કરૂં.

**નારદમુનિ**ના આ વાક્યામૃતનું કર્ણદ્વારા પાન કરી હર્ષિત થયેલા કૃષ્ણ મહારાજ કર સંપુટ કરી બોલ્યા કે હે દેવર્ષિ! આપ તો બ્રહ્મચારી છો તેથી આપની ગતિ સર્વ સ્થળોમાં અસ્ખલિત છે. તો પણ હું રજા આપું છું કે આપ મારા સર્વ અંતઃપુરને દૃષ્ટિગોચર કરી પવિત્ર કરો તેમજ **સત્યભામા** પણ તમારા ચરણમાં મસ્તક નમાવી, સત્યવાદી બ્રહ્મચર્યવ્રત ધરનારા તમારી પાસેથી અપુણ્ય જનને અતિ દુર્લભ કલ્યાણ કરનારી ઉત્તમ આશિષને પ્રાપ્ત થાઓ એવી રીતે કૃષ્ણથી અનુમતિ અપાયેલા કંચુકિ જનોએ નહી અટકાવેલા મિથ્યા કલહ કરાવવામાં પ્રીતિ રાખનારા નારદમુનિ અંતઃપુરમાં ગયા.

એવા સમયમાં સ્નાન કરવાથી શરીરને સ્વચ્છ કરી સર્વ અંગોમાં કુંકુમનું લેપન કરી માલતી પુષ્પ ગૂંથી સુગંધી કરેલા અંબોડાથી શોભતી જેણે અંબોડામાં મનોહર સુવર્ણનો ચાંદ ખોસેલો છે, કાનમાં જેણે કુંડળ પહેરેલાં છે, જેણે અતિ ઉત્તમ સેંથો પૂરેલો છે, ભાલમાં હંસપાદથી કરેલા તિલકને લીધે અતિ ભવ્ય આકૃતિવાળી, બરાસ કસ્તૂરી અને કુંકુમના દ્રવથી પોતાની લલાટીકા શોભાવતી હતી. અનેક જાતના સુગંધી પુષ્પોથી ગૂંથેલા હારોને પોતાના કંઠમાં ધારણ કરતી, શ્રેષ્ઠ ચંદન કપૂર કસ્તુરી કુંકુમાદિકના દ્રવથી ઉન્નત તથા સ્થૂલ કૂચ ઉપર પત્ર રચના કરી મણિ સ્વર્ણાદિકથી બનાવેલા ભૂષણોને ભુજામાં ધારણ કરતી, કટિના ભાગમાં કંદોરો જેણે પહેરેલો છે. પાદ યુગ્મમાં જેણે નૂપુર (ઝાંઝર) પહેરેલાં છે સુવર્ણના તથા રત્નના બનાવેલા કંકણો પહેરવાથી જેના હસ્ત પદ્મ શોભે છે. **કૃષ્ણના** સિંહાસન ઉપર બેસી હસ્ત ગ્રહણ કરેલા ઉજ્વલ દર્પણમાં પોતે સરજેલા શૃંગારને જોતી. મંદ મંદ હસતી સખીયે અર્પણ કરેલી પાનની બીડી મુખમાં નાંખતી **શ્રી સત્યભામા** ખરેખર મૂર્તિધારી દેવતાની સદશ જોવામાં આવતી હતી.

એ સમયમાં નારદમુનિ આવી તેની પડખે ઉભા રહેવાથી દર્પણમાં પડેલા મુનિ સંયુક્ત પોતાના પ્રતિબિંબને જોઈ "આ કોણ દુર્મુખ આવ્યો છે" એમ તિરસ્કાર કરતી થુથુ કરી સત્વર વિમુખ થઈ ઉભી રહી અને વિચાર કરવા લાગી કે દુર્વેષ ધરનાર પાપી પાપાકૃતિ આખા શરીરમાં ભસ્મ ચોળનાર આ પુરૂષ અહીંથી ક્યારે જશે ?

સત્યભામાયે કરેલા અપમાનથી ખિન્ન થયેલા તે દેવર્ષિ ગગન માર્ગે ગમનશીલ થયા. અપમાનને લીધે **સત્યભામા** ઉપર ખરાબ વિચાર આવવાથી વિચારે છે કે એ સત્યભામાને સાપ દગ્ધ કરૂં! નિંદિત રૂપવાળી કરૂં! કિંવા તે સત્યભામાને કોઈ અન્ય જનને આપી દઉં! અથવા ભોગથી વિયોગ કરૂં? (જરા વિચાર કરીને) ના ના એમ તો ન કરવું એમ કરવાથી તો **કૃષ્ણ**માં લાંબા વખતથી રહેલી મારી મિત્રતા તુટે માટે અપમાનનો બદલો વાળવા માટે એવી કોઈ યુક્તિ રચું કે જેથી સત્યભામા જન્મપર્યંત દુઃખરૂપ અપમાનના ફલનો સ્વાદ ચાખે. અને કૃષ્ણ સાથે મારી મૈત્રી પણ યથાસ્થિત રહે. આમ થોડો વખત વિચાર કરતા તે યુક્તિ પોતાના ધ્યાનમાં આવવાથી નારદમુનિ હર્ષ પામ્યા.

**श्री शान्तिचंद्र वर वाचक दुग्धसिंधु–**
**लब्ध प्रतिष्ठावर वाचक रत्नचंद्र; ॥**
**श्री कृष्णपुत्रचरितं ललितं चकार**
**सर्गो निसर्गसुभगो गत एव आद्यः ॥ २ ॥**

**અર્થ :—શ્રી શાંતિચંદ્ર** મહોપાધ્યાયરૂપ ક્ષીરસાગર પાસેથી પ્રતિષ્ઠા મેળવનાર મહોપાધ્યાય શ્રી **રત્નચંદ્ર** કવિ પ્રણીત મનોહર શ્રી **પ્રદ્યુમ્નચરિત્ર** મહાકાવ્યનો પ્રથમ સર્ગ સમાપ્ત થયો. એવી રીતે શ્રી પ્રમેયરત્ન મંજૂષા બનાવનાર શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રોપાંગની બૃહદ્‌વૃત્તિ બનાવનાર મહોપાધ્યાય શ્રી શાંતિચંદ્રગણીના શિષ્ય ઉપાધ્યાય શ્રી **રત્નચંદ્ર** ગણીયે રચેલા, શ્રી ભક્તામરસ્તોત્ર શ્રી કલ્યાણ

મંદિરસ્તોત્ર, શ્રીમન્ ધર્મ સ્તોત્ર શ્રીઋષભવીરસ્તોત્ર, કૃપારસ-કોશ, શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ, શ્રી નૈષધ મહાકાવ્યની તથા શ્રી રઘુવંશની વ્યાખ્યા, શ્રીસમ્યક્ત્વસપ્તતિકા પ્રકરણનું બાલાવબોધ તત્ સદૃશ શ્રી **પ્રદ્યુમ્ન ચરિત્ર** મહાકાવ્યમાં પ્રદ્યુમ્ન ચરિત્રની ઉત્પત્તિ શ્રી કૃષ્ણની દ્વારિકાનગરીનું સ્થાપન શ્રી કૃષ્ણને રાજ્ય પ્રાપ્તિ તથા નારદ આગમનનું વર્ણન દર્શાવનાર પ્રથમ સર્ગ સંપૂર્ણ થયો.

# अथ द्वितीय सर्गः

ત્યાર પછી ધારેલા કાર્યને પાર પહોંચાડનારી યુક્તિ પોતાના ધ્યાનમાં આવવાથી મનમાં અતિ સંતુષ્ટ થતા **નારદમુનિ** મનમાં વિચારે છે કે એ **સત્યભામાને** એવા સપત્નીરૂપ સંકટમાં નાખું કે જેથી મારા જેવાનું પુનઃ અપમાન ન કરે અને તેવી કન્યાનું દર્શન કરાવવાથી કૃષ્ણ-મહારાજ પણ માહરા ઉપર સંતુષ્ટ થાય તથા અતિ પુષ્ટ સ્તનવાળી કૃષ્ણને માનીતી હોવાથી રૂપલાવણ્યાદિકનું અભિમાન રાખનારી આ સત્યભામા રૂપલાવણ્ય સંપન્ન સપત્નીના સમાગમથી અતિ દુઃખી થઈ અપમાનના ફલને પામો. એમ વિચાર કરતા કરતા લાટ ભોટ મહાભોટ કાશ્મીર અને મગધાદિક દેશોમાં ભ્રમણ કરવા લાગ્યા. એક દિવસે વાયુની પેઠે અસ્ખલિત વિહાર કરનારા સત્યભામા ઉપર ક્રોધાયમાન થયેલા કૃષ્ણ ઉપર પ્રસન્ન થયેલા નારદમુનિ **વિદર્ભદેશ**માં અતિ મનોહર રાજધાનીના ગુણોનો આધાર વિશ્વત્રયનું ભૂષણ **કુંડિનપુર**માં ગયા, તે નગરીમાં શત્રુઓનું દમન કરનાર, રૂપમાં કામદેવસમાન, પ્રતાપમાં સૂર્ય સમાન, સમતામાં ચંદ્રસમાન, કલ્પવૃક્ષની પેઠે યાચકજનોની ઇચ્છા પરિપૂર્ણ કરનાર, જેના શત્રુસમૂહો નષ્ટ થયા છે, લક્ષ્મીથી પરિપૂર્ણ, મુખમાં સરસ્વતીને ધારણ કરનાર, કરપંકજમાં લક્ષ્મીને ધારણ કરનાર, શરીરમાં કાંતિને ધારણ કરનાર, હૃદયકમલમાં લજ્જાને ધારણ કરનાર, સર્વ રાજાઓમાં મુખ્ય

ગણાતો, પ્રફુલ્લિત કમલ સમાન નેત્રવાળો, સ્વજનોમાં અભીષ્મ ( નહી ભયંકર ) તેજે કરી **ભીષ્મ** ( ભયંકર ) નામે રાજા રાજ્ય કરે છે.

નમન કરતા અનેક રાજાઓના પ્રણામ સ્વીકારમાં સન્મુખ સભામાં બેઠેલા ભીષ્મરાજાએ, શરીરમાં ચોપડેલી ભસ્મને લીધે અતિ શ્વેત લાગતા, મસ્તકમાં બાંધેલા જટા-જૂટથી શોભતાં, જેનાં પીળાં નેત્ર છે તેવા દૂરથી આવતા બ્રહ્મચારી **નારદમુનિને** જોયા. જોઈને એકદમ સિંહાસન ઉપરથી ઉઠી પાદુકાને છોડી દઈ આદરપૂર્વક તે રાજાએ મુનિની સન્મુખ જઈ પરમભક્તિથી પ્રણામ કર્યા. વિનયશાલી તે રાજા મુનિને આગળ કરી સભામાં લઈ આવી પાદ્ય અર્ઘાદિકથી પૂજન કરી મોટા આસન ઉપર બેસાડી કર સંપુટ કરી સ્તુતિ કરે છે કે, હે મહર્ષિ–આપના ચરણકમલના દર્શનથી મારો સર્વ દેશ આજ વૃદ્ધિ પામ્યો. મારી નગરી પણ કૃતાર્થ થઈ. આપના ચરણસ્પર્શ થવાથી મારી સભા આજ પવિત્ર થઈ. મારો જન્મ આજ સફળ થયો. આજનો દિવસ સફળ થયો તથા વર્તમાન સમય પણ સફળ થયો, કારણ કે આપના પાદપદ્મનાં દર્શન થયાં. એવી રીતે સમયો-ચિત વાક્ય સમૂહથી સ્તુતિ કરી તે રાજા મુનિના આદેશથી હાથ જોડી નારદમુનિની સન્મુખ દૃષ્ટિ દઈ આસન ઉપર બેઠો.

રાજા ઉપર સ્નેહને લીધે નારદમુનિ વચનામૃત વર્ષાવવા લાગ્યા કે હે રાજન–તારા દેશમાં, રાજ્યમાં, સ્ત્રી પુત્રાદિકમાં, સૈન્યમાં તથા સ્વજનાદિકમાં કુશલતા વર્તે છે! તેમ તું પણ કુશલ છો!

આવી રીતે **નારદનાં** અમૃત સમાન મધુર વચન શ્રવણ કરી સ્નેહી **ભીષ્મ** રાજા બોલ્યા કે–હે મહાત્મન્, ત્રણે લોકોમાં પૂજાયેલા હે સ્વામિન્, લગ્ન ઉપર પડેલી બૃહસ્પતિની શુભ દૃષ્ટિની પેઠે જેના ઉપર આપની શુભ દૃષ્ટિ પડે ત્યાં અશુભ કયાંથીજ રહે? તમારા નામરૂપ મંત્રનો જપ કરવાથી મારી સર્વ આપત્તિઓ નષ્ટ થઈ તેથી આજે “ફરી ફરીને આવો સંઘાત કયાં મળશે” એમ વિચારી આપના પૂજ્ય ચરણની સાથે સંપત્તિઓ પણ માહરા ઘરમાં પ્રાપ્ત થઈ છે. પણ આપ તો આજે ઘણેક વર્ષે પધાર્યા. તમારા દર્શનાભિલાષી આ ભક્તને કેમ વિસારી મૂકયો? ખેતરમાં વાવેલા અનાજને વિસારી મૂકનાર મેઘની પેઠે આપ જેવા પૂજ્ય પુરૂષો અમ જેવા ભક્તો સામું કોઈ દિવસ ન જુએ તો અમારી શી ગતિ થાય? ચરણકમલ વડે ઘર પાવન કરવા માટે વખતો વખત પધારવું. ચંદ્રના દર્શનની માફક આપના દર્શનને સદા ઇચ્છું છું.

ઇત્યાદિક પ્રેમવાર્તા પરસ્પર ચાલે છે તેવામાં, જેનું દિવ્ય રૂપ છે, જેના કાનમાં પહેરેલા સુવર્ણના કુંડલો ચલાયમાન છે, જેના પ્રફુલ્લિત નયન છે, અષ્ટમીના ચંદ્રસમાન જેનું ભાલ છે, પાકેલા બિંબસમાન જેના અધર છે, પુષ્પસમાન ઉજ્વલ જેના દાંત છે, રોમરોમ હર્ષવાળો, કંઠમાં વિવિધ પ્રકારના હારને ધારણ કરનાર, કંચુકિયે અર્પણ કરેલા સુરભિ તાંબુલને મુખમાં ચાવતો, જેણે મસ્તક ઉપર સાચી જરીની પાઘ બાંધી છે. ચીનાઈ કાપડનું બનાવેલ અતિ ઉત્તમ અંગરખું

જેણે પહેલું છે, જેની આગળ અનેક પ્રતીહારો લોકોને દૂર કરતા જાય છે, સમાન અવસ્થાવાળા મિત્રોએ હાસ્યકારક વાર્તાઓથી હાસ્યરસમાં મગ્ન કરાતો, કલાઓનું તો ક્રીડા-સ્થાન ત્રીજો અશ્વિનીકુમાર હોય નહીં શું? ચોથો અગ્નિ હોય નહીં શું? પાંચમો લોકપાલ હોય નહીં? યુવાન સ્ત્રીઓના ધૈર્યને કંપાવી દે તેવા રૂપથી સંપન્ન એક યુવાન્ પુરૂષ સભામાં આવી રાજાને પ્રણામ કરી મંત્રી વિગેરે સર્વ સભાસદોના પ્રણામ સ્વીકારતો રાજાએ બતાવેલા શુભસ્થાન ઉપર બેઠો.

અતિશય રૂપથી આ વિસ્મિત થયેલા **નારદમુનિ ભીષ્મરાજાને** પૂછે છે કે હે રાજન્ વિશ્વમાં રહેલા સમગ્ર ગુણોથી પરિપૂર્ણ પુણ્યશાલી આ યુવાન પુરૂષ કોણ છે?

રાજાએ કહ્યું કે હે ઋષિ–શ્રીમતી નામની મારી પત્નીના ઉદરથી ઉત્પન્ન થયેલો તથા આપ જેવા પૂજ્યના પ્રસાદથી પ્રાપ્ત થયેલો આ **રૂકિમ** નામનો મારો પુત્ર છે.

ઋષિ બોલ્યા કે—ત્યારે તો પુત્રી પણ હશે.

રાજા કહે છે કે—હા મહારાજ. શ્રીમતીરૂપ શુક્તિમાં નિપજેલ મૌક્તિક સમાન **રૂકિમણી** નામની મારી પુત્રી પણ છે.

પુત્રીનું અસ્તિત્વપ્રતિપાદક રાજાનું વચન શ્રવણ કરતાં જ સંતોષ પામેલા નારદમુનિ મનમાં વિચાર કરે છે કે, જે રૂકિમણીનો ભાઈ રૂપસંપત્તિથી જગતના યુવાવસ્થાના મદને નાશ કરનાર છે તે રૂકિમણી પણ ખરેખર તેવી જ હશે. કારણ કે કલ્પવલ્લી કલ્પવૃક્ષ સમાન જ હોય છે. પણ જો હવે તે પરણેલી ન હોય તો, મારા મનની ધારણા સર્વે પાર

પડે. એમ વિચારી નારદમુનિએ વાતચીતમાં તેના વિવાહ વિશે રાજાને પૂછયું. ત્યારે રાજાએ જણાવ્યું કે શિશુપાલરાજાને આપી છે પણ હજી વિવાહ કરેલો નથી. આવાં વચનામૃત સાંભળતાં જ અતિ હર્ષ થવાથી જેની રોમપંક્તિ ઉભી થઈ ગઈ છે તથા પરસ્પર કલહ કરાવવામાં પ્રીતિ ધરાવનારા નારદમુનિ આવી રીતે પ્રેમવાર્તાઓ કરી બોલ્યા કે રાજન્ તને કુશલ જોઈ હું ખુશી થયો છું. હવે પછી સાધુઓમાં ભાવ રાખનારી શ્રીમતીને અને બાલ વિધવા તારી બેનને તથા રૂકિમણી નામની તારી પુત્રીને હું જોવા ઇચ્છું છું.

રાજાએ કહ્યું કે મહારાજ બહુ સારૂં, અમારૂં ઘર પવિત્ર કરો. તમારા ચરણમાં પ્રણામ કરી સર્વ સ્ત્રીઓ ઉત્તમ આશિર્વાદ પામો.

આમ કહી પછી તરત જ મુનિ આસન ઉપરથી ઉઠીને અંતઃપુરમાં ગયા. આવતા દેવર્ષિને જોઈ પ્રમુદિત થયેલી, અંતઃપુરમાં રહેનારી સર્વે સ્ત્રીઓ આદરપૂર્વક આસન ઉપરથી ઉભી થઈ, એક એક જણી મુનિને પ્રણામ કરવા લાગી. મહાત્મા પાસેથી યોગ્યતા પ્રમાણે આશિર્વાદ મલ્યા. રૂકિમણીએ પણ ઉત્તમ ઋષિને વાંદ્યા. ત્યારે ઋષિએ આશિષ આપી કે યાદવકુળનું આભૂષણ દ્વારિકારૂપ સ્વર્ગપુરીનો ભોક્તા ઇંદ્રના અનુજ બંધુ **શ્રીકૃષ્ણ** મહારાજની તું મુખ્ય પટરાણી થા.

મુનિના આમ કહેવાથી આશીર્વચનમાં લજ્જીત થયેલી **રૂકિમણી** ઘુમટો કાઢી પોતાની ફઈને નેત્રના ઈસારાથી પૂછે છે કે; સૂર્યના તાપથી પ્રફુલ્લિત થયેલા કમલ સમાન નેત્રવાળા આ મુનિ (તું કૃષ્ણની મુખ્ય પટરાણી થા એ વચન) શું

બોલ્યા? કારણ કે બ્રહ્મચારી હોવાથી તેનું વચન અસત્ય ન હોય.

**ભીષ્મરાજાની** બેન મુનિને કહે છે કે, સ્વામિન્? આપે કહેલા કૃષ્ણ મહારાજ એ કોણ છે, કયા વંશને શોભાવે છે, કયા રાજાની પુત્રીને પરણેલા છે, કયા દેશને પવિત્ર કરે છે, કઈ પુરીને પવિત્ર કરે છે, તથા રૂપ આકૃત્યાદિકની શી હકીકત છે તે સઘળું સાંભળવા ઉત્સુક છીએ માટે કૃપા કરી કહો.

વાણીના સમુદ્રરૂપ નારદમુનિ ધારેલા કામની સિદ્ધિ થવાથી મનમાં હસતાં હસતાં બોલ્યા કે, હે માનુનિ, પુત્રોની મનોવાંછા પૂરનાર પિતાની પેઠે જે દેશમાં સમુદ્ર મુક્તાદિ ઉત્તમ વસ્તુઓ આપી ધનિક લોકોની ઇચ્છા પૂર્ણ કરે છે, જે દેશમાં પગલે પગલે સોપારી વૃક્ષો અને શ્રીફળનાં વૃક્ષો છે, જે દેશમાં પાકેલાં અગણિત ફળોને લીધે અતિ નમી ગયેલી શાખાઓથી કદાપિ નહિ નમતા બાવળના વૃક્ષને ધિક્કારતા, માર્ગને શોભાવતા મનોહર અસંખ્ય આમ્ર વૃક્ષો છે, જે દેશમાં ખલ પુરૂષોને દાન રૂપ માર્ગે ચડાવનારા સજ્જનની સમાન રહેલા, મધુર રસને ધારણ કરનાર સેંકડો શેરડીના વાડ રહેલા છે. જે દેશમાં નદીઓ, તૃષાથી આકુલ થયેલા પથિકજનોને વારંવાર જલપાન કરાવે છે, જે દેશમાં સમુદ્રનો પવન પથિકજનના શ્રમથી થયેલા સ્વેદ બિંદુનું પાન કરે છે, જે દેશમાં નદીના તીર ઉપર રહેલાં વૃક્ષો, માંગેલા ફળો તથા જળ આપવાથી લોકોને આતિથ્ય શીખવે છે, ખલ (ચૂનો તથા કાથો) નો સંગ કરવાથી અમો નિષ્ફળ

થયા છીએ માટે કોઈએ પણ ખલ પુરૂષનો સંગ ન કરવો એમ જે દેશમાં નાગરવેલ લોકોને શિખામણ આપે છે, અનેક તીર્થોથી પવિત્ર મનોહર સોરઠ નામે દેશ છે, તે દેશના પૂર્વ ભાગમાં ભક્તિને લીધે **કૃષ્ણનું** અતિથ્ય કરવા માટે પ્રાપ્ત થઈ હોય તેમ જણાતી, કુબેર મહારાજે બનાવેલી, કોટિ રત્નોથી ભરેલી, જેને ફરતો સુવર્ણનો કિલ્લો તથા સમુદ્રરૂપ ખાઈ છે, અનેક વસ્તુનો જેમાં સંચય છે એવી, નેત્રને આનંદ કરનારી **શ્રીદ્વારિકા** નગરી છે.

રૂપમાં કામદેવ સમાન, ચારે દિશાઓની લક્ષ્મીથી આશ્રય કરાયેલ, **શ્રી નેમિનાથ** તથા બલદેવાદિક બંધુ વર્ગથી શોભતા, યાદવ વંશરૂપ સમુદ્રને આનંદજનક ચંદ્ર સમાન તે દેશને તથા તે નગરીને પાવન કરનાર, વસુદેવ રાજાના પુત્ર **કૃષ્ણ** મહારાજ છે. હે માનુનિ! મારી એક જીન્હા હોવાથી કૃષ્ણનું વર્ણન હું કરી શકું તેમ નથી, જો મારી કોટી જીન્હા હોય તો તેનું સંપૂર્ણ વર્ણન કરી શકું.

આવી રીતે **કૃષ્ણનું** વર્ણન કરી પૃથ્વીની અંદર ડાટેલા નિધિની પેઠે રૂક્મિણીના હૃદયમાં કૃષ્ણને સ્થિર કરી સ્વાર્થ સિદ્ધ થવાથી નારદમુનિ ચાલતા થયા.

મુનિ ગયા પછી **રૂક્મિણી** પોતાની ફઈને કહે છે કે ફઈ! મુનિરાજ બોલ્યા તે સત્ય હશે કે અસત્ય હશે? હું ધારૂં છું કે, ઘણું કરીને ગુરુજન ભક્તજનનું મન સંતુષ્ટ થવા માટે પ્રિય વચનો બોલે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે :–

**सामुद्रिकशास्त्रविदो गुरवो ब्राह्मणा:पिका:**
**प्रियमेव हि भाषन्ते वीणा वेश्याश्च वेणव: ॥१॥**

**અર્થ**:-સામુદ્રિક શાસ્ત્રને જાણનારા, ગુરુઓ, બ્રાહ્મણો, કોયલ, વીણા, વેશ્યાઓ અને વાંસની વાંસળીઓ એ સઘળાં પ્રિય શબ્દ જ બોલે છે.

ત્યારે **ભીષ્મરાજાની** બેન બોલી કે નારદાદિક મુનિઓ અસત્ય વક્તા હોતા નથી. મેં પણ એક બીજા મુનિના મુખથી સાંભળેલ છે. હે પુત્રી! કર્ણને અમૃતના રસ સમાન તે હકીકત તને કહું છું તે સાંભળ.

**કંસના** નાનાભાઈ, જ્યોતિષશાસ્ત્ર જાણનારા, યથાર્થ વક્તા, **અતિમુક્તક** નામના મુનિ એક દિવસે ગોચરી માટે આપણે ઘેર આવ્યા હતા. ત્યારે તારા બાપે ઉત્તમ અન્નપાનાદિકથી સંતુષ્ટ કરી, શુભ સ્થાન ઉપર બેસાડી મુનિને આ પ્રમાણે પૂછયું કે, હે મુનિરાજ, સુવર્ણ સમાન કાંતિવાળી **રૂકિમણી** નામની મારી પુત્રીને યોગ્ય તથા ભુવનમાં અતિ પ્રખ્યાત કોણ પતિ થશે, તે આપ જરા વિચારી કહો.

ભીષ્મરાજાના વચન શ્રવન કરી **અતિમુક્તક** નામના મુનિ બોલ્યા, હે રાજન્! યાદવ વંશમાં માણિકય સમાન, ગંભીરતામાં સમુદ્રની ગંભીરતાને નહીં ગણનાર, નારીના નયનને ઉત્સવ કરાવનાર, ગુણોમાં સાગર સમાન, અતિ બલવાન્, રૂપમાં કામદેવ સમાન, વસુદેવ મહારાજના પુત્ર **શ્રીકૃષ્ણ** કંસનો સમૂલ ઉચ્છેદ કરી, અનેક યાદવોસહિત સોરઠ દેશમાં આવી, દેવતાએ બનાવી દીધેલી શ્રી **દ્વારિકાપુરીમાં** હાલ રહેલા છે. તે કૃષ્ણ મહારાજા, કેતકીનો ઉપભોગ લેનારા, ભ્રમરની પેઠે કનક સમાન વર્ણવાળી આ તારી પુત્રીનો ઉપભોગ લેશે. અર્થાત્ તેજ પતિ થશે.

હે પુત્રી! આમ કહી તે મુનિ ચાલ્યા ગયા, કારણ કે વાયુની પેઠે તથા પક્ષિઓની પેઠે મુનિઓ એક સ્થાનમાં રહેતા નથી. તે સમયે હું રાજાની પાસે બેઠેલી. મેં સર્વ હકીકત, ધ્યાન દઈ સાંભળી હતી. માટે હે પુત્રી! નારદમુનિએ દીધેલો આશીર્વાદ મિથ્યા થાય તેમ નથી.

**રૂકિમણી** બોલી હે ફૂઈ! આ વાત તો તમે જાણો છો કે મને શિશુપાળને આપી છે. તો મુનિના આશીર્વાદની સત્યતા શી રીતે બની શકશે?

યથાર્થ અને અમૃતસમાન વાણી બોલનારી તે ભીષ્મ-રાજાની બહેન રૂકિમણીને કહે છે કે તારા માતાપિતાએ તને **શિશુપાળને** આપી નથી, પણ શિશુપાળની પાસે ગયેલા તારા બંધુયે તને ત્યાં આપી છે. ત્યાંથી આવી તારા ભાઈયે એ વાત કરી ત્યારે તારા માતાપિતાએ એ વાત કબુલ કરી, અને જો તું પૂછતી હો કે મારો બંધુ શિશુપાળ પાસે શા માટે ગયો હતો, તો તેનું ત્યાં જવાનું કારણ કહું છું તે તું સાંભળ.

તારા પિતાની સાથે **શિશુપાળની** મિત્રતા છે એમ મારા જાણવામાં છે. એક દિવસે તારો પિતા **ભીષ્મરાજા** હર્ષસહિત સભામાં બેઠો હતો તેવા સમયમાં દ્વારપાલે આવી જણાવ્યું કે મહારાજ! દ્વાર પ્રદેશમાં એક દૂત આવી ઉભેલો છે, તો આપની આજ્ઞા હોય તો તેને અહીંયા બોલાવું. ત્યારે રાજાએ કહ્યું કે તેડી આવ. આમ રાજાની આજ્ઞા થતાં જ દ્વારપાલે તે દૂતનો અંદર પ્રવેશ કરાવ્યો. તે દૂત મસ્તક નમાવી પ્રણામ કરી ઉભો રહ્યો. રાજાએ પૂછયું કે શિશુપાળ

કુશળ છે કે? દૂતે કહ્યું કે આપના મિત્રની કુશળતા વર્તે છે, પણ પરાક્રમી શિશુપાળ રાજા શત્રુઓ ઉપર ચડાઈ કરવા ધારે છે. તેમાં પરાક્રમી, દુઃસહ આપની સહાયતા લેવા ધારે છે તેથીજ તેણે મોકલેલો હું આપની પાસે આવ્યો છું. માટે આપની જે ઇચ્છા હોય તે મને ફરમાવો.

આમ વચન સાંભળી દૂતનો સત્કાર કર્યો. પછી હૃદયને આલ્હાદજનક તથા વિનયવિશિષ્ટ એક પત્ર લખી દૂતને આપ્યો અને કહ્યું કે આ પ્રમાણે મોઢાના સમાચાર કહેજે કે, હે રાજન્ સજ્જ કરેલી સેના સહિત મને સત્વર આવેલો જ જાણજે. હણહણાટીથી દુશ્મનોની છાતીમાં કંપ ઉત્પન્ન કરનારા ઉત્તમ અશ્વો તૈયાર કરાય છે, માવત લોકો હાથીઓને હસ્ત ચાપલ્યાદિકથી સજ્જ કરે છે. સૂત્રધારોને (સુતાર લોકોને) બોલાવી ભાંગી ગયેલા રથાદીક તૈયાર કરાય છે. શસ્ત્ર સજનારાઓ પાસે શસ્ત્રો સજાવી અતિ તીક્ષ્ણ કરાવાય છે. ઘોડેસ્વાર તથા પાયદળો પાસે કવાયેત કરાવાય છે. ત્રુટિ ગયેલાં બખતરો નવીન કરાવાય છે. માટે કશી પણ ચિંતા ન કરશો.

હે દૂત! ઉપર કહેલા મોઢાના સમાચાર કહેજે. એમ કહી દૂતને વિદાય કર્યો. પછી પોતાના પુત્રને બોલાવી કહ્યું હે પુત્ર! કુલ પરંપરાગત રાજ્યનું નિરંકુશપણે તું પાલન કર ને જરા પણ પ્રમાદ કરીશ નહી. કારણ કે પ્રમાદ કરવાથી મૂષકને માર્જાર જેમ સત્વર ગ્રહણ કરી લીએ છે તેમ ટાંપી રહેલા આપણા દુશ્મનો રાજ્યને કબજે કરતાં વાર નહી લગાડે, માટે તું સાવધાન થઈ રહેજે આળસુ

થઈશ નહી. અમો તો શિશુપાલ રાજાની સહાયતા કરવા જઈએ છીએ.

આમ કહી **ભીષ્મરાજા** મૌન રહ્યા. ત્યાર પછી મૂર્તિધારી સાહસ હોય નહીં શું? દેહધારી પ્રત્યક્ષ સિંહ હોય નહી શું? શરીરધારી આવેલો વિનય હોય શું? જાણે આકૃતિવાળી નીતિ કેમ હોય? તથા શરીરધારી પરાક્રમની શંકા કરાવતો યુવાન ભીષ્મરાજાનો પુત્ર **રૂકિમકુમાર** બોલ્યો કે–બખતર પહેરી ઉભેલો હું હયાત છતાં આપ યુદ્ધ કરવા જશો તો તો મારે જીવવું વૃથા છે. કારણ કે યુવાન પુત્રની હયાતી છતાં પિતા સંગ્રામમાં જશે તો પછી યુવાન પુત્ર શું ઘાસ કાપશે? જો કે આપ તો પુત્રના સ્નેહને લીધે અથવા સંગ્રામમાં અશક્ત જાણી મને અટકાવો છો, પણ પિતા **ઈક્ષ્વાકુ** વંશમાં જન્મેલા બાળકોમાં પરાક્રમ જન્મથી જ સિદ્ધ હોય છે. માટે મનમાં શંકાને અવકાશ ન આપતાં કૃપા કરી આપ પાછા ફરો. નિઃશંકપણે આપ રાજ્ય કરો અને પ્રજાનું પાલન કરો. વિવિધ ક્રીડાઓથી બાળકોને રમાડો. ગોખમાં બેસી નૃત્ય કરનારાઓનું નૃત્ય જુઓ અને વિદૂષકોનાં હાસ્યજનક વાકયો શ્રવણ કરો.

હે **રૂકિમણી**! ભીષ્મરાજા પુત્રની મધુર વાણી શ્રવણ કરી અતિ સંતુષ્ટ થયો, કારણ કે પુત્રની મધુર વાણી કયા પિતાને સુખદાયી ન થાય? એક તો પુત્રનું વચન અને વળી શ્રવણે-ન્દ્રિયને પ્રીતિજનક, એક તો અતિ ઉત્તમ જાતિનું સુવર્ણ અને બીજી સુગંધ, એ કોને વહાલું ન લાગે? પુત્રનું વાકય હિતકાર માની **ભીષ્મરાજાએ** સજ્જ કરેલી સેનાની સાથે

પુત્રને વિદાય કર્યો. અનુકૂલ વાયુ હોવાથી શીઘ્ર ગમન કરતો તથા જાતાં દક્ષિણ બાહુ તરફ ઉતરતા શુભ સૂચક મૃગચાતકાદિ પ્રાણીઓ વડે અભિષ્ટ કાર્યની સિદ્ધિ વિષે નિઃશંક કરાતો, રૂક્મિકુમાર થોડા દિવસમાંજ ગંગાનો સંગમ થવાથી મોજાને ઉછાળતા સમુદ્રની માફક સંગ્રામને માટે આકુળ થયેલા શિશુપાળ રાજાને મળ્યો. શિશુપાળે રૂક્મિની સહાયતાથી યુદ્ધમાં કાશી દેશના ભૂપને જીતી જશ મેળવી ગાજતે વાજતે પોતાના પુરમાં આવીને સભા ભરી હાથી, રથ, અશ્વ, અલંકારાદિ સંપત્તિ આપી **રૂક્મિકુમારને** સંતુષ્ટ કર્યો. હે રૂક્મિણી! તે સમયે રૂક્મિકુમારે પણ પ્રસન્ન થઈ શિશુપાળને તને આપી. એમ કરવું યોગ્ય છે, કારણ કે અન્યોઅન્ય આપવાથી બંને મિત્રોના પ્રેમમાં વધારો થાય છે. ઘણા દિવસો ત્યાં રોકાઈ માતાપિતાને મળવા ઉત્સુક થયેલા રૂક્મિકુમારને **શિશુપાળે** માનપૂર્વક વિદાય કર્યો. ભીષ્મરાજા વિજય મેળવી આવેલા પોતાના પુત્રને પતાકાદિકથી સુશોભિત પોતાના નગરમાં મહોત્સવપૂર્વક લઈ આવ્યો. હર્ષજનક અન્યોઅન્ય પ્રેમવાર્તાઓ કરવા વડે પિતા પુત્રનો તે દિવસ ક્ષણવારમાં વ્યતીત થયો. માતાપિતાને વાત કહી કે હું આપની અનુમતી લીધા સિવાય રૂક્મિણીને શિશુપાલને આપી ચૂકયો છું. આમ પુત્રનું વચન સાંભળી પોતાને કંઈ નિંષિદ્ધ ન હતું તેથી પુત્રે કરેલું તે કાર્ય માતાપિતાએ કબુલ રાખ્યું.

હે પુત્રી! આવી રીતે તું તારા ભાઈ રૂક્મિ વડે અપાઈ છે. પણ માતાપિતા વડે તું અપાઈ નથી, તેથી તું મનમાં આનંદ રાખ. જરા ખેદ કરીશ નહીં. હે પુત્રી! આ વાતની

તો તું ખાત્રીજ રાખજે કે ગમે તે ઉપાયથી પણ, પવિત્રાત્મા **શ્રીકૃષ્ણ** મહારાજની સાથે હું તારો વિવાહ કરાવી દઈશ. ફોઈએ આવી રીતે બન્ને તરફના વાકયોથી આનંદ પામતી રૂક્મિણી સુખેથી આનંદમાં દિવસો ગુજારવા લાગી. ચક્રવાકીની પેઠે પોતાના હૃદયમાં હરિનુંજ ધ્યાન ધરતી, દ્વારિકાથી આવેલા લોકોને હરિના ગુણ સંબંધી હકીકત પૂછતી, દિવસે દિવસે વય ગુણ કાંતિ રૂપ ચાતુર્યાદિકથી વૃદ્ધિ પામતી તે રૂક્મિણી કોઈ એક નવિનજ બની ગઈ.

**શ્રી શાંતિચંદ્ર** મહોપાધ્યાય ક્ષીરસાગર પાસેથી પ્રતિષ્ટા મેળવનાર, ઉપાધ્યાય **શ્રી રત્નચંદ્ર** કવિ પ્રણીત **શ્રી પ્રદ્યુમ્ન** ચરિત્ર મહા કાવ્યનો સ્વભાવથી સુંદર બીજો સર્ગ સંપૂર્ણ થયો.

આવી રીતે શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર મહાકાવ્યમાં, રૂક્મિણીના ઘરમાં નારદમુનિનું આવવું અને શ્રી કૃષ્ણરૂપ પતિનું નિવેદન કરનાર બીજો સર્ગ સંપૂર્ણ થયો.

# अथ तृतीयः सर्गः

રૂકિમણી પાસેથી ગગન માર્ગે ગયેલા **નારદમુનિ** એકાંત સ્થળમાં જઈ શ્વેત વસ્ત્રમાં **રૂકિમણીનું** રૂપ ચિતરવા લાગ્યા. આલેખવાના સાધનમાં સફેદાદિક અતિ ઉત્તમ રંગ અને ચિત્રામણ કરનાર સાક્ષાત્ દેવર્ષિ પોતે તેમજ ચિતરવાનું તો અતિ મનોહર રૂકિમણીનું રૂપ છે તો પછી એ છબીમાં શું ખામી રહે? રૂકિમણીનું સર્વ શરીર આલેખી તેને માખણનો ઓપ આપી તે પટને સંકેલી દ્વારિકા નગરીમાં ગયા. ત્યાં એકાંત સ્થળમાં બેઠેલા કૃષ્ણ મહારાજને **નારદ-મુનિએ** જોયા. દૂરથી આવતા મુનિને જોઈ **કૃષ્ણ** મહારાજા આસન ઉપરથી ઉઠી સામા જઈ વિનયપૂર્વક મહા ભક્તિથી પ્રણામ કરી સ્તુતિ કરે છે કે, હે મુનિરાજ! પૂજ્યપાદના દર્શન થવાથી આજ મારી પૂરી પાવન થઈ તથા મારું ઘર પાવન થયું તથા હું કૃતાર્થ થયો. ઈત્યાદિક વચનોથી સ્તુતિ કરી કૃષ્ણે નારદને આસન ઉપર બેસાડી તેની આગળ પોતે બેઠા. પ્રેમપૂર્વક કુશળ પ્રશ્નાદિક વાતચીત કરતાં કૃષ્ણે મુનિને પૂછ્યું કે મહારાજ! દ્વીપ, સમુદ્ર, વન, પર્વતાદિક સર્વ સ્થળોમાં આપની ગતિ અસ્ખલિત છે. તો ફરતાં ફરતાં આપ યોગ્ય વસ્તુ શું દૃષ્ટિગોચર કરી આવ્યા છો કે જેને જોઈ હું અતિ આનંદ પામું! એમ કૃષ્ણે કહ્યું ત્યારે નારદમુનિએ મૌન રહી ચિત્રેલો પટ ઉખેડી કૃષ્ણની પાસે મુકયો. ઉત્તમ

પુરૂષો વાચાલ હોતા નથી, પણ પોતાને જે વક્તવ્ય હોય તેને કાર્યથી જ કહી બતાવે છે તે પટમાં ચિત્રેલું મધુર રૂપ જોઈ કામાતુર થયા.

લોકમાં, કહેવત છે કે યુવાન પુરૂષોને યુવાન સ્ત્રીઓ પ્રિય હોય છે. તેવું અનુપમ મનોહર નારીનું રૂપ જોઈ જે યુવાન પુરૂષના હૃદયમાં કામદેવનો પ્રાદુર્ભાવ ન થાય તેને નપુંસક જાણવો અથવા કે જ્ઞાની જાણવો.

તે ભવ્ય રૂપ જોઈ **કૃષ્ણ** પોતાના મનમાં વિચાર કરે છે કે, જગતમાં યુવાન પુરૂષોના મનને વિહ્વલ કરનારૂ તથા સર્વ અંગોમાં સુંદર આ રૂપ, સત્યયુગમાં થયેલી કોઈ પુણ્યશાળી પુરૂષની પુણ્શાલી સ્ત્રીનું હોવું જોઈએ. કારણ કે આવું રૂપ મેં ત્રેતાયુગમાં, દ્વાપર યુગમાં તથા કલિયુગમાં કોઈ દિવસ પણ જોયું નથી. આ સ્ત્રીનું હું શું વર્ણન કરૂં? આ સ્ત્રીના રૂપમાં મોહિત થયેલો ચંદ્ર સુવર્ણરૂપ બની આના કેશપાસમાં જ સ્થિર થઈ ગયો છે. સર્પિણી સમાન શ્યામ તથા દીર્ઘ જેની વેણી છે; કામદેવના હિંચોળા સમાન આના કર્ણ છે. આનું ભાલ તો જાણે આપોઆપ અષ્ટમીનો ચંદ્રમા કેમ હોય તેવું શોભે છે. બંધુક પુષ્પ સમાન રક્ત ઓષ્ઠ છે. મુખરૂપ તલાવને સેવતી હંસની પંક્તિ સમાન દંતપંક્તિ શોભે છે. રક્ત કમલના દલ સમાન જીહ્વા છે. દીપકની શીખા સમાન નાસિકા છે, આ સ્ત્રીના બે ગાલ છે તે કામદેવરૂપ હસ્તિને શયન કરવાનું ઉચ્ચ સ્થાનક છે. શંખ સમાન ત્રણ રેખાવાળો આનો કંઠ બલવત્તર ભાગ્ય સૂચવે છે. હૃદય દયાવાલું જણાય છે. ધર્મરાજાની રાજધાનીની પેઠે વિશાળ

શીયળ ધારણ કરનારૂં છે. કામદેવરૂપ બાળકને રમવાના કંદુક (દડા) સમાન આના બે સ્તન શોભે છે. શણગારેલા કામદેવરૂપ બાળકની જાણે શિખા કેમ હોય તેમ રોમાવાલી અતિ દીપે છે. અતિગંભીર જે નાભી છે તે તો લાવણ્યરૂપ જલની વાવ છે, આ સ્ત્રીએ કટી પ્રદેશ તો સિંહનો જ ગ્રહણ કરેલો છે. સર્વ કરતાં અધિક અવર્ણનીય હાસ્ય તો એ છે કે મારા જેવાના મનનું અધિક આકર્ષણ કરે છે. આ સ્ત્રીનો નિતંબ પ્રદેશ તો કામદેવના રથનું એક ચક્ર છે. જઘન પ્રદેશ તો કામદેવના ગૃહના આંગણામાં રહેલી વેદિકા છે. આ સ્ત્રીના બે ઉરૂ તો કામદેવ અને રતીના વિવાહમાં મંગલ માટે બ્રહ્માએ અતિદૃઢ બાંધેલા કદલી સ્થંભ છે. આની બે જંઘાઓ ઉપલા ભાગમાં સ્થૂલ અને નીચલા ભાગમાં કૃશ હોવાથી અતિ સુંદર શોભે છે, આ સ્ત્રીના પાદ તો અમારા જેવા યુવાન પુરૂષોને વારંવાર પ્રણામ કરવા યોગ્ય છે. આની ભુજાનું તો હું વર્ણન જ શું કરૂં ? આ નારીના કર્તા સાક્ષાત્ બ્રહ્મા જ છે. સ્ત્રીઓના જે અંગો મુખ્ય તપાસવા જોઈએ તે અંગો તો અતિ મનોરંજક છે. આવી અવર્ણનીય મધુરાકૃતિ રૂપાદિકથી અન્ય સ્ત્રીઓનો તિરસ્કાર કરનારી આ પ્રમદાને જોઈ મને ખેદ થાય છે કે આપણને ધિક્કાર છે કે અત્યાર સુધી આવી યુવાન મદમાં ઉછળતી નારીની ભોગ સંપત્તિ ભોગવી નહી. માટે આ સ્ત્રી વિશે હકીકત આ મુનિને પૂછું. કારણ કે આ મુનિ અનેક દેશોમાં ફરનાર છે. શાસ્ત્રમાં કહ્યું છે કે,

**देशाटनं पंडितमित्रता च पण्यांगना राजसभा प्रवेशः**
**अनेकशास्त्रार्थविचारणं च चातुर्यमूलानि भवंति पञ्च ॥१॥**

**અર્થ**:–અનેક દેશોમાં ભ્રમણ કરવું, પંડિતો સાથે મિત્રતા કરવી, વેશ્યાઓનો સમાગમ, રાજાઓની સભામાં જવું, તથા વિવિધ શાસ્ત્રોનો અર્થનો વિચાર કરવો, એ પાંચ ચતુરાઈ મેળવવાના કારણ છે.

આમ ધારી જરા હસી **કૃષ્ણ** મહારાજ મુનિને પૂછે છે કે, મહારાજ! આપ સત્વર કહો કે આ પિકચર પરણેલી પ્રમદાનું છે કે નહીં પરણેલીનું? ભૂમિ ઉપર રહેલીનું છે કે સ્વર્ગમાં રહેલીનું? આપે દૃષ્ટિગોચર કરેલીનું છે કે નહી દૃષ્ટિગોચર કરેલીનું? આ પ્રતિકૃતિ આપે પોતે આલેખેલી છે કે કોઈ બીજા કારીગરે?

આ પ્રશ્ન સાંભળી સંતોષ પામેલા મુનિ બોલ્યા કે ઇંદ્રના અનુજબંધુ! સાંભળો. **વિદર્ભ** નામના દેશમાં આવેલા **કુંડિન** નામે પૂરમાં શત્રુનો ક્ષય કરનાર પરાક્રમી **ભીષ્મ** નામના રાજાની શ્રીમતિ નામની સ્ત્રીનો **રૂકિમ** નામે પુત્ર તથા એક **રૂકિમણી** નામે પુત્રી છે. તે પરણેલી નથી પણ તેના ભાઈએ **શિશુપાળને** આપી છે. તેના માતાપિતાએ આપી નથી. તે સ્ત્રી મેં ચક્ષુ દ્વારા દીઠી છે. તેની સાથે વાતચીત કરતાં બે ઘડી તમારા રૂપાદિકનું વર્ણન મેં કરેલું છે. હે દેવ! જેમ હંસે ભીમરાજાની પુત્રી દમયંતીના હૃદયમાં નળરાજાની સ્થાપના કરી હતી તેમ મેં પણ રૂકિમણીના હૃદયમાં તમારી દૃઢ સ્થાપના એવી કરી છે કે તેને ઉખેડવા માટે ઇંદ્ર પણ સમર્થ ન થાય. તેમ કરી ત્યાંથી પાછા ફરેલા મેં તમારા જેવા મિત્રને ભેટ આપવા માટે આ મૂર્તિ આલેખી લઈ આવ્યો છું. કારણ કે અમારા જેવા નિષ્કિંચન્

સાધુઓ પાસે તમારા જેવા રાજાઓને ભેટ આપવા લાયક વસ્તુ બીજી કયાંથી હોય, એમ ધારી આ લઈ આવ્યો છું. માટે હવે તે સ્ત્રી રત્નને ગ્રહણ કરવા માટે તમારામાં સત્તા હોય તો ગ્રહણ કરો. કારણ કે સત્તાહીન નપુંસક પુરૂષ તે સ્ત્રી રત્નને કબજે કરી શકે તેમ નથી. પણ હું ધારૂં છું કે જેમ વિધાત્રાએ દમયંતી નળરાજાને માટે જ ખાસ બનાવી હતી તેમ રૂકિમણી પણ ખાસ તમારે માટે જ વિધાત્રાએ બનાવેલી છે. માટે તે વિષે જરાપણ તમારે ચિંતા ન કરવી કારણ કે જેમ પોતાના સ્વામિના પુત્રની સંભાળ રાખવાની ચિંતા સેવકને હોય છે તેમ નિખિલ સૃષ્ટિની ચિંતા બ્રહ્માને હોય છે.

આમ કહી સ્વેચ્છાવિહારી **નારદમુનિ** સ્વેચ્છા મુજબ ચાલતા થયા.

નારદનું ગમન થયા પછી કામાતુર થયેલા **કૃષ્ણને** કયાંય પણ ચેન પડયું નહીં. ભોજન ઉપર રૂચિ ન થવા લાગી તથા શયનમાં પણ કૃષ્ણને શાંતિ ન થઈ. કૃષ્ણ સભામાં બેઠાં બેઠાં પણ કામ ચેષ્ટાઓ કરવા લાગ્યા. આમ રૂકિમણીના વિરહને લીધે કૃષ્ણ અસ્વસ્થ તથા અતિકૃશ થયા. કવિ કહે છે કે આ વાત હમણાં અહીંથી જ રાખીયે ને હવે **કુંડિન-પુરમાં** શી હકીકત બની તે ઉપર જરા લક્ષ દઇયે. **શિશુપાલ** રાજાએ જ્યોતિર્વેત્તાઓ પાસે શુભ લગ્ન જોવરાવી લખાવી લગ્નપત્રિકા **ભીષ્મરાજા** ઉપર મોકલી. લગ્ન પત્રિકામાં અતિ નજીક લગ્ન હોવાથી કૃષ્ણમાં મનવાળી રૂકિમણી વિચારસમુદ્રમાં મગ્ન થઈ. કારણ કે બોલસરીના અતિ સુરભિ

પુષ્પોમાં આનંદ પામનારી ભ્રમરી, કેરડાના વૃક્ષમાં શું આનંદ પામે ? તે સમયે સંકટમાં પડેલી રૂકિમણીને જોઈ તેની ફઈ બોલી કે પુત્રી ! તું ફોગટ દુઃખી થા મા, તથા ફોગટ વિચાર કર મા, કારણ કે જે ભવિતવ્યતા થવાની હશે તે કદાપિ અન્યથા થવાની નથી જ. તો પણ તારી ઉપર મારી પ્રીતિ હોવાથી તે વાતનો હું વિચાર કરીશ. કારણ કે ખરેખર વિચાર કરી કરેલું કાર્ય કોઈ દિવસ પણ શિથિલ થતું નથી. એમ કહી બંને જણીએ એકાંત પ્રદેશમાં તે વાતનો વિચાર કરી એક પત્ર લખ્યો. ત્યારપછી સ્વામિનું કામ બજાવવામાં ચતુરકુશળ નામના એક દૂતને પત્ર આપી ખાનગી રીતે દ્વારિકા તરફ વિદાય કર્યો. તે દૂત થોડા દિવસમાં દ્વારિકા નગરીમાં આવી **કૃષ્ણ** મહારાજને એકાંતમાં બોલાવી રૂકિમણીએ અર્પણ કરેલો હૃદયને આનંદજનક લેખ અર્પણ કર્યો પત્ર ખોલી **કૃષ્ણ** મહારાજ વાંચે છે.

"ભ્રમરી સદા માલતીના પુષ્પનો સમાગમ કરવા સ્પૃહા રાખે છે પણ કોઈ દિવસ કરીર વૃક્ષના સમાગમની વાંછા પણ કરતી નથી. સિંહની યુવાન થયેલી કન્યા સિંહને જ મળવા ઇચ્છે છે, પણ તૃણ ચરનારા મૃગને મળવા કદાપિ ધારતી નથી. હે પક્ષીઓના સ્વામી ચક્રવાક ? આ ચક્રવાકી તમને મળવા ધારે છે માટે સત્વર મળો. વિરહાતુર થયેલી ચક્રવાકી ચક્રવાક વિના ક્ષણભર હવે તો રહી શકે તેમ નથી."

આવી રીતે અન્યોક્તિપૂર્વક લખેલા લેખને વાંચી હૃદયમાં આનંદ પામેલા **કૃષ્ણે** દૂતને પૂછ્યું કે, તું ક્યાંથી આવ્યો છો અને આ પત્ર કોણે આપેલો છે ?

દૂત બોલ્યો, મહારાજ, આપ શ્રવણ કરો. હું પ્રથમથી જ વાત કહું છું.

આ ભૂમિમાં લક્ષ્મીથી આશ્રિત થયેલ કલ્યાણકારક વિદર્ભ દેશમાં અતિ પરાક્રમી **ભીષ્મ** નામે રાજા છે, તેને **રૂકિમ** નામે પુત્ર અને **રૂકિમણી** નામે પુત્રી છે. શત્રુ ઉપર ચડાઈ કરવા તૈયાર થયેલા ચેદિ દેશના ભૂપતિ શિશુપાળનો દૂત એક દિવસે વિદર્ભ દેશમાં આવી ભીષ્મરાજાને કહે છે કે **શિશુપાળ** દુશ્મનો સાથે યુદ્ધ કરવા તત્પર થયા છે. તેમાં સહાયતા માટે સૈન્ય સહિત આપને બોલાવે છે. દૂતના વચન સાંભળી યુદ્ધમાં જવા તત્પર થતાં પોતાના પિતાને અટકાવી રૂકિમકુમાર ચતુરંગ સેના લઈને ગયો. વાયુની સહાયતાથી પ્રબળ થયેલા અગ્નિની પેઠે, રૂકિમકુમારની સહાયતાથી પ્રબળ થયેલો શિશુપાળ યુદ્ધમાં દુશ્મનોનો પરાજ્ય કરી પોતાના પુરમાં આવ્યો. શિશુપાળે તેજસ્વી તથા મહા પરાક્રમી રૂકિમકુમારને જાણી ગજ, અશ્વ, રથ, તથા સ્વર્ણ-રત્નના અલંકારાદિક કુમારને આપ્યું.

**ददाति किं न संतुष्टो भूपतिर्धूरि दानिनाम् ॥**
**गृह्णीयात् किं न रुष्टःसन् मानिनां धुरि संस्थितः ॥ १ ॥**

**અર્થ :**–દાન આપનારાઓમાં અગ્રેસર રાજા સંતુષ્ટ થયો હોય તો શું ન આપે? માનવંત પુરૂષોમાં પણ અગ્રેસરપણે રહેલો રાજા ક્રોધયુક્ત થાય તો શું ન લઈ લે?

તે સમયે પ્રસન્ન થયેલા રૂકિમકુમારે પણ મહા પરાક્રમી **શિશુપાળ** રાજાને પોતાની નાની બેન **રૂકિમણીને** આપી. ત્યાં કેટલાક દિવસો સુધી રહી શિશુપાળ રાજાની રજા લઈ

રૂક્મિકુમાર પોતાના નગરમાં આવ્યો. માતાપિતાના લોચનને શાંત કરનાર ચંદ્રમા સમાન રૂક્મિકુમારે માતાપિતાને તથા પોતાની ફઈને પ્રણામ કરી વાતચીત કરતાં કરતાં કહ્યું કે હું શિશુપાલને મારી ભગિની રૂક્મિણીને આપી આવેલ છું. આ વચન સાંભળી ભીષ્મરાજાએ તે વાત કબૂલ કરી. હે કૃષ્ણ! પોતાના પરાક્રમી પુત્રે કરેલા કાર્યને, કયો બુદ્ધિશાળી પુરૂષ ન સ્વીકારે? એટલા સમયમાં ફરતા ફરતા નારદમુનિ ભીષ્મ-રાજાની સભામાં આવ્યા રાજાને વચનામૃતથી તૃપ્ત કરી ત્યાંથી ઉઠી રાજાના અંતપુરમાં ગયા તે સમયે નારદમુનિ, પ્રણામ કરતી શ્રીમતિને તથા રાજાની બેનને યોગ્ય આશીર્વાદ આપી રૂક્મિણીના ઘરમાં ગયા. આવતા મુનિને જોઈ **રૂક્મિણી** સત્વર આસન ઉપરથી ઉઠી મુનિના પાદપદ્મમાં શિષ નમાવી પ્રણામ કર્યા. ત્યારે મુનિએ ભીષ્મરાજાની બેનને પૂછયું કે આ કોની પુત્રી છે? એમ પૂછવાથી રૂક્મિણીની ફઈ બોલી કે મહારાજ! ભીષ્મરાજાની આ પુત્રી છે અને રૂક્મિકુમારની નાની બેન છે.

આમ સાંભળી આનંદ પામેલા મુનિએ તેને આશીર્વાદ આપ્યો કે, હે મહા ભાગ્યશાળી રૂક્મિણી! સોરઠદેશમાં રહેલી શ્રીદ્વારિકા નગરીના સ્વામી, શ્રી **નેમિનાથના** બંધુ, ભરતાર્દ્ધ ચક્રવર્તી, પોતાના શત્રુ કંસને દમન કરનાર, કાજળ સમાન સ્વચ્છ કાંતિવાળા, પીતાંબર ધરનારા, પાંચજન્ય શંખને વજાવનારા નંદક નામના ખડગને તથા કૌમુદી ગદાને ધારણ કરનાર ચાર ભુજાથી વિરાજમાન, મહા પરાક્રમી કૃષ્ણ નામના પતિને તું પ્રાપ્ત થા.

આમ આશીર્વાદ આપી **નારદમુનિ** ત્યાંથી ગમનશીલ થયા. હે કૃષ્ણ રાજન્! આપના વિયોગને લીધે રૂક્મિણીની થયેલી ચેષ્ટાઓનું વર્ણન કરૂં છું તે સાંભળો. તમારા વિરહ-રૂપ અગ્નિની પીડાને લીધે તે પ્રમદાને અન્ન ઉપર રૂચી થતી નથી. કોપાયમાન થયેલી રૂક્મિણીને નિદ્રા પણ ક્યાંય જતી રહી છે. અતિ શીતલ ચંદ્રની પ્રભા પણ શીતલતાના બદલે ઉષ્ણુતાજનક થાય છે. ચંદનનો રસ તેના શરીરનો સ્પર્શ થતાં જ સૂકાઈ જાય છે. પણ મહારાજ! કેવળ તમારા નામમંત્રના જપ મહાત્મ્યથી જ તે જીવે છે એ નિઃસંશય છે. આવી રીતે સર્વ હકીકત મેં આપની રૂબરૂ કહી બતાવી છે. હે રાજન્! સ્વામીના કાર્યની ખરી હકીકત કહેવી એ અમારા જેવા દૂતોનું મુખ્ય કામ છે. માટે હવે પછી આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. પણ આ કાર્યમાં જરા પણ વિલંબ કરવાથી સર્વ કાર્ય નષ્ટપ્રાય થઈ જશે. મહારાજ! તૈયાર થયેલી રસોઈમાં વિલંબ કોણ કરે?

કૃષ્ણે દૂતને પૂછ્યું કે હું બલદેવ સહીત સત્વર આવું છું પણ ત્યાં આવી મારે ક્યાં ઉભું રહેવું અને તેનો સમાગમ શી રીતે થશે? તથા તેણીના લગ્ન કયા માસમાં કયે દિવસે છે? વક્તાજનોમાં શિરોમણી સમાન તથા બુદ્ધિશાળી તે દૂત પોતાના ચિત્તમાં સ્વામીનું વચન ધારી બોલ્યો. મહારાજ? ત્યાં વિવિધ વિવિધ વૃક્ષોથી વિરાજમાન, અનેક પક્ષીઓથી આશ્રય કરાયેલું પ્રમદ નામે ઉદ્યાન છે. તે ઉદ્યાનમાં સુંદર આકૃતિવાળી કામદેવની મૂર્તિ સ્થાપેલી છે. તેની આસપાસ અનેક શાખાઓથી વિસ્તાર પામેલ કલ્યાણકારક અશોક

વૃક્ષ છે. તેની ઉપર બાંધેલી મનોહર તથા યુવાન પુરૂષોનો સમાગમ કરવામાં રાગ સૂચવતી ધજા છે. તે સ્થળે બલદેવ સહિત તમારે આવી સ્થિર રહેવું. જરા પણ વિલંબ ન કરશો. રૂક્મિણી વિવાહ યોગ્ય વસ્ત્રાભરણાદિકથી અલંકૃત થઈ અર્ચાની સામગ્રી ગ્રહણ કરી માતા પિતાને તથા જ્યેષ્ઠ બંધુ રૂક્મિકુમારને છેતરી પોતાની ફઈ સહિત કામદેવની પૂજા નિમિત્તથી ત્યાં આવશે. માઘ માસની શુકલ અષ્ટમીના લગ્ન છે તે ઉપર શિશુપાળની સાથે તમારો સંગ્રામ થશે એ વાત તમારે પ્રથમથી જ ધ્યાનમાં રાખવી. યુદ્ધમાં તેને જીત્યા પછી તમારે રૂક્મિણીનું ગ્રહણ કરી જવું.

આવી રીતે દૂતનાં વચન શ્રવણ કરી મનમાં હર્ષ પામેલા કૃષ્ણે અન્યોક્તિપૂર્વક પદ રચનાવાળી એક પત્રિકા લખી, જેમકે :–

"હે હંસિ ? તું મનમાં ધૈર્ય રાખજે, જરા પણ મનમાં ઉતાવળ કરીશ નહિ. તારો સદા સદા સમાગમનો અભિલાષી હું હંસ સત્વર આવું છું. કમલ પત્રનો સદા ભોગી હંસ, કાકપત્નીના સમાગમમાં કદાપિ આનંદ પામે જ નહિ. હે *નાગવલ્લિ ? તું મારા વિના નીરંગ (રંગ વગરની) થઈ છે,* માટે પરિવારસહિત રંગ આપનાર હું રંગ આ પગલે આવું છું."

આવી રીતે પત્ર લખી દૂતને આપ્યો અને દૂતને મિષ્ટાન્ન જમાડી અલંકારાદિક આપી વિદાય કર્યો. એકાંતમાં બલદેવને બોલાવી સર્વ હકીકત કહી બતાવી. કૃષ્ણે કહ્યું કે આપ

મારા જ્યેષ્ઠ બંધુ છો, વિચાર કરવામાં ચતુર છો માટે આપ વિચાર કરી કહો કે મારે ત્યાં શી રીતે જવું અને મને તે શી રીતે મળે.

બળદેવે કહ્યું કે આમાં વળી વિચાર શો કરવો. સર્વ સારૂં થશે. અહિંયા કોઈને પણ ખબર ન પડે તેવી રીતે આપણે બેય જણાંએ ત્યાં જવું. પણ જો આ વાતની ખબર **સત્યભામાને** પડશે તો તે નક્કી વિઘ્નજ કરશે માટે ખબર ન પડે તેમ જાવું. આવી રીતે બેય જણાં સલાહ કરી સર્વ આયુધોથી સંપન્ન થયેલા રથમાં બેસી વિદાય થયા, ઘણેક દૂર ગયા ત્યારે બલદેવે કહ્યું કે હે **કૃષ્ણ**! થતો સ્વર સાંભળો. માર્ગમાં ડાબી બાજુ શબ્દ કરનારી આ દુર્ગા કુશલ સૂચવે છે. પુનઃ દક્ષિણ બાજુ આવી શબ્દ કરે છે તેથી ધારેલા કાર્યની સિદ્ધિ સૂચવે છે. આ નીલ પક્ષી ડાબી બાજુથી દક્ષિણ બાજુ આવે છે. તેથી નિશ્ચે કાર્ય સિદ્ધિ થશે એમ આ પક્ષી ચેતવે છે. આ ભૈરવપક્ષી શુષ્ક તળાવમાં ઉભી વિરસ શબ્દ કરે છે તેથી એમ જણાવે છે કે શત્રુની સાથે ઉગ્ર યુદ્ધ થશે. એવી રીતે શુકનો જોતાં જોતાં, પરસ્પર પ્રેમવાર્તા કરતા કરતા **કૃષ્ણ બલદેવ** કેટલાક દિવસે વિદર્ભ દેશમાં પ્રાપ્ત થયા. ત્યારપછી અનુક્રમે કુંડીનપુરમાં આવી દૂતે નીશાની આપેલા ઉદ્યાનમાં આવી પહોંચ્યા. બન્ને ભાઈઓ રથમાંથી ઉતરી અશોક વૃક્ષની તળે અતિ ઉત્તમ સેત્રંજી પાથરી કૃષ્ણબલદેવ સુખેથી બેઠા. અતિ સ્વાદિષ્ટ ફલો ખાઈ તથા વાવનું અતિ શીતલ જલપાન કરી કૃષ્ણબલદેવ વિશ્રાંતી લેવા લાગ્યા.

શ્રી શાંતિચંદ્ર મહોપાધ્યાય રૂપ ક્ષીર સમુદ્ર પાસેથી પ્રતિષ્ટા મેળવનાર મહોપાધ્યાય શ્રી રત્નચંદ્ર કવિ પ્રણિત શ્રી **પ્રદ્યુમ્નચરિત્ર** મહા કાવ્યનો ત્રીજો સર્ગ સંપૂર્ણ થયો.

એવી રીતે શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર મહા કાવ્યમાં, રૂકિમણી ગ્રહણ કરવા માટે કૃષ્ણનું શ્રી કુંડીનપુરમાં આવવું ઇત્યાદિ નિવેદન કરનાર ત્રીજો સર્ગ સંપૂર્ણ થયો.

# अथ चतुर्थः सर्गः

એક દિવસે પરસ્પર કલહ કરાવવામાં પ્રીતીવાળા **નારદમુનિ** ફરતા ફરતા શિશુપાળરાજાની સભામાં ગયા ત્યારે **શિશુપાલરાજાએ** મુનિની સન્મુખ આવવા, પ્રણામ કરવા વિગેરેથી સત્કાર કર્યો, તથા ઉત્તમ આસન ઉપર બેસાડ્યા. રાજાના કુટુંબ સંબંધી કુશળપ્રશ્ન પૂછી નારદમુનિ હસતા હસતા બોલ્યા કે, શિશુપાલ? મેં સાંભળ્યું છે કે કુંડીનપુરમાં ભીષ્મરાજાની પુત્રી **રૂકિમણી** સાથે તારો વિવાહ થનારો છે. જો એમ હોય તો તારા જેવો ભાગ્યશાલી પુરૂષ સાંપ્રતકાળમાં કોઈ નહિ. આ ભૂમિમાં ખરેખર તુંજ મહાન રાજા છે. અને તે કન્યા ખરેખર તનેજ યોગ્ય છે. જેમ, **ઇંદ્રને** યોગ્ય **શચી, રવીને** યોગ્ય **કૌમુદી, નળરાજાને** યોગ્ય **દમયંતી** છે તેમજ **રૂકિમણી** ખાસ તનેજ યોગ્ય છે. પણ વિવાહની લગ્ન પત્રિકા મને બતાવ; કારણ કે લગ્નમાં જ્યોતિર્વિદ્ બ્રાહ્મણોએ લગ્ન શુદ્ધિ કેવી કરેલી છે તે જરા હું જોઈ તપાસું.

મુનિના કહેવાથી રાજાની સમીપ બેઠેલા બ્રાહ્મણે કુંકુમચર્ચિત લગ્ન પત્રિકા મુનિને આપી મુનિએ તેમાં દ્વિઘટિકાત્મક લગ્ન જોઈ મસ્તક હલાવી તે પત્ર પૃથ્વી ઉપર મૂકી દીધું.

મુનિનું મસ્તક કંપતું જોઈ શંકા પામેલા રાજાએ હાથ જોડીને કહ્યું કે મહારાજ? આપ મસ્તક શા કારણે હલાવો છો, તે કારણ મને કૃપા કરી કહો.

મુનિ કહે છે કે હે રાજન્? આ લગ્ન કરવાથી મને એમ જાણવામાં આવે છે કે તને અભિષ્ટ કાર્યની સિદ્ધિ સંશય ભરેલી છે, કારણ કે ત્યાં મહા સંગ્રામ થશે. આ વાત નિઃસંદેહ છે. માટે કહું છું કે કાં તો જા મા અને જો જા, તો યુદ્ધની સામગ્રીપૂર્વક જજે. આટલું કહી મુનિ ચાલતા થયા. નારદ વાણી સાંભળી **શિશુપાળરાજા** અતિ ચિંતાતુર થયો. પણ કાર્ય કરવામાં ઉત્સુક થયેલા શૂરવીર પુરૂષો શુભાશુભનો વિચાર કરતા નથી.

સ્વભુજાના બલથી ગર્વિષ્ઠ થયેલો શિશુપાળ, ચતુરંગ સેનાને સાથે લઈ ત્યાંથી વિદાય થયો. કેટલેક દિવસે, પતાકાઓથી સુશોભિત કુંડિનપુરમાં પ્રાપ્ત થયો. **ભીષ્મરાજાએ** પોતાના જમાઈને મનોહર ઉતારો આપી ઉતાર્યા. **રૂકિમકુમાર** પણ તેની પાસે હાથમાં છડી લઈ ઉભો રહ્યો. શિશુપાળના હુકમથી તેના સમગ્ર ઘોડેસ્વારોએ કુંડિનપુર ચોફેરથી ઘેરી લીધું. શિશુપાળ પણ સાવધાન થઈ રહ્યો તથા નારદના વચનથી શંકા પામેલા રાજાએ પોતાની આસપાસ કેટલાએક રક્ષકો રાખ્યા. ત્યાર પછી રૂકિમણી પોતાની ફઈને કહે છે કે, શિશુપાળના ઘોડેસ્વારોએ, હાથી ઉપર બેઠેલા પુરૂષોએ તથા બીજા અનેક પાયદલો વડે આ કુંડિનપુર ચોતરફથી ઘેરાયલું છે, તો હે ફઈ આપણું ગમન શી રીતે થશે.

**રૂકિમણીની** ફઈ બોલી કે તું તારા મનમાં જરા પણ ચિંતા કરીશ નહિ કારણ કે જગતમાં તેવું કોઈ પણ કાર્ય નથી કે જે ઉપાય કરવાથી સિદ્ધ ન થાય. યોગ્ય ઉપાય કરવાથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે માટે વિચાર છોડી ઉઠ

બેઠી થા, કામદેવની પૂજાનો સર્વ ઉપસ્કર ગ્રહણ કર. મૌનવ્રત ધરી ધીરે ધીરે મારી પાછળ ચાલી આવજે. આમ વિચાર કરી ચાલતી થયેલી બેઉ જણીને દ્વાર પાસે આવતાં શિશુપાળના અનુચરોએ જતી અટકાવી. તેમાંથી કેટલાએક સૈનિકો દોડી જઈ કરજોડી શિશુપાળને કહે છે કે, સ્વામિન્? રૂક્મિણી, વિવાહ યોગ્ય અલંકારો પહેરી પોતાની ફૈઈ સહિત પુરની બહાર રહેલા ઉદ્યાનમાં જાય છે.

આ વાત સાંભળતાં જ **શિશુપાળ** બોલ્યો કે જાઓ, એકદમ જઈ તેણીને જતી અટકાવો અને કહો કે તમને શિશુપાળરાજા ગામ બહાર જવા મના કરે છે.

રાજાની આજ્ઞા શિર ચડાવી પાછા ફરેલાં અનુચરોએ રૂક્મિણીને તેમ કહ્યું ત્યારે ભીષ્મરાજાની બહેન બોલી કે, તમો રાજાની પાસે જઈ કહો કે, શિશુપાલ નરેન્દ્રનું શુભ ઇચ્છતી રૂક્મિણીએ વિવાહ દિવસે કામદેવની પૂજા માનેલી છે. માટે આપ કહો તો જાઉં. આમ કહી રૂક્મિણીની ફઇએ સુવર્ણાદિક આપી અનુચરોને સંતુષ્ટ કરી રાજાની પાસે મોકલ્યા. તે અનુચરોએ પુનઃ શિશુપાલની પાસે સર્વ હકીકત યુક્તિપૂર્વક કહી બતાવી. વાત સાંભળતાં જ પ્રસન્ન થયેલા શિશુપાલે કહ્યું કે, જો રૂક્મિણી મારું કુશળ ઇચ્છતી કામદેવની પૂજા કરવા જતી હોય તો જવા દો અટકાવશો નહીં. આમ આજ્ઞા મેળવી પાછા આવેલા અનુચરોએ હકીકત કહી જણાવી. જવા માટે થયેલો રાજાનો હુકમ સાંભળી ચિત્તમાં મુદિત થયેલી બેઉ જણી ગામ બહાર નીકળી વનમાં ગઈ. વનમાં જઈ ફૈઈએ કહ્યું કે પુત્રી ! તું એકલી જઈ કામદેવની

પૂજા કર. હું અહિંયા ઉભી જતાઆવતા માણુસની તપાસ રાખું છું. એમ કહી ભીષ્મરાજાની ભગિની ત્યાંજ ઉભી રહી. સાક્ષાત્ દેહધારી વનની અધિષ્ઠાતાદેવી કેમ હોય તેમ જોવામાં આવતી અવાજ કરતા નૂપુરવાળી હંસીસમાન ગતિ કરનારી રૂકિમણી ત્યાંથી આગળ ચાલી. ત્યાં જઈ કામદેવની મૂર્તિ આગળ ઉભી કરસંપુટ કરી આ વચન બોલી.

મારા પુણ્ય વડે પ્રેરણા કરાયેલા, વસુદેવના પુત્ર, બલદેવના અનુજબંધુ, શ્રી દ્વારિકાપતિ **કૃષ્ણમહારાજ** જો અહિંયાં આવ્યા હોય તો સત્વર મને દર્શન આપો, હું ભીષ્મરાજાની પુત્રી રૂકિમણી છું. લતાકુંજમાં તિરોહિત થઈ ગુપચુપ ઉભેલા કૃષ્ણ હૃદયને આલ્હાદજનક વચન શ્રવણ કરતાંજ લતાકુંજમાંથી બહાર નીકળી તેણીની પાસે આવી બોલ્યા કે, સુભાગ્યવતિ! આ હું કૃષ્ણ છું જરા પ્રેમાર્દ્ર દૃષ્ટિથી મને જોઈ કૃતાર્થ કર. તેં મોકલેલા કુશલ નામના દૂતે કહેલા સંકેત મુજબ આવ્યો છું. આ મારી આગળ ઉભેલા, નીલવસ્ત્ર પહેરનારા બલદેવ નામના મારા જ્યેષ્ઠ બંધુ છે.

આમ કહેનારા પોતાની આગળ ઉભેલા પીતાંબર ધરનારા કૃષ્ણને જોઈ તત્ક્ષણ ઉત્પન્ન થયેલી લજ્જાને લીધે રૂકિમણી નમ્ર મુખ કરી ઉભી રહી.

અશ્વ જોડી રથ તૈયાર કરી બલદેવ બોલ્યા કે, હે કૃષ્ણ! કુલવાન્ સ્ત્રીયોને સ્વાભાવિક લજ્જા થાય છે માટે પડી ન જાય તેમ સુકોમલ રૂકિમણીને તમો બે હાથે તેડી સત્વર રથમાં બેસાડો. બલદેવના વચન સાંભળી કૃષ્ણે રોમાંચિત

થયેલી રૂક્મિણીને હે હાથે તેડી રથમાં બેસાડી. સારથી થયેલા બલદેવે રથ ચલાવ્યો. રથમાં બેઠેલા કૃષ્ણે પોતાનો પાંચજન્ય શંખ વગાડી ઉંચે સ્વરે કહ્યું કે, હે ભીષ્મરાજન્ ! હે રૂક્મિકુમાર ! હે શિશુપાલ ! તમો સર્વે સાંભળો. વસુદેવનો પુત્ર, બલદેવનો અનુજબંધુ, શ્રી દ્વારિકાપતિ હું **કૃષ્ણ** તમારી આ **રૂક્મિણીને** હરી જાઉં છું. માટે જો તમારામાં કોઈમાં પણ શક્તિ હોય તો તે મારી સન્મુખ આવો, એટલે તેની ભુજાની ખરજ દૂર કરું. પ્રથમ થયેલા શંખનો શબ્દ સાંભળી તેની પાછળ થયેલ દારૂણ વચન સાંભળી સર્વે સૈનિકો પોતપોતાના શસ્ત્રો ગ્રહણ કરી સત્વર ભાગવા લાગ્યા, કેટલાએક રથમાં બેસીને ગયા, કેટલાએક ઘોડેસ્વાર થઈ ગયા, અને કેટલાક તો હાથી ઉપર તથા ઉંટ ઉપર બેસી ગયા. ભીષ્મરાજા પણ ભીષ્મ બખતર પહેરી યુદ્ધ કરવા માટે ગયા. રૂક્મિકુમાર પણ હાથમાં ધનુષબાણ લઈ દોડી ગયો. મદ્યપાન કરવા માટે મદ્યનો કટોરો ગ્રહણ કરી બેઠેલો તથા રૂક્મિણીનું હરણ સાંભળતાં જ ઉત્પન્ન થયેલા ક્રોધથી લાલ નેત્રવાળો શિશુપાલ, અશ્વપાલે તૈયાર કરી લઈ આવેલા અશ્વ ઉપર ચડી કેટલુંક સૈન્ય પોતાની સાથે લઈ તત્ક્ષણ ચાલતો થયો.

કૃષ્ણની સન્મુખ આવી **ભીષ્મરાજા** ઉંચે સ્વરે કહે છે કે અરે કૃષ્ણ ? ઉભો રહે ઉભો રહે, શત્રુરૂપી કાદવને શોષી લેનાર ગ્રીષ્મઋતુ સમાન હું ભીષ્મરાજા તારી સાથે યુદ્ધ કરવા પ્રાપ્ત થયો છું.

અરે તું ક્યાં જાય છે, ક્યાં જાય છે, રૂક્મિકુમાર બોલ્યો

કલ્પાંતકાલના સૂર્ય સમાન પ્રતાપી હું રૂકિમકુમાર તારા જેવા નીચ દુશ્મનોને ઠાર કરવા આવ્યો છું.

અરે ગોવાળ? જામાં જામાં, ઉભો રહે ઉભો રહે, રૂકિમણીનો પ્રજાપાલક શિશુપાળ હું આવ્યો છું. અરે ગોવાળીયા? તું કેટલેક જવાનો હતો?

અતિ ઉત્તમ લોહના બખતરવાળા, સાક્ષાત્ કાળ સમાન આ ત્રણે જણાય આવી રીતે વાકચબાણનો વરસાદ વરસાવતા વરસાવતા કૃષ્ણને ચોતરફથી ઘેરી લીધો.

ચોતરફથી ઘેરાયેલા કૃષ્ણને જોઈ ભયને લીધે ત્રાસ પામેલી રૂકિમણી ધ્રુજતી ધ્રુજતી મનમાં વિચાર કરે છે કે અરેરે! હવે શું થશે? શુ થશે? સામા લોકો તો લાખો છે અને આ તો બે જણા છે. અરેરે ઈશ્વર? સુકોમલ આ બે યુવક બાળક મારે માટે આ કેવી દશાને પ્રાપ્ત થયા? હાથમાં ખુલ્લી તીક્ષ્ણ તરવાર ધરી ઉભેલા આ મહાભટો ખરેખર આ બંનેને મારી જ નાખશે. આ બેઉ જણા મુવાજ સમજવા, એમાં કશો પણ સંદેહ નથી.

આવી રીતે ચિંતાતુર થયેલી રૂકિમણીને જોઈ **બળદેવે** કૃષ્ણને કહ્યું કે હે ભાઈ? તમે **રૂકિમણીને** તમારી શક્તિ બતાવો કે જે તમારા બળને જોઈ મનમાં વિશ્વાસ પામી ભયને છોડી દીયે અને સ્વસ્થ થઈ રહે. નહીંતર વારંવાર કંપતી આ રૂકિમણીનું હૃદય ભયને લીધે અકસ્માત ફાટી જશે અને મરી જશે એ વાત નિઃસંદેહ છે. અને જો આ રૂકિમણી મૃત્યુ પામી તો કરેલો સર્વ પ્રયાસ નિષ્ફળ જશે અને આ લોકની સાથે આપણા બંનેનું યુદ્ધ તો ઉભું જ

છે. માટે આને એવો વિશ્વાસ બેસી જાય કે આ બેઉ જણાને કોઈ પણ પહોંચી શકે તેમ નથી એવું કાર્ય બતાવો.

આવી રીતે બળદેવનાં વચન સાંભળી બુદ્ધિશાલી કૃષ્ણે પોતે આંગળીમાં પહેરેલી વીંટીમાં રહેલો હીરો કાઢી હથેળીમાં લઈ અંગુષ્ઠની ભીંસથી તેના ચૂરેચૂરા કરી રૂક્મિણીનાં હાથમાં આપ્યો અને વળી કહ્યું કે હજી બીજું પણ પરાક્રમ બતાવું છું એમ કહી અતિ બળવાન કૃષ્ણે ધનુષ ચડાવી એક જ બાણથી એક શ્રેણીએ રહેલા સાત તાડના વૃક્ષો વેગથી વીંધી નાખ્યા. આવું આશ્ચર્યકારક બળ જોઈ રૂક્મિણીને વિશ્વાસ આવ્યો કે આને કોઈ પણ જીતી શકે તેમ નથી. આમ પ્રતીતિ થઈ છતાં દિન મુખવાળી રૂક્મિણીને જોઈ કૃષ્ણે કહ્યું કે હે દેવિ ? હજી પણ શું ચિંતા છે કહે ! જે ચિંતા હોય તેનો ઉપાય કરૂં. એકઠા થયેલા ગજરૂપ આ સૈન્યમાં સિંહ સમાન મારૂં પરાક્રમ, નિશ્ચિત થઈ તું જોયાકર, શોક તથા વિચાર છોડી નિઃશંકપણે હસતું મુખ કર, કારણ કે અમે ખાસ તારે માટે જ આ સઘળો પ્રયાસ કરેલો છે, તું જ્યારે થતું યુદ્ધ જોઈશ ! ત્યારે જ અમારૂં સર્વ કાર્ય સફળ થશે.

નમ્રતાપૂર્વક હાથ જોડી રૂક્મિણીએ કહ્યું કે હે સ્વામિન્ ? મને બીજો કશો પણ વિચાર નથી. માત્ર આટલો જ વિચાર છે કે કદી તમો મારા પિતાને તથા મારા ભાઈને મારી નાખો, તો એ વિચાર મનમાં રહે છે. તેથી આપ બંને જણા મને વચન આપો કે "અમારા બંનેય જણામાંથી કોઈએ પણ તારા પિતાને તથા તારા ભાઈને મારવો નથી." આમ વચન આપી પછી તમો ઇચ્છા પ્રમાણે યુદ્ધ કરો.

આવાં રૂકિમણીનાં વચન શ્રવણ કરી કૃષ્ણ બલદેવે તેણીના કહેવા મુજબ વચન આપી રૂકિમણીને આનંદિત કરી.

આવી રીતે ભીષ્મ પુત્રીને ધૈર્ય યુક્ત કરી, હાથમાં કૌમુદી ગદા ધરનાર કૃષ્ણ પોતાના જ્યેષ્ઠ બંધુને કહે છે કે હે ભાઈ? સિંહ સમાન પરાક્રમી મારી સન્મુખ, પરાક્રમમાં શિયાળ સમાન આ લોકો દોડતા દોડતા વધ્યા આવે છે પણ તમે જોજો કે, કેટલાએક તો અતિ બીકણ હોવાથી સંગ્રામ છોડી નાશી જશે અને કેટલાક તો યમદ્વારની ગતિ પામશે. આ સૈન્યના મધ્ય ભાગમાં અતિ ભયંકર દેખાવવાળો જે ઉભેલો છે તે **શિશુપાળ** છે. માટે હું તો તેની સાથે જ યુદ્ધ કરીશ અને ભીષ્માદિકની સાથે તમે યુદ્ધ કરો એમ વિભાગ પાડી યુદ્ધ કરવા તે તત્પર થયા. પરસ્પર શસ્ત્ર પ્રહાર શરૂ થવાથી અતિ ત્રાસજનક થતા યુદ્ધને, રથમાં બેઠેલી રૂકિમણી નિર્નિમેષ દૃષ્ટિથી જોવા લાગી; યૌવન મદથી અતિ ઉછળતો શિશુપાળ રાડો પાડી કહે છે કે, અરે ! કૃષ્ણ ક્યાં ગયો, અરે કૃષ્ણ ક્યાં ગયો, અરે કૃષ્ણ ક્યાં ગયો, અરે ગોવાળ બાળક ક્યાં ગયો, તને ઠાર કરનાર કાળ આ હું શિશુપાળ આવ્યો છું, માટે મારી આગળ આવ; કૃષ્ણ પણ એકદમ સજ્જ થઈ શિશુપાળને કહે છે કે, અરે મૂર્ખ, તારી આગળ કૌમુદી ગદા ધરી ઉભેલા મને જો ! રે મૂઢ હજી તો તું જીવે છે છતાં કેમ દેખતો નથી ? પણ હું જાણુ છું કે, નજીક આવેલા મરણે તને પ્રથમથી જ અંધ બનાવી દીધો છે તેથી દેખતો નથી. આમ પરસ્પર વિવાદ કરતા કૃષ્ણ શિશુપાળ ઘણો વખત સુધી યુદ્ધ કરવા લાગ્યા.

બલદેવ તથા અન્ય સૈનિકો એક બીજાની ઉપર ખડગોનો પ્રહાર કરવા લાગ્યા, બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા, એક બીજા ભુજાઓ પછાડવા લાગ્યા, તથા એક બીજાના હાથનું આકર્ષણ કરવા લાગ્યા, પણ મહા પરાક્રમી એકલા બલદેવે સમગ્ર સૈન્ય હત પ્રાયઃ કર્યું તે સમયે યુદ્ધ કરવામાં ફક્ત એક રૂકિમકુમાર જ રહ્યો, ત્યારે બલદેવે રૂકિમકુમારની સાથે ઉગ્ર યુદ્ધ શરૂ કર્યું. ઠાર ન મારવા વિષે પોતે રૂકિમણીને વચન આપેલું હોવાથી બલદેવે રૂકિમકુમારને માર્યો નહી ત્યારે **કૃષ્ણે** કહ્યું કે હે બંધુ! એ રૂકિમકુમારને નાગ પાશથી દૃઢ બાંધી લ્યો. અનુજ બંધુનું વચન સાંભળી બલદેવે, નાગ પાશ મૂકી ઉદ્ધત રૂકિમકુમારને બાંધી રથમાં બેઠેલી રૂકિમણીને સોંપી દીધો; રૂકિમકુમાર પાશથી બંધાઈ ગયો એમ જાણી **શિશુપાળ** રણક્ષેત્ર છોડી પલાયન થયો. ભાગી જતા શિશુપાળને પકડવા માટે પાછળ દોડતા કૃષ્ણને બલદેવે અટકાવ્યા. ભયને લીધે સંગ્રામ છોડી જતા પુરુષને પકડી લેવો એ ક્ષત્રિયનો ધર્મ નથી. માટે તેને જવા દ્યો. પલાયન થયેલા શિશુપાળને તથા બંધાઈ ગયેલા રૂકિમકુમારને જોઈને બાકીનું સર્વ સૈન્ય પલાયન થઈ ગયું, કારણ કે, સિંહ સમાન પરાક્રમી શિશુપાળ તથા રૂકિમકુમાર કૃષ્ણ બલદેવની સન્મુખ ઉભા રહી ન શકયા તો શિયાળ સમાન પરાક્રમી અન્ય સૈનિકો તે બેની સન્મુખ કયાંથી જ ટકી શકે? અતિ બલવાન કૃષ્ણ બલદેવ, સંગ્રામમાં પોતાનો વિજય થવાથી હર્ષોત્કર્ષપૂર્વક સિંહનાદ કરતા કરતા રૂકિમણીની પાસે આવ્યા. રૂકિમણીએ બલદેવને કહ્યું કે અમારા ભાઈને નાગ પાશથી છોડી મૂકો કારણ કે મારા

ભાઈને દુઃખી જોઈ મારૂં મન બહુ જ કચવાય છે એમ રૂકિમણીનો અતિ આગ્રહ થવાથી બલદેવે રૂકિમકુમારને નાગપાશથી મુક્ત કરી કહ્યું કે, હે રૂકિમકુમાર? તારી ભગિનીના પતિ કૃષ્ણને તું સેવ, જો સેવા કરવાની કબુલાત આપતો હો તો અમો તારી ઉપર પ્રસન્ન થઈ ગ્રામ, દેશ, અશ્વ, ગજાદિક તને આપીએ છીએ તે તું ગ્રહણ કર. આટલું કહ્યાં છતાં પણ, લજ્જા આવવાથી કંઈ પણ પ્રત્યુત્તર ન આપી શક્યો ત્યારે પ્રણામ કરી નીચું મુખ કરી પોતાની નગરીમાં ગયો.

કૃતાર્થ થયેલા, ચિત્તમાં આનંદ પામતા, પ્રફુલ્લિત કમળ સમાન મુખવાળા એ ત્રણે જણાં રથમાં બેસી ચાલતા થયા, બલદેવે રથ ચલાવ્યો અને કૃષ્ણે ભીષ્મ પુત્રીને પોતાના ઉત્સંગમાં બેસાડી વિજય શંખ વગાડ્યો. પશ્ચિમ ભાગમાં રહેલા વાયુ વડે શીઘ્ર ગતિ કરાતો તે રથ ત્વરાથી ચાલવા લાગ્યો. પવન પાછળ હોવાથી ઉડેલી રજ તેઓને પીડતી ન હતી. એમ ચાલતાં ચાલતાં, મોદથી પૂર્ણ થયેલા, મહાભાગ્યશાલી, જેનો આશય શુદ્ધ છે તેવા એ ત્રણે જણાં, અનેક ઉદ્યાનોથી તથા વિવિધ વૃક્ષોથી નીલ, નાના પ્રકારના અસંખ્ય પક્ષિઓને આશ્રય આપનાર શ્રી **રૈવતકગિરિની** નજીક પ્રાપ્ત થયા. ત્યારે પોતાના ખોળામાં સુતેલી રૂકિમણીને કૃષ્ણે કહ્યું કે, હે સુભ્રુ, હે મહાભાગે! તીર્થંકરોના ચૈત્યોથી સુશોભિત તથા મુક્તિ આપનાર, તીર્થ સ્વરૂપ શ્રી **રૈવતાચલને** તું જો! તથા પ્રણામ કરવામાં ચતુર આશયવાળી તું

એ ગિરિને વિનયથી પ્રણામ કર કારણ કે દૂરથી પણ આ ગિરિને નમન કરનારા પુરૂષોના સર્વ પાપનો ક્ષય કરનાર આ **રૈવતાચલ** છે. કૃષ્ણના કહેવાથી રૂકિમણી ઉભી થઈ કર સંપુટ કરી નમી. આવી રીતે ચાલતાં ચાલતાં તે રથ શ્રી દ્વારિકાપુરીની નજીક પ્રાપ્ત થયો. ત્યારે રૂકિમણીએ બલદેવને પૂછયું કે, નયનને આનંદ આપનારી, આ કઈ પુરી દેખાય છે અને તેનું શું નામ છે?

બલદેવે કહ્યું કે રૂકિમણી! તમારા ભરથાર શ્રી કૃષ્ણના પુણ્ય પુંજ વડે પ્રેરણા કરાયેલા શ્રી કુબેર મહારાજે બનાવેલી, સુવર્ણના ગઢવાળી, રાજાઓના તથા સર્વજ્ઞોના મણિમયકોટિ પ્રાસાદોથી ભૂષિત, દ્વારિકા નામની પુરી છે.

તે ત્રણે જણાં આમ વાતચીત કરે છે તેવામાં, સર્વ જાતના વૃક્ષોના સમુદાયથી શોભતું, વાપી કૂપ તળાવ યુક્ત અનેક પક્ષિઓના થતા કોલાહલથી મનોહર લાગતું, અનેક વિવિધ મંડપોથી મંડિત અતિ રમણીય ઉદ્યાન આવ્યું. તે ઉદ્યાનમાં જઈ રથ છોડી તે ત્રણે જણાં ત્યાં બેસી સુખેથી ભોજન કરવા લાગ્યા.

ત્યાર પછી શ્રી દ્વારિકામાં યાદવોને ખબર થઈ કૃષ્ણ બલદેવ કુંડિનપુરના રાજા ભીષ્મની કન્યા રૂકિમણીનું હરણ કરવા ગયેલા, તે આજે શ્રી દ્વારિકાના ઉદ્યાનમાં રૂકિમણી સહિત આવેલા છે. એ વાત સાંભળતાં જ કેટલાક યાદવો અશ્વ ઉપર ચડી, કેટલાક રથમાં બેસી, કેટલાક ગજ ઉપર ચડી, તથા કેટલાક પગપાલા અહંપૂર્વિકપણાએ ત્યાં આવ્યા. કેટલાક તો સેવા કરવા માટે અને કેટલાક તો ચાલો તેને

જોઈએ !" એવી ઈચ્છાથી આવ્યા. નીતિ શાસ્ત્રને જાણનારા કેટલાક કુશલ પ્રશ્ન પૂછવા માટે આવ્યા.

મળવા માટે આવેલા કેટલાએક વૃદ્ધ લોકોને સન્મુખ ઉઠી કૃષ્ણ બલદેવે પ્રણામ કર્યા. સમાન વયવાળાને આલિંગન કરી મળ્યા. નાની વયવાળા પુરૂષો કૃષ્ણ બલદેવને પ્રણામ કરવા લાગ્યા. કેટલાક સેવકજનો આવી પ્રણામ કરી દૂર બેઠા. આમ સર્વે પુરૂષો ક્રમ પ્રમાણે બેસી ગયા. કરજોડી બેઠેલા સર્વ જનોની દૃષ્ટિનું સ્થાન માત્ર રૂકિમણીજ થયાં. કૃષ્ણ મહારાજ વાતચીત કરવા લાગ્યા કે તરતજ સર્વ જનો પોતાના સ્થાનથી ખસી ખસીને કૃષ્ણની પાસે આવવા લાગ્યા. અને ભાગ્યશાળી કૃષ્ણ તથા રૂકિમણીની પ્રશંસા કરવા લાગ્યા કે, આ બંને સ્ત્રી પુરૂષનું ભાગ્ય તો કોઈ અલૌકિકજ છે, આ બન્નેનું લલાટ કેવું તપે છે? અને આ કૃષ્ણનું બળ તો અનુપમ છે. એમ સમગ્ર લોકો પ્રશંસા કરવા તત્પર થયા.

હવે ત્યાર પછી કૃષ્ણે જ્યોતિર્વેત્તાઓને લગ્ન સંબંધી પૂછ્યું ત્યારે દૈવજ્ઞ બ્રાહ્મણોએ વિચારી આપેલા અતિ શુભ લગ્નમાં કૃષ્ણે શ્રી રૂકિમણીનું પાણિગ્રહણ કર્યું. કૃષ્ણ કેટલા દિવસો રૂકિમણી સહીત ત્યાંજ રહ્યા.

એક દિવસે રૂકિમણીએ આનંદમાં બેઠેલા કૃષ્ણ મહારાજને કહ્યું કે, હે સ્વામિન્! તમારી સત્યભામાદિક સ્ત્રીયોને તો મહા સમૃદ્ધિ છે, તેઓના તેવા અનુપમ મહેલો, તેવી સુંદર સખીઓ, તેવી દાસીઓ, અને તેવી ભૂષણાદિક સંપત્તિ છે. મારા પિતા ભ્રાતાદિકને યુદ્ધ કરી મારીને બળાત્કારથી મને

એકલી તમો ઉપાડી આવ્યા છો તેથી અહિંયાં પિતા નથી, માતા નથી, ભ્રાતા નથી; પણ જીવિત પર્યંતનું મારૂં ખરૂં જીવન તો એક પ્રાણપ્રિય તમેજ છો. અને જો પ્રાણપ્રિય આપ છો તો મને સર્વ વસ્તુ છે એમ હું માનું છું. કારણ કે, જેના હાથમાં ચિંતામણિ રત્ન છે તેની પાસે સર્વ વસ્તુ છે, માટે મને સર્વથી અધિક કરો કે જેથી તમારી અન્ય ભાર્યાઓની હું હાસ્ય પાત્ર ન થાઉં.

આવી રીતે પોતાની પત્નીનું વચન શ્રવણ કરી કૃષ્ણે હાસ્યપૂર્વક મધુર વચન કહ્યું કે પ્રિયા! તું તારા મનમાં જરા પણ ચિંતા ન કર, બેફિકર રહે, તને હું સર્વ સ્ત્રીયો કરતાં અધિક કરીશ. આમ મધુર વચનથી શાંત કરી. એક દિવસે જ્યોતિર્વિદ્ પુરૂષોને બોલાવી કૃષ્ણે પૂછ્યું કે આપ સર્વ મળી દ્વારિકામાં પ્રવેશ કરવાનું શુભ મુહૂર્ત જોઈ કહો. જ્યોતિર્વેત્તાઓએ શુભગ્રહના બલસંપન્ન શુભ લગ્ન આપ્યું. ત્યારે તેજ લગ્ન સમયે દેવકી વડે કરાયું છે મંગલ એવા કૃષ્ણ મહારાજે દ્વારિકામાં પ્રવેશ કર્યો. દ્વારિકામાં પ્રવેશ કરી રાજમાર્ગમાં ચાલ્યા આવતા, રૂકિમણી સહિત રથમાં બેઠેલા શ્રી કૃષ્ણને જોવા માટે સ્ત્રીયોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. કેટલીક સ્ત્રીયો ગોખમાં ઉભી હર્ષ સહિત એક નજરથી જોવા લાગી કોઈ એક કહે છે કે, અરે આ શું રતિ સહિત કામદેવ આવે છે? રોહિણી સહિત ચંદ્ર આવે છે? અથવા શચી સહિત ઇંદ્ર આવે છે? આ અતિ દેદિપ્યમાન કોણ છે? આ સ્ત્રીને ધન્યવાદ આપવો જોઈએ, કારણ કે જેને પુણ્યરૂપ સંપત્તિથી કમલ સમાન નેત્રવાળા આવા

પતિ મલ્યા છે. કોઈ એક બીજી સ્ત્રી બોલી કે, આ પુરૂષને ધન્ય છે, કારણ કે જેને આવું અદ્ભૂત સ્ત્રી રત્ન મલ્યું છે. જો કે પુરૂષરૂપી રત્નો પણ આ પૃથ્વીમાં અસંખ્ય હોય છે તો પણ પુત્રરૂપ રત્નની ઉત્પત્તિની ખાણ તો એક સ્ત્રી રત્નજ હોય છે; કારણ કે, તીર્થંકર ચક્રવર્તિ વિગેરે પુરૂષ રત્નો સ્ત્રી રત્નોમાંથીજ પેદા થાય છે. માટે સ્ત્રી રત્ન સર્વ કરતાં અધિક છે.

એવી રીતે અસંખ્ય સ્ત્રી જનોથી પ્રશંસા કરાતા તથા જાણે રૂપાના કેમ બનાવેલા હોય તેવા અખંડિત શ્વેત અક્ષતો વડે સ્ત્રી જનો પગલે પગલે પૂજા કરતા, કૃષ્ણ અને રૂક્મિણી, સત્યભામાના પ્રાસાદની પાસેજ તત્કાલ નવીન કરાવેલા, અગણિત ભૂષણવાળા પ્રાસાદમાં આવી રહ્યા. **કૃષ્ણ** મહારાજે સમાનરૂપવાળી અસંખ્ય સખીઓ તથા અસંખ્ય દાસીઓ **રૂક્મિણીને** અર્પણ કરી. દરરોજ નવીન નવીન આભૂષણો આપવા લાગ્યા. પોતાના અનુજ બંધુ કૃષ્ણની સર્વ ઇચ્છાઓને પૂર્ણ કરનાર **બલદેવ,** પોતાને ઘેર જઈ પોતાની સ્ત્રી **રેવતીની** સાથે સ્વેચ્છા પ્રમાણે ભોગ ભોગવતા સુખેથી રહ્યા.

કૃષ્ણ, ભોજન કરવું, શયન કરવું, ઈત્યાદિક સર્વ રૂક્મિણીના ઘરમાંજ કરે છે. તેણીએ કામણથી જાણે કેમ બાંધી લીધા હોય તેમ તેણીના પ્રેમ વચનોથી બંધાયેલા કૃષ્ણ લજ્જાને લીધે કોઈ દિવસ પણ સત્યભામાના ઘરમાં જતા નથી.

એક દિવસે **નારદમુનિ** ફરતા ફરતા સત્યભામાને ત્યાં આવ્યા. દુઃખરૂપ સાગરમાં મગ્ન થયેલી સત્યભામાને જોઈ

હૃદયમાં હર્ષ પામતા મુનિ કઠિન વચન બોલ્યા કે, **સત્યભામા**! સાંભરે છે? જે દિવસે હું આવ્યો હતો તે દિવસે તેં વક્ર મુખ કરી મારો તિરસ્કાર કર્યો હતો, તે તેં તિરસ્કારનું સપત્ની સંકટરૂપ ફળ તને પ્રાપ્ત થયું. તારી શોક કેવી લઈ આવીને મેં હરિને અર્પણ કરી છે, અને તેણીયે તારા કરતાં પણ અધિક હરિનો પ્રેમ કેવો મેળવ્યો છે, કે જે પ્રેમને લઈ કૃષ્ણ તારા ઘર સામું પણ કોઈ દિવસ જોતા નથી. માટે ફરીથી મારૂં અપમાન કરજે કે જેથી હૃદયમાં શલ્યની પેઠે જન્મ પર્યંત તું સંભારે તેવું તેનું ફળ તને હું બતાવી આપું.

આવી રીતે તે હમેશ **નારદમુનિ** આવી ક્ષતમાં (શસ્ત્રાદિકથી થયેલા ઘામાં) ક્ષાર સમાન વ્યથાજનક વાક્યોની વૃષ્ટિ કરી જવા લાગ્યા.

એક દિવસે મૈથુનના અંતમાં મુદિત થયેલા કૃષ્ણને રૂકિમણીયે કહ્યું કે, હે સ્વામિન્! રૂપસંપત્તિનું એકજ ધામરૂપ **સત્યભામા** નામે તમારી સ્ત્રી કેવી છે તે જોવાની મને લાંબા વખતથી ઉત્કંઠા છે; માટે આપ મારી ઉપર કૃપા કરી પ્રાતઃકાળમાં મને દેખાડો.

કૃષ્ણે કહ્યું કે જ્યારથી તારી સાથે વિવાહ થયો છે, ત્યારથી હું કોઈ દિવસે પણ શરમને લીધે માનવંતી તેણીને ઘેર ગયો નથી, માટે કેવળ તારામાં જ મારું મન આસક્ત હોવાથી તેણીને ત્યાં હું જઈશ નહીં. ભીષ્મથી ઉત્પન્ન થયેલ છે તો પણ ભીષણ (ભયંકર) નહીં એવી ઋજુમતિવાળી શાંત **રૂકિમણી** બોલી કે નાથ! પોતાના હૃદયમાં આવી

નિર્દયતા રાખવી તે આપ જેવા પ્રમાણિક સત્પુરૂષનું કર્તવ્ય નથી. સર્વસ્ત્રીઓ ઉપર સમાન દૃષ્ટિ, સમાનુભાવ રાખવો તે આપ જેવાનું કૃત્ય છે. માટે આપ નિર્દયપણું છોડી મારા વચનથી એક દિવસ પણ સત્યભામાને ઘેર જાઓ. અને હું પણ તમારી સાથે આવીશ. કારણ કે **સત્યભામા** મારી મોટી બહેન છે અને હું તેની નાની બહેન છું તેથી નાની બહેને મોટી બહેનની સેવા કરવી જોઈએ અને તેની આજ્ઞા માનવી જોઈએ. આમ રૂકિમણીનો આગ્રહ થવાથી કૃષ્ણે કબુલ કર્યું કે જો તું આગ્રહ કરે છે તો હું તેણીને ઘેર જઈશ.

એક દિવસે **કૃષ્ણે** વિચાર કર્યો કે હું આજે સત્યભામાને ઘેર જઈ સત્યભામાની મશ્કરી કરૂં, આમ વિચારી કૃષ્ણ ભૂમંડલમાં અપ્સરા સમાન તે રૂકિમણીએ બરાસકસ્તૂરી યુક્ત અતિસુરભિ તાંબુલ ચાવી ભૂમિ ઉપર થૂંકી નાંખેલ હતું તે ઉચ્છિષ્ટ તાંબુલ લઈ પોતાની પછેડીને છેડે બાંધી **સત્યભામા**ના ગૃહ પ્રત્યે ગયા.

આવેલા **કૃષ્ણને** જોતાં વેંત જ ઉત્પન્ન થયેલા ક્રોધને લીધે લાલચોળ નેત્ર કરી સત્યભામા બોલી ઉઠી કે, અરે હરિ ? આ તમારૂં ઘર નથી. ભૂલથી આ ઘરમાં આવી ગયા છો, પણ આ ઘર રૂકિમણીનું નથી, માટે સત્વર ત્યાં જાઓ. નવી સ્ત્રીના ઘરમાં જાઓ. હું તો હવે જીર્ણ થઈ ગઈ છું જીર્ણ થયેલ વસ્ત્ર, વનિતા, ભોજનાદિ રૂચિપ્રદ થતાં નથી, તેથી જીર્ણ થયેલી હું તમને આનંદજનક ક્યાંથી થાઉં ?

ત્યારે **કૃષ્ણ** હસી બોલ્યા કે સુંદરી? આમ ન બોલ કારણ કે સાકર જીર્ણ થયેલી હોય તો પણ અમૃત તુલ્ય

સ્વાદ આપે છે, સ્વાદમાં ફેરફાર થતો નથી. ભ્રમણ કરવામાં પ્રીત ધરાવનાર ભ્રમર ગમે ત્યાં જાય પણ તેને આનંદ ભોગવવાની ઇચ્છા થાય ત્યારે સર્વને છોડી પ્રમોદ સહિત માલતીમાં આવી અપૂર્વ આનંદ ભોગવે છે. હે મનસ્વીનિ? મારૂં પણ તેમજ સમજવું.

આવી રીતે પ્રેમજનક વાણીના સમૂહથી સંતોષ પામેલી ઉદાર મનવાળી તે સત્યભામા ઉઠી પ્રેમસહિત પ્રિય આલાપ પુરઃસર આસન આપી કૃષ્ણને બેસાડી રૂકિમણીના ઉદ્વાહ સંબંધી વાતચીત પૂછવા લાગી. પ્રમદાજને પૂછેલી વાતચીત યુવાન પુરૂષોને પ્રેમ આપનારી થાય છે.

ત્યાર પછી કૃષ્ણે વિવાહ સંબંધી સર્વ હકીકત પ્રેમપૂર્વક કહી સંભળાવી. પ્રેમીજનની વાર્તા પણ પુરૂષોને પ્રેમ આપનારી થઈ પડે છે. આમ વાતચીત કરતાં કરતાં કૃષ્ણ કપટ નિદ્રા કરવા લાગ્યા. વાતવાતમાં ઝોકાં ખાતા કૃષ્ણને જોઈ **સત્યભામા** બોલી કે હવે મેં જાણ્યું કે, તમને ઘણા દિવસનો ઉજાગરો થયો હશે. મને મળવાનું બહાનુ કરી તમે મારે ત્યાં શયન કરવા માટે જ આવેલા છો. તે રૂકિમણી તમને રાત્રિમાં ક્ષણવાર પણ નિદ્રા કરવા દેતી નહિ હોય. કપટનું નિવાસસ્થાન એવા કૃષ્ણ સત્યભામાએ એટલું કહ્યા છતાં ઉત્તરીય વસ્ત્ર પગથી મસ્તક સુધી ઓઢી સર્વ અવયવો ઢાંકી સૂઈ ગયા અને અત્યંત નસ્કોરાં સુસ્કારવા લાગ્યાં. ઘોર નિદ્રામાં સૂઈ ગયેલા કૃષ્ણને જાણી સત્યભામા પાસે આવી ઉત્તરીય વસ્ત્રની છેડે બાંધેલ સુગંધી દ્રવ્ય જોઈ આનંદ પામતી પામતી તેની ગાંઠ છોડી તે વસ્તુ લઈ લીધી. પાણીની

સાથે તે વસ્તુ પાષાણ ઉપર વાટી હર્ષ પામતી સત્યભામા પોતાના શરીર ઉપર લેપન કરતી કરતી કહેવા લાગી કે, અરે! હવે મેં કૃષ્ણને વશ કરવાનું સાધન જાણ્યું. પરદેશની ધુતારી રૂકિમણીએ ખરેખર આવા સુરભિદ્રવ્યરૂપ કામણથી જ કૃષ્ણને વશ કરી લીધા છે. ખરેખર તો તે ધૂર્ત જ છે.

આ વચન સાંભળતાં જ હસતાં હસતાં **કૃષ્ણ** બોલી ઉઠયા કે અરે! તેં આ શરીરમાં શું લગાવ્યું. એ તો રૂકિમણીએ ચાવી થૂંકી નાંખેલું તાંબુલ હતું! અરે! જ્યારે હું તારે ઘેર આવતો હતો ત્યારે તે ઉચ્છિષ્ટ તાંબુલ હસતાં હસતાં રૂકિમણીએ આ છેડે બાંધેલું હતું. તે તો તેં અંગરાગ જાણી શરીરમાં લેપન કર્યું. અરે સત્યભામા! મેં તને કેવી છેતરી, તારી શોકનું ઉચ્છિષ્ટ મેં તારા શરીર ઉપર લેપન કરાવ્યું? **રૂકિમણી** કેવી ઉસ્તાદ, કે જેણે પોતાનો એંઠવાડ તારા શરીર ઉપર ચોપડાવ્યો?

**સત્યભામા** આ વચન સાંભળતાંજ એકદમ ઉઠી સ્વચ્છ જળ વડે પોતાનું શરીર સાફ કરી વસ્ત્ર વડે લૂંછી, લજ્જાને લીધે નીચું મુખ કરી બોલી કે નિર્લજ્જ પુરૂષોમાં શિરોમણી ગોવાળ, અહિંયાથી ચાલ્યો જા, ચાલ્યો જા, જન્મથી જ કપટી તથા તસ્કર છે, એમ સર્વ લોકો જાણે છે. માયાથી જ તું પેદા થયો છે, માયાએ જ તને બનાવ્યો છે, માયાથી જ તને રાજ્ય મળ્યું છે. માટે ખરેખર તને વિધાત્રાએ માયામય જ બનાવ્યો છે.

આવી રીતે મહા ક્રોધી થયેલી **સત્યભામાને** શાંત પમાડતાં પમાડતાં કૃષ્ણ બોલ્યા કે, હું ભૂલી ગયો, ફરીને

આવું કામ નહીં કરૂં, મારો થયેલો અપરાધ ક્ષમા કરો. અમૃત સમાન વચન કહેવાથી શાંત થયેલી સત્યભામા બોલી કે તમારી પ્રિયા મને બતાવો, કે જેણે પ્રેમપાસથી તમને વાનરની પેઠે બાંધી લીધા છે. ષ્ણે કહ્યું કે શુભ દિવસ જોઈ રૂકિમણી આગળ તારા ચરણમાં પ્રણામ કરાવીશ. આમ આનંદ કરી કૃષ્ણ રૂકિમણીને ઘેર આવ્યા અને સર્વ હકીકત કહી બતાવી ત્યારે એક બીજાના હાથમાં તાલિકા વગાડી હસવા લાગ્યા.

સત્યભામાની ફરીથી પણ ઠેકડી કરવી એમ વિચારી **કૃષ્ણે રૂકિમણીને** કહ્યું કે તું શ્વેત વસ્ત્ર પહેરી દિવ્ય અલંકારો પહેરી વનમાં રહેલી **લક્ષ્મીના** મંદિરમાં જા, હું પાછળથી આવું છું. એમ કહી રૂકિમણીને આગળથી મોકલી કૃષ્ણ પાછળથી ગયા. લક્ષ્મીના મંદિરની અંદર જ્યાં લક્ષ્મીની પ્રતિમા હતી તેની આગળ **રૂકિમણીને** પ્રતિમાને આકારે ઉભી રાખી કૃષ્ણે શિખામણ આપી કે સત્યભામા આવી જ્યાં સુધી દર્શન કરે ત્યાં સુધી જરાપણ અંગ હલાવીશ નહિ તથા એક મટકું પણ મારીશ નહિ, બરાબર પ્રતિમા સદૃશ થઈ ઉભી રહેજે.

આમ કરીને કૃષ્ણે **સત્યભામાને** જઈ કહ્યું કે તારી નાની બેન જોવી હોય તો ચાલ તને વનમાં બતાવું; આમ કહેવાથી હર્ષ પામેલી સત્યભામા સ્નાન કરી અનેક જાતના વસ્ત્રો તથા અલંકારો પહેરી કેટલીક સખીઓને સાથે લઇ રથમાં બેસી વનમાં આવી પહોંચી. ત્યારે કૃષ્ણે કહ્યું કે તું સ્નાનાદિક કરી સામી રહેલી લક્ષ્મીની મૂર્તિની પૂજા કર,

તેટલામાં હું ઘેર જઈ રૂક્મિણીને અહિંયા તેડી આવું છું. આમ કહી કૃષ્ણ તો કોઈ ન જાણે તેમ એક લતાકુંજની અંદર સંતાઈ ગયા.

**સત્યભામા** રથમાંથી ઉતરી સખી સહિત મંદિરમાં આવી ત્યારે સત્યભામાની કોઈએક પ્રિય સખી પ્રીતીકર વચન બોલી કે, મહારાણી? આપ સ્નાનાદિક ફળપુષ્પાદિકથી આ **લક્ષ્મીની** પૂજા કરો, કારણ કે જો આની પૂજા કરી વરદાન માગો તો આ મૂર્તિ અભિષ્ટફળ આપે છે. આ વાત દ્વારીકાપુરીના સર્વ લોકોમાં પ્રસિદ્ધ છે. કેટલાક રાજાઓ હાથી ઉપર બેસી, કેટલાએક રથમાં બેસી અને કેટલાએક અતિભક્ત ક્ષત્રિઓ તો પગપાળા આ મૂર્તિની પૂજા કરવા આવે છે. યાદવની સ્ત્રીઓ તથા ગામના વેપારીની સ્ત્રીઓ તો પૂજનની સામગ્રી ગ્રહણ કરી પૂજન કરવા માટે દરરોજ આવે છે, માટે તમે આ મૂર્તિની પૂજા ભાવપૂર્વક કરો કે જેથી તમારી ઇચ્છા પૂર્ણ થાય.

આવી હિતબોધક, પ્રિય સખીની વાણી શ્રવણ કરી પોતાના વસ્ત્રાભરણાદિક ઉતારી નાખી વાવમાં સ્નાન કરી પુષ્પાદિક લઈ પવિત્ર વસ્ત્રો પહેર્યાં. મંદીરમાં આવી મૂર્તિની પૂજા કરી કર જોડી પ્રાર્થના કરે છે કે હે જગદંબા! આપની પાસે હું પ્રાર્થના કરી માગું છું કે મારા સ્વામી કૃષ્ણ મને વશ થાય તેમ આ તમારા ચરણમાં પડેલી ઉપાસિકાને કરો. મારામાં કોઈ દિવ્યરૂપ એવું બનાવો કે જેણે કરી, રૂપમાં ઇંદ્રાણી સમાન સુપ્રૌઢા સમાન નવીન યૌવનવાળી **રૂક્મિણીને** જીતી લઉં, ઇત્યાદિક મારૂં ધારેલું

કાર્ય થશે તો હું તમારી ઉપર વિશ્વાસ રાખી [1]જળપાનનો અભિગ્રહ ધરી સદ્ભક્તિથી તમારી અહર્નિશ પૂજા કરીશ.

આવી રીતના સત્યભામાના વચન સાંભળતાં વેંત જ **કૃષ્ણ** લતાકુંજમાંથી નીકળી હસતા હસતા **સત્યભામાની** પાસે આવી ઉભા રહ્યા. આવેલા કૃષ્ણને જોઈ સત્યભામાનું શ્યામ મુખ થઈ ગયું. હરિ બોલ્યા કે પ્રિયા! આ **રૂક્મિ-ણીની** પૂજા કરવી, આની પાસે વરદાન માગવું, એ તને યુક્ત છે, કારણ, તારા કરતાં રૂપ લાવણ્યમાં રૂક્મિણી અધિક છે તેથી રૂક્મિણી તારે પૂજવા યોગ્ય છે, અને હમણા તેં આની પૂજા કરી છે તેના પ્રભાવથી તને વશ થયો છું. માટે [2]જલના અભિગ્રહપૂર્વક તારે આની અહર્નિશ પૂજા કરવી.

આવા વચન સાંભળી કોપથી આકુલવ્યાકુલ થયેલી સત્યભામા કૃષ્ણને જેમ તેમ બોલવા લાગી. અરે શઠ! લોક તને ગોપાલ બાલક કહે છે, તે વાત સત્યજ છે. દ્વારિકાના રાજ્યભોક્તા થયા પણ હજી તમારી બાલકની ચેષ્ટા ન ગઈ. ગોવાળના બાળકો દુધ પીને મદોન્મત્ત બને છે એ લોકમાં કહેવત સાચી છે. કપટ કરનારા, મહામૂર્ખાધિરાજ કાર્યા-કાર્યનો નહિ વિચાર કરનારા ગોપાલ બાલકો સ્ત્રીઓના ટોળામાં આવી ઢંગધડા વગર જેમ આવે તેમ બકવાદ કરે છે.

ત્યારે કૃષ્ણ હસી બોલ્યા કે સુંદરિ! હું જ્યારે તારે ઘેર આવ્યો હતો ત્યારે તેંજ મને માયામય ઠરાવ્યો હતો,

---

૧ દર્શન કર્યા પછીજ અન્નપાણી લેવા. ૨ દર્શન પછી પાણી પીજે.

માટે મેં આ માયા રચી મારૂં માયામયત્વ સિદ્ધ કર્યું.

આમ સાંભળી હસતા હસતા સર્વે લોકો, સ્વર્ગવાસિ દેવોના વિમાન સમાન રમણીય શ્રી દ્વારિકામાં ગયા.

જ્યારથી **રૂકિમણીને** લક્ષ્મી માની સત્યભામાએ પૂજા કરી ત્યારથી રૂકિમણીનું **લક્ષ્મી** એવું નામ જગપ્રસિદ્ધ થયું; કારણ કે કૃષ્ણને માન્ય હોવાથી વિશ્વમાં કેમ પૂજાપાત્ર ન થાય ?

આવી રીતે મહોપાધ્યાય શ્રી રત્નચંદ્ર કવિ પ્રણીત **શ્રી પ્રદ્યુમ્ન** ચરિત્ર મહાકાવ્યમાં રૂકિમણી પાણીગ્રહણનું વર્ણન દર્શાવનાર ચોથો સર્ગ સંપૂર્ણ થયો.

**ધર્મ બધુંજ આપે છે. જે જોઈએ તે બધુંજ આપે છે. આપણને મેળવતાં આવડવું જાઈએ. ધર્મ સ્વર્ગનાં સામ્રાજ્ય આપે છે અને મોક્ષનાં શાશ્વત સુખો આપે છે. આટલું બધું આપનારો ધર્મ શું માનવજીવનનાં સુખો ન આપે? આપેજ. વિશ્વાસ રાખો એ ધર્મની મહાસત્તા ઉપર. નિશ્ચિંત બનો એ ધર્મના સહારે.**

# पंचमः सर्गः

રૂકિમણી **લક્ષ્મી** એવા અપર નામને પામી કૃષ્ણની સાથે આનંદમાં દિવસો ગુજારવા લાગી. જેમ વર્ષાઋતુમાં પ્રફુલ્લિત થયેલી વનસ્પતિને દેખી જવાસા નામનું વૃક્ષ તદ્દન શુષ્ક બની જાય છે તેમજ આનંદ પામતી રૂકિમણીને જોઈ સત્યભામા ઈર્ષાને લીધે મૃતઃપ્રાય બની ગઈ.

એક દિવસે જ્યોતિર્વેત્તા **અતિમુક્ત** નામના ઋષિ ભિક્ષા માટે રૂકિમણીના ઘર પ્રત્યે આવ્યા. રૂકિમણી સહસા આસન ઉપરથી ઉઠી ત્રણ પ્રદક્ષિણા દઈ નમી અતિસુરભિ મોદકો વહોરાવી પોતાના આત્માને લાભયુક્ત કર્યો. પ્રમુદિત થયેલા તે મુનિને રૂકિમણીએ પૂછ્યું કે, મહારાજ? હું આપને નમ્રતાપૂર્વક પૂછું છું કે મને પુત્ર થશે કે નહિ થાય, અને જો થશે તો કેટલો વખત લાગશે, તે આપ જરા વિચારી કહો.

આ સમાચાર સત્યભામાને જાણ થતાં તરત જ તે પણ રૂકિમણીને ત્યાં આવી અને તેણીએ સ્પર્ધાને લીધે મુનિ આગળ તે જ પ્રશ્ન પૂછયો.

રૂકિમણીએ વિનયથી મોદક આપેલા તેથી તેની ઉપર પ્રસન્ન થએલા યતિએ રૂકિમણી ઉપર ઉદ્દેશ રાખી કહ્યું કે, ભાગ્યશાળી ઉદાર મનવાળી? મહાપ્રતાપી, પિતા સમાન બલિષ્ટ પુત્ર તને થોડા વખતમાં થશે અને તે તારો પુત્ર **નેમિનાથની** પાસે દીક્ષા લઈ થોડા વખતમાં મુક્તિ પામશે.

આમ કહી **અતિમુક્તક** યતિ રૂક્મિણીના ઘરમાંથી ઉઠી ચાલ્યા ગયા. તે સઘળી વાત સાંભળી રૂક્મિણી આનંદ પામી. ભવિષ્યકાલમાં થનાર પુત્ર રત્નને શ્રવણ કરી કોને પ્રમોદ ન થાય?

અષાઢ માસમાં મેઘ ગર્જના સાંભળી હર્ષિત થયેલી મયુરીની પેઠે, સત્યભામા મુનિનાં વચન સાંભળી હર્ષને લીધે નાચવા લાગી. **સત્યભામા** પોતાની સખી પાસે કહે છે કે મુનિએ તો મને કહ્યું છે કે તને થોડા વખતમાં પુત્ર થશે. રૂક્મિણીએ કહ્યું કે પુત્ર તને થશે એમ મને કહેલું વચન તું કપટથી તારી ઉપર લઈ લે તેથી શું થવાનું? શાસ્ત્રમાં કહેલ છે કે, શકુન, સ્વપ્ન, તથા નિમિત્ત એ જેને થયેલ હોય તેને જ ફળ આપે છે, બીજાને ફળ મળતું નથી. આમ બોલતી બંને કૃષ્ણની સભામાં ગઈ. તે સમયે **દુર્યોધન** રાજા કૃષ્ણને મળવા માટે આવ્યો હતો. ત્યારે સત્યભામા દુર્યોધનને કહે છે કે મારો પુત્ર તારી પુત્રીનો પતિ થશે. તે પછી રૂક્મિણી બોલી, હે દુર્યોધન! મારો પુત્ર તારો જમાઈ થશે.

આમ બંને જણી વારંવાર કહેવા લાગી ત્યારે દુઃસહ મહાસંકટમાં પડેલો દુર્યોધન બરોબર વિચાર કરી બોલ્યો કે તમારા બેમાંથી જેને પ્રથમ પુત્ર થશે તેના પુત્રને હું મારી પુત્રી આપીશ.

મદોન્મત, વિચાર વગરની **સત્યભામા** બોલી કે, અમારા બંનેમાંથી જેનો પુત્ર પ્રથમ વિવાહ યોગ્ય થાય તેના વિવાહમાં, વિવાહ યોગ્ય નહી થયેલા પુત્રવાળીએ પોતાના મસ્તકના કેશ ઉતારી આપવા.

વિવાદને નહી છોડતી રૂકિમણી પણ તેમ કહી બોલી કે, બલદેવ કૃષ્ણ તથા દુર્યોધન એ ત્રણે જણા આ વાતમાં સાક્ષી રહેજો, કારણ કે તમો સત્યવાદી છો.

પોતાના મુખમાંથી થુંક નીકળે ત્યાં સુધી મોટી બુમો પાડી બકવાદ કરતી તે બે જણી પોતાની મેળે સ્વસ્થાનકે ગઈ. શાસ્ત્રમાં કહ્યું છે કે—

**स्त्रियो मल्लाश्च मेषाश्च कुर्कुटा महिषास्तथा ॥**
**परस्परं युद्धमाना निवर्तंते स्वतःकिल ॥ १ ॥**

**અર્થ** :—પરસ્પર યુદ્ધ કરવામાં મગ્ન થયેલા, સ્રીયો, મલ્લો, કુકડાઓ, બોકડાઓ અને પાડાઓ યુદ્ધમાંથી પોતાની મેળેજ નિવૃત્ત થાય છે. કોઈયે અટકાવેલા અટકતા નથી.

ઘણાક દિવસો ગયા પછી એક દિવસે રાત્રિના સુતેલી **રૂકિમણીયે** સ્વપ્નામાં ઉત્સંગમાં બેઠેલો સિંહ જોયો. જાગ્રત થઈ તે પછી સુતી નહીં. પોતાના ઘરમાંથી નીકળી કૃષ્ણના ઘરમાં જઈ સુધાસમાન વાણી વડે કૃષ્ણને જગાડી શુભ આસન ઉપર બેસી રૂકિમણીયે સારંગી સમાન મધુર ધ્વની કરી કૃષ્ણની આગળ પોતાનું સ્વપ્નું કહ્યું કે હે સ્વામિન્! હું આજે રમ્ય શયનમાં સુતી હતી ત્યારે મેં સ્વપ્નમાં મારા ઉત્સંગ પર બેઠેલો સિંહ જોયો. ત્યારપછી હું તરત જાગી તમારી પાસે આવી તમને જગાડી આ વાત કહી એટલો વખત થયો છે. માટે આપ કહો કે એ સ્વપ્નનું શું ફળ થશે ? કારણ સ્રીયો કરતાં પુરૂષો વિશેષ જાણનારા હોય છે, માટે આપને હું પૂછું છું.

આ વચન સાંભળી હર્ષ પામેલા બુદ્ધિશાળી **કૃષ્ણે** ક્ષણવાર વિચાર કરી **રૂકિમણીને** કહ્યું કે આ સ્વપ્નના ફલમાં તને મારા જેવો સિંહ સમાન પરાક્રમી મનોહર પુત્ર થશે, માટે હવે તું ઘરમાં જા અને હવે નિદ્રા કરીશ નહિ. કેવળ ધર્મની કથા કરજે.

**કૃષ્ણના** કહેવાથી રૂકિમણી મનમાં બહુ જ રાજી થતી થતી પોતાના ઘરમાં ગઈ. તે સમયે કોઈ મહર્દ્ધિકદેવ મહાશુક્ર દેવલોકમાંથી ચવી રૂકિમણીના ઉદરમાં પ્રાપ્ત થયો.

આ વાતની સત્યભામાને ખબર પડી ત્યારે **સત્યભામા** પણ ઈર્ષ્યાને લીધે કૃષ્ણની આગળ આવી બોલી કે, સ્વામિન્! આજે મેં સ્વપ્નમાં શ્વેતહસ્તિ જોયો છે તો તેનું ફલ આપ કહો.

આ ઈર્ષ્યાને લીધે કપટ કરી આવી છે એમ જાણતા હતા તો પણ સત્યભામાને સારૂં લગાડવા માટે કૃષ્ણ બોલ્યા કે તને પણ મહાબલિષ્ઠ મહાપરાક્રમી પુત્ર થશે.

પુત્ર થવાના વચન સાંભળી પ્રસન્ન થયેલી **સત્યભામા** પોતાને ઘેર ગઈ. કાકતાલીય દૃષ્ટાંતની પેઠે સત્યભામાને પણ ગર્ભ રહ્યો. ક્રમે ક્રમે તેનું ઉદર હર્ષની સાથે વૃદ્ધિ થવા લાગ્યું. રૂકિમણીના ઉદરમાં પુણ્યશાલી ગર્ભ આવેલો તેથી તેનું ઉદર મધ્યમ સ્થિતિમાં રહ્યું. એક દિવસે સત્યભામાએ કૃષ્ણને કહ્યું કે મહારાજ! રૂકિમણી કહે છે કે મને ગર્ભ રહ્યો છે પણ તે વાત ખોટી છે. તેના પુરાવામાં મારૂં ઉદર જુઓ અને તેનું ઉદર જુઓ.

**કૃષ્ણ** તો પુણ્યશાલી પુત્રના લક્ષણને જાણતા હતા તેથી

બોલ્યા કે હે દેવી? સત્ય અસત્યનું ફળ સમય ઉપર દેખાઈ રહેશે, કારણ, કોકિલની પરીક્ષા સ્વરમાં જ થાય છે પણ વર્ણથી નથી થતી. માટે જે ભવિતવ્યતા હશે તે બનશે.

આવી રીતે કૃષ્ણ સત્યભામાની સાથે વાતચીત કરે છે તેટલામાં આનંદ પામતી, કૃષ્ણની પાસેથી દાન લેવા ઇચ્છાતુર થયેલી, હર્ષને લીધે પોતાનું ઉત્તરીય વસ્ત્ર ઉતરી ગયું તેને પણ નહિ જાણતી, **રૂકિમણી**ની ભક્ત એક દાસીએ આવી કૃષ્ણને વધામણી આપી, કે હે સ્વામિન્! હર્ષનું એક કારણ સાંભળો. **રૂકિમણી**ને સૂર્ય સમાન તેજસ્વી પુત્ર જન્મેલો છે. આમ વાત કરે છે તેટલીવારમાં બીજી દાસી આવી તે તેમજ બોલી, તરત જ ત્રીજી દાસી આવી તે પણ તેમજ બોલી. પુત્ર જન્મ સાંભળતાં જ હર્ષ પામેલા કૃષ્ણે ત્રણે દાસીને વસ્ત્રાલંકારાદિક આપી પ્રસન્ન કરી.

એક તો ત્રિખંડના અધિપતિ કૃષ્ણ જેવા પિતા, બીજો વધામણીમાં પુત્ર જન્મ અને ત્રીજો વળી પોતાની માનીતિ રૂકિમણીનો પ્રસવ ત્યાં તો દાન આપવાની શું ખામી રહે?

તે સમયે પોતાને વજ્ર સમાન લાગતું આ વચન સાંભળી અતિ મનમાં દુઃખી થયેલી, ગર્વનું તો મંદિર, **સત્યભામાને** મહા કષ્ટથી પુત્રનો જન્મ થયો; ત્યારે સત્યભામાની દાસીઓએ પણ એકદમ દોડી જઈ કૃષ્ણને વધામણી આપી ત્યારે મહાસમૃદ્ધિમાન કૃષ્ણે તે દાસીઓને પણ યોગ્યતા પ્રમાણે દાન આપ્યું.

કવિ કહે છે કે ભવ્ય જીવો? વિચાર કરો કે આ સમયે પણ દાન આપનારા કૃષ્ણ જ હતા. નિવેદન કરવાનું પણ

પુત્ર જન્મ જ હતો. આટલું છતાં પણ સત્યભામાની દાસીઓને રૂકિમણીની દાસીઓ કરતાં ઓછું મળ્યું, માટે પ્રાણીઓ પુરૂષાર્થ ગમે તેટલો કરે પણ દ્રવિણાદિક તો ભાગ્ય પ્રમાણે જ મળે છે. મેઘ પોતે દાતા છે, ચાતક પક્ષી પોતે યાચક છે. શ્રાવણ માસ છે, છતાં પણ તૃષાતુર થએલા ચાતક પક્ષીને એક પણ જળબિંદુ મળતું નથી એ કેવી ભાગ્યની ખૂબી? માટે જગતમાં ભાગ્યની જ બલિહારી છે.

શ્રી દ્વારિકાધિપતિ **કૃષ્ણ** મહારાજે તે સમયે કેટલાએક કેદિ લોકોને છોડી મૂક્યા, તથા સમગ્ર દ્વારિકા નગરીને ધજા પતાકાઓ વડે અલંકૃત કરી. વધામણી માટે આવેલા અસંખ્ય લોકોને સુવર્ણ દાન આપી કૃષ્ણે સંતુષ્ટ કર્યા. અનેક રાજાઓએ મોકલેલા અશ્વ ગજાદિક ભેટ સ્વીકારવા લાગ્યા. નીતિ શાસ્ત્રને જાણનારા કૃષ્ણે પોતાના ગામમાં આઠ દિવસ સુધી ઘાણી, ગાડાં જોડવાં, ઇત્યાદિક અધર્મ પ્રવૃત્તિ અટકાવી તથા બીજાં કેટલાંક ધાર્મિક કાર્યો કર્યાં. હવે રૂકિમણીને ત્યાં પુત્ર જન્મ પ્રથમ થયો છે, તેથી ચંદ્રમા સમાન નેત્ર શીતલ કરનાર પુત્ર રત્નને જોવા માટે **રૂકિમણીને** ઘેર પ્રથમ **કૃષ્ણ** ગયા. સખીએ આપેલા સિંહાસન ઉપર બેઠા. સૂર્ય સમાન અતિ તેજસ્વી પુત્ર રૂપ મણિકયને જોઈ પોતાના બે હાથમાં લઈ કૃષ્ણ બોલ્યા કે હે ભામિનિ? જ્યારથી આ બાળક મારા ઘરમાં આવેલ છે ત્યારથી આ ઘરની સર્વ દિશાઓ પ્રકાશિત થઈ રહી છે તેથી આ બાળકનું **'પ્રદ્યુમ્ન'** એવું નામ પાડું છું, એમ નામ પાડી બાળકને રમાડવા લાગ્યા.

હવે **પ્રદ્યુમ્નનો** પૂર્વ ભવનો વૈરી, ધૂમકેતુની પેઠે અનિષ્ટ

ફળ આપનાર, દેવતાઓમાં અધમ, **ધૂમકેતુ** પોતાનું વેર વાળવા માટે રૂક્મિણીનો વેશ લઈ કૃષ્ણની આગળ આવ્યો. કૃષ્ણે તો ક્ષણવાર રમાડી રૂક્મિણીરૂપ બનેલા ધૂમકેતુના હાથમાં સોંપી દીધો. તે દેવ તો પુત્રને લઈ તે જ તત્ક્ષણે અંતર્હિત થઈ ગયો અને ભૂમંડલના આભરણ રૂપ, અનેક વિશાળ શિલાઓથી ભૂષિત, વૈતાઢ્ય પર્વત ઉપર રહેલા ઉદ્યાનમાં ગયો. ત્યાં જઈ તેણે વિચાર કર્યો કે, આ બાળકને મારી નાખું. વળી વિચાર થયો કે, એકદમ આ બાળક મરી જશે, તો મારૂં ખરૂં વૈર નહી વળે, માટે ક્ષુધા તૃષાથી આકુળ વ્યાકુળ થયેલો તથા અત્યંત રૂદન કરતો, આ મારો વૈરી બાળક, ઘણા વખત સુધી દુઃખી થઈ થઈને મરે તેમ હું કરૂં, અને એમ કરવાથી જ વૈરનો બદલો વળશે. આમ વિચારી નિર્દય તે ધૂમકેતુ, નિર્ધન પુરૂષ પોતાના નિધિને મૂકે તેમ તે બાળકને એક શિલા ઉપર મૂકી ચાલતો થયો. પણ જેનું આયુષ્ય પ્રબલ છે તે જીવ કેમ મૃત્યુ પામે ? કવિ કહે છે કે, જેમ આકડાના રૂને પવન ઉંચે નીચે લઈ જાય છે, તેમ જીવ પોતાના કર્મને લીધે જ ઉંચી નીચી દશાને પામે છે. તેમજ આ બાળકના લઘુ કર્મ હોવાથી આજ ભવમાં મોક્ષે જવાનો છે તેથી તે બાળક મૃત્યુ ન પામતાં ઉલટું તેના શુભ ભાગ્યને લીધે જે બન્યું તે સાંભળો.

તે જ વૈતાઢ્ય પર્વત ઉપર રહેલા મેઘકુટ નામે નગરમાં વિદ્યાધરોનો અધિપતિ કાલસંવર નામે રાજા વિમાનમાં બેસી ક્રીડા કરવા માટે નીકળેલો, ચાલતાં તેનું વિમાન તે બાળકની ઉપર આવતાં સ્ખલિત થઈ અચલ (પર્વત) સમાન અચલ

થયું. ચલાવવા માટે ઘણોક યત્ન કર્યો તથાપિ જરા પણ ત્યાંથી ચલિત ન થયું, ત્યારે **કાલસંવર** વિદ્યાધરે વિમાન કુંઠિત થવાનું કારણ વિચાર્યું. પણ કંઈ ધ્યાનમાં ન આવ્યું. અતિ ખિન્ન થઈ ગયેલા તે વિદ્યાધરની દૃષ્ટિ નીચે પડતાં નીચે રહેલો સુંદર એક બાળક જોવામાં આવ્યો. તરત જ તે વિમાન નીચું ઉતારી તેમાંથી નીચે ઉતરી તે વિદ્યાધરે પુણ્ય સમુહની માફક સુખજનક, જેનું વિશાળ ભાલ છે તેવા તે બાળકને પોતાના કર સંપુટમાં ઉપાડી લીધો. નિર્ધન પુરૂષ સુવર્ણાદિકનો નિધિ હાથમાં આવવાથી જેમ અતિ હર્ષ પામે છે તેમજ પુત્ર વગરનો કાલસંવર રાજા, રવિબિંબ સમાન તેજસ્વી, પોતાના તેજે કરી દિશાઓને પ્રકાશિત કરતો તે શ્રેષ્ઠ બાળક મળવાથી અતિ હર્ષ પામ્યો. વિદ્યાધરે તે બાળકને સાથે લઈ વિમાનમાં બેસી પોતાના મેઘકુટ નગરમાં જઈ પુત્ર વગરની પોતાની **કનકમાલા** નામની પત્નીને તે ભવ્ય બાળક સોંપ્યો. અને રાજાએ ગામમાં એવી વાત ચલાવી કે આટલા દિવસ **કનકમાલા** ગૂઢ ગર્ભવતી હોવાથી રહેલો ગર્ભ કોઈને જાણવામાં આવતો ન હતો. પણ હવે તો સ્પષ્ટ રીતે તેનો ગર્ભ સર્વને જાણવામાં આવ્યો છે અને નવ માસ પૂર્ણ થતાં કનકમાલાને પુત્ર રૂપ રત્નનો જન્મ થયો છે. એમ કહી લોકોને સમજાવ્યા અને તે પછી આનંદ પામેલા રાજાએ ગામમાં ઉત્સવ કરાવ્યો. કેટલાક બંદિજનોને છોડી મૂકયા, આખા ગામમાં આનંદમહોત્સવ થઈ રહ્યો. સૂર્ય સમાન તેજસ્વી હોવાથી રાજાએ લોકોમાં **પ્રદ્યુમ્ન** એવું સાર્થક નામ પ્રસિદ્ધ કર્યું. કવિ કહે છે કે ગુણ ઉપરથી જ

નામ પાડવામાં ચતુર પુરૂષોની એક જ સંમતિ હોય છે. તે બાળક, સ્વોપાર્જીત પુણ્ય પ્રભાવે કરી ત્યાં પણ મહાપૂજાપાત્ર થયો. કારણ કે, રત્નો જ્યાં હોય ત્યાં રત્નો જ કહેવાય છે, પણ બીજા નામથી નથી ઓળખાતા.

હવે શ્રી દ્વારિકામાં શી બીના બની તે વિષે જીજ્ઞાસુ જનોનું લક્ષ ખેંચીયે છીયે. થોડો વખત થયા પછી **રૂક્મિણી** કૃષ્ણને કહે છે કે મહારાજ! મારો પુત્ર તમે કોને આપ્યો અને તે કયાં છે? મને આપો એટલે તેને સ્તનપાન કરાવી નિદ્રા લેવરાવું. કૃષ્ણ બોલ્યા કે હાંસી શું કરે છે? મેં તો તેજ વખતે તારા હાથમાં જ પુત્ર સોંપ્યો હતો. રૂક્મિણી બોલી, હવે નાહક મશ્કરી શું કરો છો? આ હાસ્ય કરવાનો વખત છે કે? હાસ્ય તો સમય ઉપર શોભે છે, નહીતર તો હાસ્ય વિષતુલ્ય થઈ પડે છે, માટે હાસ્ય છોડી દો અને મને પુત્ર તરત સોંપો.

આમ વાદ કરતાં બન્ને જણાએ ચોતરફ તપાસ કરતાં પુત્ર ન મળ્યો ત્યારે અતિ દુઃખયુક્ત થયાં. **રૂક્મિણી** તો તેજ ક્ષણે મૂર્ચ્છા આવવાથી ભૂમિ પર પડી ગઈ. દાસીઓએ તત્કાલ શીતોપચાર કર્યો ત્યારે જરા શુદ્ધિમાં આવેલી રૂક્મિણી લાંબા સ્વરથી વિલાપ કરે છે કે, અરે મારો પુત્ર કયાં છે? અરે, મને પ્રાણથી પણ અધિક પ્રિય મારો પુત્ર આપો. હે દેવ! તું જગતમાં સત્ પુરૂષ કહેવાય છે તો તેં આ શું કર્યું? એક હાથે પુત્રરૂપ માણિકય આપી બીજા હાથે ખેંચી લેવું એ કામ તારા જેવા સત્પુરૂષને કરવું ઘટતું નથી. તું જગતમાં દયાનો સમુદ્ર કહેવાય છે છતાં

આવે વખતે તારામાં દયાનું એક બિંદુ પણ કેમ દેખાતું નથી? ખરેખર તું નિર્દય જ છે.

આવી રીતે દીર્ઘ સ્વરથી રૂદન કરતી રૂક્મિણીને જોઈ બીજા પુરૂષો પણ રૂદન કરવા લાગ્યા. સર્વના અંતઃકરણો શોક સાગરમાં મગ્ન થઈ ગયાં. કૃષ્ણ મહારાજે બાળકની તપાસ કરવા માટે અનેક અનુચરોને મોકલ્યા. તે સર્વે અનુચરો દરેક સ્થળે શોધ કરતાં ક્યાંય પણ પત્તો ન મળવાથી પાછા આવ્યા. એક **સત્યભામા** સિવાય, શોકાતુર થયેલા સર્વે લોકોને ઉઠવું, બેસવું, ચાલવું, સુવું, ખાવું, પીવું, રમવું, હસવું, ઇત્યાદિ કોઈપણ ક્રિયાઓમાં ચેન પડતું ન હતું. પુત્રનાં જન્મ સમયે રાજ્ય હર્ષકારક થયું હતું અને તેજ રાજ્ય આવે વખતે શોકકારક થઈ પડયું.

કવિ કહે છે કે, ભવ્ય જીવો! આગળના યોગી પુરૂષો સંસારની આવી જ દુઃખમય સ્થિતિની હૃદયમાં ભાવના કરી તેજ ક્ષણે પરમ વૈરાગ્ય દશાને પામ્યાં છે.

શોકાતુર થઈ સભામાં બેઠેલા કૃષ્ણને સમુદ્રવિજયાદિક યાદવો ખિન્ન થઈ વીંટી બેસી ગયા. જે સભામાં ગાયન-ધ્વનિ તથા મૃદંગધ્વનિ સંભળાતો હતો તેજ સભામાં આ સમયે પ્રારબ્ધના યોગે એક શોકધ્વનિ ગાજી રહ્યો. આવા શોકસમયમાં, ફરતાં ફરતાં **નારદમુનિ** આવ્યા. શોકાતુર બની સભામાં બેઠેલા કૃષ્ણને જોઈ મુનિ પૂછે છે કે, હે રાજન્! હર્ષનું કારણ છતાં શોક કેમ? મેં સાંભળેલું છે કે કૃષ્ણ મહારાજની સ્ત્રી **રૂક્મિણીને** પુત્રનો જન્મ થયો છે એમ સાંભળી તારી સભામાં આવ્યો છું. મેં મનમાં વિચાર

કર્યો હતો કે, આજ પુત્રના જન્મદિવસે હું જાઉં તેથી મને આજે અતિ સ્વાદિષ્ટ મિષ્ટાન્ન મળશે. એમ ધારી આવ્યો, ત્યાં તો મારા નસીબ જોગે આ તારી સભામાં મને શોક સુલભ મળ્યો. માટે હે રાજન્ હર્ષને બદલે શોક થવાનું કારણ શું છે તે સત્વર કહે.

**કૃષ્ણે** નારદને આદિથી અંત સુધી સર્વ હકીકત કહી બતાવી.

ત્યારે **નારદમુનિ** બોલ્યા, આ વાતનો ઉત્તર જો જ્ઞાની હોય તો આપી શકે. તેવા મહા જ્ઞાની, કાલત્રયવેત્તા પુરૂષોમાં અગ્રેસર **અતિમુક્તક** નામના ઋષિ હતા પણ તે ઋષિ કેવલજ્ઞાન પામી હમણાં જ મોક્ષે ગયા, તેથી હવે આ ભરત-ખંડમાં તેવો જ્ઞાની હાલમાં બીજો કોઈ પણ નથી, કે જેને જઈ પૂછું. પણ પ્રાગ્વિદેહ ક્ષેત્રમાં **સીમંધર** સ્વામી છે માટે ત્યાં જઈ રૂકિમણીના પુત્ર સંબંધી વાતચીત પૂછું. કૃષ્ણ ! રૂકિમણી મારી અતિ ભક્ત છે અને તે રૂકિમણી તમને મેંજ આપી છે. માટે હું ત્યાં જઈને શોધ કરી સર્વ ખબર લાવીશ, માટે તમો જરાપણ દિલગીર ન થાઓ.

હિંમત આપનાર તથા શોકનાશક આવાં **નારદના** વચન સાંભળી હર્ષિત થયેલા **કૃષ્ણ** તથા યાદવો કરજોડી મુનિની પ્રશંસા કરે છે કે, અમારા કુલ સંબંધી દરેક કાર્યની સિદ્ધિ કરવા આપ જ સમર્થ છો, તથા ઇતરજનથી દુઃસાધ્ય સર્વ કાર્ય આપ જ કરો છો. અમો સર્વ જાણીએ છીએ કે આ કાર્ય પણ આપ જ કરશો અને તમે તમારો યશ દિગ્ વિભાગોમાં પ્રખ્યાત કરશો ઇત્યાદિક વચનો વડે

પ્રેરણા કરાયેલા નારદમુનિ વિદાય થયા. નારદમુનિ પ્રાગ્વિદેહ ક્ષેત્રમાં સમવસરેલા **સીમંધર** પ્રભુની આગળ આવી ત્રણ પ્રદક્ષિણા કરી જગતગુરૂને પ્રણામ કર્યાં. દેશના અપાઈ રહ્યા પછી યોગ્ય સમયે નારદમુનિએ સીમંધર પ્રભુને પૂછ્યું કે, હે સ્વામિન્! કૃષ્ણની રૂકિમણીનો **પ્રદ્યુમ્ન** નામે પુત્ર ક્યાં છે તે આપ કૃપા કરી કહો. ત્યારે **સીમંધર** પ્રભુ બોલ્યા કે, તે પુણ્યશાળી પુત્રના પૂર્વ ભવના કર્મયોગે જે હકીકત બની તે સર્વ કહું છું તે સાંભળો.

**પ્રદ્યુમ્નનો** પૂર્વ જન્મનો વૈરી નીચ કૃત્ય કરનાર ધૂમકેતુ, રૂકિમણીનો વેષ પહેરી ત્યાં આવી કૃષ્ણના હાથમાંથી તે બાળકને લઈ વૈતાઢય પર્વત ઉપર ગયો, અને નિર્દય **ધૂમકેતુએ** મારી નાખવાની ઇચ્છાથી તે બાળકને શિલા ઉપર મૂકી દીધો પણ એ બાળકનો આ દેહ છેલ્લો હોવાથી તેને કોઈ પણ મારી શકે તેમ ન હતું. જે પ્રાણિનું આયુષ્ય પ્રબલ છે તે પ્રાણીનો પરાભવ કરવા માટે વિષ, શસ્ત્ર, બુભૂક્ષા તથા પિપાસા ઈત્યાદિક સમર્થ થતાં નથી. ત્યાર પછી પ્રાતઃકાલમાં ફરવા નીકળેલા **કાલસંવર** નામના રાજાએ તે બાળ જોયો અને પોતે લઈ લીધો. મેઘકૂટ નામે મોટા નગરમાં જઈ તેણે પોતાની પત્નીને અર્પણ કર્યો. તે રાજાની **કનકમાલા** નામની સ્ત્રી પુત્ર વગરની હોવાથી તે બાળકને સ્વપુત્રવત્ પાલનપોષણ કરે છે. બાળક પણ ત્યાં સુખી છે, કોઈ જાતની ચિંતા નથી. ત્યાર પછી સર્વ સંદેહ રૂપ અંધકાર સમૂહને નાશ કરવામાં સૂર્ય સમાન, તીર્થ પ્રવર્તક, કેવલજ્ઞાનને લીધે નિખિલ વસ્તુને જાણનાર શ્રી **સીમંધર**

પ્રભુને પુનઃ પૂછવાની નારદમુનિને ઉત્કંઠા થઈ, કારણ અતિ સ્વચ્છ દર્પણને પામી કયો માણસ તેમાં સ્વમુખ ન જુએ? ચિંતામણિ પોતાના ઘરમાં આવવાથી કયો માણસ ક્ષુધા સહન કરે? ગંગા નદીને પ્રાપ્ત થઈ તૃષાતુર થયેલો કયો માણસ તે જલપાન ન કરે? તેમજ કેવલજ્ઞાનીનો સમાગમ કરનાર કયો પુરૂષ સ્વસંદેહને ન ભાંગે.

હે **શ્રેણિકરાજન્!** પુનઃ આવો સમાગમ ક્યાં મળશે એમ વિચારી નારદે પૂછ્યું કે સ્વામિન્! પૂર્વ જન્મમાં રૂકિમણીના પુત્ર સાથે **ધૂમકેતુનું** વૈર થવાનું કારણ શું હતું વિગેરે સર્વ હકીકત આપ સવિસ્તર કહો.

## પ્રદ્યુમ્નનો અને ધૂમકેતુનો પૂર્વભવ

ત્યારે **સીમંધર** સ્વામી મધુર વાણી વડે કહેવા લાગ્યા, હે નારદ! ગત જન્મમાં ધૂમકેતુને પ્રદ્યુમ્ન સાથે વૈર થવાના કારણમાં સર્વ વૃત્તાંત સાંભળ. જંબુદ્વીપમાં આવેલા ભરત ક્ષેત્રને વિષે મગધ નામના દેશમાં શાલિગ્રામ નામે એક ગામ છે તે ગામની બહાર અનેક જાતિના વૃક્ષોની શ્રેણીથી વિરાજીત મનને આનંદકારક મનોરમ નામે એક ઉદ્યાન છે, તે ઉદ્યાનનો અધિષ્ઠાતા, સાધુ લોકોની ભક્તિ કરનાર તથા તેઓના ઉપદેશથી સમ્યકત્વ ધારણ કરનાર તથા ઉદાર મન રાખનાર **સુમનસ** નામે યક્ષ હતો. તે ગામમાં વેદ ભણેલો તથા પ્રખ્યાત **સોમદેવ** નામે બ્રાહ્મણ રહેલો હતો. તેની **અગ્નિલા** નામની સ્ત્રી હતી અને **અગ્નિભૂતિ** તથા **વાયુભૂતિ** નામના બે પુત્ર હતા. બન્ને જણા સ્વવિદ્યાના

અભિમાનને લીધે ઈતર લોકોનો તિરસ્કાર કરનાર તથા યૌવનના મદથી છકેલા હતા. એક સમયે **નંદિવર્ધન** નામના મુનિ અનેક મુનિમંડળ સહિત તે મનોરમ નામના ઉદ્યાનમાં આવ્યા. ગામના લોકો ત્યાં આવી મુનિરાજને પ્રણામ કરી ધર્મ શ્રવણ કરી તેના ભક્ત થયા. નંદિવર્ધન નામના મુનિની થતી આ ધામધુમ જોઈ ઇર્ષ્યાને લીધે ક્રોધાયમાન થયેલા તે બે ભાઈઓ ત્યાં આવ્યા. દેશના વખતે સર્વ લોકો એકાગ્ર ચિત્તે બેઠા હતા તે સમયે મદોન્મત્ત તે બન્ને જણાએ નંદિવર્ધનને કહ્યું કે, "હે સાધો! શાસ્ત્રો જાણો છો કે કેમ? અથવા તે નહિ જાણવાથી મૂઢ જ છો? જો શાસ્ત્રો જાણતા હો તો અમારી સાથે વાદવિવાદ કરવા તૈયાર થાઓ નહીંતર મૌનવ્રત ધરી અહીંથી પલાયન થાઓ અને વૃથા અભિમાન રાખી તમારે ધર્મસંપન્ન આ અમારા ગામમાં કોઈને પણ ખોટો ઉપદેશ આપી છેતરવા નહીં."

**નંદિવર્ધન** આચાર્યે **સત્ય** નામના પોતાના શિષ્યને કહ્યું કે, "આ બે મૂર્ખાધિરાજની સાથે મારે બોલવું ઉચિત્ નથી. માટે તું આ બન્નેને નિરૂત્તર કરી બકવાદ કરતા બંધ કર."

આવી રીતે થયેલી આચાર્યની આજ્ઞા શિર ઉપર ચડાવી **સત્ય** નામે ઋષિ તે બ્રાહ્મણુને પૂછે છે કે, "અરે બ્રાહ્મણો, તમો કયાંથી આવેલા છો?"

ત્યારે અગ્નિભૂતિ અને વાયુભૂતિ બોલ્યા કે, "શાલિગ્રામ નામે ગામમાંથી અમો આવેલા છીયે."

**સત્ય** નામે મુનિએ કહ્યું કે, "હું તમોને એમ નથી

પૂછતો પણ તમોને કયા ભવમાંથી આ પુરૂષત્વ મળ્યું છે એમ પૂછું છું માટે જો તમોને તે સંબંધી જ્ઞાન હોય તો અખિલ નિજ વૃત્તાંત કહી બતાવો.”

આમ પૂછેલી ગતભવ સંબંધી વાતનું જ્ઞાન ન હોવાથી લજ્જાને લીધે અધોમુખ કરી તેઓ મૌનવ્રતને શરણે થયા; કારણ કે મિથ્યાદૃષ્ટિ પુરૂષોને પૂર્વ ભવનું જ્ઞાન ક્યાંથી જ હોય? તે પછી અવધિજ્ઞાની **સત્ય** મુનિ બોલ્યા, “હે બ્રાહ્મણો, તમે બન્ને જણા પૂર્વ ભવમાં આ ગામની સીમમાં કેવળ માંસ ખાઈ પોતાની આજીવિકા ચલાવનારા, એક જ માતાના પુત્ર શિયાળ હતા. કોઈ એક ખેડુતે પોતાના ક્ષેત્રમાં ચર્મ રજ્જુ મૂકી હતી; વરસાદને લીધે આર્દ્ર થઈ ગયેલી તે ચર્મ રજ્જુ ક્ષુધાતુર થયેલા તે બે શિયાળ આવી ખાઈ ગયા. અતિ આહાર થવાથી તે બે શિયાળ મૃત્યુવશ થઈ આ જ નગરમાં તમે બે ભાઈ રૂપે જન્મ્યા છો. પ્રાતઃકાલ થતાં તે ખેડુતે ચર્મરજ્જુ ન દીઠી, ખેડુત ઘણો શોક કરતો કરતો ઘેર આવી કેટલેક કાળે મૃત્યુ પામી પોતાના પુત્રનેજ ઘેર જન્મ્યો. અનુક્રમે કર્મના ક્ષયથી જાતિ સ્મરણ થયું. તે ખેડુતે મનમાં વિચાર કર્યો કે હાલ જેને ઘેર મારો જન્મ થયો છે તે તો ખરી રીતે મારો પુત્ર થાય છે, તો હું તેને પિતા એ શબ્દથી કેમ બોલાવું તથા હાલ જે માતા થઈ છે તે તો મારા પુત્રની વહુ થાય છે તો તેને માતા એ શબ્દથી કેમ બોલાવાય તથા બીજા સ્વજનાદિકની સાથે પણ પૂર્વ સંબંધથી કેમ વર્તાય? માટે મૌન રહેવું તે જ શ્રેયસ્કર છે એમ વિચારી તે ખેડુત મૂંગો થયો છે. તમોને વાત ઉપર

વિશ્વાસ ન આવતો હોય તો તમો તેને અહિંયા તેડી લાવો. મારા કહેવાથી તે ખેડુત મૂકત્વ છોડી બોલશે."

આશ્ચર્યજનક આ વાત સાંભળી વિસ્મય પામેલા લોકો તે ખેડુતને ઘેર જઈ તે મૂંગા ખેડુતને લઈ મુનિરાજની આગળ આવ્યા; **સત્ય** નામના ઋષિએ ખેડુતને કહ્યું કે, "તું મૌન વ્રત છોડી, આ લોકોને વિશ્વાસકારક, પૂર્વજન્મનું તારૂં વૃત્તાંત કહી સંભળાવ; તું તારા મનમાં ધારતો હઈશ કે પૂર્વનાં વ્યવહાર કરતાં સાંપ્રતકાળમાં થયેલો માતાપિતાદિકનો વ્યવહાર અતિ વિપરીત હોવાથી હું બોલીશ નહીં, પણ અજ્ઞાનને લીધે સંસારમાં ભ્રમણ કરતા પુરૂષોને અનેકવાર પિતા પુત્ર થાય છે, માતા પુત્રની વહુ થાય છે, પુત્રની વહુ માતા થાય છે, એમ જ આ સંસાર ચક્રનું ભ્રમણ થયાં જ કરે છે. માટે વૈરાગ્યવાળા પુરૂષોએ આ વાતમાં કશો પણ વિસ્મય ન કરવો." આવાં મુનિનાં વચન શ્રવણ કરી ખેડુતે મૌનવ્રત છોડી દઈ પૂર્વભવ સંબંધી સર્વ વૃત્તાંત કહી બતાવ્યું.

સર્વે લોકો આ આશ્ચર્ય જોઈ આનંદ પામી પરમ વૈરાગ્યને પામ્યા. હે **નારદ**! આમ પ્રત્યક્ષ તેવો સંબંધ જોવામાં આવે તો કોણ પુરૂષ વૈરાગ્યને ન પામે? કેટલાક લોકોએ તે સમયે દીક્ષા લીધી, કેટલાક લોકોએ બાર વ્રત ગ્રહણ કર્યાં, અને કેટલાએક લોકો નિરતિચાર સમ્યકત્વ પાળવા લાગ્યા. તે ખેડુતે પણ તે જ સમયે દીક્ષા ગ્રહણ કરી. ત્યાર પછી લોકોએ મશ્કરી કરતા તથા હાંસી કરાતા તે બે બ્રાહ્મણો ત્યાંથી ઉઠી પોતાને ઘેર આવ્યા. પછી તે બંનેએ વિચાર કર્યો કે એ મુનિએ આપની ભરી સભામાં

આબરૂ લીધી છે માટે આપણે આજે રાત્રિમાં તેનું વૈર લેવું. એમ સંકેત કરી હાથમાં ખડગ લઈ બે ભાઈઓ ઉદ્યાન આગળ આવ્યા. ત્યારે તે ઉદ્યાનના પાલક **સુમનસ** નામના યક્ષે તે બંનેને સ્વવિદ્યાના પ્રાબલ્યથી કાષ્ઠના પુતળાની પેઠે થંભાવી રાખ્યા. પ્રાતઃકાલમાં આવેલા તેના માતાપિતાએ તથા અન્ય લોકોએ તેવી દશાને પામેલા દુષ્ટબુદ્ધિવાળા અગ્નિભૂતિ વાયુભૂતિને જોયા. ત્યારે પોતાના પુત્રની આ દશા જોઈ રૂદન કરતા તથા વિલાપ કરતા તેના માતાપિતાએ યક્ષને પ્રણામપૂર્વક પ્રાર્થના કરી કહ્યું કે, "આ અમારા બે પુત્રને છોડી મૂકો." યક્ષે કહ્યું કે, "દુષ્ટબુદ્ધિ આ બે જણા હાથમાં તરવાર લઈ મુનિને ખાસ મારવા માટે જ આવેલા તેથી જ મેં અહિંયા થંભાવી રાખ્યા છે. તો હવે તે દુર્મતીને હું કદાપિ છોડું તેમ નથી; તો પણ તમો તેને છોડાવવા આગ્રહ કરો છો તેથી હું કહું છું કે જો આ બે જણા સાધુ ધર્મ અંગીકાર કરે તો તેમને છોડી દઉં, નહીં તો વાત જ કરજો માં." ત્યારે તેના માતાપિતાએ કહ્યું કે, "યક્ષરાજ ! આના જેવા મંદ પ્રાણીઓએ તો સાધુધર્મ પાળવો બહુ જ સુદુષ્કર છે તેથી આ બેને શ્રાદ્ધધર્મ ગ્રહણ કરાવી છોડી મૂકો." આમ કહી પોતાના બે પુત્રોને શ્રાદ્ધધર્મ અંગીકાર કરાવ્યો, ત્યારે યક્ષે તેને છોડી મૂકયા. **સીમંધર** પ્રભુ નારદને કહે છે કે, "તે દિવસથી અગ્નિભૂતિએ અને વાયુ-ભૂતિએ રાત્રીભોજન તથા કંદમૂલાદિક તજી દીધું. તે બંનેના માતાપિતા ગુરૂ કર્મી હોવાથી અર્હદ્ધર્મ અંગીકાર ન કર્યો; અર્હદ્ધર્મ આરાધવાથી તથા અશેષ જંતુઓને ખમાવવાથી

લઘુ કર્મવાળા થયેલા, અગ્નિભૂતિ અને વાયુભૂતિ અંતે મૃત્યુ પામી પ્રથમ સ્વર્ગમાં છ પલ્યોપમ આયુષ્યવાળા દેવ થયા; ત્યારપછી તે બે દેવ પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં પ્રથમ દેવ લોકમાંથી ચ્યવી હસ્તિનાગપુરમાં **અર્હદ્દાસ** નામે વણિકના **પૂર્ણભદ્ર** અને **માણિભદ્ર** નામના પુત્ર થયા; તે ભવમાં પણ જૈન ધર્મમાં પરાયણ થયા, ધર્મ કાર્યમાં પ્રીતિવાળા થયા તથા મહાવૈભવવાળા, અને વિદ્યા મેળવનાર, પરસ્પર પ્રીતિ રાખનારા, પિતાની ભક્તિ કરનારા, શુદ્ધ અંતઃકરણવાળા, શ્રાવકના એકવીશ ગુણોથી સંપન્ન, અને જૈન શાસ્ત્રના રહસ્યના જાણ થયા.

એક દિવસે હસ્તિનાગપુરની બહાર રહેલા ઉદ્યાનમાં આવેલા **મહેંદ્ર** મુનિને સાંભળી, ભક્તિથી આર્દ્રચિત્તવાળા પૂર્ણભદ્ર તથા માણિભદ્ર રથમાં બેસી વાંદવા માટે ચાલ્યા. ચાલતાં ચાલતાં માર્ગમાં એક ચાંડાલને તથા એક શુનીને (કુતરીને) જોઈ તે બેઉ ઉપર તે બન્નેનો પરમ પ્રેમ થયો. તે વિષે મનમાં વિસ્મય પામતા પામતા મુનિની આગળ જઈ ત્રણ પ્રદક્ષિણા કરી, મુનિને નમ્યા. મુનિએ સુધાસમાન મધુર ભાષા વડે કહેલા ધર્મને ભક્તિપૂર્વક સાંભળી, અતિ આનંદ પામ્યા. ધર્મ સાંભળી રાજાદિક સર્વ લોકો ગયા. પછી એકાંત સ્થળમાં બેઠેલા મુનિને પ્રણામ કરી પૂર્ણભદ્રે તથા માણિભદ્રે પૂછયું કે, મુનિમહારાજ આપને વાંદવા માટે આવતા હતા, ત્યારે રસ્તામાં એક ચાંડાલને તથા એક શુનીને (કુતરીને) જોઈ તે બે ઉપર અમારો અનુપમ પ્રેમ થયો તેનું કારણ શું ? કારણ, એ બે નિંદિત જાતિમાં છે

અને અમો તો ઉત્તમ કુળમાં જન્મેલા છીએ તેથી તે ઉપર પ્રીતિ થવી ન જોઈએ, છતાં સ્નેહ થયો માટે તેનું કારણ કહો. આ તેનો પ્રશ્ન સાંભળી મંદહાસ્યની પ્રભા વડે અધરને સ્તબક (પુષ્પના ગુચ્છ) સમાન કરતા **મહેંદ્રમુનિ** અમૃતસદૃશ વચનો કહેવા લાગ્યા કે, મહાનુભાવો! સ્નેહ થવાનું કારણ સાંભળો. જગતમાં એવો નિયમ છે કે કોઈને જોઈ હૃદયમાં થતો પ્રેમ નિષ્કારણ હોતો જ નથી. સકારણ હોય છે. જેમ ચાલી આવતી સુગંધરેણું આકાશમાં જણાઈ આવે છે તેમજ તે પ્રેમ, પૂર્વ ભવનો જ છે એમ બે નયન તથા હૃદય કહી બતાવે છે. હે વણિકજનો, આ ચાલતા ભવની પહેલાં ગયેલા ત્રીજા ભવમાં **સોમદેવ** નામે બ્રાહ્મણ અને **અગ્નિલા** નામની બ્રાહ્મણી તે બેના તમો વેદ ભણેલા અને લોકોમાં માન પામેલા **અગ્નિભૂતિ** તથા **વાયુભૂતિ** નામે પુત્ર હતા; તે ભવમાં તમો શ્રાવકધર્મ પામી પ્રથમ સ્વર્ગે ગયા; ત્યાંથી ચ્યવી તમો હાલ શ્રાવક જાતિમાં જન્મેલા છો. મિથ્યાદૃષ્ટિ **સોમદેવ** નામનો તમારો પિતા મૃત્યુ પામી ભરતક્ષેત્રને વિષે આવેલા શંખપુરના રાજાનો **જીતશત્રુ** નામે પુત્ર થયો તે સાતે વ્યસનને સેવનાર, અંતઃકરણમાં મહા નિર્દય, પરસ્ત્રીઓમાં અધિકલંપટ, તથા મદોન્મત્ત હતો; **અગ્નિલા** નામની તમારી માતા પણ કેટલેક કાળે મરણ પામી એ જ શંખપુરમાં રહેનારા સોમભૂતિ નામના બ્રાહ્મણની **રૂક્મિણી** નામે પત્ની થઈ. એક દિવસે રાજાનો પુત્ર જીતશત્રુ તે રૂક્મિણીને જોઈ તેના રૂપથી મોહિત તથા અતિ કામાતુર થયો અને તે વિના એક ક્ષણભર પણ ઉઠવા બેસવા,

ખાવા પીવા, શયન કરવા, ક્રીડા કરવા સમર્થ ન થયો. કામમોહિત થયેલા જીતશત્રુએ કંઈ કપટ રચી સોમભૂતિને સમજાવી પોતાના અંતઃપુરમાં તે રૂક્મિણીને રાખી. જીતશત્રુએ રૂક્મિણીની સાથે સહસ્ત્ર વર્ષ સુધી કામક્રીડા સેવી પરંતુ તે તૃપ્ત ન થયો. સ્વજીવિતનો ક્ષય થતાં મરણ વશ થઈ ત્રિપલ્યોપમ આયુષ્ક બાંધી ઘોર નરકમાં ઉત્પન્ન થયો. હે પૂર્ણભદ્ર! માણિભદ્ર! પરનારીમાં લંપટ થયેલા પુરૂષોની એ જ ગતિ થાય છે. શાસ્ત્રમાં કહેલું છે કે:—

**चत्वारो नरकद्वाराः पथमं रात्रिभोजनम् ॥**
**परस्त्रीगमनं चैव संधानानंतभक्षणे ॥ १ ॥**

**અર્થ:**—રાત્રિભોજન, પરસ્ત્રીગમન, બોર અથાણું, તથા કંદમૂલાદિકનું ભક્ષણ એ ચાર નરકના દ્વાર છે.

નરકજન્ય અનેક દુઃખો સહન કરી ત્યાંથી ચ્યવી વનમાં મૃગ થયો. તે મૃગને વ્યાધે શર પ્રહારથી મારી નાંખ્યો. પુનઃ તે કોઈ શેઠનો પુત્ર થયો. તે અવતારમાં પોતાના વ્યાપારમાં શઠતા કરવાથી મૃત્યુ પામી હાથી થયો. તે ગજ પોતાને જાતિસ્મરણ થવાથી અનશન ગ્રહણ કરી અઢારમાં દિવસે મૃત્યુ પામી ત્રિપલ્યોપમ આયુષ્યવાળો વૈમાનિક દેવ થયો. પોતાને જાતિ ગર્વ થયાથી ત્યાંથી ચ્યવી હાલ ચાંડાલ થયો છે. **રૂક્મિણી** પણ જાતિ ગર્વને લીધે અનેક ભવમાં ભ્રમણ કરી હાલ શુની (કુતરી) થઈ છે. હે **પૂર્ણભદ્ર**! **માણિભદ્ર**! આવી રીતના પૂર્વ સંબંધ લીધે તેને દેખવાથી તેની ઉપર તમારો સ્નેહ થયો છે."

**સીમંધર** સ્વામી નારદને કહે છે કે, "હે નારદ, આવી રીતે **મહેંદ્ર** મુનિનાં વચન સાંભળી અર્હદ્દાસના બે પુત્રોને જાતિસ્મરણ થયું. ધર્મના મર્મને જાણનારા પૂર્ણભદ્ર તથા માણિભદ્ર ચાંડાલ અને શુનીની પાસે આવી તે બંનેના સમગ્ર ભવ કહી બતાવી ધર્મનો બોધ આપવા લાગ્યા. આવો ઉત્તમ ધર્મ સાંભળી પ્રતિબોધ પામેલો ચાંડાલ તો માંસાદિક નિષિદ્ધ વસ્તુના પચ્ચખાણ લઈ ઉત્તમ શ્રાવક થયો. ત્યાર પછી એક માસ સુધી અનશન લઈ મૃત્યુ પામી **નંદીશ્વર**માં મહા ઋદ્ધિવાળો તથા સર્વજ્ઞ ધર્મ મેળવનાર અતિ પ્રખ્યાત દેવ થયો. પ્રતિબોધ પામેલી શુની પણ ઉત્તમ શ્રાવિકા બની અનશન લઈ મૃત્યુ પામી, શંખપુરમાં **સુદર્શના** નામે રાજપુત્રી થઈ. હે નારદમુનિ! તેજ **મહેંદ્ર-મુનિ** આ પૃથ્વીમાં વિચરતા વિચરતા કેટલેક વર્ષે પુનઃ તેજ ગજપુરમાં સમવસર્યા. અર્હદ્દાસના પુત્રોને આ વાતની ખબર પડતાં તરત જ મુનિની આગળ આવી પ્રણામ કરી તે બન્નેએ મુનિને માતા પિતા સંબંધી હકીકત પૂછી. ત્યારે તેઓ હાલમાં શંખપુરમાં છે વિગેરે હકીકત મુનિએ કહી બતાવી. આ સાંભળી હર્ષિત થયેલા તે બે બંધુઓ શંખ-પુરમાં જઈ રાજપુત્રી સુદર્શનાને પૂર્વભવો કહી બતાવી ધર્મના તત્વાતત્વમાં નિપુણ કરી. **સુદર્શના** પ્રતિબોધ પામી અંતિમ વયમાં દીક્ષા લઈ મૃત્યુ પામી સ્વર્ગની ગતિ પામી. અર્હદ્દાસના બે પુત્ર તો નિશ્ચલધર્મ આરાધી સમ્યક્ આરાધન-પૂર્વક મૃત્યુ પામી પ્રથમ સ્વર્ગમાં જીનપૂજામાં પરાયણ સામાનિક દેવ થયા; ત્યાં તેણે ઘણા તીર્થંકરોનાં પંચકલ્યાણક

કર્યાં; ઘણેક કાળે તે બે બંધુઓ પ્રથમ સ્વર્ગથી ચ્યવી હસ્તિનાપુરમાં વિષ્વકસેન ભૂપતિના **મધુ** તથા **કૈટભ** નામે પુત્ર થયા. જે ચાંડાલ દેવ થઈ નંદીશ્વરમાં ગયો હતો તે દેવ ત્યાંથી ચ્યવી અનેક ભવોમાં ભ્રમણ કરી વટપુરમાં **કનકપ્રભ** નામે રાજા થયો. **સુદર્શના** ત્યાંથી ચ્યવી અનેક ભવ કરતી કરતી **કનકપ્રભ** રાજાની **ચંદ્રભા** નામે પત્ની થઈ."

"હે નારદ! ઘણો વખત થયાં રાજ્યપાલન કરતાં વિષ્વકસેન રાજાને સંસારમાં વૈરાગ્ય થવાથી પોતે રાજ્ય યોગ્ય થયેલા મધુ નામના જ્યેષ્ઠ પુત્રને રાજ્યભાર સોંપી તથા કૈટભ નામના કનિષ્ઠ પુત્રને યુવરાજ્યપદ સોંપી સદ્ગુરૂ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું; ચારિત્ર રૂડી રીતે પાળી સારી આરાધના કરી વિષ્વકસેન દેવપણાને પામ્યો."

"ત્યાર પછી અનેક રાજ્યોને વશ કરી સ્વતંત્રપણે રાજ્ય કરતા મધુરાજાને સાંભળવામાં આવ્યું કે, પલ્લી દેશનો **ભીમ** નામે રાજા આપણા દેશમાં આવી ઉપદ્રવ કરે છે. આમ સાંભળતાં મહા ક્રોધી થયેલા મહા પરાક્રમી મધુરાજાએ મહા સૈન્ય લઈ તેની ઉપર ચડાઈ કરી. માર્ગમાં આવેલા વટપુરના **કનકપ્રભ** રાજાએ ભોજન વાસ્તે નિમંત્રણ કર્યું ત્યારે શ્રમાતુર થયેલા **મધુરાજાએ** વિશ્રામ લેવા માટે તથા કનકપ્રભ રાજાનો અત્યાગ્રહ હોવાથી તે ગામમાં રહ્યા. **કનકપ્રભ** રાજાએ તેનાથી કંઈ પણ અભીષ્ટ ફળ મેળવવાની ઇચ્છાને લીધે મધુરાજાને સંતુષ્ટ કરવા માટે વિવિધ ભોજન સામગ્રી તૈયાર કરી, મધુરાજાને ભોજન કરવા બેસાડ્યો. તે

સમયે પૂર્ણ ચંદ્રસમાન આનનવાળી ચંદ્રાભા શૃંગાર સજી હાથમાં પંખો લઈ મધુરાજાની સેવામાં હાજર થઈ. ભોજન કરતા મધુરાજા ચંદ્રસમાન દૃષ્ટિને શીતલ કરનારી **ચંદ્રાભાને** જોઈ કામવશ થયો. તેમાંજ ચિત્ત આસક્ત થવાથી મધુરાજાને મધુર વસ્તુના સ્વાદની ખબર પડી નહીં તથા ખારી તીખી ખાટી વસ્તુનું પણ પોતાને ભાન ન રહ્યું. ભોજન કરી ઉઠેલા મધુરાજાને તેજ સમયે ચંદ્રાભાને ગ્રહણ કરવાની ઇચ્છા થઈ પણ નીતિમાં નિપુણ મંત્રિજનોએ તે અતિનિંદિત કર્મ કરવા દીધું નહીં. તે પછી **કનકપ્રભ** રાજાએ વિવિધ ઉપહારોથી મધુરાજાને સંતુષ્ટ કર્યો. મધુરાજા ત્યાંથી આગળ ચાલી પલ્લીપતિ ભીમરાજાને જીતી ત્યાંથી પાછો વળી પુનઃ વટપુરમાં આવ્યો ત્યારે કનકપ્રભ રાજાએ સ્વાદયુક્ત વિવિધ ભોજનોથી ભોજન કરાવી અતિ ઉત્તમ અશ્વાદિક વસ્તુ આદિથી મધુરાજાને સંતોષિત કર્યો. કનકપ્રભ રાજાએ આટલી સેવા કરી છતાં પણ **ચંદ્રાભામાંજ** આસક્ત થયેલો **મધુરાજા** તે સ્ત્રી વિના સંતોષ ન પામ્યો અને છેવટે મધુરાજાએ કનકપ્રભ રાજાની આગળ ચંદ્રાભાની માગણી કરી. કનકપ્રભ રાજાએ કહ્યું કે, મહારાજ ! હું તમારો સેવક હોવાથી આવી માગણી કરવી તમને ઘટતી નથી; અશ્વ, ગજ, ગામડાં, નગર ઇત્યાદિક જે મારૂં છે તે સર્વ તમારૂંજ છે એમાં સંશય નથી, પણ સેવકની સ્ત્રીની માગણી કરવી તે સ્વામીને યોગ્ય નથી અને સ્વામીની તે માગણી પુરી પાડવી તે સેવકજનને યોગ્ય નથી. કનકપ્રભ રાજાએ આટલું કહ્યાં છતાં પણ મધુરાજા આખરે બળાત્કારથી ચંદ્રાભાને ઉપાડી ચાલતો

થયો. પોતાની નગરીમાં આવી મધુરાજા ચંદ્રાભાની સાથે અહર્નિશ ભોગો ભોગવવા લાગ્યો.

**કનકપ્રભરાજા** પોતાની સ્ત્રીને જોર જુલમથી લઈ જતા મધુરાજાને અટકાવવા નહીં સમર્થ થવાથી અત્યંત પોકાર કરી ઘેલો બની ગયો. શરીરનું ભાન ન રહ્યું, બોલવાનું ભાન ન રહ્યું, વસ્ત્રાદિકનું ભાન ન રહ્યું, દરેક ગામોમાં આવી ચૌટામાં ઉભો રહી પોતાની સ્ત્રીના નામનો પોકાર કરવા લાગ્યો, અનેક બાળકોથી ઘેરાયેલો કનકપ્રભ શેરીએ ગલીએ ભમવા લાગ્યો. કેવલ તેના મુખમાંથી નીકળતા ચંદ્રાભા ! ચંદ્રાભા ! ચંદ્રાભા ! એટલા અક્ષરો જ શ્રવણુ ગોચર થતા હતા.

એક દિવસે કૈટભ નામના બંધુ સહીત મધુરાજા સભામાં બેઠેલ હતો તે સમયે એક પુરૂષે આવી ફરીયાદ કરી કે, “મહારાજ ! મારી સ્ત્રી ઉપર એક પુરૂષે બળાત્કાર કર્યો છે માટે આપ તેને બોલાવી શિક્ષા કરો.” રાજાએ તે ફરીયાદ સાંભળી પરસ્ત્રીગમન કરનાર પુરૂષને બોલાવી તેનો ન્યાય કરતાં કરતાં ઘણો વખત વ્યતીત થયો; ત્યારે ભોજન સમય વ્યતીત થવાથી ભોજન વાસ્તે રાજાને બોલાવવા ચંદ્રાભાએ મોકલેલી દાસીએ જઈ રાજાને વિનંતિ કરી કે, “મહારાજ ! પધારો, ભોજન સમય થઈ ગયો છે.” આમ દાસીનાં વચન સાંભળી ન્યાય કરવો અધુરો મૂકી રાજા ભોજન વાસ્તે ઉઠી નીકળ્યો. ભોજનની સર્વ સામગ્રી તૈયાર હોવાથી રાજા રસોડામાં જઈ જમવા બેઠા, ત્યારે ચંદ્રાભાએ પૂછ્યું કે, “આટલા વખત સુધી શું કરતા હતા ! આ સર્વ ભોજન

શીતલ થઈ ગયું. જરા મનમાં વિચાર ન હોય કે ભોજન ઠરી જશે ?"

ત્યારે મધુરાજાએ કહ્યું કે, "કમલ સમાન નેત્રવાળી ચંદ્રાભા ! પરસ્ત્રી ઉપર કોઈ પુરૂષે બળાત્કાર કરેલો તે સંબંધી ન્યાય ચલાવતાં ચલાવતાં આટલો વખત થઈ ગયો; હજી અડધો ન્યાય થયો હતો ત્યાં તેં ભોજન વાસ્તે તેડાવ્યો તેથી તે ન્યાય અધુરો મૂકી, વાદી પ્રતિવાદી જનોને ત્યાં બેસાડી હું ભોજન વાસ્તે અહિંયા આવ્યો છું."

હે નારદમુનિ ! ચંદ્રાભાએ વિચાર્યું કે ભોજન તથા વચન અવસર ઉપર સુંદર લાગે છે. માટે મારે બોલવાનો આ સમય છે એમ ધારી ચંદ્રાભાએ મધુરાજાને પૂછયું કે, સ્વામિન્ ! બળાત્કાર કરી પરસ્ત્રીગમન કરનાર તે પુરૂષ કયા દંડને પ્રાપ્ત થશે ?" "ચંદ્ર સમાન દર્શનવાળી દેવી ચંદ્રાભા ! તેવો જુલમ કરનાર તે પુરૂષનું સર્વસ્વ હરણ કરી લઈશ, તથા મસ્તકનું મુંડન કરાવી રાસભ ઉપર બેસાડી તેને આખા નગરમાં ફેરવીશ અથવા તે કરતાં વધારે અન્યાય હશે તો તે પુરૂષનું લિંગ છેદન થશે. હે સુંદરી ! પરસ્ત્રીગમન કરવામાં લંપટ થયેલો પુરૂષ આવી ઉગ્રશિક્ષાનું પાત્ર થાય છે. મહા અન્યાય કરનાર પુરૂષોને જો શિક્ષા ન કરે તો ઉલટો રાજા તે પાપથી લેપાય છે તથા જગતની સર્વ મર્યાદાઓ તૂટી જાય, માટે બંને જાળવવા માટે રાજાએ યોગ્યતા પ્રમાણે પુરૂષોને તથા સ્ત્રીઓને શિક્ષા કરવી.'!

ચંદ્રસમાન હાસ્ય કરનારી ચંદ્રાભા જરા હસી મધુરાજાને કહે છે કે, "સ્વામિન્ ! નીતિશાસ્ત્ર પ્રમાણે તમારે

માટે કયો દંડ આવે છે તે સત્વર કહો, કારણ પરસ્ત્રીગમન કરનાર પુરૂષોમાં તમે તો શિરોમણિ છો. માટે પરસ્ત્રીગમન કરનાર અન્ય પુરૂષો કરતાં તમે અધિક શિક્ષાને પાત્ર છો. આ વાતનો જરા વિચાર કરો. મધુરાજા આમ સાંભળી પોતાને વૈરાગ્ય આવવાથી તથા લજ્જા આવવાથી કંઈ પણ ઉત્તર નહીં આપી પુનઃ સભામાં ચાલ્યો ગયો.

ત્યાર પછી એક દિવસે ગોખમાં બેઠેલી ચંદ્રાભાએ, બાળકોથી ઘેરાયેલો, જેમ તેમ કુદકા મારતો, ચૌટામાં ઉભા રહી ચંદ્રાભા ! ચંદ્રાભા ! એમ બોલતો વિકલ બની ગયેલો પોતાનો પતિ કનકપ્રભ જોયો. આવી કરૂણાજનક અવસ્થાને પામેલા પોતાના ભરથારને જોઈ અતિ ખિન્ન થયેલી ચંદ્રાભા પોતાને અધમાધમ માની ધિક્કારતી ધિક્કારતી પોતાના મનમાં વિચાર કરે છે કે, “અરે દૈવ ! મારી શી ગતિ થશે જે મારો પતિ મારા વિયોગને લીધે આવી વિકલ દશાને પામેલો છે, ને હું મધુરાજાની સાથે ભોગ ભોગવતી મોજ-મજા ઉડાવું છું ! તેમાં કોઈ દિવસ આનો વિચાર પણ કરતી નથી. હે જીવ ! તું ખરેખર મહા પાપી છે; આ મહાપાપનું ફલ તારે અવશ્ય ભોગવવું જ પડશે.” આમ દિલગીર થઈ પશ્ચાતાપ કરવા લાગી.

એક દિવસે ચંદ્રાભાએ મધુરાજાને દુર્દશા પામેલો પોતાનો પતિ કનકપ્રભ દેખાડ્યો ત્યારે તેવી નિંદ્ય દશાને પામેલા કનકપ્રભને જોઈ મધુરાજા વિચાર કરે છે કે, “આવો અન્યાય કરનારા મને ધિક્કાર છે ! સ્ત્રી પુરૂષનો વિયોગ કરાવવારૂપ તથા પરસ્ત્રીગમનરૂષ પાપનું શું પરિણામ આવશે !

ખરેખર દુઃસહ પરિણામ આવશે જ. આમ્રવૃક્ષ જેમ જેમ વૃદ્ધિ પામે તેમ તેમ અતિ મધુર થાય છે અને હું તો જેમ જેમ વૃદ્ધ થતો જાઉં છું તેમ તેમ અમ્લ (ખાટો) થતો જાઉં છું. આ કેવું આશ્ચર્ય છે! અરે દૈવ! મારી શી ગતિ થશે."

આમ પશ્ચાતાપ કરતાં કરતાં વૈરાગ્ય દશાને પામેલા મધુરાજાએ કૈતભના પુત્રનો રાજ્યાભિષેક કર્યો. એક દિવસે રાજા વિચારમાં બેઠો હતો તે સમયે એક ઉદ્યાનપાલે આવી જણાવ્યું કે, "મહારાજ! આપના ઉદ્યાનમાં **વિમલવાહન** નામે મુનિ પધારેલા છે માટે આપ તેને વાંદવા પધારો."

પોતાને અતિ અભીષ્ટ મુનિનું આગમન સાંભળતાંજ જેને રોમ રોમ હર્ષ થયો છે તેવો **મધુરાજા** પોતાને વધામણી આપનારા ઉદ્યાનપાલને અમૂલ્ય આભરણ વસ્ત્રાદિક આપી, સંતુષ્ટ કરી કૈટભને સાથે લઈ ગાજતે વાજતે ઋષિને વાંદવા ગયો. ત્યાં જઈ સવિનય ભક્તિપૂર્વક મુનિને વાંદી ધર્મ સાંભળવા ઉત્સુક થયેલો રાજા કર જોડી મુનિની સન્મુખ દૃષ્ટિ રાખી બેઠો.

હે નારદમુનિ! તે સમયે **વિમલવાહન** નામના ગુરૂરૂપ મેઘે વરસાવેલા ઉપદેશરૂપ જલથી રાજાના હૃદયરૂપ પૃથ્વીમાં ઉપશમરૂપ અંકુર પેદા થયો, ભવિષ્ય કાળમાં જે અંકુરમાંથી સદા સ્વાદિષ્ટ તથા મધુર નિવૃત્તિરૂપ ફલ નીપજશે.

અતિ ઉત્તમ ધર્મ શ્રવણ કરી વૈરાગ્ય રંગથી રંગાયેલા મધુરાજાએ પોતાના કનિષ્ઠ બંધુ કૈટભ સહિત, વિમલવાહન ગુરૂની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું; હજારો વર્ષ સુધી તપ

કરી સદા દ્વાદશાંગીનો પાઠ કરનારા, બાલ તથા ગ્લાનિ પામેલા સાધુઓની સેવા કરવામાં તત્પર રહેનારા **મધુકૈટભ** અંતે અનશન કરી મૃત્યુ પામી મહાશુક્ર દેવલોકમાં સામાનિક દેવ થયા.

**કનકપ્રભ** રાજા પણ ત્રણ હજાર વર્ષ સુધી વિલાપ કરી મરણ પામી જ્યોતિષ્ક દેવલોકમાં વિભંગજ્ઞાની દેવ થયો; ત્યાં પણ મધુરાજા ઉપર રહેલા પોતાના વૈરને જાણે છે પણ ત્યાં મધુરાજાને દીઠો નહીં તેથી પોતાના આયુષ્યનો ક્ષય થયા પછી ત્યાંથી ચ્યવી, **કનકપ્રભ** મનુષ્ય ભવ પામી તાપસ થયો; મહા કષ્ટકારક તપ કરી અતિ અલ્પ ઋદ્ધિવાળો વૈમાનિક દેવ થયો; તે સમયે પણ મધુરાજા ઉપર રહેલું વૈર વાળવા સમર્થ ન થયો; પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી સંસારમાં અનેક ભવમાં ભ્રમણ કરતો કરતો પુનઃ જ્યોતિષ્ક લોકમાં **ધૂમકેતુ** દેવ થયો **મધુરાજાનો** જીવ પણ મહાશુક્રમાંથી ચ્યવી એકાવતારી થઈ **કૃષ્ણની** પત્ની **રૂક્મિણીના** ઉદરમાં પ્રાપ્ત થયો; જેમ પૂર્વ દિશા સૂર્યને પ્રકાશિત કરે છે તેમ પૂર્ણ સમયે રૂક્મિણીને **પ્રદ્યુમ્ન** નામે પુત્રનો પ્રસવ થયો. આ વાતની ખબર **ધૂમકેતુને** પડતાં રૂક્મિણીનો વેષ લઈ રૂક્મિણીના ઘરમાં આવી કૃષ્ણના હાથમાંથી તે બાળકને લઈ વૈતાઢ્ય પર્વત ઉપર જઈ મારી નાંખવાની ઇચ્છાથી ત્યાં શિલા ઉપર તે બાળકને મૂકી ધૂમકેતુ ચાલ્યો ગયો. હે નારદ ! તે મોક્ષે જનારો છે માટે તે બાળક મૃત્યુ ન પામ્યો પણ દુકૂલ શય્યામાં જેમ સુતેલો હોય તેમ સુખેથી તે બાળક શિલા ઉપર સુતેલ છે.

તે સમયે **કાલસંવર** નામે વિદ્યાધર વિમાનમાં બેસી જતો હતો તેનું વિમાન તે બાળક ઉપર આવવાથી ચાલતું અટકી ગયું. તે વિદ્યાધરે નીચી દૃષ્ટિ કરી ત્યારે અતિ રમણીય બાળક જોયો. તરત જ તે નીચે આવી બાળકને લઈ પોતાના ગામમાં જઈ કનકમાલા નામે પોતાની સ્ત્રીને બાળક સોંપ્યો. પુત્ર વગરની **કનકમાલા** પણ તેનું સ્વપુત્ર સમાન પાલન કરે છે.

**સીમંધર** સ્વામી કહે છે કે, હે નારદ! પૂર્વભવમાં કરેલા કર્મને લીધે સોલ વર્ષ પછી રૂકિમણીને **પ્રદ્યુમ્નનો** સમાગમ થશે.

શ્રી રત્નચંદ્ર કવિ પ્રણિત શ્રી **પ્રદ્યુમ્નચરિત્ર** મહાકાવ્યમાં પ્રદ્યુમ્નનું હરણ, નારદમુનિનું આવવું તથા નારદના પ્રશ્નથી **સીમંધર** સ્વામિએ કહેલ **પ્રદ્યુમ્નના** પૂર્વ ભવનું વર્ણન ઇત્યાદિ દર્શાવનાર પાંચમો સર્ગ સંપૂર્ણ થયો.

卐

પ્રિયજનોનો વિયોગ થતાં આંખો આંસુથી ઉભરાય છે ને? હૃદય અપાર વેદના અનુભવે છે ને? શા માટે? પ્રિયજનોનો સંયોગ નિત્ય છે જ નહીં! સંયોગની અનિત્યતા અને વિયોગની નિશ્ચિતતા સમજીને જ સંયોગનું સુખ અનુભવો! તો વિયોગ વખતે કલ્પાંત નહીં થાય ને સંયોગમાં ભાન નહીં ભૂલાય!

# अथ षष्ठः सर्गः

ત્યાર પછી સંશયરૂપ પર્વતને વિદારણ કરવામાં વજ્ર સમાન, વચનના અતિશય ગુણોથી વિરાજમાન, સર્વજ્ઞ શ્રી **સીમંધર** પ્રભુને પ્રણામ કરી **નારદે** પુનઃ પૂછયું કે, સ્વામિન્! કયા કર્મને લીધે બાલ રવિ સમાન તેજસ્વી પોતાના પુત્રનો રૂકિમણિને સોલ વર્ષ સુધી વિયોગ થયો? પૂર્વ ભવમાં રૂકિમણીએ એવાં શું કર્મ કરેલ છે તે આપ કૃપા કરી કહો.

દંતપંક્તિની કાંતિથી શ્વેતરક્ત થયેલા અધરથી શોભતા જિનાધીશ શ્રી **સીમંધર** સ્વામી નારદ ઋષિની આગળ બોલ્યા કે, "હે નારદ! આ સંસારમાં પ્રાણીઓને સંપત્તિ આવવી અથવા વિયોગ થવો, કોઈ વસ્તુનો ભોગ મલવો અથવા ભોગમાં અંતરાય થવો, આ સઘળું કર્મનું જ પરિણામ છે. હે મુનિસત્તમ! રૂકિમણીએ જે કર્મ કરેલું છે તે કર્મ સાંભળ. સંશયરૂપ પાષાણને છેદવામાં ઇંદ્રના વજ્ર સમાન વાણી વડે હું તને કહું છું."

## રૂકિમણીનો પૂર્વ ભવ

આ જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રને વિષે મગધ નામના દેશમાં લક્ષ્મી નામે એક ગામ છે તે ગામમાં **સોમદેવ** નામે બ્રાહ્મણ હતો અને **લક્ષ્મીવતી** તેની પ્રિયા હતી. તે લક્ષ્મીવતી એક દિવસે રમતી રમતી મયૂરના મધુર શબ્દોથી ગાજી રહેલા ઉદ્યાનમાં ગઈ. ઉદ્યાનમાં ફરતાં ફરતાં તેણીએ મનોહર આકૃતિવાળું મોરનું ઇંડું દીઠું. જોતાંજ

તેણીને બહુ આનંદ થયો. તે લક્ષ્મીવતીએ કુંકુમવાળા હાથે તે ઈંડાંનો સ્પર્શ કર્યો. હાથ કુંકુમવાળા હોવાથી તે ઈંડું લાલ બની ગયું ને રાતાશને લીધે તેની માતાએ "આ ઈંડું મારૂં નથી" એમ ધારી છોડી દીધું. સોળ ઘડી સુધી તેની માતાએ સેવ્યું નહીં. શીત અને તાપને સહન કરતું ત્યાં જ પડી રહ્યું. તેના આયુષ્ય યોગથી તે સમયે મેઘવૃષ્ટિ થવાથી કુંકુમ ધોવાઈ ગયું અને જેવો રંગ હતો તેવો જ રહ્યો. ત્યાર પછી "આ બચ્ચું મારૂં છે" એમ ઓળખી આવેલી માતાએ તે સેવ્યું. કેટલેક કાલે તે ઈંડું મટી પાંચ જાતના વર્ણવાળાં પિંછાને ધારણ કરનાર મોર થયો. **લક્ષ્મીવતી** બ્રાહ્મણી પાછી ઉદ્યાનમાં આવી. ક્રીડા માટે તેણીએ દીનસ્વરે પોકારતી તેની માતા આગળથી તે બાલક મોરને પકડી પોતાને ઘેર લઈ જઈ પાંજરામાં પૂરી દીધો. તે મોરના બાલકને ઉત્તમ વસ્તુઓ ખવરાવવા લાગી, સ્વચ્છ જલપાન કરાવવા લાગી, અને પોતે હાથમાં તાલિકા મારી મધુર સ્વરે ગાતી ગાતી તેને નૃત્ય શીખવવા લાગી. કરૂણાજનક સ્વરે રાડો નાંખતી તેની માતા બ્રાહ્મણીનાં આંગણાને છોડતી ન હતી. બ્રાહ્મણી તેની માતાને વારંવાર કાઢી મૂકતી હતી પણ તે તો ત્યાં આવીને જ ઉભી રહેતી હતી. એક દિવસે મયૂરીને બહુ રાડો પાડતી સાંભળી લક્ષ્મીવતીની પડોશમાં રહેનારા લોકોએ લક્ષ્મીવતીને કહ્યું કે, "અરે, પાપી! તેં આ શું પાપનો ધંધો આદરેલો છે? તને તો ગમત થાય છે અને આની માતા આ વગર મરી જાય છે! જરા વિચાર તો કર, જરા પાપથી તો ભય રાખ. માટે જો તું તારૂં

સારૂં ઇચ્છતી હો તો જ્યાંથી આ મોરનું બચ્ચું લીધું હોય ત્યાં જઈ આ મોરનાં બચ્ચાંને મૂકી આવ."

પાડોશી જનોના આમ કહેવાથી તે **લક્ષ્મીવતી** બ્રાહ્મણી સોળ માસ થયા પછી તરત જ તે મોરના બાલકને પાંજરામાંથી કાઢી જ્યાંથી લીધું હતું ત્યાં જઈ મૂકી આવી. તેની માતા આવી મળી અને અતિ આનંદ પામી પોતાનાં બચ્ચાંને સેવવા લાગી. કારણ કે પોતાના પુત્ર ઉપર કોણ ખુશી ન થાય ?

હે **નારદ !** તે બ્રાહ્મણીએ સોળ માસ સુધી માતા પુત્રનો દુઃસહ વિયોગ કરાવવારૂપ સોળ વર્ષનું કર્મ બાંધ્યું હતું માટે તેણીએ આ જન્મમાં પોતાના પુત્રના વિયોગથી વેઠવા લાયક તે કર્મ અવશ્ય ભોગવવું જ પડશે. શાસ્ત્રમાં કહેલું છે કે,

**हसद्भिर्बध्यते कर्म रुदद्भिस्तच्च भुज्यते ॥**
**यादृशं दीयते दानं तादृशं प्राप्यते खलु ॥ १ ॥**

અર્થ—હસતાં હસતાં જે કર્મ બંધાય છે તે કર્મ રોતાં રોતાં ભોગવવું પડે છે અને જેવું દાન આપે તેવું જ ફળ મળે છે.

તે પછી એક દિવસે અતિ ગર્વિષ્ટ થયેલી **લક્ષ્મીવતી** પત્રરચનાથી ભૂષિત કરેલા પોતાના મુખને નિર્મળ દર્પણમાં જોતી હતી તે સમયે તેને ઘેર ભિક્ષા માટે શાંતિના સમુદ્ર સમાન **સમાધિગુપ્ત** નામે ઋષિ આવ્યા. ત્યારે **સોમદેવ** બ્રાહ્મણ ઉઠી ઉલટો સાધુને કહે છે કે, **भिक्षां देहि** ( ભિક્ષા આપો ); તેજ સમયે કોઈ શ્રદ્ધાળુ પુરૂષે મુનિને બોલાવ્યા કે, "મહારાજ ! અમારે ઘેર પધારી લાભ આપો." આમ

તે પુરૂષના આગ્રહથી લક્ષ્મીવતીનું ઘર છોડી તે પુરૂષને ઘેર ગયા. ઝરતા પરસેવાના બિંદુવાળું, મલીન વસ્ત્રને ધારણ કરનારૂં તથા અતિ કૃષ મુનિના શરીરને જોઈ થૂ થૂ કરતી, ન બોલાય તેવા કઠોર શબ્દો બોલતી લક્ષ્મીવતીએ પુનઃ આવવાની શંકાથી બાર બંધ કરી દીધાં.

હે નારદમુનિ ! મુનિ ઉપર આક્રોશ કરવાથી બંધાયેલા કર્મ વડે તે લક્ષ્મીવતીના આખા શરીરમાં ગલત્ કોઢ થયો; વિષ્ટાના પાત્ર સમાન અસહ્ય દુર્ગંધવાળું શરીર બની ગયું; શાસ્ત્રમાં યોગિ પુરૂષોએ કહ્યું છે કે :—

**अत्युग्र पुण्यपापानामिहैव फलमाप्यते ॥**
**त्रिभिर्वर्षै स्त्रिभिर्मासै स्त्रिभिः पक्षै स्त्रिभि र्दिनै ॥ १ ॥**

**અર્થ** :—પુણ્ય અથવા પાપ અતિ ઉગ્ર કરેલાં હોય તો તેનું ફળ આજ ભવમાં ત્રણ દિવસની અંદર મળે છે; તે પહેલા વર્ગ કરતાં કઈ હલકાં પુણ્ય પાપ હોય તો દોઢ માસમાંજ તેનું ફળ મળે છે. બીજા વર્ગના કરતાં કંઈક ઓછાં પુણ્ય પાપ હોય તો તેનું ફળ ત્રણ માસની અંદર મળે છે; ત્રીજા વર્ગ કરતાં ઘણાં ઓછા પુણ્ય પાપ હોય તો ત્રણ વર્ષની અંદર તેનું ફળ મળે છે. મુનિજનના તિરસ્કારનાં ફળ રૂપ દુઃસહ વેદનાને નહી સહન કરી શકતી લક્ષ્મીવતી અગ્નિમાં પ્રવેશ કરી મૃત્યુ પામી રજકને ઘેર ગર્દભી (ગધેડી) થઈ; ઘણો વખત તે અવતાર ભોગવી મૃત્યુ પામી શૂકરની (સુવરની) સ્ત્રી થઈ; ત્યાં પણ થોડો વખત જીવી મૃત્યુ પામી કુતરી થઈ; તે અવતારમાં મનુષ્યનું આયુષ્ય બાંધી દાવાનલ (વનનો અગ્નિ)માં બળી જવાથી પ્રાણ ત્યાગ કરી ભૃગુકચ્છ

નામના પુરમાં મચ્છીમારની પુત્રી થઈ; સાક્ષાત્ પાપના શરીર સમાન અતિ દુર્ગંધી, ભસ્મ સમાન વર્ણવાળા શરીરને ધારણ કરનારી થઈ. પોતાની પુત્રીના શરીરની ગંધને નહીં સહન કરી શકતા તેના માતપિતા, લજ્જા છોડી દઈ ફક્ત બે ત્રણ દિવસની થયેલી પોતાની પુત્રીને નર્મદા નદીના તીર ઉપર મૂકી દઈ ચાલતાં થયાં; નર્મદા નદીના તીર ઉપર પડેલી તે છોકરી દૈવયોગથી પોષણ પામી યુવાવસ્થાને પામી; તે યુવાન સ્ત્રી, જતાં આવતાં લોકોને વહાણમાં બેસાડી નર્મદા નદી ઉતારતી હતી; પોતાનું પેટ ભરવા માટે તે સ્ત્રી આ ઉદ્યોગ કરતી ત્યાંજ રહેતી હતી; એક વખતે શીતકાળમાં **સમાધિગુપ્ત** નામે ઋષિ ત્યાં આવ્યા; નર્મદા નદીના તટ ઉપર તે મુનિ કાયોત્સર્ગ ગ્રહણ કરી બેઠા; બે ઘડી રાત્રી ગયા પછી અતિ શીતથી પીડાતા તથા ધ્રુજતા મુનિને જોઈ તે ઢીમરની પુત્રીને દયા આવી કે, આ મુનિ આવી ટાઢને કેમ સહન કરી શકશે ? એમ વિચારી તે સ્ત્રીએ તે મુનિને ઘાસથી ઢાંકી દીધા; ત્યાર પછી પ્રાતઃકાલ થયો ત્યારે મુનિ કાયોત્સર્ગમાંથી ઉઠ્યા. તે સમયે ઢીમરની પુત્રીએ આવી મુનિને વાંદ્યા, ત્યારે મુનિએ ધર્મલાભ આપ્યો; આ સ્ત્રી ધર્મ જાણવા ઇચ્છે છે એમ ધારી મુનિએ તે સ્ત્રીને ધાર્મિક ઉપદેશ આપ્યો; ધાર્મિક ઉપદેશ સાંભળી મનમાં પ્રસન્ન થયેલી તે સ્ત્રીએ વિચાર્યું કે પુણ્યશાળી આ મહાત્માનાં કોઈ વખત મેં દર્શન કર્યાં છે પણ મને તે સાંભરતું નથી, માટે મહાજ્ઞાની આ મહાત્માને પૂછી જોઉં. આમ મનમાં વિચાર કરી તેણીએ મુનિને કર જોડી પૂછ્યું કે, "મહારાજ !

આપને મેં કોઈક વખત જોયા તો છે પણ મને તેનું સ્મરણ નથી આવતું માટે આપ કહો."

તેને પ્રશ્ન ધ્યાનમાં લઈ મુનિએ તેના સમગ્ર પૂર્વ ભવ કહી બતાવ્યા. "હે ઢીમરની પુત્રી ! આ તારૂં શરીર પૂર્વ ભવમાં સાધુની નિંદારૂપ બાંધેલાં કર્મને લીધેજ દુર્ગંધિ થયું છે, કારણ કે, સર્વ પ્રાણીઓનું અશુભાદિક, પૂર્વે કરેલા કર્મોથી જ નિપજે છે."

મુનિનાં વચન સાંભળી જાતિસ્મરણ થવાથી પોતાના સર્વ ભવોને જોતી તે સ્ત્રી પોતે કરેલી મુનિની નિંદાને નિંદતી દૂર ઉભી મુનિને ખમાવ્યા; તે પછી કંદમૂલાદિક આહારનો ત્યાગ કરી ઉત્તમ શ્રાવિકા બની; કેટલેક સમયે ત્યાં **ધર્મશ્રી** નામે સાધ્વી આવ્યાં ત્યારે મુનિ તે સાધ્વીને આ શ્રાવિકા સોંપી પોતે વિહાર કરી ગયા. તે શ્રાવિકા તે સાધ્વીની સાથે ઘણા વખત સુધી રહી; ધર્મશ્રી સાધ્વી કોઈ એક ગામમાં ગયાં અને ગામમાં રહેનારા '**નાગિલ**' નામના શ્રાવકને તે શ્રાવિકા સાધ્વીએ સોંપી; નાગિલ નામના શ્રાવકે તેને પોતાના ઘરમાં રાખી; તે શ્રાવિકા તે શ્રાવકને ત્યાં રહીને જીનેશ્વર મહારાજની પૂજા તથા ઘણા ઉપવાસો કરવા લાગી; નમસ્કાર મંત્ર ગણુવા લાગી; પોતે કરેલાં દુષ્કૃત કર્મનો પશ્ચાતાપ કરતી હતી એવી રીતે ધર્મ કાર્યમાં સદા તત્પર થયેલી તે શ્રાવિકા નાગિલ શ્રાવકને ઘેર બાર વર્ષ સુધી રહી. અંતે અનશન લઈ પ્રાણ ત્યાગ કરી પંચાવન પલ્યોપમ આયુષ્ય ધરનારી અચ્યુતેંદ્રની મુખ્ય પટરાણી થઈ; ત્યાંથી ચ્યવી **કુંડિનપુરના ભીષ્મરાજાની રૂકિમણી** નામે પુત્રી થઈ;

તે રૂક્મિણી હાલ કૃષ્ણ મહારાજની મુખ્ય પટરાણી થયેલ છે; પૂર્વ ભવમાં કરેલાં કર્મના યોગથી રૂક્મિણી સોળ વર્ષ સુધી પુત્રના વિયોગને અનુભવ લેશે; સોળ વર્ષ પછી રૂક્મિણીને પુત્રનો સમાગમ થશે. આ વાત નિઃસંદેહ છે. હે નારદ ! જ્ઞાનિ પુરૂષોએ જ્ઞાનદષ્ટિથી જોયેલી હકીકત લેશમાત્ર પણ અન્યથા ન થાય.

**મહાવીર** ભગવાન શ્રેણિક રાજાને કહે છે કે, હે રાજન્ ! આવી રીતે શ્રી **સીમંધર** સ્વામીની મધુર વાણી સાંભળવાથી સર્વ સંશયો દૂર થઈ જવાને લીધે અતિ પ્રસન્ન થયેલા નારદમુનિ સીમંધર પ્રભુને વાંદી, ત્યાંથી ઉઠી, વૈતાઢચ પર્વત ઉપર આવેલા મેઘકૂટપુરમાં ગયા. **કાલસંવર** રાજા નારદમુનિને આવતા જોઈ મસ્તક નમાવી ભાવથી મુનિને પ્રણામ કરી, શુભ આસન ઉપર બેસાડી નમ્રતાપૂર્વક કહે છે કે, "મહારાજ ! આજે મારો કોઈ શુભનો ઉદય થયો હશે કે જેથી આપનું પધારવું થયું; હું આજે કૃતાર્થ થયો છું." **નારદમુનિ**એ પણ રાજાને કુશલ સમાચાર પૂછયા. અન્ય વાર્તાઓ કરતાં કરતાં મુનિ બોલ્યા કે, "હે રાજન્ ! તારી કનકમાલા નામની પટરાણીને પુત્ર જન્મ થયો છે, એમ સાંભળ્યું છે તો તે બહુ જ સારૂં થયું; હું પણ એ બાળકને જોઈ ખુશી થાઉં માટે મને તે બાળક બતાવો."

મુનિનાં વચન સાંભળી **કાલસંવર** રાજાએ સુવર્ણના આભરણોથી સુશોભિત, અષ્ટમીના ચંદ્ર સમાન ભાલવાળા **પ્રદ્યુમ્ન** નામના બાળકને લઈ આવી, મુનિના ચરણમાં

નમાવ્યો ત્યારે મુનિએ તે બાળકના મસ્તક ઉપર પોતાનો હાથ મૂકી આશીર્વાદ આપ્યો કે, "હે વત્સ! ચિરંજીવ રહેજે, મહોટો થજે અને તારા માતાપિતાના મનોરથો પરિપૂર્ણ કરજે, અને ખુશીમાં રહેજે."

આમ આશીર્વાદ આપ્યા પછી કાલસંવર રાજાએ તે પુત્રને અંતઃપુરમાં મોકલાવ્યો. નારદમુનિ થોડો વખત ત્યાં બેસી ઉઠી નીકળ્યા.

અંતઃકરણમાં આનંદ પામતા, તથા કૃતાર્થ થયેલા **નારદ-મુનિ** શ્રી દ્વારિકાપુરીમાં આવી, શોકાતુર થઈ કરતલ ઉપર લમણો રાખી બેઠેલા, યાદવોથી ઘેરાયેલા **કૃષ્ણને** જોઈ સભામાં ગયા.

**નારદમુનિને** આવતા જોઈ આનંદ પામેલા **કૃષ્ણાદિક** યાદવો આસન ઉપરથી ઉઠી આદરપૂર્વક સામા ગયા. મુનિને પ્રણામ કરી સર્વ યાદવો મુનિને આગળ કરી સભામાં આવી પોતપોતાના આસન ઉપર બેસી ગયા. મુનિ પણ યોગ્ય આસન ઉપર બેઠા. ક્ષણવાર મૌન રહી નારદમુનિએ શ્રવણ કરવા ઉત્સુક થયેલા સર્વ યાદવોના સાંભળતાં, કૃષ્ણની આગળ **સીમંધર** પ્રભુએ કહેલું **પ્રદ્યુમ્નનું** સર્વ વૃત્તાંત કહી બતાવ્યું. આ વાતની રૂકિમણીને ખબર પડતાં તેણે દાસીને મોકલી પોતાને ઘેર મુનિને બોલાવ્યા. નારદ રૂકિમણીને ઘેર ગયા. **રૂકિમણીએ** મુનિને કહ્યું કે, મહારાજ, પ્રથમથી સર્વ વૃત્તાંત કહો, ત્યારે નારદમુનિએ સીમંધર પ્રભુએ કહેલા રૂકિમણીના લક્ષ્મીવતી ઇત્યાદિક સર્વ ભવો કહી બતાવ્યા, આ સાંભળી રૂકિમણીએ ત્યાં બેઠાં બેઠાં જ

**સીમંધર** સ્વામીને પ્રણામ કર્યા.

સોળ વર્ષ પછી પુત્રનો સમાગમ થશે એમ સીમંધર સ્વામીના વચન સાંભળી હર્ષ પામેલી તથા પુત્ર ઉપર મોહિત થયેલી રૂકિમણી વારંવાર પોતાના પુત્ર સંબંધી સમાચાર નારદને પૂછવા લાગી, ત્યારે નારદે કહ્યું કે, "હે પુત્રી! **કાલસંવર** રાજાને ત્યાં રહેલા તારા પુત્રને મેં જોયો છે અને ખુશીમાં છે. જેમ કોયલ કાગડીના માળામાં રહેલા બાળકને પોતાના માળામાં જ રહેલું જ જાણે છે તેમ ત્યાં રહેલા તારા પુત્રને મારા ઘરમાં જ રહ્યો છે એમ તું જાણ. તું તે સંબંધી જરા પણ ઉદ્વેગ ના કર. **કનકમાલા** તારા કરતાં સરસ રાખે છે." આમ કહી નારદમુનિ ગગન માર્ગે ચાલતા થયા.

હે **શ્રેણિકરાજન્!** નારદમુનિનાં મનને સંતોષકારક વચન સાંભળી હર્ષ પામેલી રૂકિમણી સીમંધર સ્વામીનું ધ્યાન ધરતી ધરતી, તથા અહર્નિશ પુત્રના સમાગમની રાહ જોતી જોતી, ધર્મપરાયણ થઈ.

મહામહોપાધ્યાય શ્રી રત્નચંદ્ર કવિએ બનાવેલા શ્રી **પ્રદ્યુમ્ન** ચરિત્ર મહાકાવ્યમાં, રૂકિમણીએ પૂર્વભવમાં કરેલાં કર્મનું પ્રશ્ન, સીમંધર સ્વામી પાસેથી શ્રી દ્વારિકામાં નારદનું આવવું, શ્રી **સીમંધર** સ્વામીએ કહેલું **પ્રદ્યુમ્નનું** વૃત્તાંત કહેવાથી શ્રી કૃષ્ણ રૂકિમણી આદિ યાદવોને સંતોષ પમાડવો, ઇત્યાદિ વર્ણન દર્શાવનારો છઠ્ઠો સર્ગ સમાપ્ત થયો.

卐

# अथ सप्तमः सर्गः

હવે કાલસંવર રાજાને ત્યાં પ્રદ્યુમ્ન કુમાર, શુક્લપક્ષના ચંદ્રની પેઠે તથા ઉદયાચલ ઉપર રહેલા સૂર્યની પેઠે, પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. લોકોના લોચનને ચંદ્રસમાન શીતલ કરનાર, તથા રૂપ લાવણ્યથી સંપન્ન **પ્રદ્યુમ્ન** કુમારે આઠ વર્ષની વય થતાંજ સમગ્રકલાઓ ગ્રહણ કરી લીધી. એમ અનુક્રમે વૃદ્ધિ પામતાં પામતાં રાજ્યયોગ્ય અવસ્થાને પામ્યો. મારી રાજ્યગાદીને શોભાવનાર તથા રાજ્ય કરવાને યોગ્ય આજ કુમાર છે, માટે બીજાઓને તે ન આપતાં મારે તો કેવલ આ કુમારનેજ રાજ્ય આપવું એમ કાલસંવર રાજાની ઇચ્છા થઈ. હે શ્રેણિક રાજા! વિદ્યાધરોના અધિપતિ કાલસંવર રાજાની રૂપસૌંદર્યથી સંયુક્ત પાંચશો સ્ત્રીઓ હતી અને તે સ્ત્રીઓના રૂપસંપન્ન પુત્રો પણ ઘણા હતા તો પણ તેઓમાંથી એકને પણ રાજ્ય આપવાની ઇચ્છા ન થતાં કેવલ પ્રદ્યુમ્ન કુમારને રાજ્ય અર્પણ કરવાની રાજાને ઇચ્છા થઈ. કાલસંવરના બીજા પુત્રોને આ વાતની ખબર પડતાં સર્વે બાળકો એકઠા થઈ પરસ્પર સલાહ કરે છે કે, "હે બંધુઓ! આ વાતનો વિચાર કરો, અને જો કાંઈપણ ઉદ્યોગ કર્યા સિવાય એમ ને એમ બેઠા રહેશું તો કોઈ એક રઝળતો રઝળતો આવેલો તથા જેના કુળની તો ખબરજ નથી કે કયા કુળનો છે અને કઈ જાતિનો છે તેવો અતિ મૂર્ખ **પ્રદ્યુમ્ન** આપણા રાજ્યને લઈ લેશે, તો તો આપણે જીવતા છતાં મૃતપ્રાયજ સમજવા. માટે આપણે એ બાળકને કોઈ

પણ ઉપાયથી સહસા મારી નાખવો; પણ બંધુઓ ! આપણા સર્વ કરતાં તે અધિક બળવાન છે તેથી આપણે તેને બળથી તો નહીં મારી શકીયે પણ કપટથી તેને મારવો."

આમ સલાહ કરીને સર્વ બાળકો **પ્રદ્યુમ્ન** કુમારને ઠાર મારી નાખવા માટે છલ કરવામાં તત્પર થયા. કેટલાકે તો વિષમિશ્રિત અન્ન આપ્યું પણ તે તો પ્રદ્યુમ્નને અમૃત સમાન સ્વાદિષ્ટ થયું. કોઈ બાળકોએ સુતેલા પ્રદ્યુમ્નની શય્યામાં મોટા સર્પો નાખ્યા પણ તે તો સુંદર કુસુમ માળા સમાન સુખજનક થયા.

તે બાળકોએ **પ્રદ્યુમ્નને** મારવા માટે આવા સેંકડો ઉપાયો કર્યા પણ પુણ્યાત્માથી પ્રદ્યુમ્નનું તલમાત્ર પણ બુરૂં ન થતાં ઉલટું શુભ જ થયું.

પછી **વજ્રદંષ્ટાદિક** બાળકો પ્રદ્યુમ્નની સાથે મિત્રતા કરી રમવા માટે પ્રદ્યુમ્નને સાથે લઈ વિજ્યાર્દ્ધગિરિ ઉપર વિરાજતા જિનેંદ્ર ભવનમાં શ્રી જિનનાયકોને અભિવંદન કરવા ગયા. ત્યાં જઈ સર્વ બાળકો શ્રી **તીર્થંકરોની** ભાવપૂજા કરી ત્યાંથી બહાર નીકળી એક સુંદર ઓટલા ઉપર બેઠા. તે બાળકોને પર્વતના ઉંચા પ્રદેશમાં રહેલો રમ્ય તથા અતિ ઉંચો એક કિલ્લો જોવામાં આવ્યો, ત્યારે વજ્ર સમાન કઠોર હૃદયવાળો પ્રદ્યુમ્ન ઉપર દુષ્ટ વિચાર ધારનારો સર્વ બાળકોમાં મોટો **વજ્રમુખ** બોલ્યો કે, "બંધુઓ ! મેં એક વૃદ્ધ પુરૂષોના મુખથી વાક્ય સાંભળેલ છે તે તમો સાંભળો; જે પુરૂષ અશંકિતપણે આ કિલ્લાની અંદર જાય, તે પુરૂષને નિશ્ચે અપૂર્વ અર્થની પ્રાપ્તિ થાય છે માટે તમો

સર્વે અહીંયા જ બેઠા રહો અને હું એકલો જ તેમાં જાઉં છું." એમ કહી વજ્રમુખ જવા માટે તત્પર થયો. ત્યારે દંત પંક્તિની પ્રભાવડે અધરને વિચિત્ર રંગિત કરનારા વદને **પ્રદ્યુમ્ને** વજ્રમુખને કહ્યું કે, "હે ભાઈ! આ કામ તો મને જ સોંપો."

વજ્રમુખે કહ્યું, "અનુજ બંધો! ભલે એ કામ તું જ કર, કારણ આપણે બે તો એક જ છીએ. આપણા બેમાં કોઈ જાતનો અંતર નથી, માટે જે સંપત્તિઓ તને મળી તે મને જ મળી છે. હું તો એમ જ સદા માનું છું. માટે જો તારી ઈચ્છા હોય તો ભલે ખુશીથી જા."

## લાભ ૧ લો

વિશ્વમાં અદ્દભુત ચરિત્ર કરનાર, ઉદાર દિલ રાખનાર, સાહસિક શિરોમણિ **પ્રદ્યુમ્નકુમાર** તેઓને છોડી દઈ તેમાં પેઠો; પ્રવેશ કરતાં જ હર્ષને લીધે **પ્રદ્યુમ્ને** સિંહનાદ કર્યો; તે કિલ્લાનો અધિષ્ઠાતા ભુજગાસુર નામે દેવ, હૃદયને કંપાવી દે તેવા સિંહનાદને સાંભળી ક્રોધને લીધે લાલચોળ નેત્ર કરતો કરતો આવી બોલ્યો કે, "અરેરે દુષ્ટ? તું કોણ છે, કે જે તું મારા ઘરમાં આવ્યો. અરે! મૂર્ખ શિરોમણિ! જેમ યમરાજાના ઘરમાં જવાની ઇચ્છા તથા સર્પના શિરપર રહેલી મણિ લેવાની ઇચ્છા પોતાનો જ નાશ કરનારી છે, તેમ મારા ઘરમાં પ્રવેશ કરવાની ઈચ્છા પણ તેવી જ સમજવી. માટે તું અહીંથી જીવતો પાછો જઈશ નહીં."

આ વચનો સાંભળી **પ્રદ્યુમ્ન** હસીને બોલ્યો, "જળ વગર વૃથા ગર્જના કરતા શરદ્ ઋતુના મેઘની પેઠે બળહીન તું વૃથા બકવાદ શા માટે કરે છે, અને જોર હોય તો યુદ્ધ કર."

વજ્ર પ્રહાર સમાન **પ્રદ્યુમ્નનાં** વચનો સાંભળી નહીં સહી શકતો તે દેવ એકદમ યુદ્ધ કરવા તત્પર થયો; તે બેય જણાએ પરસ્પર બે મહામલ્લ સમાન ઘણો વખત યુદ્ધ કર્યું. મહા બળવાન પ્રદ્યુમ્નકુમારે જીતી લીધેલો **ભુજગાસુર** દેવ આશ્ચર્ય પામી, નરમાં શિરોમણિ સમાન આ પુરૂષ કોણ હશે એમ અંતઃકરણમાં વિચાર કરતો કરતો મદહીન થઈ પ્રદ્યુમ્નના ચરણમાં મસ્તક નમાવી બોલ્યો કે, "મહા પુરૂષ! આપ આ રમ્ય સિંહાસન ઉપર બેસી વિશ્રાંતિ લ્યો અને હૃદયમાં ચમત્કાર કરનારી મારી વિજ્ઞપ્તિ સાંભળો."

જ્યારે દેવે આમ પ્રાર્થના કરી ત્યારે મનોરમણીય સિંહાસન ઉપર બેસી **પ્રદ્યુમ્નકુમારે** કહ્યું, "કહો? આપ કોણ છો? મારી ઉપર પ્રીતિ થવાનું કારણ શું?"

**ભુજગાસુર** દેવ કરજોડી નમ્રતાપૂર્વક બોલ્યો, "હે પ્રભુ! આજ વિજયાર્દ્ધગિરિ ઉપર પ્રમદાના અલંકાર સમાન દેદિપ્યમાન લંકાપુર નામે પુર છે તેમાં રાજા **કનકનાભ** નામે અને રાણી **નિલા** નામે હતાં. તે બંને સ્ત્રી પુરૂષ પંચેંદ્રિય સંબંધી સુખ ભોગવતાં હતાં તે સમયે એક દેવ પોતાના આયુષ્યનો ક્ષય થવાથી સ્વર્ગમાંથી ચ્યવી તે રાજાને ત્યાં પુત્ર પણે ઉત્પન્ન થયો; હર્ષ સંપત્તિને પામેલા કનકનાભ રાજાએ શુભ દિવસે પોતાના પુત્રનું **હિરણ્યનાભ** નામ પાડ્યું. અનુક્રમે વૃદ્ધિ પામતો તે બાળક, કામદેવરૂપ ભૂપાલને ક્રીડા કરવા યોગ્ય, પ્રમદાજનોના મનને આકર્ષણ કરનારા એવા પાવન યૌવનને પ્રાપ્ત થયો; તે અવસ્થામાં તે કુમારે શસ્ત્રકલાઓ તથા શાસ્ત્રકલાઓ સમગ્ર મેળવી; જેમ

નદીઓ સમુદ્રને જઈ મળે તથા કળાઓ ચંદ્રને જઈ મળે છે તેમજ અનેક ભૂપની પુત્રીઓ આવી સ્વયંવરપણે તે હિરણ્યનાભને વરી. સંસારમાં વિરક્ત થયેલા તથા વ્રત લેવા ઉત્સુક થયેલા **કનકનાભ** ભૂપાલે રાજ્યયોગ્ય થયેલા પુત્રને જાણી સિંહાસન ઉપર બેસાડી પોતાના પુત્રનો પટ્ટાભિષેક કર્યો. તે સમયે તેના ગામમાં **વિહિતાશ્રવ** નામે મુનિરાજ આવ્યા; આ વાતની કનકનાભને ખબર પડતાં સત્વર મુનિની આગળ જઈ વંદન કરી તેની આગળ ભાવપૂર્વક વ્રત ગ્રહણ કર્યું. બુદ્ધિશાળી કનકનાભે મુનિની આગળ સંપૂર્ણ દ્વાદશાંગીનું અધ્યયન કર્યું; ઘણા વખત સુધી ઘોર તપ તપી તે મુક્તિમાં કારણભૂત તથા શાશ્વતું કેવલજ્ઞાન પામ્યો."

"તેના પછી નીતિશાસ્ત્રવેત્તા **હિરણ્યનાભ** રાજા પોતાના પિતાનું રાજ્ય પાલવા લાગ્યો. એક દિવસે ગોખમાં બેઠેલા હિરણ્યનાભે અનેક વિદ્યાને જાણનાર મહા સમૃદ્ધિમાન ચાલ્યા જતા કોઇએક દૈત્યરાજાને જોઈ મનમાં વિચાર્યું કે, મારી રાજ્યની સંપત્તિને ધિક્કાર હો અને વિદ્યાહીન મને જીવવા કરતાં મરવું વધારે ઉત્તમ છે. માટે હું આ રાજ્યને થાપણની માફક નાના બંધુને સોંપી ગહન વનમાં જઈ તે વિદ્યાઓ સાધુ જેમ યતિ પુરૂષ વિષયોને વશ્ય કરે છે તેમ હું પણ સર્વ મંત્રોને વશ્ય કરૂં. આમ મનમાં વિચાર કરી પોતાના અનુજ બંધુને રાજ્ય સોંપી સિદ્ધ વનમાં જઈ ધારેલું કાર્ય સત્વર સિદ્ધ કર્યું. **હિરણ્યનાભ** રાજા સર્વ વિદ્યા તથા સર્વ મંત્રો સિદ્ધ કરી પોતાની નગરીમાં ઉત્સવપૂર્વક આવ્યો. પોતાના ભાઈ પાસેથી રાજ્ય લઈ વિદ્યા મંત્રના પ્રતાપથી

મહા બળવાન તે રાજાએ ઘણા વખત સુધી રાજ્ય કર્યું. વૃદ્ધાવસ્થામાં પોતાને વૈરાગ્ય થવાથી પુત્રને રાજ્ય ભાર સોંપી વ્રત ગ્રહણ કરવા ઉત્સુક થયેલો હિરણ્યનાભ શ્રી **નમિનાથને** વાંદવા માટે આવ્યો. નમિનાથની આગળ જઈ વાંદી તથા વચનામૃત સાંભળી અધિક વૈરાગ્ય થવાથી રાજાએ નમિનાથની આગળ વ્રત લેવાની માગણી કરી. ત્યારે શ્રી **નમિનાથે** કહ્યું કે વ્રત ગ્રહણ કરવાની ઈચ્છા હોય તો તેમાં જરાપણ વિલંબ ન કર. જે કાલે કાર્ય કરવાનું હોય તે આજે જ કરી લે, કારણ કે મનના પરિણામ ક્ષણવારમાં બદલાઈ જાય છે. માટે જે કાર્ય કરવાનો વિચાર જે સમયે થાય તે કાર્ય તે સમયે કરી લેવું ઉચિત છે."

"પહેલાંજ રાજાને વ્રત ગ્રહણ કરવાની ઈચ્છા થઈ હતી તેમાં નમિનાથે પુષ્ટિ કરી તેથી રાજા તે ગ્રહણ કરવામાં વિશેષ ઉત્સુક થયો. નમિનાથને પ્રણામ કરી રાજાએ પ્રાર્થના કરી, "હે પ્રભો! મને આપ વ્રત આપો."

આવી રીતે વ્રતની માગણી કરતા હિરણ્યનાભને જોઈ વિદ્યા તથા મંત્ર આપનાર દેવે કહ્યું કે, મહારાજ! આપ તો ભવનો મૂલતઃ ઉચ્છેદ કરનારી દીક્ષા લ્યો છો તો હે નાથ! આ અનાથ મારી શી ગતિ થવાની? જેમ તમે રાજ્ય પુત્રને સોંપી દીધું તેમજ મને પણ કોઈ યોગ્ય પુરૂષને સોંપી પછી તમારે દીક્ષા લેવી ઉચિત છે. મતલબ કે મારો અધિપતિ કરી પછી દીક્ષા લ્યો."

"આવી રીતે વિદ્યામંત્રના અધિપતિ દેવે કહેવાયેલા

હિરણ્યનાભે શ્રી નમિનાથને પૂછ્યું કે, "મહારાજ! મને વિદ્યા તથા મંત્ર આપનાર આ દેવ છે, તો આટલા દિવસ સુધી તો હું તેનો સ્વામી હતો અને હવે તો હું દીક્ષા લઈશ ત્યારે આ પ્રભુ વગરનો થઈ જશે. માટે આપ વિચારી કહો કે ભવિષ્યકાલમાં આ દેવનો પ્રભુ કોણ થશે?"

શ્રીમાન્ **નમિનાથ** પ્રભુ બોલ્યા કે, "રાજન્ સાંભળ. આજ ભરતક્ષેત્રમાં બાવીસમા **નેમિનાથ** નામે તીર્થંકર થશે. તથા વસુદેવનો પુત્ર **કૃષ્ણ** નામે નવમા અર્દ્ધચક્રવતી થશે, તેની **રૂકિમણી** નામની પત્નીથી ઉત્પન્ન થયેલો મહા બળવાન મહા સાહસિક તથા ભાગ્યશાળી **પ્રદ્યુમ્નકુમાર** તે કિલ્લામાં આવી વિદ્યા મંત્રાધિપતિ દેવની સાથે સંગ્રામ કરી દેવને જીતી લેશે તે કુમાર આ દેવનો સ્વામી થશે."

**નમિનાથની** વાણી સાંભળી પ્રમોદ પામેલા હિરણ્યનાભે મંત્રાધિપ દેવને કહ્યું, "તું આ કિલ્લામાં જ રહે. જે પુરૂષ આ કિલ્લામાં આવી તારી સાથે મહા યુદ્ધ કરી તને જીતી લે તે પુરૂષને તારો સ્વામી જાણવો. મારી આજ્ઞાની પેઠે તે સ્વામીની આજ્ઞા તારે શિર ચડાવવી." આમ કહી **હિરણ્યનાભે** ચારિત્ર લીધું. દ્વાદશાંગનો પાઠ કરી, ઘોર તપ તપી, ઘાતિ કર્મોનો નિર્મૂલ ઉચ્છેદ કરી તે પવિત્રાત્મા પુણ્યશાળી હિરણ્યનાભ ભૂપાલ શિવપદ પામ્યા.

પરંપરાગત **ભુજગાસુર** દેવ પ્રદ્યુમ્નને કહે છે, "હે સ્વામિન્! મંત્રગણનો સ્વામિ હું તે દિવસથી સ્વામિની રાહ જોતો જોતો આ કિલ્લામાં રહેલો છું. જેના દર્શનને ચિરકાલથી ચાહતો હતો તે આપ આજ ભાગ્ય યોગે મારા

નયનને અમૃતના પારણા સમાન પધાર્યા છો. માટે સ્વામિન્ ! મંત્રગણ, નિધિ, કોશ તથા રત્નાલંકારાદિક ગ્રહણ કરી આ તમારા સેવકને કૃતાર્થ કરો." આમ કહી તે દેવે બે કુંડલ, ઉત્તમ હાર તથા બીજાં અમૂલ્ય આભરણો આપી કુમારને ભૂષિત કર્યા પછી કર સંપુટ કરી નમ્રતાપૂર્વક કહ્યું કે, "મહાભાગ ! **શ્રી નમિનાથે** કહેલા તમે મારા આજથી સ્વામી છો–પ્રભુ છો–અધિપતિ છો અને હું આજથી તમારો કિંકર છું માટે મારા જેવું કાર્ય ફરમાવી આ સેવકનો જન્મ સફળ કરો."

ત્યાર પછી **પ્રદ્યુમ્નકુમારે** કહ્યું કે, "તું મારો ઉત્તમ સુહૃદ્ છે માટે તું મારા કહેવા મુજબ અહીંયા જ રહે, અને કોઈ કાર્ય પ્રસંગે હું તારૂં સ્મરણ કરી તને બોલાવું ત્યારે ક્ષણ માત્ર પણ વિલંબ ન કરતાં તારે સત્વર મારી આગળ હાજર થવું." આમ કહી તેની રજા લઈ પ્રફુલ્લિત થયેલા ગાલ તથા નયનવાળો તથા ચલાયમાન બે કુંડલોથી ભવ્ય લાગતો **પ્રદ્યુમ્નકુમાર** તે કિલ્લામાંથી બહાર આવ્યો.

હવે જિન મંદિરની બહાર બેઠેલા **વજ્રમુખ** આદિ બાળકોએ ઘણો વખત થતાં પણ પ્રદ્યુમ્ન ન આવવાથી વિચાર્યું કે, પ્રદ્યુમ્ન અત્યાર સુધી આવ્યો નહીં તેથી નક્કી તે મરી જ ગયો છે માટે ચાલો આપણે હવે સુખેથી ઘેર જઈએ. આમ વિચાર કરી મનમાં અતિ હર્ષ પામેલા તે બાળકો ઘેર જવા તૈયાર થાય છે તેટલામાં કુસુમાદિકથી પૂજા થએલા, અનેક અમૂલ્ય આભરણોથી ભાસુર ચાલ્યા આવતા પ્રદ્યુમ્નને જોયો. જોતાં વાર જ સર્વે બાળકો કપટથી

સ્નેહ બતાવતા કૃત્રિમ **વચન** પ્રેમથી બોલ્યા કે, "અરે ભાઈ! અત્યાર સુધી તું ક્યાં હતો? ત્યાં આટલો બધો વખત કેમ લાગ્યો? અમારા તો અહીંયાં પ્રાણ ઉડી ગયા; ભાઈ, બોલ, શું હકીકત બની."

આમ કુટિલાશયોથી દૂષિત તે બાળકોની આગળ નિષ્ક-પટી **પ્રદ્યુમ્ને** સર્વ હકીકત કહી સંભળાવી અને પહેલો અમૂલ્ય **લાભ** પામી ખુશી થયો.

## લાભ ૨ જો

સર્વે બાળકો મળી રમવા સારૂ આગળ ચાલ્યા. ત્યાં એક ગુફા આવી તે જોઈ **વજ્રમુખ** બોલ્યો, "જે પુરૂષ આ ગુફામાં જાય તે મહા ભાગ્યશાળી પુરૂષ અનેક સિદ્ધિ મેળવી આવે, માટે હું ગુફામાં પેસું છું, અને તમો હું આવું ત્યાં સુધી અહીંયાં જ બેઠા રહેજો." આ વાત સાંભળી પુનઃ લાભ મેળવવાની અભિલાષા રાખતા **રૂક્મિણીના પુત્રે** કહ્યું; બંધુ વજ્રમુખ! તમે પોતે જ મને જવા આજ્ઞા આપો, આ ગુફામાં તો હું જ જઈશ અને તમો અહીંયાં બેસો." ત્યારે વજ્રમુખ બોલ્યો, "ભાગ્યશાલિન્! ભલે, ઈચ્છા હોય તો ખુશીથી તું જ જા, તને સંપત્તિ મળશે એ મારી જ છે, હું તો એમ જ ધારૂં છું." આમ કહ્યા પછી, મનસ્વી તથા એક સાહસની જ સહાયતા લેનારો પ્રદ્યુમ્ન-કુમાર પોતાના ઘરની પેઠે નિઃશંકપણે તે ગુફામાં પેઠો. તેમાં કેટલેક દૂર ગયો ત્યારે એક રમ્ય સ્થાન આવ્યું. તે સ્થળમાં એક ખાલી સિંહાસન પડેલું હતું તે સિંહાસન ઉપર નિર્ભય-પણે બેસી કૃષ્ણ પુત્રે સિંહનાદ કરી આખી ગુફા ગજાવી

મૂકી. પ્રતિધ્વનિને લીધે બમણી ગર્જના કરતા આવા અદ્વૈત સિંહનાદથી ક્ષણવારમાં જાગેલો, ક્રોધને લીધે લાલચોળ નેત્રવાળો રાક્ષસ, "મારા ઘરમાં મરવા માટે બોલાવ્યા વિના આ મહામૂર્ખ કોણ આવેલો છે?" એમ બોલતો ખુલ્લી તરવાર લઈ રૂકિમણીસુતને મારવા માટે સત્વર આવ્યો. પ્રદ્યુમ્ને પણ ક્રોધથી લાલ નેત્ર કરી દોડી તેનો હાથ પકડી તેના હાથમાંથી તરવાર લઈ લીધી. દાઢ પાડી નાખવાથી બળહીન થયેલા નાગની પેઠે પોતાના હાથમાંથી ખડગ જવાથી બળ રહિત તે રાક્ષસ શું કરે? તે સમયે તેણે વિચાર કર્યો કે, "કોઈથી પણ નહીં જીતાયેલા મને જીતી લેનાર આ કોઈ પણ મહાત્મા હોવો જોઈએ, માટે મારે તો આની ખરેખર પૂજા જ કરવી ઉચિત છે." આમ વિચારમાં ચતુર એવો રાક્ષસ પાસે આવી પ્રણામ કરી બોલ્યો, "મહાભાગ! મારા અપરાધને ક્ષમા કરો. આપની પાદ રજનો સ્પર્શ થવાથી મારૂં ઘર આજે પાવન થયું તથા આજે સિંહાસન પણ સફળ થયું, કે જે સિંહાસન ઉપર સિંહસમાન આપ બેઠા." આમ કહી તે રાક્ષસે સ્થૂલ મુક્તામય, નિર્મલ અમૂલ્ય હાર પ્રદ્યુમ્નના કંઠમાં પહેરાવ્યો. ચંદ્ર સમાન શ્વેત બે ચામર, ચંદ્રમંડલ સમાન એક છત્ર તથા રાજાને યોગ્ય ઉમદાં વસ્ત્રો તથા આભરણો, મણિજડિત સુવર્ણનો એક મુકુટ, કદાપિ ન કરમાઈ તેવા પુષ્પની માલા ઈત્યાદિક વસ્તુઓથી કુમારની પૂજા કરી, વશ થયેલો રાક્ષસોનો અધિપતિ વાણીથી સત્કાર કરે છે કે, "હે નાથ! હું આપનો દાસ છું માટે આ દાસને ફરમાવો તે કાર્ય કરૂં."

**પ્રદ્યુમ્ને** કહ્યું કે, "તું આજથી મારો જ મહાભટ છે માટે આ મારી ગુફાની રક્ષા કરનાર તરીકે તું અહીંયાં સુખેથી રહે." આમ કહી **પ્રદ્યુમ્ન** ચાલતા થયા ત્યારે પોતાને વળાવા માટે પાછળ ચાલ્યા આવતા તે રાક્ષસને મહા આદરપૂર્વક પાછો વાળી પ્રદ્યુમ્ન ગુફાની બહાર નીકળ્યો. આવતા કૃષ્ણપુત્રને જોઈ ઈર્ષ્યાયુક્ત થયેલા, ખલની પેઠે મોઢે મીઠું બોલતા અને હૃદયમાં ક્રૂરતાથી ભરેલા તે બાળકો વિનયપૂર્વક હકીકત પૂછવા લાગ્યા. મુખમાં તથા હૃદયમાં ઇક્ષુસમાન મધુર ભાવવાળા હરિના પુત્રે તેઓની આગળ પોતાનો જય નિવેદન કરનારી સર્વ વાર્તા કહી બતાવી; આવી રીતે **બીજો લાભ** મેળવી અધિક અધિક હર્ષ પામતો પ્રદ્યુમ્નકુમાર વજ્રમુખાદિક બંધુઓની સાથે ક્રીડામાં તત્પર થયો.

## લાભ ૩ જો

રમતા રમતા તે બાળકો એક નાગદેવની ગુફા આગળ આવ્યા. ત્યારે મહાકપટી **વજ્રમુખ** માયા કરી બોલ્યો, "જે માણસ આ ગુફાની અંદર જાય તે પુરૂષની સર્વ કામનાઓ પરિપૂર્ણ થાય, એ કારણથી હું ગુફામાં જાઉં છું અને તમો અહીંયાં જ બેસજો." ત્યારે **પ્રદ્યુમ્ન** કહે છે કે, "હે ભાઈ! ઉદાર દિલના આપ જરા મારી ઉપર કૃપા કરી મને જવા આજ્ઞા આપો." ત્યારે કિંપાકના ફલની પેઠે અંદર દુષ્ટ અને મુખમાં મીઠા લાગતા વજ્રમુખે ગુફામાં જવા વિષે દૃઢ આગ્રહ કરાવી જવા આજ્ઞા આપી.

પુણ્યરૂપ મિત્રની સાથે **પ્રદ્યુમ્નકુમાર** વેગથી મહ્લની

પેઠે ભુજા ઠોકતો ગુફામાં ગયો; જતાં જતાં ગુફામાં એક સભાગૃહ આવ્યું ત્યાં જઈ અત્યંત ભુજા ઠોકી તેના પ્રચંડ શબ્દથી ઘોરનિદ્રામાંથી જાગી ઉઠેલો એક મહાન નાગ, "અરે તું કોણ છે? એમ બોલતો આવી કુમારને કહે છે કે, "અરે દુષ્ટ! દુરાચાર! કેમ તું જાતે મરવા ધારે છે કે શું? જેથી તું સર્વ નાગોના અધિપતિ મારા નિવાસસ્થાનમાં આવ્યો?" આવાં વચન સાંભળી ક્રોધયુક્ત થયેલા પ્રદ્યુમ્ને તે નાગને કહ્યું કે, "હું તો નાનો બાળક છું તેથી હું મરવા ઇચ્છતો નથી, પણ તું તો મરવા ઇચ્છતો જ હઈશ, કારણ કે તું વૃદ્ધ થયો છે, અને તેથી જ તું મારી સાથે નિરંકુશપણે બકે છે. માટે તને યમરાજાના ઘરનો અતિથી કરી હું તારી ઇચ્છા પાર પાડીશ."

આવી વચન યુક્તિથી જ સંતોષ પામેલો નાગ બોલ્યો કે, "વત્સ! આ વાક્યરચનાથી જ મેં તારૂં સર્વ વંશાદિક જાણી લીધું; હે મહા ભાગ! આ તારા સાહસથી તથા ચતુરાઈભરેલા વચનોથી હું રંજિત થયો છું, માટે હું જે વસ્તુ આપું તે તું કૃપા કરી ગ્રહણ કર." આમ કહી તે નાગે જેમાં પોતાની ઇચ્છા મુજબ નિદ્રા લઈ શકાય તથા જાગી શકાય તેવી એક શય્યા તથા વીણા આપી તથા પોતાને ગૃહરચના કરવાની ઈચ્છા થાય તે જ ક્ષણે ગૃહ નિર્માણ કરી શકાય તેવી એક વિદ્યા **પ્રદ્યુમ્નને** આપી. પછી હાથ જોડી નાગ બોલ્યો કે, "મહારાજ! હું આપની આજ્ઞા ઉઠાવનારો દાસ છું. મારા જેવું કામ ફરમાવી મને કૃતાર્થ કરશો એમ હું આશા રાખું છું."

આવી રીતે તે નાગે સત્પદાર્થોથી તથા મધુર વાણીથી સત્કાર કરાયેલો **રૂક્મિણી પુત્ર** તે ગુફામાંથી બહાર નીકળી તે બાળકોને મળ્યો; ઈર્ષ્યાયુક્ત અંતઃકરણવાળા તે બાળકો કુતૂહલથી અધિક અધિક પૂછવા લાગ્યા ત્યારે પ્રદ્યુમ્ને પણ પોતાના શુભ ભાગ્યના ઉદયસૂચક સર્વ વૃત્તાંત કહી જણાવ્યું. આવી રીતે તે કુમાર **ત્રીજો લાભ** મેળવી બાળકો સાથે ક્રીડામાં આસક્ત થયો.

## લાભ ૪ થો

એકસરખા વેશવાળા તથા એકસરખી વયના એ બાળકો અનેક ક્રીડાઓથી રમતા રમતા જરા દૂર ગયા ત્યારે દૂર રહેલી એક વાવ જોઈ ખલ **વજ્રમુખ** બોલ્યો, "જે પુરૂષ આ વાવમાં નિર્ભયપણે યથારૂચિ સ્નાન કરે તે પુરૂષ, સ્વર્ગમાં રહેનારી પ્રમદાજનોને વશ કરનાર રૂપ પામે તથા આ તીર્થના પ્રભાવથી તે પુરૂષ સર્વ સંપત્તિઓનું નિવાસ-સ્થાન થાય છે-"

**વજ્રમુખની** આવી લાભબોધક વાણી સાંભળી સરલ બુદ્ધિનો તે **પ્રદ્યુમ્ન** જેમ ગંગા નદીમાં મહાન ગજ પડે તેમ એક સાહસરૂપ સખાને સાથે સ્નાન માટે તે વાવમાં પડ્યો. જેમ મરાલ બે પાંખોથી માન સરોવરને તરે તેમ **પ્રદ્યુમ્ન** તે વાવમાં બે બાહુ વડે તરી ઈચ્છા મુજબ ક્રીડા કરતો હતો. જલ ક્રીડાનો ધ્વનિ સાંભળી દોડી આવેલો તે તે વાવનો અધિપતિ દેવ બોલવા લાગ્યો કે, "અરેરે ! આ કોણ પુરૂષ પોતાની દેહ ધોઈ આ મારી વાવને મલીન કરે છે! ખરેખર આ મારા ખડગથી અકાલ મરણ પામી તું

દુર્ગતિમાં જ જવાનો છે!" આમ બોલતો કુમારની આગળ આવ્યો ત્યારે અનેક શત્રુઓનો સંહાર કરનાર **રૂકિમણી પુત્રે** કહ્યું કે, "અરે અજ્ઞાનિ! ફોકટ બકવાદ શું કરે છે, બળ હોય તો આવી જા સામો." આમ કહી મહાબળવાન રૂકિમણી પુત્રે તેના હાથમાંથી તરવાર ખેંચી લીધી. પોતાની બળરૂપ પાંખો કપાઈ જવાથી બળહીન થયેલા પક્ષીની પેઠે ખડગ હરાઈ જવાથી નિર્બલ થયેલો તે દેવ પછી શું કરી શકે? આવા અદ્ભુત પરાક્રમને જોઈ ચિત્તમાં ચમત્કાર પામેલો તે દેવ અંજલીપૂર્વક પ્રણામ કરી બોલ્યો, "હે મહા પુરૂષ! આ વાવમાં સ્નાન માટે આવેલા અનેક પુરૂષોને મેં પ્રાણ મુક્ત કર્યા છે પણ તમારા જેવો સત્ય પરાક્રમી બીજો કોઈ પણ પુરૂષ મેં હજી સુધી જોયો નથી. શાસ્ત્રમાં કહેલું છે કે:—

**अहयो बहव: सन्ति भेकभक्षणतत्पराः ॥**
**एक एव स शेषाऽहिर्धरित्रीधरणक्षमः ॥ १ ॥**

**અર્થ**:—દેડકાંઓનું ભક્ષણ કરવામાં તત્પર તો ઘણાં સર્પો છે પણ સમગ્ર ભૂમંડલને ધારણ કરવા સમર્થ તો એક શેષનાગ જ છે.

આવી રીતે ઘણો વખત સ્તુતિ કરી દેવે **પ્રદ્યુમ્નને** મીનધ્વજ (માછલાના ચિન્હવાળી ધજા) આપ્યો, જેને લઈ ત્રણે જગતમાં પ્રદ્યુમ્નનું "મીનધ્વજ" એવું નામ પ્રખ્યાત થયું. અનેક જાતિના પદ્મોથી પૂજાયેલો તથા દિક્ચક્રને સુરભિ કરતો પ્રદ્યુમ્નકુમાર હાથમાં મીનધ્વજને લઈ વાપીથી બહાર

નીકળ્યો. ચાલ્યા આવતા કૃષ્ણ પુત્રને જોઈ વજ્રમુખાદિક બાળકોનાં નેત્રો ઇર્ષ્યાથી દગ્ધ થયાં, અને પ્રદ્યુમ્નકુમાર આવી રીતે **ચોથો લાભ** મેળવી તે બાળકોની સાથે અનેક ક્રીડા કરવા લાગ્યો.

## લાભ ૫ મો

વાયુની પેઠે અતિ ચંચલ તે બાળકો જ્યાં ત્યાં ભમતા આગળ ગયા ત્યારે જરા દૂર રહેલો બળતા અગ્નિનો એક કુંડ આવ્યો; તે જોઈ **વજ્રમુખ** કહે છે કે, "હે બંધુઓ! આગળ આપણા વૃદ્ધ પુરૂષો કહી ગયા છે તે સાંભળો; જે પુરૂષ જરા પણ વિચાર કર્યા સિવાય આ અગ્નિ કુંડમાં પેસે તે પુરૂષ અગ્નિથી નિર્મળ થયેલા સુવર્ણ સમાન અનશ્વર રૂપ પામે તથા તે પુરૂષનો દેહ અન્ય અગ્નિથી પણ ન બળે."

આમ સાંભળતાં વેંત જ મહા સાહસી કુમાર તે અગ્નિના કુંડમાં પડ્યો; જેમ જળમાં સ્નાન કરે તેમ તાપથી બળવાની નહીં શંકા રાખતો તે કુમાર અગ્નિમાં સ્નાન કરવા લાગ્યો. તે સમયે તે કુંડનો અધિષ્ઠાયક દેવ ક્રોધ પામી બહાર નીકળી બોલ્યો, "અરે! નરાધમ આ પુરૂષ કોણ છે કે જે આખા કુંડને ખુંદિ નાખે છે?" તે સમયે **કૃષ્ણ પુત્રે** કહ્યું કે, "અરે! મને તું નરાધમ ન કહે પણ નરમાં ઉત્તમ કહે, કારણ કે, નરોત્તમ વગર આ કુંડમાં પેસવા માટે પણ કોણ સમર્થ થાય? એ વિચારી હે દેવ! મારી ઉચિત પૂજા કર. આમ કહેવાથી સંતુષ્ટ થયેલા તે દેવે કુમારને બે શ્વેત વસ્ત્ર આપી કહ્યું, "હે પુરૂષ! નરોત્તમ! આ કુંડમાં પ્રવેશ કરવાથી તમો નિર્મળ થયા છો તથા હું આજથી તમારો

અનુચર.” આમ કહી તે દેવે કુમારને બહાર ખેંચી લીધો. અગ્નિથી નિર્મળ થયેલ સુવર્ણની માફક સ્વચ્છ થયેલા તે કુમારને જોઈ ઈર્ષ્યાને લીધે જેનાં મુખ શ્યામ બની ગયાં છે તેવા કુમારો **પ્રદ્યુમ્નને** મળ્યા. તેઓની આગળ સમગ્ર વાર્તા કહી હર્ષ પામેલો કુમાર આ **પાંચમો લાભ** મેળવી પુનઃ લાભ મેળવવા ઉત્સુક થયો.

## લાભ ૬ ઠ્ઠો

પુનઃ ક્રીડામાં તત્પર થયેલા તે બાળકો આગળ ચાલતાં ચાલતાં **મેષાકાર** ગિરિની નજીક ગયા. પરની સંપત્તિને નહીં દેખી શકતો **વજ્ર** દૂર રહી બોલ્યો, “હે અર્ભકો! આ મેષાકાર ગિરીના બે શિખરના મધ્ય ભાગમાં જે પુરૂષ જાય તે અપૂર્વ લાભ પામે.” વજ્રમુખનું આમ કહેવું સાંભળી **પ્રદ્યુમ્નકુમારે** તો તેજ વખતે ત્યાં જવા કબુલ કરી લીધું, કારણ કે કપટી પુરૂષના પ્રપંચને સરલ બુદ્ધિનો માણસ ક્યાંથી જ જાણી શકે?

સિંહ સમાન પરાક્રમી **પ્રદ્યુમ્નકુમાર** તે પર્વત ઉપર ચડી બે શિખરના મધ્યમાં જાય છે તેટલામાં તો તે બે શિખરો ભેગાં થવા લાગ્યાં. આ કોઈ દેવની માયા છે જાણી કુમારે પોતાની બે કોણીથી બે બાજુના શિખરને ખસેડી શંકા વગર અંદર ગયો, તેટલામાં તો એક દેવ પ્રગટ થઈ બોલ્યો કે, “અરે! ક્ષુધાતુર જાણી આમાં સપિંડ એવો આ કોણ આવ્યો?” “અહો! હો! આજ તો હું તારા માંસપિંડથી ખરેખર તૃપ્ત થઈશ.”

**રૂક્મિણી પુત્રે** પણ તેના પ્રત્યુત્તરમાં બહુ જ સરસ

કહ્યું જે, "હે દેવ! મેં વિચાર્યું કે આ દેવ આટલી બધી ક્ષુધાની વેદનાને કેમ સહન કરી શકશે, માટે તે વેદનામાંથી છોડાવું, એમ ધારી હું ક્ષુધાતુર થયેલા તને ખાસ મારવા માટે આવ્યો છું. માટે ચાલ તને ક્ષુધાની પીડામાંથી છોડાવું." આમ કહી કુમાર તે દેવની સામો થયો. વજ્ર પ્રહાર તુલ્ય વચન સાંભળી ક્રોધ પામેલો તે દેવ સામો આવી યુદ્ધ કરવા લાગ્યો. બળશાલી કુમારે આખરે યુદ્ધમાં દેવને જીતી લીધો. પરાજય પામેલો દેવ કરજોડી મહા બળવાન કુમારને પ્રણામ કરી કહે છે કે, "ભાગ્યશાલિન્! મારી આટલી ઉમરમાં હું તમારા સિવાય બીજા કોઈથી પણ જીતાયો નથી." આમ કહી તે દેવે કુમારને બે કુંડલ તથા એક હાર આપી કહ્યું કે, "આજથી હું તમારો સેવક છું. અને તમે આજથી પ્રભુ છો માટે કોઈ પણ કામ પ્રસંગે મને બોલાવશો કે તરત જ આપની સેવામાં આ સેવક હાજર થશે." આમ કહી તે કુમારને ઉપાડી પર્વતની નીચે મૂકયો અને તે દેવ અંતર્હિત થયો. હાર તથા કુંડલથી અલંકૃત થયેલા કુમારે તે બાળકોની આગળ આવી તે ગિરિના શિખર સંબંધી વાત કહી બતાવી. આવી રીતે **છઠ્ઠા લાભને** પામી ફરીને પણ તે લાભ મેળવવા ઉત્સુક થયો.

## લાભ ૭ મો

અનેક લાભ મેળવનારા **પ્રદ્યુમ્નને** જોઈ અતિ ચિંતાતુર થયેલા તથા અદેખાઈને લીધે મનમાં અતિ ખેદ પામતા સર્વે બાળકો વિચાર કરે છે કે જેમ ઉત્પન્ન થતાં જ અગ્નિને જલાદિક ઉપચારોથી શાંત થઈ શકે છે અને વૃદ્ધિ

પામી ગયા પછી શાંત કરી શકાતો નથી તેમજ આ કુમારને પણ નિશ્ચે સત્વર મારી નાખવો નહીંતર પછીથી તેને આપણે કોઈ રીતથી પણ મારી શકીશું નહીં. આ પ્રમાણે ઉદ્વેગ પામેલા પોતાના અનુજ બંધુઓને જોઈ ઉત્સાહ આપવા માટે જ્યેષ્ઠ બંધુ **વજ્રમુખ** કહે છે કે, "બાળકો! તમે જરા પણ ખેદ ન કરો, ઈશ્વર બધું સારૂં કરશે, હજી પણ મારી પાસે આને મારવા માટે દશ ઉપાયો છે, માટે એ કુમારને હું મારા બુદ્ધિબળથી જ મારીશ. તમો સુખેથી નિશ્ચિંતપણે રહો." આમ ગુપ્ત સલાહ કરી તે સર્વે બાળકો **પ્રદ્યુમ્નને** સાથે લઈ વિજ્યાર્દ્ધગિરિની શોભા જોતા ભમતા હતા તેવામાં અનેક વૃક્ષોથી વિંટાયેલ, સેંકડો શાખાઓથી મનોહર, મોટા ફળોથી વ્યાપ્ત તથા જેમાં અનેક ભમરાઓ ગુંજારવ કરી રહેલા છે તેવા આમ્રવૃક્ષને જોઈ **વજ્રમુખ** બોલ્યો કે, "હે અર્ભકો! પૂર્વે થઈ ગયેલા વૃદ્ધ પુરૂષો કહી ગયા છે કે જે પુરૂષ આ આમ્રવૃક્ષ ઉપર ચડી અતિ પાકેલાં ફળો ખાય તે પુરૂષ નિત્ય યૌવન મેળવી આવે." આ પ્રમાણે વચન સાંભળી **પ્રદ્યુમ્નકુમાર** તે મનોહર આમ્રવૃક્ષ ઉપર ચડી ગયો. તેની એક ઉંચી શાખા ઉપર બેસી ફળો લઈ છરીથી કટકા કરી ખાવા લાગ્યો. મહા બળવાન કુમાર તેની ઉપર મનમાં નિશંકપણે ક્રીડા કરતો કરતો ઘણો વખત રહ્યો, તે સમયે તેનો અધિષ્ઠાયક દેવ કપિરૂપ ધરી ત્યાં આવી ક્રોધથી બોલ્યો કે, "અરે! પાપી! મારા આમ્રવૃક્ષ ઉપર ચડી મારી રજા વગર ફળ કેમ ખાય છે? ઉભો રહે, તને હું ફળ ચાખવાનું ફળ હમણાંજ બતાવી દઉં." આ

વચન સાંભળી **કૃષ્ણપુત્ર** બોલ્યો, "રે, રે, મૂઢ ! તું જાણતો નથી કે વૃક્ષો પરોપકાર માટે જ વાવેલાં છે ! ફળનો સ્વાદ લેવામાં અંતરાય કરનાર બાવળના વૃક્ષ સમાન તું દેખાય છે, માટે નીચ કૃત્ય કરવાથી તું દેવ નથી પણ ખરેખર સુરાધમ છે." આમ કહેવાથી મહા ક્રોધયુક્ત થયેલો તે દેવ કુમારની સાથે સંગ્રામ કરવા લાગ્યો. કુમારે તેને આખરે જીતી લીધો ત્યારે પોતાનું કપિનું રૂપ છોડી દઈ સ્વાભાવિક રૂપ ધરી હાથ જોડી પ્રણામ કરતો તે દેવ બોલ્યો કે, "અજાણતાં થયેલા મારા અપરાધને આપ ક્ષમા કરો તથા યથાશક્તિ હું જે આપું તે આપ કૃપા કરી સ્વીકારો." આમ કહીને દેવે કુમારને એક અમુલ્ય મુકુટ આપ્યો તથા આકાશમાર્ગે ગતિ કરાવનારી બે પાદુકા આપી કહ્યું કે, "હે મહાભાગ ! હું આપનો કિંકર છું માટે ફરીથી પણ મારા જેવું કાર્ય ફરમાવશો." આમ કહી તે દેવ કુમારને આમ્રવૃક્ષની તળે મૂકી અદૃશ્ય થયો.

પુષ્પોથી પૂજીત તથા અલંકારોથી ભૂષિત થયેલા **પ્રદ્યુમ્નને** જોઈ **વજ્રમુખાદિક** બાળકો ઇર્ષ્યા રૂપ અગ્નિથી પૂરિત થયા. **પ્રદ્યુમ્ને** તેઓની આગળ સર્વ કથા કથન કરી. આવી રીતે **સાતમો લાભ** સંપાદન કરી ફરી લાભ માટે સ્પૃહાલુ થયો.

## લાભ ૮ મો

**મદન** સહિત સર્વ બાળકો રમતા રમતા આગળ ગયા ત્યારે જેમાં ઘણાં પાકેલાં કોઠનાં ફળો રહેલાં છે તેવું કપિત્થ નામે એક વન જોવામાં આવ્યું તે જોઈ **વજ્રમુખ** બોલ્યો કે અધિષ્ઠાયક દેવવાળા આ વનમાં જે પ્રવેશ કરે તે વચનથી કહી ન શકાય તેવી નિર્મળ કાંતિ પામે. "ત્યારે હું જ આમાં

એકલો જઈશ." એમ કહી **પ્રદ્યુમ્ન** તે બાળકોની આજ્ઞા લઈ કપિત્થ નામના વનમાં ગયો. ત્યાં કોઠના વૃક્ષ ઉપર ચડી પાકેલા કોઠના ફળો ભાંગી ખાઈને છાલનો ભાગ નીચે ફેંકવા લાગ્યો. તે સમયે અંજન સમાન શ્યામ વર્ણવાળા, મુશલ સમાન લાંબા દાંતવાળા, શુંઢને વારંવાર ઉછાળતા તથા ગંડસ્થલમાંથી ઝરતાં મદજલવાળા હાથીના રૂપને ધરી એક દેવ આવ્યો. પોતાની શુંઢ ઉંચી કરી કુમારને ગ્રહણ કરવા યત્ન કરે છે તેજ ક્ષણે ગજશિક્ષામાં ચતુર તે કુમાર ગજશિક્ષાથી ગજને વશ કરી ગજના બે દાંત ઉપર પગ મૂકી સત્વર તેની ઉપર ચડી ગયો. અને કુમારે ગંડસ્થલ ઉપર થપ્પડો મારી તેને મદ રહિત કર્યો. વશ થયેલો ગજ-સુર બોલ્યો કે, "હું તમારો દાસ છું, માટે કામ પ્રસંગે મારૂં સંસ્મરણ કરજો." આ પ્રમાણે કહીને તે ગજસુરે આમળાં સમાન મોટાં મોતીનો એક હાર કુમારને બક્ષિસ કરી કોઠના વૃક્ષની નીચે ઉતાર્યો. હસતો કુમાર ગહન વનમાંથી બહાર નીકળી કુમારોને મળ્યો. અમૂલ્ય હારથી પૂજાયેલા તેને જોઈ સર્વ બાળકોનાં મુખ ઈર્ષ્યાને લીધે શ્યામ થયાં. સઘળી વાર્તા કહેતાં કુમારે **આઠમા લાભની** પ્રશંસા કરી.

## લાભ ૯ મો

ક્રીડામાં લંપટ થયેલા દુષ્ટબુદ્ધિ તે બાળકો સદ્‌બુદ્ધિ-વાળા કુમારની સંગાતે જરા આગળ ચાલ્યા ત્યારે એક શ્રૃંગ નામે આવેલા ગિરિને જોઈ **વજ્રમુખે** કહ્યું, "બંધુઓ! વૃદ્ધ પુરૂષોનું વચન મેં સાંભળેલું તે અનેક કૌતુક સંપન્ન,

દૂર રહેલા ઉંચા પર્વતને જોઈ મને યાદ આવવાથી કહું છું. એક શ્રૃંગ નામના ગિરિ ઉપર જનાર માણસ અવર્ણનીય સંપત્તિનો લાભ પામે." આ વચન સાંભળી હર્ષથી **પ્રદ્યુમ્ન** મોટાભાઈ **વજ્રમુખને** કહે છે કે, "ભાઈ તમારી આજ્ઞા હોય તો અહીંયાં પણ હું જ જાઉં! કારણ કે તમારી આજ્ઞા મને બહુ જ લાભદાયક છે." ત્યારે જ્યેષ્ઠ બંધુ **વજ્રમુખે** કહ્યું કે, "હે ભાઈ! ભલે, તું જા." આમ કહેવાથી **પ્રદ્યુમ્નકુમાર** સિંહની ગર્જનાને લીધે અતિ ભયંકર લાગતા એક શ્રૃંગ ગિરિ ઉપર જઈ ઉંચા શિખર ઉપર બેસી કેસરી સિંહની પેઠે સિંહનાદ–ગજનાદ હયનાદ કરવા લાગ્યો.

આવી ગંભીર ગર્જના સાંભળી ઘોર નિદ્રામાંથી જાગી ઉઠેલો ભુજંગેશ્વર પોતાની ફણાઓ ઉંચી કરી ફુંફાડા નાખતો આવી કુમારની સાથે સંગ્રામ કરવા લાગ્યો. ભયાનક યુદ્ધ કરતાં કુમારે તેનું મુખ પકડી જીતી લીધો. પોતાનું મુખ પકડાઈ જવાથી નિર્બલ થયેલો તે દેવ નાગનું સ્વરૂપ છોડી દઈ મૂલ રૂપ ધરી અતિ નમ્ર થઈ કહે છે, "હે વીર શિરોમણિ! તમે તો જો કે નિસ્પૃહ છો તો પણ આ તમારા સાહસથી પ્રસન્ન થઈ હું જે આ કાંઈ આપું તે ગ્રહણ કરી મારી ઉપર અનુગ્રહ કરો." આમ કહીને તે દેવે એક ઉત્તમ અશ્વ, હીરાની મુદ્રિકા તથા હીરાથી જડેલા કવચવાળી એક છરી આપી કુમારને સંતુષ્ટ કરી કહ્યું કે, "મહારાજ! હું આપનો જ અનુચર છું, એમ ધારી મારા યોગ્ય કામકાજ ફરમાવજો તથા પુનઃ પધારી મારૂં ઘર પાવન કરજો." આમ કહીને કુમારને તે ગિરિની નીચે ઉતારી અદ્દશ્ય થયો. કુમાર

ત્યાંથી અશ્વ ઉપર ચડી ભાગ્યહીન તે બાળકો જ્યાં બેઠા હતા ત્યાં આવ્યો. સહીસલામત આવેલા કુમારને જોઈ તેઓની આંખમાં ક્ષાર પાત થયો. તે બાળકો પરસ્પર વિચાર કરે છે કે, હવે આપણે શું કરવું? આ સમયે દૈવ પ્રતિકૂલ હોવાથી જે ધારીએ છીએ તેથી વિપરીત બને છે. ધારેલી કોઈપણ વાત સિદ્ધ થતી નથી માટે આપણે આ કામ છોડી દઈએ; આમ ચિંતાથી આકુલવ્યાકુલ થયેલા બાળકોને જોઈ **વજ્રમુખ** બોલ્યો કે, "અર્ભકો! તમો જરા પણ ચિંતા ન કરો, કારણ કે આ કુમારને મારવા માટે મારી આગળ ઘણા ઉપાયો છે તેથી થોડા વખતમાં જ એનો સંહાર કરીશ." આવી રીતે વાતચીત કરે છે તેવામાં મહા આડંબરપૂર્વક કુમાર તેઓની આગળ આવ્યો ત્યારે **વજ્રમુખ** હસી બોલી ઉઠ્યો કે, "ભાઈ સુખેથી આવ્યો કે? કોઈ જાતની અડચણ તો નથી આવી કે?" "ના, ભાઈ! હજી સુધી તો આપ જેવા સ્નેહી બંધુઓના પ્રસાદથી કોઈ જાતની પણ હરકત આવી નથી." આમ કહેતો કહેતો કુમાર બાળકોની મધ્ય પંક્તિમાં બેઠો. મુખ ઉઘડતાં વિસ્તીર્ણ થતા દંતપંક્તિના અંશુજાલોથી સ્વકીય અધરને વિશદ કરતા **પ્રદ્યુમ્નકુમારે** અશેષ વૃત્તાંત તેઓની આગળ નિવેદન કરીને તે વિષે પ્રતીતિકારક અશ્વરત્નાદિકની નિશાની બતાવી, "આ નવીન **નવમો લાભ** આપ સજ્જનોની કૃપાથી જ મળ્યો છે," એમ કહી, ગ્રહોના મધ્ય ભાગમાં રહેલા શરદ ઋતુની પૂર્ણિમાના ચંદ્રમાની પેઠે બાળકોના મધ્યમાં રહેલો મહા બળવાન **પ્રદ્યુમ્નકુમાર** હર્ષિત થઈ ગમતમાં આસક્ત થયો.

## લાભ ૧૦ મો

કપટથી સ્નેહ દર્શાવિનારા બાળકો **પ્રદ્યુમ્નને** લઈ અનેક વિવિધ કેલિ કરતા કરતા રાવણુ નામે ગિરિ આગળ ગયા. ત્યારે વજ્રસદશ કઠન મનવાળો મહાપાપી અગ્રજ **વજ્રમુખ** બોલ્યો, "વૃદ્ધ પુરૂષો આ રાવણુ નામના પર્વતને મહાપ્રતાપી કહી ગયા છે, જે પુરૂષ આ ગિરિ ઉપર ચડે તે ભાગ્યવાન્ પુરૂપ બહુ સંપત્તિ મેળવી આવે."

આ વાત સાંભળતાં રોમાંચરૂપ કવચને ધારણુ કરનાર તથા વિશાળ વક્ષસ્થલને લીધે પોતાનું શુભ ભાગ્ય સૂચવતો અને બળવાન પુરૂષોમાં ધુરંધર તે **કૃષ્ણુ પુત્ર,** પોતાની કમર કસીને સત્ત્વરૂપ પાથેય સાથે વાનરની પેઠે એકદમ તે ગિરિ પર ચડી ગયો. તે ગિરિનો અધિષ્ઠાતૃદેવ મનુષ્યનો અવાજ સાંભળી એકદમ લાલ નેત્ર કરતો કરતો આવી કુમારને કહે છે કે, "અરે બાળ! મારા નિવાસ પર્વત ઉપર કેમ આવ્યો છે? અરેરે મૂઢ! તને તારી જીંદગી વહાલી હોય તો જેમ ચડ્યો તેમ અહિંથી પાછો ઉતરી જા નહીંતર અમૂલ્ય આ દેહ ગુમાવીશ."

ગુણુ રૂપ રત્નોનું ઉત્પત્તિ સ્થળ, સત્ત્વને રહેવાના મંદિર સમાન **પ્રદ્યુમ્નકુમાર** દાંતની પ્રભાથી અધરને ઉજ્વલ કરતા બોલ્યા, "અરે મૂર્ખ! હું અહિંથી નીચે ઉતરવા માટે ચડેલો નથી પણુ ખાસ રહેવા માટે જ અહિંયા આવેલો છું; તને અહિંથી કાઢી મૂકી હું મારૂં નિવાસગૃહ કરીશ.

આમ કહેવાયલો દેવ મનમાં વિચાર કરે છે કે આ પુરૂષ મારા કરતાં અધિક બળવાન તથા સાહસિક દેખાય છે

તેથી આવા મહા પરાક્રમી પુરૂષની સાથે કોઈપણ યુક્તિથી મિત્રતા કરવી યુક્ત છે નહીંતર મારૂં સર્વસ્વ લઈ લેશે. આવી રીતે અંતઃકરણમાં વિચાર કરી બોલ્યો, "મહારાજ ! મારી ઉપર કૃપા કરો. તમને વશ થયેલો હું તમારો આજ્ઞાનુસારી એક દાસ છું, તેથી હું આપને જે કંઈ ઉપહાર આપું તે સૌમ્યદૃષ્ટિથી આપ સ્વીકારો." એમ કહીને કંઠનું એક આભૂષણ, બે બાજુબંધ, બે કડાં તથા એક કંદોરો, એટલી વસ્તુ આપી. કુમાર સર્વ અલંકારો પહેરી પર્વતની નીચે આવી તે બાળકોને મળ્યો. **વજ્રમુખાદિક** ઉપરથી સ્નેહ દર્શાવતા આલિંગન કરવા લાગ્યા તેઓની આગળ કુમારે **દશમો લાભ** નિવેદન કરનારૂં અખિલ વૃત્તાંત કહી જણાવ્યું.

## લાભ ૧૧ મો

બાળકો રમતા રમતા વરાહવદન નામે પર્વતની તળેટીમાં આવ્યા. તે વખતે **વજ્રમુખ** બોલ્યો, "બંધુઓ ! તમે સાંભળો. આ સન્મુખ રહેલા વરાહવદન નામે ગિરિ ઉપર જે પોતાની શક્તિથી ચડી જાય તે પુરૂષ તેના અધિષ્ઠાતા દેવ પાસેથી પૂજા પામે." આ સાંભળતાં પ્રદ્યુમ્નકુમાર અતિ વિષમ તે ગિરિ ઉપર ધીમે ધીમે પગ મૂકતો ચડી ગયો. તે પર્વતનો અધિષ્ઠાતા દેવ પોતાનું મુખ ફાડી બેઠો હતો તેના મુખમાં પ્રદ્યુમ્ન આવ્યો કે તરત જ ઓગાળી જવાની ઇચ્છાથી પોતાનું મુખ બંધ કરવા લાગ્યો, તે જ સમયે પ્રદ્યુમ્નકુમારે પોતાની કોણી વતી તેના સમગ્ર દાંત પાડી નાંખ્યા અને તેના મુખમાંથી સુખેથી કુમાર નીકળી ગયો.

આવાં અનુપમ બળ તથા સાહસથી પ્રમોદ પામેલા તે દેવે સમીપ આવી પ્રણામ કરી, "**જય**" નામે એક **શંખ** તથા પુષ્પનું બનાવેલું એક **ધનુષ** કુમારને આપ્યું પછી કર સંપુટ કરી સુધા સમાન વાણીથી બોલ્યો, "હું આપને વશ છું માટે કાર્ય પ્રસંગે મારૂં સ્મરણ કરશો કે તરત જ આપની સેવામાં આ દાસ હાજર થશે." આ પ્રમાણે પૂજાને પામી કુમાર તે ગિરિ ઉપરથી સુખેથી નીચે ઉતરી ઈર્ષ્યાથી કલુષિત તે બાળકોને મળ્યો. તેઓને ત્યાં થયેલી સર્વ વાર્તા સંભળાવી. આ વાત સાંભળતાં કુમારો અતિ દુઃખી થયા. પ્રદ્યુમ્નકુમાર આ **અગીયારમો લાભ** પામી આનંદ પામતો પામતો ક્રીડામાં તત્પર થયો.

## લાભ ૧૨ મો

સર્વ બાળકો મળી અનુક્રમે પદ્મવન નામના વનમાં ગયાં ત્યારે મહા શઠ **વજ્રમુખે** કહ્યું કે, "જે પુરૂષ જરાપણ ભય ન રાખતા આ વનમાં પ્રવેશ કરે તે પુરૂષ નિર્ભય લક્ષ્મીનો સંપાદક થાય." આ સાંભળી **પ્રદ્યુમ્નને** ત્યાં જવાનું મન થયું તેથી તેણે વજ્રમુખને કહ્યું કે, "જો આપ રજા આપો તો હું ત્યાં જાઉં." તેના પ્રત્યુત્તરમાં તેણે કહ્યું, "તારી જેવી ઈચ્છા." આમ રજા મેળવી કુમારે વનમાં પ્રવેશ કર્યો. જ્યાં અંદર જાય છે ત્યાં અતિ મજબુત રીતે બાંધેલો તથા ઉંચે સ્વરે રૂદન કરતો એક વિદ્યાધર જોવામાં આવ્યો. અત્યંત દયાળુ **પ્રદ્યુમ્નકુમાર** તે પુરૂષને પૂછે છે કે, "અરે ભાઈ! તું કોણ છે અને તને શા કારણથી આવી દશા પ્રાપ્ત થઈ છે? હે મિત્ર! હું તારો ઉત્તમ મિત્ર છું માટે મનમાં શાંતિ રાખી કહે."

વિદ્યાધર બોલ્યો, "હે મહાભાગ ! મારા કોઈ સદ્‌ભાગ્યનો ઉદય છે કે જેથી તમે અહિં આવી પહોંચ્યા. હું પૃથ્વીમાં "મનોજવ" એ નામથી પ્રખ્યાત એક વિદ્યાધર છું. હે સ્વામિન્! આ પદ્મવન નામે વનમાં વસંતક નામે એક વિદ્યાધર રહે છે તે મારા પૂર્વ ભવનો વૈરી છે. તે વિદ્યાધરે પૂર્વ વૈરને લીધે મને બાંધી લીધો છે. અને હે કરૂણાના સમુદ્ર ! તમે મારા નિષ્કારણ બંધુ છો, માટે તમે મને આ દુઃખદાયક દૃઢ બંધનથી મુક્ત કરો." આ વચન સાંભળતાં તરત જ પ્રદ્યુમ્નકુમારે તીક્ષ્ણ ધારવાળી છરીથી તેનાં સમગ્ર બંધનો કાપી મનોજવ વિદ્યાધરને દૃઢ બંધનથી નિર્મુક્ત કર્યો. કેમકે સૂર્યનો તથા સજ્જનનો ઉપકાર કરવા રૂપ સમાન ધર્મ હોય છે. જગતનો ઉપકાર કરતી વખતે એ બન્નેને સજ્જન દુર્જન સંબંધી કશો પણ વિચાર હોતો નથી.

તે વિદ્યાધર જે ક્ષણે બંધનથી મુક્ત થયો તેજ ક્ષણે પ્રદ્યુમ્નને પૂછ્યા સિવાય સત્વર દોડી જઈ પોતાના શત્રુ વસંતક વિદ્યાધરના કેશ મજબૂત પકડી કુમારની આગળ ખેંચી લાવ્યો અને કુમારને કહે છે કે, "તમે તો મારા પ્રાણદાતા છો, નિષ્કારણ ઉપકાર કરનારા છો. હે મહારાજ ! તેવી કોઈ અમૂલ્ય ચીજ નથી કે જે ચીજ આપી તમે કરેલા ઉપકારનો બદલો વાળી શકું, તો પણ મને તમારો સેવક જાણો અને મારી ભેટ સ્વીકારો." આમ કહીને મનોજવ વિદ્યાધરે કુમારને ઉત્તમ બે વિદ્યા, મોટી કીંમતનો મનોહર એક મોતીનો હાર તથા ઇંદ્રજાલની વિદ્યા આપી. ત્યારે કુમારે કહ્યું કે, "હે મિત્ર! જ્યાં સુધી તું આ તારા

શત્રુને છોડીશ નહીં ત્યાં સુધી હું આમાંની એક પણ વસ્તુ લેવાનો નથી.” ત્યારે મનોજવે કહ્યું કે, “હે સ્વામિન્! જે અનુચર પોતાના સ્વામિનું કહ્યું ન કરે તે અનુચરજ ન કહેવાય માટે આપ તો પ્રભુ છો તેથી મારે તમારૂં વચન માનવું જ જોઈએ, તો હવે તમારા કહેવા મુજબ આ મારા શત્રુને છોડી મૂકું છું.” આમ કહીને મનોજવે પોતાના શત્રુ વસંતકને છોડી મૂકયો. પછી પ્રદ્યુમ્નકુમારે તે બંનેને હિત-કારક વચન કહ્યું કે, “હે મનોજવ! તથા વસંતક! તમો બંને જણા પરસ્પર ગાઢ આલિંગન કરી અન્યોન્ય મૈત્રી કરો અને પૂર્વ વૈર છોડી દો, હું આ વાતમાં સાક્ષી બેઠો છું.”

માંત્રિક પુરૂષના કહેવા મુજબ જેમ નાગ કરે છે તેમજ **પ્રદ્યુમ્નનાં** કહેવા પ્રમાણે તે બંને જણાએ કર્યું. તે પછી મનોજવે આપેલી સર્વ વસ્તુ કુમારે સ્વીકારી લીધી. તે સમયે વિદ્યાધર **વસંતકે** વિચાર કર્યો કે, મારી પુત્રીને યોગ્ય આ જ પતિ છે, એમ ધારી, સર્વ અંગોમાં અલંકાર પહેરાવેલી, સર્વ શુભ લક્ષણોથી સંપન્ન તથા પૂર્વે કરેલાં પુણ્યને લીધે જ મળી શકે તેવી પોતાની **તિલકસુંદરી** નામની પુત્રીનો કુમારની સાથે શુભ મુહૂર્તમાં ઉદ્વાહ કર્યો. **પ્રદ્યુમ્નકુમાર** તેણીની સાથે કેટલોક વખત ક્રીડા કરતો કરતો ત્યાં જ રહ્યો.

પલ્લવન નામના વનની બહાર રહેલા મહાદ્વેષી **વજ્ર-મુખાદિક** બાળકોએ વિચાર કર્યો કે, આપણાં ધારેલાં કાર્યો આજે સાર્થક થયાં; અત્યાર સુધી હજી તે આવ્યો નહીં

તેથી આપણાં રાજ્યનો ધણી થનારો આજ તો નક્કી મુઓ, આવી રીતે અતિ આનંદ પામતા તે બાળકો કંદોઈને ત્યાંથી મીઠાઈ લઈ ઉત્સાહથી ખાવા લાગ્યા. થોડા વખતમાં, વામભાગમાં બેઠેલી તિલકસુંદરી નામની પત્ની સહીત તથા અનેક ગંધર્વો સહિત, વિવાહની સામગ્રીથી સંપન્ન **પ્રદ્યુમ્નકુમાર** વિમાનમાં બેસી આવ્યો તે જોઈ બાળકોએ વિચાર કર્યો કે, અરે આ કોણ આવતો જણાય છે? આમ વિચાર કરે છે ત્યાં તો ક્ષણવારમાં બાળકોની આગળ સૂર્ય સમાન તેજસ્વી વિમાન આવી ઉભું રહ્યું, અને તેમાંથી કુમાર એકદમ બહાર નીકળ્યો. કુમારને જોઈ વજ્રમુખાદિક સારૂં લગાડવા બોલ્યા કે, "ભાઈ! આવો, આવો, ભલા, એટલો વિલંબ કેમ થયો? ભાઈ, સર્વ હકીકત કહી બતાવ." આ પ્રમાણે તેઓએ કપટથી પૂછ્યું, ત્યારે સરલ બુદ્ધિના **પ્રદ્યુમ્ને** પોતાના વિવાહ પર્યંત સર્વ હકીકત કહી જણાવી. **બારમો લાભ** સાંભળી બાળકોની ઈર્ષ્યામાં વધારો થયો. ઘણા કાષ્ઠોથી પણ નહીં સંતુષ્ટ થતા અગ્નિની માફક પ્રદ્યુમ્નકુમારને આ **બારમો લાભ** મળવાથી પણ હજી સંતોષ ન થયો અને અન્ય લાભ સંપાદન કરવા ઉત્સુક થયો.

## લાભ ૧૩ મો

એક દિવસે વૈતાઢ્ય ગિરિ ઉપર રમતા બાળકો ફરતા ફરતા કાલવન નામે વન આગળ આવ્યા, તે વનથી દૂર રહીને **વજ્રમુખ** બોલ્યો, "જે આ વનમાં જાય તે ઉત્તમ શ્રીને પામે." આ વાત સાંભળી કુમાર લોભથી લોભ વધે

છે, આ ન્યાયની સત્યતા કરતો સત્વર તે વનમાં ગયો. તે વનમાં શીતલ છાયાવાળા રમણીય પ્રદેશમાં આવી યથેચ્છ ક્રીડા કરવા લાગ્યો, મદોન્મત્તની માફક કુદકા મારવા લાગ્યો તથા હસવા લાગ્યો. આવા ઉન્માદ ધ્વનિને સાંભળી તે અરણ્યનો અધિષ્ઠાતા દેવ પ્લુતસ્વરથી પોકારતો યુદ્ધ કરવા આવ્યો. **પ્રદ્યુમ્નકુમાર** તે દેવને જીતી લઈ તેને નીચે પછાડી નાખી તેની છાતી ઉપર ચડી પોતાની દૃઢ મુષ્ટિનો પ્રહાર કરવા તત્પર થાય છે તે જ ક્ષણે તે દેવ બોલ્યો કે, "કૃપાળુ! મને છોડી દો, હું તમારો નિરંતર દાસ છું અને આજથી તમો મારા સ્વામી છો, આમ તે દેવે આજીજી કરી ત્યારે કુમારે તેને છોડી મૂકયો. તે દેવે કહ્યું કે, "હું તમારા સાહસ તથા બળથી સંતુષ્ટ થઈ તમને કંઈક આપવા ઉત્સુક છું, તો તે આપ સ્વીકારી લેશો." આમ કહી તે દેવે કુમારને ૧ મદન, ૨ મોહન, ૩ તાપન, ૪ શોષણ, તથા ૫ ઉન્માદન, આ પાંચ બાણો સહીત કૌસ્તુભ નામે એક ધનુષ્ય આપ્યું. પછી નમ્રતાપૂર્વક બોલ્યો કે, "હે દયાસિંધુ! કોઈ પણ કાર્ય પ્રસંગે મને આજ્ઞા કરી આ દાસને કૃતાર્થ કરશો." આમ કહી તે દેવ કુમારને થોડેક સુધી વળાવા ગયો. **પ્રદ્યુમ્ને** તેને પાછો વાર્યો ત્યારે તે દેવ સ્વસ્થાને ગયો અને કુમાર તે વનની બહાર આવ્યો. ઉત્સાહિત થઈ ચાલ્યા આવતા કુમારને જોઈ તે બાળકો નિરૂત્સાહ થયા અને છલથી કુમારને મળ્યા. આવો શ્રેષ્ઠ **તેરમો લાભ** મળવાથી હર્ષિત થયેલા કુમારે બાળકોની આગળ સર્વ વાર્તા કહી બતાવી.

## લાભ ૧૪ મો

છલપરાયણ તે બાળકો છલરહીત કુમારને એક દિવસે ભીમ નામની એક ગુફા આગળ લઈ ગયા; ગુફાથી જરા દૂર રહી **વજ્રમુખ** બોલ્યો, “જે માણસ આ ગુફામાં પ્રવેશ કરે તે માણસને અદ્ભૂત લક્ષ્મી પોતે વરે.” આમ જ્યાં કહ્યું કે તરત જ તે કુમાર નિઃશંકપણે તે ગુફામાં ગયો. તે ગુફામાં અધિષ્ઠાતાપણે રહેનારો કોઈ એક દેવ મહા નાગનું રૂપ ધરી મોટી ફણાઓનો આડંબર કરતો આવ્યો, અને ક્રોધ પામેલો તે નાગ કુમારની ઉપર કુંફાડા મારી વિષ વરસાવવા લાગ્યો. તે સમયે કૃષ્ણના પુત્ર **પ્રદ્યુમ્નકુમારે** પોતાના હાથ વતી તે નાગનું મુખ મજબુત પકડી ત્રણવાર ફેરવી મૃતપ્રાય કરી પૃથ્વી ઉપર ફેંકી દીધો.

ફરીને પણ મારા આવા હાલ કરશે, એવી બીકને લીધે નાગનું રૂપ છોડી દઈ પોતાનું ખરૂં દેવ શરીર ધારણ કરી તે દેવે પ્રણામ કર્યા, અને કુમારને પુષ્પમય છત્ર, સ્વચ્છ શ્વેત બે ચામર તથા પુષ્પમય રમણીય એક શય્યા આપી બોલ્યો કે, “મહારાજ! હું તો આપના દાસનો દાસ છું. મારી ઉપર કૂર દૃષ્ટિ નહીં કરતાં કૃપાદૃષ્ટિ કરશો.” આમ કહી તે દેવ કુમારની પાછળ વળાવા ગયો. કુમારે રજા આપી ત્યારે તે દેવ પાછો વળી પોતાનાં સ્થળે ગયો. કુમાર પણ સર્વ સંપત્તિ લઈ ગુફાની બહાર આવી નિજ ભ્રાતૃ વર્ગને મળ્યો અને **ચૌદમો લાભ** દર્શાવનારૂં સર્વ વૃત્તાંત સંભળાવી જાણ કર્યા.

## લાભ ૧૫ મો

એક દિવસે પાપી વિચારના અતિ પાપી સર્વે બાળકો મળી મહાપાપી **વજ્રમુખને** એકાંત સ્થળમાં તેડી જઈ કહેવા લાગ્યા કે, "હે જ્યેષ્ઠ બંધુ ! એ **પ્રદ્યુમ્નકુમાર** મહા ઉત્કટ | ચૌદ ઉપાયોથી પણ નહીં મરતાં ઉલટો કાપી નાંખેલા થોરના વૃક્ષની માફક અધિક સંપત્તિ પામ્યો. માટે હવે આપણે અન્ય સર્વ ઉપાયો છોડી દઈ વિજયાદશમીને દહાડે દેવીને ચડાવવામાં આવતા મહિષની પેઠે પાંચસો જણાએ એકદમ તેની ઉપર તૂટી પડવું અને શસ્ત્રોથી તેને ઠાર કરવો. આવી રીતે બાળકોનો અભિપ્રાય જાણી વજ્રમુખ બોલ્યો કે, "બંધુઓ ! મહા વિદ્યાવાન્, વજ્ર સમાન દૃઢ શરીરવાળો એ કુમાર સેંકડો ખડ્ગોથી પણ મારી શકાય તેમ નથી, અને આ વાતની આપણા પિતાશ્રીને જો ખબર પડે તો પિતાશ્રીની સાથે પણ આપણું વૈર થાય અને આપણી ઉપર પિતાની સદા ક્રૂર દૃષ્ટિ રહે, માટે હે બંધુઓ ! આ તમારો વિચાર મને જરા પણ શ્રેયસ્કર લાગતો નથી. પરંતુ છલથી જ એના પ્રાણ હરણ કરવા એમ મારૂં માનવું છે. હજી પણ આને મારવા માટે મોટા બે ઉપાયો છે અને તે ઉપાયોથી પણ બચી ગયો તો આ બાળકને મારનાર આ જગતમાં કોઈ પણ નથી જ."

આમ વિચાર કરી **પ્રદ્યુમ્નકુમારને** સાથે લઈ તે વજ્રમુખાદિક બાળકો ક્રીડા સારૂં વિપુલ નામના વનમાં ગયા. ત્યાં દૂર ઉભા રહી વજ્રસદૃશ આશયવાળા **વજ્રમુખે** કહ્યું, "ધૈર્યનું જ અવલંબન કરનાર જે પુરૂષ આ વિપુલ નામના

વનમાં જાય તે નર ઉત્તમ લાભ પામે." દશાર્હ કુળમાં ઉત્પન્ન થયેલા **શ્રી પ્રદ્યુમ્નકુમાર** વજ્રમુખના આવાં વાકયો શ્રવણ કરી બોલી ઉઠયો કે, "જયેષ્ઠ બંધુ! તે નર ઉત્તમ લાભ પામે એ તમારૂં વચન જ પ્રથમ શકુન છે એમ પ્રણામ કરી વનમાં જવા ઉત્સુક થયેલા મને કોઈ પણ તમો અટકાવશો નહીં." આમ કહીને એક સાહસરૂપી ધનુષ્યનીજ સહાયતા લઈ કુમાર તે વનમાં ગયો. કેટલોક માર્ગ ઓળંગી વનના મધ્ય ભાગમાં ગયો ત્યારે, ગિરિમાંથી નીકળતી, જળથી પરિપૂર્ણ તથા જાણે પૃથ્વીની કટિમેખલા હોય નહીં શું? તેમ એક નદી જોવામાં આવી. તે નદીના બન્ને બાજુના તટ પર હજારો તમાલ વિગેરેનાં વૃક્ષો હતાં. તે વૃક્ષોના નીચેના ભાગમાં, અંજન સમાન શ્યામ વર્ણવાળી મોટી સેંકડો શિલાઓ જોવામાં આવી.

તેઓમાંની એક શિલા ઉપર પદ્માસન કરી બેઠેલી, મનોહર, નાસિકાના અગ્ર ભાગ પર નિશ્ચલ લોચનવાળી કલાપ સદશ વેણીને ધરનારી, કમલ સમાન આનનવાળી. અષ્ટમીના ચંદ્ર સમાન વિશાળ ભાલવાળી, મુખમાંથી નીકળતા સુરભિ વાયુથી ખેંચાઈ આવેલી ભ્રમરની માળાથી સુંદર લાગતી, કંઠમાં મુકતાનાં હારને ધારણ કરનારી, પદ્મ સમાન નયનવાળી, સ્તનના ભારને લીધે નમી ગયેલાં અંગવાળી, વજ્ર સમાન મધ્ય ભાગવાળી, અમૃત સમાન મધુર વાણીવાળી, સુવર્ણની કટિમેખલાવાળી, કદલી સ્તંભ સમાન સાથળવાળી, ધ્વનિ કરતા નૂપુરવાળી, હંસ સમાન મનોહર ગતિવાળી, મૃણાલની ઉપમા યોગ્ય બે બાહુવાળી, હસ્તમાં રૂદ્રાક્ષની ઉત્તમ

માળા લઈ અભીષ્ટ વસ્તુનો જપ જપતી, અતિ દુઃસહ તપ તપતી, પાપ કર્મોથી વિરામ પામેલી, પૂર્વ દિશા તરફ મુખ કરી બેઠેલી, ક્ષીરસાગર સમાન શ્વેત અંબર ધારણ કરનારી, શીયલ રૂપ અમૂલ્ય અલંકારથી સુશોભિત તથા ઇંદ્ર મહારાજની પુત્રી સમાન ભવ્ય જેનો ચહેરો છે તેવી સોળ વર્ષની એક કન્યા કુમારને નયનગોચર થઈ. તે બાળાને જોતાં વેંત જ **પ્રદ્યુમ્નકુમારને** મનમાં શંકા થઈ કે, આ કોઈ દેવપત્ની હશે કે માનવી હશે ? જરા નીહાળીને જોયું ત્યારે નિમેષવાળાં નેત્રો જોવામાં આવ્યાં તેથી તેને નિશ્ચય થયો કે આ બાળા દેવપત્ની નથી પણ કોઈ માનવી છે. તેનું સ્વરૂપાદિક જોતાં મદન મદનથી પીડિત થયો. આમ પોતાના મનમાં તેણીની હકીકત વિષે જીજ્ઞાસુ તે કુમાર જેટલામાં આમતેમ ભમે છે તે જ ક્ષણે વસંત નામે એક વિદ્યાધર તેની પાસે આવી હાથ જોડી પ્રણામ કરી ઉભો રહ્યો. ત્યારે રૂકિમણી કુમારે તેને પૂછયું કે, "હે વિદ્યાધર ! આ સન્મુખ બેઠેલી બાળા કોણ છે! કોની પુત્રી છે તેની સર્વ હકીકત કહીને મારા સંશયને દૂર કર."

**પ્રદ્યુમ્નકુમારના** વચનો સાંભળી વસંત નામે વિદ્યાધર સુધાસમાન મધુર વાણીથી કહેવા લાગ્યો કે, "મહા પુરૂષ ! વિદ્યાધર પુરનો સ્વામી **વાયુવેગ** નામે ખેચર છે અને **વાણી** એ નામથી પ્રખ્યાત તેની સ્ત્રી છે, તે બંનેની આ પુત્રી છે. તે કન્યા જન્મથી જ સર્વ ઉપર રતિ (પ્રેમ) રાખતી હતી તે ઉપરથી તેણીના માતાપિતાએ "**રતિ**" એવું સાર્થક નામ રાખ્યું છે. અનુક્રમે તે પુત્રી મદનને ક્રીડા કરવાના ઉપવન

સમાન રમણીય યૌવન અવસ્થાને પામી."

"એક દિવસે **વાયુવેગ** વિદ્યાધરના ઘરે એક મુનિરાજ આવ્યા. વિદ્યાધરે ઘણા જ માનપૂર્વક આસન ઉપર બેસાડી વસ્ત્ર, અન્ન પાનાદિક આપી સત્કાર કરી વિનયપૂર્વક કર જોડી મુનિને પૂછ્યું, "હે સ્વામિન્! આપ કૃપા કરી કહો કે મારી પુત્રીરૂપી રત્નનો ઉપભોકતા વરરૂપી રત્ન કોણ થશે ? આ પ્રમાણે વિદ્યાધરનાં વચન સાંભળી મહાજ્ઞાની મુનિ બોલ્યા કે, "રાજન્! તું એકાગ્ર મનથી શ્રવણ કર. સર્વ હકીકત કહી જણાવું છું."

સૌરાષ્ટ્ર દેશમાં આવેલી નવીન, અનેક દરવાજાવાળી, પૃથ્વીનું એક અમૂલ્ય આભૂષણ રૂપ શ્રી દ્વારિકા પુરી છે, લક્ષ્મીપતિ શ્રી **કૃષ્ણ** મહારાજ તે નગરીના અધિપતિ છે; તે કૃષ્ણ મહારાજનો મહા બળવાન મહાભાગ્યવાન અનેક શુભ લક્ષણવાન **પ્રદ્યુમ્ન** નામનો પુત્ર, ભ્રમરની માફક સુખેથી સ્વેચ્છા મુજબ ભમતો ક્રીડા માટે આ વિપુલ નામના વનમાં નિશ્ચે આવશે. હે વિદ્યાધર! તારે તે વરરત્નને તારૂં પુત્રી રત્ન અર્પણ કરી સંતુષ્ટ થવા જેવું છે. રત્નો રત્નની સાથે સંયોગ થવાથી વિધિ પણ લોકમાં ડહાપણભરેલી કહેવાશે. **વિષ્ણુનો લક્ષ્મી** સાથે તથા **ચંદ્રનો રોહિણી** સાથે સમાગમ કરી વિધિ અતિ પ્રસન્ન થયો છે તેમજ તારી પુત્રીની સાથે કૃષ્ણ પુત્રનો મેળાપ કરી સંતુષ્ટ થશે."

"આમ કહીને મુનિરાજ તે વિદ્યાધરને સુકૃતિજનોને અભિષ્ટ ધર્માશિષ આપી ત્યાંથી ઉઠી ઇચ્છા મુજબ ચાલતા થયા."

"હે **પ્રદ્યુમ્નકુમાર**! મુનિજનોની વાણી કદાપિ મિથ્યા

થતી નથી એમ વિશ્વાસ હોવાથી તે વિદ્યાધર રાજા સ્વ-પુત્રીના યોગ્ય પતિ વિષે નિશ્ચિત થયો. તે વિદ્યાધરની **રતિ** નામની પુત્રીને આ વાતની ખબર પડતાં તેજ પતિની પ્રાપ્તિ માટે આ શિલાપર બેસી કેવલ તેજ પતિનું ચિંતવન કરતી તથા એક તેના નામનો જ જપ કરતી નિરંતર તીવ્ર તપ કરે છે, અને સતી સ્ત્રીઓમાં રત્ન સમાન આ સ્ત્રી પોતાના પતિની રાહ જોતી અહિંયાં જ બેઠી છે. હું ધારૂં છું કે, તેણીના કોઈ પુણ્ય પ્રભાવથી પ્રેરાયેલા તમે મુનિના કહેવા પ્રમાણે સર્વ લક્ષણોથી પરિપૂર્ણ અંગવાળા અહિંયાં આવેલા જણાઓ છો. હે મહારાજ ! હું તો એમજ માનું છું કે, આપ નર રત્ન છો તેથી સુવર્ણ અને મણિના યોગની પેઠે તમારા બંનેનો યોગ અતિ પ્રશંસનીય–ઉચિત છે."

મદનથી આતુર થયેલા **મદને** વસંત નામના વિદ્યાધરને કહ્યું કે, "આપે કહેલી સર્વ હકીકત હું કબુલ કરૂં છું પણ સુવર્ણની સાથે યોગ કરવામાં જેમ મણિને લાખની જરૂર પડે છે તેમજ આ કાર્યમાં અમારા બંનેનો સંયોગ કરાવનાર લાક્ષારૂપ તમારી જરૂર છે; ત્રીજા ધણી વગર એ કાર્ય સિદ્ધ થવું સુદુષ્કર છે, માટે આ કાર્યમાં યોગ્ય યોજના તમારે કરવી જોઈએ."

**પ્રદ્યુમ્નના** હર્ષજનક આવાં વચનો શ્રવણ કરી હર્ષિત થયેલા વસંત વિદ્યાધરે, રતિના પિતા વાયુવેગની આગળ જઈને સર્વ હકીકત કહી જણાવી. આ વાત સાંભળતાં જ વિદ્યાધર અતિ આનંદ પામ્યો, કારણ કે તેવા અનુપમ જમાઈની પ્રાપ્તિ થવાથી કયો પુરૂષ પ્રમુદિત ન થાય ! **વાયુવેગ**

વિદ્યાધર તે જ ક્ષણે ત્યાં આવીને પોતાની પુત્રીનો **પ્રદ્યુમ્ન** કુમારની સાથે ઉદ્વાહ કરી પોતાના મનમાં અતિ આનંદ પામ્યો. અમૂલ્ય પુત્રીરૂપી રત્નની સાથે બીજાં પણ અમૂલ્ય રત્નો તથા અશ્વ ગજાદિક ઉત્તમ વસ્તુઓ કુમારને અર્પણ કરી. પ્રદ્યુમ્નકુમાર ત્યાં કેટલાએક દિવસો રહીને **રતિની** સાથે ભોગ સંપત્તિ ભોગવવા લાગ્યો. કારણ કે, ભોગ સંપત્તિ જ ઉદ્વાહરૂપ કલ્પવૃક્ષનું રસાલ ફળ છે. ઘણાક દિવસો વ્યતીત થયા પછી પ્રદ્યુમ્નકુમાર પોતાના શ્વસુરની રજા લઈને **પંદરમા લાભમાં** પ્રાપ્ત થયેલી રતિ નામની ભાર્યાની સંગાથે રથમાં બેસી મહા સમૃદ્ધિ સહિત ચાલતો થયો.

## લાભ ૧૬ મો

રસ્તામાં સન્મુખ ચાલ્યા આવતા **શકટ** નામે એક વિદ્યાધરે આદિત્ય સમાન તેજસ્વી તે કુમારને જોઈ હૃદયમાં પ્રમુદિત થતો થતો તેના ચરણમાં મસ્તક નમાવ્યું અને એક કામધેનુ તથા પુષ્પક નામે એક રથ કુમારને આપી સંતુષ્ટ થયો. સજ્જનો ! આ કેવું આશ્ચર્ય જેવું છે કે જે, આ જગતમાં પૂજ્ય પુરૂષોની પૂજા સત્કાર કરવામાં તત્પર ઘણા લોકો જોવામાં આવે છે જેમ કે, કૃષ્ણની ઉપર પ્રસન્ન થઈને સમુદ્રે **કૃષ્ણને લક્ષ્મી** આપી અને **રૂદ્રને** તો મહાકાલકૂટ **વિષ** આપ્યું.

પછીથી **શકટ** વિદ્યાધર કુમારની રજા લઈ વિદાય થયો ત્યારે મેઘથી મુક્ત થયેલા રવિની માફક પણ તે વનની બહાર નીકળ્યો. ચાલ્યા આવતા કુમારને જોઈ શ્યામ મુખ જેનાં થઈ ગયાં છે તેવા વજ્રમુખાદિક બાળકો આવી છલથી

મળ્યા. પ્રદ્યુમ્નકુમારે તેઓની આગળ **પંદરમાં** તથા **સોળમાં** લાભની વાત કહી બતાવી.

આવી રીતે વજ્રમુખાદિક બાળકોએ કુમારને મારવા માટે ઘણા ઉપાયો કર્યા પણ નિર્ભાગ્ય હોવાથી સર્વ ઉપાયો નિષ્ફળ થયા. ધારેલું કાર્ય સિદ્ધ ન થવાથી ખિન્ન થયેલા તે બાળકોએ **પ્રદ્યુમ્નકુમારની** સાથે શ્રી મેઘકૂટપુરમાં પ્રવેશ કર્યો.

**રતિ** નામની સ્ત્રી સહિત ચાલ્યા આવતા કુમારને જોવા માટે અનેક સ્ત્રીઓ માર્ગમાં મળી; કેટલીક તો ગોખમાં ઉભીને જોવા લાગી. તેમાંથી કોઈ સ્ત્રી નજીક ઉભેલી સ્ત્રીને કહે છે કે, આ સ્ત્રીને ધન્યવાદ આપવો જોઈએ કે, જેણીને આવો અતિ ઉત્તમ ભવ્યાકૃતિ પતિ મળ્યો છે. કોઈ કહે છે કે, આ કુમારને ધન્ય છે કે જેને આવું શ્રેષ્ઠ અમૂલ્ય સ્ત્રી રત્ન મળ્યું છે. આ સ્ત્રીને ખરેખર બ્રહ્માએ પોતાના હાથ વતી બનાવી નથી પણ કેવલ યંત્રથી બનાવેલી છે. કારણ કે, જે વસ્તુ હાથથી બનાવેલી હોય છે તે તો મલીન જોવામાં આવે છે.

કોઈ એક સ્ત્રી કહે છે કે, હે બાળાઓ ! હું પણ એક મારો વિચાર દર્શાવું છું તે સાંભળો. **બ્રહ્માએ** આ બાળકને અતિ ઉત્તમ પરમાણુઓથી બનાવેલ છે, અને તેમાંથી અવશેષ રહેલા કેટલાએક પરમાણુઓથી આ કૃશાંગીને બનાવેલી છે. તેની સાબિતીમાં આ સ્ત્રીની નિમ્ન નાભિ છે. આ સ્ત્રીને બનાવતાં બનાવતાં તેવા પરમાણુઓ ખુટી જવાથી નાભિનો ભાગ ઉંડો રહી ગયો છે.

કોઈ એક બાળા બોલી ઉઠી કે, આ નારીનું મુખ તો ચંદ્ર જ છે, નેત્ર તો કમલ જ છે, અધર તો વિદ્રુમ (પરવાળા) છે, આની દંતપંક્તિ તો કુંદ (ડોલર) પુષ્પની માળા જ છે; નાસિકા તો શુકની ચંચુ સમાન છે; સ્મિત તો ચંદ્ર ગોલિકા જ છે; ત્રણ રેખાથી સુશોભિત કંઠ તો શંખજ છે, વાણી તો સુધારસ જ છે, બે સ્તન તો બે ચક્રવાક પક્ષિ જ છે તથા આની કટીનો ભાગ તો સિંહનો જ જોવામાં આવે છે; તેથી આ જગતમાં જે જે ઉત્તમ વસ્તુઓ જોવામાં આવે છે તે તે વસ્તુઓ આ અબલાએ નક્કી ચોરી લીધેલ છે.

કોઈ એક પ્રમદા બોલી કે, બહેનો ! મને તો તમારા કરતાં વિપરીત જોવામાં આવે છે. જુઓ, આ સ્ત્રીનું મુખ પદ્મ સમાન છે, અધર બિંબફળ સમાન છે, નયન શ્યામ કમલ સદૃશ છે, આ બે ગાલ તો નારંગીના જેવા જ દેખાય છે, આના સ્તન તો દાડિમના આકારના છે, આ તે. ખરેખર કોઈ એક વિચિત્રતા દર્શાવનારી લતા છે, કે જેમાં જુદી જુદી જાતનાં પુષ્પો અને જુદી જુદી જાતનાં ફળો રહેલાં છે; અન્યોન્ય મુખનું પાન કરતાં આ સ્ત્રી પુરૂષનું સંસારનું સુખ અનિર્વચનીય છે.

આવી રીતે નગરવાસી સ્ત્રીઓની વાણી સાંભળી હર્ષ પામતા **પ્રદ્યુમ્નકુમાર** અનુક્રમે કાલસંવર નામના પિતાની સભામાં આવતાં દૂરથી જ પ્રણામ કરતો પાસે આવી પિતાના ચરણમાં મસ્તક નમાવી બહુ જ હર્ષ પામ્યો. **કાલસંવર** રાજાએ તેની પીઠ પર હાથ ફેરવી પ્રેમપૂર્વક કુમારને સોળ લાભ સંબંધી સર્વ હકીકત પૂછી. **પ્રદ્યુમ્નકુમારે** પણ

નિરહંકારપણે સવિનય નમ્રતાપૂર્વક સર્વ હકીકત કહી જણાવી અને **સોળ લાભમાં** મળેલી સકલ વસ્તુઓ બતાવી. પછી કર સંપુટ કરી બોલ્યો કે, "જે કંઈ મને મળ્યું છે તે સઘળો આપનો જ પ્રતાપ છે, મારામાં કાંઈ તેવી શક્તિ નથી."

પુણ્યશાળી પોતાના પુત્ર **પ્રદ્યુમ્નકુમારનું** અતિશય ભાગ્ય જોઈ વિદ્યાધરોનો અધિપતિ **કાલસંવર** ભૂપતિ પરમ આનંદ સમુદ્રમાં મગ્ન થયો. ક્ષણવાર પિતાની પાસે બેસી, પોતાની માતાના ચરણનું અભિવંદન કરવા સારૂ પિતાની રજા લઈ ત્યાંથી ઉઠ્યો. પોતાની માતા આગળ જઈને મસ્તક નમાવી કુમારે પ્રણામ કર્યા ત્યારે તેની માતાએ આસન આપ્યું તેની ઉપર બેઠો; તેની આગળ પણ સકલ વાર્તા જણાવી. તે સાંભળી કનકમાલા ઘણો આનંદ પામી.

બની ગયેલી વાત પુનઃ કહેવા આરંભીએ ત્યારે તે વાત તત્ક્ષણ બનેલી માલુમ થાય છે અને વક્તાને તથા શ્રોતાજનોને તેવો જ આનંદ આપે છે.

અતિ રાજી થતી **કનકમાલાએ** માદક દ્રવ્ય મિશ્રિત મોદકાદિક ઉત્તમ ભક્ષ્ય પદાર્થો ખવરાવ્યા અને પછીથી પંચગંધ સમન્વિત તાંબૂલ ખવરાવ્યું તથા કુમારના સઘળા શરીરમાં કસ્તુરી આદિ સુગંધિ દ્રવ્યથી બનાવેલ અંગરાગનું લેપન કર્યું

સર્વ અંગોમાં સૌભાગ્યવાન્, મણિજડિત મુગુટથી વિરાજતા, અષ્ટમીના ચંદ્ર સમાન વિસ્તીર્ણ ભાલવાળા, કાનમાં પહેરેલા આમ તેમ ડોલતા કુંડલોથી સુશોભિત, હેમકંદ સમાન લાલ ઓષ્ઠવાળા, ચંદ્રની કાંતિ સમાન સ્મિત

(હાસ્ય)વાળા, કર્ણ સુધી પહોંચેલાં દીર્ઘ નેત્રવાળા, ફુલેલ પુષ્ટ ગાલવાળા, તાંબૂલની સુગંધરૂપ વૃષ્ટિને વરસાવનારા મુખ કમલવાળા, સુવર્ણની માળાથી કંઠને શોભાવનાર, પરિઘસમાન બાહુવાળા, પ્રમદાજનોના ધૈર્યને કંપાવી દે તેવા અનુપમ રૂપ લાવણ્યાદિકને ધારણ કરનારા **પ્રદ્યુમ્નકુમારને** જોઈ કનકમાલા તત્ક્ષણે જ કામાતુર થઈ અને તેના ચિત્તમાં કામ સંબંધી અનેક તરેહના વિચારો રૂપી લહેરો ઉછળવા લાગી, જેમકે, "મેં આ કુમાર જન્મથી આરંભીને પાલન કરેલો, અનેક તરેહના લાડ લડાવેલો, ખવરાવી પીવરાવી મોટો કરેલો છે. આ સમયે યુવાન થયેલા તે કુમારની સાથે જો કદી હું ભોગ ન ભોગવું તો તો મારે આ ઉછળતું મારૂં યૌવન વૃથા જ ગયું સમજવું જોઈએ તથા રાજ્ય સંપત્તિ અને સમગ્રકલાઓ પણ વ્યર્થ ગયેલી જાણવી જોઈએ. જ્યાં સુધી તે કુમાર મારા અધરનું પાન ન કરે અને હું તેના અધરનું પાન ન કરૂં, જ્યાં સુધી આલિંગનપૂર્વક અન્યોન્યનું વક્ષસ્થલ ભીંસાયેલું નથી તથા પરસ્પર મુખકમલનું તથા નેત્રનું ચુંબન કરીને અને ઉત્કટ મૈથુન સેવીને જરાપણ અંતર વગર જ્યાં સુધી ન સુવાય ત્યાં સુધી અરણ્યમાં રહેલા પુષ્પની પેઠે મારૂં સર્વ જીવિત વૃથા જ છે, સર્વથા નકામું જ છે."

આવી રીતે **કનકમાલા** કૃપણ માણસની પાસેથી ધન ગ્રહણ કરવાની ઇચ્છાની માફક અઘટિત વિચારો કરવા લાગી. **પ્રદ્યુમ્નકુમાર** તો ક્ષણવાર પછી ત્યાંથી ઉઠી પોતાના મહેલમાં ચાલ્યો ગયો. કુમાર ગયો કે તરત જ કનકમાલા

મૂર્છિત થઈ, દાસીજનોને ખબર પડતાં તરત જ દોડી આવી અને મૂર્છા ઉતારવા માટે જળ સેકાદિક હજારો ઉપાયો કરવામાં દાસીઓએ ખામી ન રાખી. થોડીવાર પછી મૂર્ચ્છા ઉતરી ત્યારે દાસી જનોએ રોગનું કારણ પૂછયું પણ પ્રત્યુત્તર કંઈ પણ ન આપ્યો, કારણ કે, નહીં કહી શકાય તેવી હકીકત અન્ય જનને કેમ કહેવાય? આવી રીતે કૃષ્ણ પક્ષમાં ચંદ્રમાની કલા માફક **કનકમાલા** પ્રતિદિન ક્ષીણ થવા લાગી, અન્ન ઉપર જરાપણ રૂચિ ન થવા લાગી તથા તેવા જ વિચારો ખ્યાલમાં આવવાથી રાત્રીમાં ક્ષણવાર પણ નિદ્રા ન આવતી હતી. **કાલસંવર** રાજાએ પણ અતિ આગ્રહપૂર્વક શરીરની ક્ષીણતા થવાનું કારણ ઘણું પૂછયું પણ તે કનકમાલા કંઈ પણ ઉત્તર નહીં આપતાં કેવલ મૌન રહી. રાજાએ દેશ દેશાંતરોથી મોટા વૈદ્યોને તેડાવી કનકમાલાને બતાવી, કનકમાલાને જોતાં વેંત જ મહાચતુર વૈદ્યોને ચિકિત્સા કરતાં જણાયું કે, "આ સ્ત્રીને માત્ર વિરહ વ્યથાથી જ શરીરની ક્ષીણતા થઈ છે, આ સિવાય અન્ય કારણ નથી." આમ વૈદ્યોને જાણવામાં આવ્યું છતાં પણ આગળ પાછળ વિચાર કરનારા વૈદ્યોએ તે કારણ બીજાઓને નહીં કહ્યું કારણ કે, આ સ્ત્રીનો પોતાનો ભરથાર આની પાસે જ છે તો વિરહવ્યથા અમારાથી કેમ કહી શકાય? આ વિચારને લીધે તે હકીકત કહેવાને સમર્થ ન થયા; છેવટમાં વૈદ્યોએ કહ્યું કે, "આના રોગનું ખરૂં નિદાન અમારાથી થઈ શકતું નથી." "ત્યારે હવે શું કરવું?" આવા વિચારમાં મુંઝાઈ ગયેલો **કાલસંવર** રાજા સભામાં બેઠેલો છે તે સમયે

**પ્રદ્યુમ્નકુમાર** પ્રાતઃકાલમાં પ્રણામ કરવા પિતાની આગળ આવ્યો. પ્રણામ કરી કર જોડી ઉભો રહ્યો, ત્યારે રાજાએ પુત્રને સુધાસમાન મધુર વચને કહ્યું કે, 'રે પ્રિય પુત્ર! તારી પોતાની માતા અતિ દુઃખી છે એ તને ખબર નહીં હોય, માટે જા, કુશલ સમાચાર પૂછ, અને તેની આસનાવાસના કર, કે જેથી તારી માતા તારૂં મુખકમલ જોઈ સંતોષ પામે."

આવાં પિતાનાં વચન સાંભળી વિનયવાન **પ્રદ્યુમ્ન** કુમાર હાથ જોડી બોલ્યો કે, "પિતાજી! મારી જનની રોગાર્ત છે, એ વિષે મને જરા પણ ખબર નથી. હમણાં આપના મુખથી તે વાતની ખબર પડી છે માટે આ પગલે ત્યાં જઈ તે વાતની ખબર પૂછીશ, અને ઉત્તમ વૈદ્યો આગળ તેના બનતા ઉપાયો કરાવી મારી માતાને હમણાં જ રોગ રહિત કરીશ. આ વિષે તમારે ક્ષણવાર પણ વિચાર ન કરવો, સર્વ સારૂં જ થશે."

મધુર વચનોથી પિતાને શાંત કરી તેની રજા લઈ કુમાર માતુશ્રીના મહેલમાં ગયો. જઈ માતૃચરણમાં પ્રણામ કરી કુશલ સમાચાર પૂછ્યા કે, "માતુશ્રી! આપની તબિયત કેમ છે? હું તમારી તબિયત ખરાબ સાંભળી આપની ખબર લેવા આપની પાસે આવ્યો છું. કેમ, હવે તો ઠીક છે ને?" આમ કુશલના સમાચાર પૂછી તેણીની આગળ કુમાર બેઠો. ત્યાં કનકમાલાએ સર્વ પોતાના દાસી વિગેરે પરિવારજનોને દૂર કર્યા અને પોતે બે સિવાય કોઈ પણ માણસ ન રહ્યું ત્યારે **કનકમાલા પ્રદ્યુમ્નને** દૃષ્ટાંતપૂર્વક કહે છે, "પ્રિય **પ્રદ્યુમ્ન**! સાંભળ, તને એક વાત કહું છું. કોઈ એક પુરૂષ

હતો, તેને આમ્રફળ ખાવાની ઇચ્છા થઈ ત્યારે તેણે ઉપવનમાં એક ઉત્તમ આમ્રવૃક્ષ વાવ્યું, તેને ઉછેરી મોટું કરવા સારૂં તે પુરૂષ પોતે પાણીના ભરેલા ઘડાઓથી તે વૃક્ષને પાણી પીવરાવતો અને ભવિષ્યકાળમાં સ્વેચ્છા મુજબ ભોગ લેવાની ઇચ્છાથી અહર્નિશ તેનું પોષણ કરતો; શીત કાળમાં પણ વિવિધ ઉપચારોથી તેની રક્ષા કરતો. એમ કરતાં કરતાં તે વૃક્ષ મોટું થયું અને કેટલેક કાળે તેમાં ફળો આવ્યાં અને તે ફળો અતિ પરિપકવ થયાં છતાં પણ, જેણે એ વૃક્ષ વાવેલું અને જેને માટે અનેક સંકટો જેને વેઠવાં પડ્યાં હતાં તે પુરૂષ તે આમ્રવૃક્ષના ફળનો કશો પણ ઉપભોગ લઈ શકયો નહીં અને અન્ય જનોએ પોતાની કામના પ્રમાણે અહર્નિશ તે આમ્રવૃક્ષનાં ફળનો ઉપભોગ લીધો. કુમાર! તું બુદ્ધિમાન છે તો વિચારીને કહે કે તે પુરૂષને કેટલું દુઃખ થાય ?”

આમ પૂછયું ત્યારે **કૃષ્ણ પુત્રે** કહ્યું, “જનની! આમાં શું પૂછયું? એ તો સર્વ લોક જાણે છે કે તેવા પુરૂષને મહા દુઃખ થાય, એમાં શું? પણ માતુશ્રી! હું પૂછું છું કે, તમે આ દૃષ્ટાંત આપી શું કહેવા માગો છો તે હું હજી સુધી સમજયો નથી, તો આપ કૃપા કરી હું સમજું તેમ સ્પષ્ટ રીતે જે કહેવાનું હોય તે કહો.”

ત્યારે મોટો નિશ્વાસ મૂકી **કનકમાલા** બોલી, “સાંભળ, કુમાર! તારી પોતાની હકીકત કહી સંભળાવું છું. ખરી રીતે પૂછતો હો તો હું તારી મુખ્ય જનેતા નથી, અને તું મારો ખરી રીતે પુત્ર પણ નથી. **કાલસંવર** રાજા તારો

પિતા નથી અને તું તેનો પુત્ર નથી." "ત્યારે હું અહીં ક્યાંથી આવ્યો ?" આમ શંકા તને થાય તેટલા માટે હું કહું છું. એક દિવસે કાલસંવર રાજા ગામ બહાર ફરવા ગયેલ, તે ફરતાં ફરતાં એક શિલા ઉપર સુતેલો તને જોયો. જોતાં વેંતજ રાજાએ ત્યાંથી તને ઉપાડી ગામમાં આવી પોષણ કરવા માટે તને મારા હાથમાં સોંપ્યો; ત્યારથી મેં તને પાળી પોષી મોટો કર્યો અને હવે તું પ્રમદા જનોના હૃદયને મોહિત કરનાર યૌવન પામ્યો છે તેથી આમ્રવૃક્ષની ઉપમા યોગ્ય તારા ભોગને હું કોઈ દિવસ પણ ન પામું અને કુલટા સમાન અન્ય પ્રમદાઓ તારા ભોગને પામે, એ જોઈને મારા મનમાં કેમ ખેદ ન થાય ? કહે, તારી રૂપ સંપત્તિ જોઈ મને અત્યંત પ્રતિદિન કામ પીડે છે. આમાં કહેવાનું તો એટલું જ છે કે, જો તું તારૂં તથા મારૂં કલ્યાણ ઇચ્છતો હો તો તું મારી લાંબા વખતની ઇચ્છા પૂર્ણ કર અર્થાત્ મારી સાથે તું એક વાર ભોગ ભોગવ. દૃઢ આલિંગન દઈ વિયોગજન્ય વ્યથાને દૂર કર. તેની સાથે એક બીજું પણ કહેવાનું તે હું કહું છું, સાંભળ."

"આ મહી ઉપર ઉત્તર દિશામાં અનલપુર નામે એક પુર છે; તે પુરમાં ગૌરીવંશ રૂપ મહાસાગરને આલ્હાદિત કરવામાં ચંદ્ર સમાન **નિષધ** નામે અતિ પ્રખ્યાત રાજા છે; તે મહાન રાજાની હું માનીતી પુત્રી છું અને મહા પરાક્રમી **નૈષેધી** એ નામથી પ્રખ્યાત પુત્ર છે. મારા પિતાનો મારી ઉપર અતિ પ્રેમ હતો તેથી મારા વિવાહની પહેલાં મારા પિતાએ **ગૌરી** નામની મહા વિદ્યા મને આપી છે. કાલસંવર

રાજાની સાથે જે દિવસે મારો વિવાહ થવાનો હતો તે જ દિવસે કાલસંવર રાજાએ પત્નીના પ્રેમને લીધે મને **પ્રજ્ઞપ્તિકા** નામની વિદ્યા આપેલી છે. તે બે વિદ્યાના સામર્થ્યથી મને છોડી ખેચરાધીશ કાલસંવર રાજા બીજી કોઈપણ કામિનીને ઇચ્છતો નથી, કારણ કે માલતીના ગુણ જાણનાર મધુકર માલતીને છોડી ઇતર કુસુમને ઇચ્છતો નથી. તું તારા કૃત્રિમ પિતાથી તથા ભ્રાતૃવર્ગથી જરા પણ ભય રાખીશ નહીં. મને જો તૃપ્ત કરીશ તો તને મારી પાસેથી તે બે વિદ્યા મળશે, જેને લઈ તારો સર્વ લોકમાં વિજય થશે; જો તું મારી ઇચ્છાઓ પૂર્ણ કરીશ તો હું તને સર્વ વિદ્યાઓમાં શિરોમણિ સમાન બે મહા વિદ્યા આપીશ, જે વિદ્યા સાધવાથી આ ત્રણે વિશ્વમાં ક્યાંય પણ તું પરાજય પામીશ નહીં, તથા મહા બળવાન વિદ્યાધરો પણ તને જીતી નહીં શકે. ખરેખર, તારે તો તારા આત્માને અતિ ભાગ્યશાળીજ માનવો જોઈએ, કારણ કે હું કોઈને નહીં ભજનારી, તે હું પોતે પ્રીતિ–પ્રેમ–સ્નેહ તથા ખરા દીલથી બે વિદ્યા રૂપ સમૃદ્ધિ આપી તને ભજવા ચાહું છું, માટે સર્વ શંકાઓ દૂર કરી બેધડકથી આનંદપૂર્વક દૃઢ આલિંગન કરી તું મને ભજ. એમ કરવાથી આપણા બેઉની પરસ્પર પ્રેમ વૃદ્ધિ ચિરકાલ સુધી જારી રહેશે, અને આમાં તારૂં હિત સમાયેલું છે. આવાં કાર્યમાં વિલંબ કરવો મને ઉચિત લાગતો નથી. હવે હું બોલતી બંધ પડું છું.” સત્પુરૂષોમાં અગ્રણી, ધીરશિરોમણિ, શુદ્ધવંશમાં જન્મેલો, સતીપુત્ર શ્રી **પ્રદ્યુમ્ન** કોઈ દિવસ પણ કાને નહીં પડેલાં, તથા નહીં સાંભળી શકાય

તેવાં વજ્ર જેવાં કઠોર, આવાં અપ્રિય વચનો સાંભળી ક્ષણ વાર તો મૌન બની ગયો. થોડો વખત દીર્ઘ વિચાર કરી ધીમેથી બોલ્યો કે, "આપે જે વાત કહી તે વાત સાંભળી, પણ એ વાતનો વિચાર કરીને મારા કુળને દીપાવનારૂં યોગ્ય કાર્ય હશે તો હું પછી કરીશ અને હાલ તો મને તમે એ બે વિદ્યાઓ આપો એટલે તેનો અનુભવ લઈ જોઉં."

આવી રીતે પુત્રના વાકયો સાંભળી કેવળ સ્વાર્થ સાધવામાં જ મગરૂર થયેલી **કનકમાલાએ** "ભવિષ્યકાલમાં મારી ઈચ્છા પાર પડશે," એમ ધારી કુમારને તે બે વિદ્યાઓ આપી.

"વિષ્ટામાં પડેલું પણ રત્ન અવશ્ય ગ્રહણ કરી લેવું" એ ન્યાયને અનુસરી કુમારે પણ તે વિદ્યા તેની પાસેથી સ્વીકારી લીધી; તેને સારૂં લગાડવા માટે કુમારે કહ્યું, "તમે આપેલી બે વિદ્યાની સાધન ક્રિયા સિદ્ધ થયા પછી મને જેમ ઉચિત લાગશે તેમ હું તમારૂં વચન પાળીશ, જરા પણ સંશય રાખવો નહીં, હું પણ તમારી પેઠે તમારી ઉપર પ્રેમી થયો છું."

આવાં સુધા સમાન મધુર વચનોથી તેને શાંત પાડી કુમારે એક ક્ષણવારમાં બે વિદ્યાઓ સાધી સિદ્ધ કરી; કારણ કે ભાગ્યશાળી પુરૂષોને વિદ્યા મંત્રાદિક સિદ્ધ થવામાં જરા પણ વિલંબ લાગતો નથી. વિદ્યા સિદ્ધ થયા પછી વિચાર વગરની **કનકમાલા** બોલી કે, "હવે તમે તમારૂં વચન પાળી મારી કામના પૂર્ણ કરો. કારણ કે, સજ્જન પુરૂષે કહેલું વચન, પથ્થરમાં કોતરેલા લેખ માફક થવું જોઈએ,

માટે તમે પોતે સ્વમુખથી કહેલું વચન પાળવું એ તમારી ફરજ છે."

ત્યારે રૂકિમણીપુત્ર **પ્રદ્યુમ્ને** કહ્યું, "માતુશ્રી, ખરૂં કહું તો તો તમે જ મારી માતા છો, કારણ કે, જ્યારથી હું જન્મેલો ત્યારથી તમે જ મને પાલનપોષણ કરી ઉછેરેલો છે, અને વળી તમો મારી માતા થાઓ છો, એ વાત જગતમાં પ્રખ્યાત છે; બીજું વળી હમણાં તમે મને બે વિદ્યા ભણાવી તેથી તમે મારાં ગુરૂ–આચાર્ય થાઓ છો; આવા મોટા બે સંબંધને લઈને હું તે નીચ કૃત્ય નહીં કરૂં અને ઉત્તમ વંશમાં જન્મેલા તમારે પણ ફરીથી મને ન કહેવા યોગ્ય આવાં વચન ન કહેવાં. આ લોકમાં સકળ જગતને ધિક્કારવા યોગ્ય તે કર્મ મારાથી શી રીતે બની શકે ? ખરેખર, તેવું કૃત્ય તો પરલોકમાં લાંબા વખત સુધી નરકની ગતિ આપનારૂં છે. આ ઉપરથી તમારે મને મિથ્યાવાદિ ન કહેવો, કારણ કે તમારી પાસેથી વિદ્યા લેતી વખતે મેં તમને કહ્યું છે કે, "જો ઉચિત હશે તો તમારૂં વચન પાળીશ," માટે મને આ કૃત્ય ઉચિત ન હોવાથી હું તે કર્મ કરતો નથી."

"બુદ્ધિશાળી પુરૂષે પાપકર્મ કરવામાં કાલક્ષેપ કરવો" એ ન્યાયને અનુસરતો કુમાર આટલું કહી સત્વર ત્યાંથી ઉઠી નીકળી ગયો.

કુમાર એકદમ ઉઠી ચાલતો થયો ત્યારે નિરાશ થયેલી **કનકમાલાએ** વિચાર કર્યો કે, "હાય ! હાય ! આ તો નીચ મને છેતરી મારી પાસેથી બે વિદ્યા લઈ ચાલતો થયો, પણ ફીકર નહીં, હું એક એવું તોફાન રચું કે જેથી તે

દુષ્ટબુદ્ધિ જીવવા જ ન પામે." આમ વિચાર કરી અતિ તુચ્છ બુદ્ધિની તે કનકમાલા પોતાના નખ વતી છાતીમાં રૂધિર કાઢીને એવી ચીસો તથા રાડો નાખવા લાગી કે, જેને લઈને એક ક્ષણમાં સર્વ પરિજનો દોડી આવ્યાં તથા તેણીના શોકના દીકરાઓ પણ હાથમાં વિવિધ શસ્ત્રો લઈ એકદમ દોડી આવ્યાં. "અરે શું છે?" એમ પૂછતાં સર્વ લોકોએ કનકમાલાને ઘેરી લીધી ત્યારે મહા માયાવી કનકમાલા રોતી રોતી ગળગળા સ્વરથી બોલી, "અરે પુત્રો! ખરી રીતે તો તમારો ભ્રાતા નહિ, પણ ભ્રાતા કહેવાતા, યૌવનને લીધે ઉન્મત્ત થયેલા એ પાપી **પ્રદ્યુમ્નકુમારે** મારી સાથે ભોગ ભોગવવાની ઈચ્છાથી આવું નિંદ્ય કર્મ કર્યું, જો કે મેં તો સતીપણાને લીધે તે પાપીની પ્રાર્થનાની ના કહી, છતાં પણ તેણે મારી ઉપર બળાત્કાર કર્યો; છાતીમાં રૂધિર નીકળે છે તે તેનો પુરાવો છે."

માતાના મુખથી આ વાત સાંભળી કુમારને મારવાનો આ સમય છે એમ ધારી **વજ્રમુખાદિક** બાળકો હાથમાં શસ્ત્રો લઈ ત્યાં ગયા કે જ્યાં પ્રદ્યુમ્નકુમાર સુખેથી હસતો બેઠો હતો. જતાં વેંત જ વાક્પ્રહારો કરવા લાગ્યા કે, "અરેરે! નીચ! માતાની સાથે આવું નીચ કર્મ શું કર્યું? આ મહાપાપ કર્મનું ફળ તું હમણાં જ ભોગવ." આમ કહીને કુમારની ઉપર અત્યંત શસ્ત્રપ્રહારો કર્યા, પરંતુ પત્થર ઉપર થયેલા પ્રહારની માફક કુમાર ઉપર થયેલા સર્વ પ્રહારો નિષ્ફળ થયા. મહા ક્રોધ પામેલા, સિંહસમાન પરાક્રમી એકલા કુમારે જ મૃગસમાન નિર્બળ **કાલસંવર** રાજાના પુત્રોને

માર્યા. કુમારે મારા પુત્રોને મારી નાખ્યા, આ વાત સાંભળી મહા કોપાયમાન થયેલો ખેચરોનો અધિપતિ કાલસંવર રાજા પણ કુમારની સન્મુખ આવી ઉભો રહ્યો અને ભયાનક સંગ્રામ કરવા લાગ્યો. **પ્રદ્યુમ્નકુમારે** કનકમાલા પાસેથી મેળવેલી બે વિદ્યાઓની શક્તિથી અનેક શસ્ત્રો કલ્પી કાલ સમાન દુર્ધર **કાલસંવર** રાજાને પણ ક્ષણવારમાં જીતી લીધો અને પોતે ફતેહ મેળવી.

**પ્રદ્યુમ્નકુમારનું** આવું અવર્ણનીય સિંહસમાન પરાક્રમ જોઈ કાલસંવરને હૃદયમાં આશ્ચર્ય થયું કે, જેનું કુળ તથા જાતિ અતિ શુદ્ધ છે તથા નિર્મળવંશમાં જન્મેલા મહા પવિત્ર આ કુમારમાં કોઈ જાતનો માતૃભોગની સ્પૃહાદિકનો સંભવ ઘટતો નથી, કારણ કે, માતૃભોગાદિની વાંછા કરનારા પુરૂષને વિષે એક ક્ષણ પણ વિદ્યાઓ રહેતી નથી અર્થાત્ તે જ ક્ષણે વિદ્યાઓ નાશ પામે છે, જેમ મૃત્તિકાના પાત્રમાં સિંહણનું દૂધ ચિરકાલ સુધી રહી શકતું નથી.

આવી રીતે પૂર્વાપર દીર્ઘ વિચાર કરવામાં મહા ચતુર **કાલસંવર** રાજાને જાણી, પિતૃવધજન્ય પાપથી ભીરૂ **પ્રદ્યુમ્નકુમારે** કર જોડી પિતાને કહ્યું, "હે રાજન્! તમારા કુળમાં જન્મેલા, વિચાર કરવામાં ચતુર આશયવાળા મારામાં આવું નીચ કૃત્ય ઘટે કે નહીં આ વાતનો પોતાના અંતઃ-કરણમાં પૂરતો વિચાર તમારે કરવો જોઈએ, પણ કોઈના કહેવા ઉપર લક્ષ દઈ ફોકટ મારી સાથે તમે યુદ્ધ ન કરો, કારણ કે, લાંબો વિચાર કર્યા વગર કરવામાં આવેલું કાર્ય ભવિષ્યકાળમાં પશ્ચાત્તાપને પાત્ર થાય છે. કહ્યું છે કે :—

**सहसा विदधीत न क्रियामविवेक परमापदां पदम्**
**वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाःस्वयमेव संपदः १**

**ભાવાર્થ**:–કોઈપણ કાર્ય સહસા ન કરવું અર્થાત્ વિચાર કર્યા સિવાય ન કરવું, કારણ કે, અવિવેક–અવિચાર તે પરમ આપત્તિનું સ્થાનક છે અને જો પૂર્વાપર લાંબો વિચાર કરી કાર્ય કરે છે તો તે પુરૂષને, દાક્ષિણ્ય વિવેકાદિ ગુણોમાં લુબ્ધ થયેલી સંપત્તિઓ પોતાની મેળે જ આવી વરે છે.

પ્રથમ તો આપ મને સર્વ વૃત્તાંત પૂછો અને તે સાંભળ્યા પછી તમને જે ઉચિત લાગે તે કરો, પણ કેવલ એક તેણીના કહેવા ઉપર આધાર રાખી વૃથા જોર કરવું એ તમારા જેવા બુદ્ધિશાલી પુરૂષને ઘટતું નથી. કહ્યું છે કે :–

**मा होउ सुयग्गाही ज न वि दिट्ठं तु होइ पच्चक्खे**
**पच्चक्खे वि हु दिट्ठे जुत्ताजुत्तं वियारिज्जा २**

**ભાવાર્થ**:–કોઈપણ વૃત્તાંત જ્યાં સુધી પ્રત્યક્ષ ન જોયું હોય ત્યાં સુધી કોઈના મુખથી સાંભળવા પ્રમાણે પકડી ન બેસવું અને જો કદી તે પોતાને પ્રત્યક્ષ જોવામાં આવેલું હોય તો પણ યુક્ત છે કે અયુક્ત છે એમ આગળ પાછળ વિચાર કરવો."

એવી રીતે કુમારના મુખથી નીતિનાં વચનો સાંભળવાથી રાજાનો ક્રોધ શાંત થયો અને ચિત્ત સ્વસ્થ થયું. ત્યાર પછી **કાલસંવર** રાજાએ પૂછ્યું કે, "પુત્ર ! જે વાત બની હોય તે સાચેસાચી મારી આગળ કહી દે." પિતાનાં વચન શિર પર ચડાવી કુમારે મૂલથી માંડીને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું અને ફરીથી કહ્યું કે, "જો તમોને આ મારા

કહેવા ઉપર પ્રતીતિ ન આવતી હોય તો તમે ત્યાં જાઓ અને તમારી સ્ત્રીની છાતી તપાસી જુઓ કે, પોતાના નખના ઉઝરડા છે કે નહીં. આ માયા રચવાનું કારણ એ છે કે, મેં તેણીના કહેવા મુજબ ન કર્યું તેથી મને મારવાના ઉદ્દેશથી **કનકમાલાએ** આ સર્વ પ્રપંચ રચેલો છે,

મહા બુદ્ધિશાળી **કાલસંવર** રાજા એકદમ પોતાની સ્ત્રી પાસે ગયો, જઈને તેણીના ઉરસ્થલ ઉપર તપાસ કરતાં કનકમાલાએ પોતે જ કરેલા નખના ઉઝરડા જોવામાં આવ્યા, તે જોઈને કુમારના સર્વ વચન પર રાજાને સંપૂર્ણ પ્રતીતિ થઈ. ત્યાંથી પાછો આવી કાલસંવર પશ્ચાત્તાપ થવાથી કુમારને કહે છે, "કુમાર ! મારાથી વિચાર વગર બની ગયેલા મારા અપરાધને ક્ષમા કર. તું તો ખરેખર સત્યવક્તા પુરૂષોમાં અગ્રણી છે તથા યોગિની માફક અખંડ શીલ જાળવી રાખનાર છે. મારી સ્ત્રી તો નિરંતર વ્યભિચારિણી છે અને તેથી જ અસત્ય બોલનારી છે."

**કાલસંવર** રાજા આમ કહીને કુમારનો હાથ પકડી શાંત કરે છે કે, "તું મારા ઘરમાં આવી નિર્ભયપણે રહે, તારે કોઈ જાતની ફીકર રાખવી નહીં, કારણ કે તું મને મારા પ્રાણ કરતાં અધિક વલ્લભ છે," ઇત્યાદિક વચનો કહી આગ્રહ કરી ખેચરેશ **કાલસંવર** રાજા કુમારને પોતાને ઘેર લઈ ગયો. કુમારે વિચાર કર્યો કે, મારે આના ઘરમાં કેમ રહેવું, કારણ કે માતાની સાથે વૈર છે, અને પિતા તેને આધીન છે. તો સર્પવાળા ઘરની પેઠે અહિંયાં રહેવું તે મને ખરેખર યોગ્ય લાગતું નથી. આમ ચિંતાતુર થયેલા કુમાર

ઉદાસ મન કરી બેઠો છે, તેજ સમયે અવસર પ્રમાણે જ આવનારા નારદઋષિ આવી પહોંચ્યા.

એવી રીતે શ્રી રત્નચંદ્ર કવિએ રચેલા શ્રી પ્રદ્યુમ્ન-ચરિત્ર મહાકાવ્યમાં, પ્રદ્યુમ્નને યૌવન પ્રાપ્તિ, સોળ લાભની પ્રાપ્તિ, માતા પિતાની સાથે કલહ તથા નારદનું આગમન ઇત્યાદિ દર્શાવનારો સાતમો સર્ગ સંપૂર્ણ થયો.

卐

✿ તું ભલે પ્રિયજનોના સંયોગને ભાવી મોંઘેરી મૂડી સમજે એને તારી અણમોલ સંપત્તિ સમજે, પણ એ સંપત્તિ ક્ષણિક છે.

બે ક્ષણ આંખો બંધ કરીને...મનને સ્થિર કરીને... એ સંયોગની, સંપત્તિની ક્ષણિકતાનો વિચાર કર...હા, વિચાર કરીને નિરાશ ન બનીશ. આ સંપત્તિ કરતાં પણ વધુ મૂલ્યવાન સંપત્તિ તારી પાસે છે!

✿ પાંચ ઇન્દ્રિયોનાં વિષય સુખો તરફ પણ અનિ-ત્યતાની દૃષ્ટિ કેળવવાની છે. ભલે તારી પાસે આજે વિપુલ વિષય સુખો હોય, પણ એ તારી પાસે કાયમ નથી રહેવાનાં એ વિચાર કરી જ રાખવાનો.

# अथ अष्टमः सर्गः

દૂરથી આવતા મુનિને જોઈ તરત ઉઠી સન્મુખ જઈ વિનયપૂર્વક **પ્રદ્યુમ્નકુમારે** મુનિને પ્રણામ કર્યા, ત્યારે ઋષિએ આશિર્વાદ આપ્યો કે, "બાળક ! લાંબા કાળથી થયેલા તારા વિયોગથી સંતાપ પામતા તારાં માતાપિતાની સાથે તારો સમાગમ તુરત થાઓ." મુનિનું આવું આશીર્વચન સાંભળી કુમારે મુનિને કહ્યું કે, "હે મુનિરાજ, માતાપિતાના ઘરમાં જ રહેલા મને આવો અનુચિત આશીર્વાદ કેમ આપો છો ? મેં તમારી હુંશીયારી જાણી."

મુનિ હસીને બોલ્યા, "પુત્ર ! શું તું હજી સુધી માતા-પિતાને જાણતો નથી ? ત્યારે તું શું જાણીને હસે છે ? સાંભળ, વત્સ, કનકમાલા તથા કાલસંવર એ ખરી રીતે તારા માતાપિતા નથી પણ શ્રી દ્વારકાપુરીમાં નિવાસ કરનારાં **રૂક્મિણી** તથા **કૃષ્ણ** એ તારાં ખરાં માતાપિતા છે."

"મુનિરાજ, એ શી રીતે ?" એમ અતિ આશ્ચર્યપૂર્વક કુમારે પૂછયું ત્યારે, **શ્રી સીમંધર** સ્વામીએ કહેલું વૃત્તાંત નારદમુનિએ કુમારને કહી સંભળાવ્યું. આમ નારદનું કહેલું વચન સાંભળી, કનકમાલાએ કહેલા, "તું મારો પુત્ર નથી અને હું તારી માતા નથી," આવા વચનોમાં કુમારને જે શંકા થઈ હતી તે શંકા આજે નિવૃત્ત થઈ.

ફરીને મુનિ બોલ્યા, "વત્સ ! મારૂં વચન સાંભળ; તારા પિતાની **સત્યભામા** નામે પત્ની છે. રૂપ લાવણ્યાદિકના ગર્વને લીધે તેણીએ એક સમયે મારૂં અપમાન કરેલું,

તેથી તેણીનો રૂપ લાવણ્યાદિક ગર્વ ઉતારવા માટે હું વિદર્ભ દેશમાં આવેલી કુંડિન નગરીના અધિપતિ **ભીષ્મરાજાને** ઘેર ગયો, ત્યાં જાણે ઇંદ્રાણીની ભગિની હોય નહીં શું, તેવી અપૂર્વ રૂપ સંપન્ન **રૂકિમણી** નામે ભીષ્મરાજાની પુત્રી મેં દીઠી; પછી એક પટમાં તેને ચિત્રી મેં કૃષ્ણને બતાવી, ત્યારે તેના રૂપમાં મોહ પામેલા કૃષ્ણ, તે રૂકિમણીને પરણ્યા ઇત્યાદિક એનું ચરિત્ર મોટું છે, આ તો મેં તને સંક્ષેપથી કહ્યું છે, જયારે તું તારા પિતાને ઘેર જઈશ ત્યારે, તું તારી મેળે જ સર્વ વૃત્તાંત જાણીશ. તારા પિતાનું તથા તારા કાકાનું ચરિત્ર મહા આશ્ચર્યજનક છે."

"અન્યોન્ય સ્પર્ધા કરવી એ સ્ત્રીઓનો જાતિ સ્વભાવ છે, તેને લીધે સત્યભામાની તારી માતા સાથે સ્પર્ધા અનુક્રમે પ્રતિદિન વધતી છે, એમ કરતાં કરતાં કેટલોક સમય વ્યતીત થયો ત્યારે તે બન્નેને ગર્ભ રહ્યો. એક દિવસે કોઈ કામ પ્રસંગને લીધે **દુર્યોધન** રાજા કૃષ્ણને ઘેર આવ્યો. ત્યારે **સત્યભામા** તથા **રૂકિમણી** એ બંને દુર્યોધન પાસે આવી; તેમાં પ્રથમ સત્યભામા બોલી, "હે દુર્યોધન ! મારા પુત્ર વેરે તારે તારી પુત્રી આપવાની છે." રૂકિમણીએ કહ્યું કે, "દુર્યોધન ! મારો પુત્ર તારી પુત્રીને પરણશે."

આવી રીતે બેનું માગું સાંભળી મહાસંકટમાં પડેલો **દુર્યોધન** રાજા, બુદ્ધિશાળી હોવાથી વિચાર કરી તે બેને સંતોષકારક વાકય બોલ્યો કે, "તમારા બેમાંથી જેને પ્રથમ પુત્રનો પ્રસવ થશે તેના, પુત્રને મારી પુત્રી હું આપીશ, એમ હું તમારાથી બંધાઉં છું."

વળી **સત્યભામા** ઈર્ષ્યાને લીધે બોલી કે, "જેનો પુત્ર પ્રથમ તારી કન્યાને પરણે તેના વિવાહમાં નહીં પરણવા યોગ્ય થયેલા પુત્રવાળીએ પોતાના મસ્તકના કેશ ઉતારી આપવા, આવી રીતે આપણા બેની શરત છે. આ શરતમાં **કૃષ્ણ, બલદેવ** તથા **દુર્યોધન** રાજા સાક્ષી છે."

આવી રીતે વિવાદ કરતી તે બે જણી પોતાને ઘેર ગઈ અને બોલતી થાકી ગઈ ત્યારે શાંત રહી. હે **પ્રદ્યુમ્નકુમાર**! પોતાની તેજથી સૂર્યના તેજની સ્પર્ધા કરનારા "**ભાનુ**" નામે સત્યભામાના પુત્રનો થોડા વખતમાં ઉદ્વાહ થનારો છે. જો હવે ભાનુકુમાર દુર્યોધન ભૂપની પુત્રીને પરણશે કે તે જ વખતે શરતને લીધે તારી માતાના કેશ ઉતારી આપવા આ ચિંતાને લીધે શુષ્ક બની ગયેલી તારી માતાને જોઈ હું પણ તેના દુઃખમાં ભાગ પડાવનારો થયો, કારણ કે **રૂકિમણીને** મેં મારી પુત્રી તુલ્ય માની છે. એક દિવસે મહાદુઃખમાં આવી પડેલી તારી માતાએ મને કહ્યું કે, "હે દેવર્ષે! કૃષ્ણની સાથે મારૂં પાણિગ્રહણ તમે જ કરાવેલું છે તેથી તમે જ મારા પિતા તુલ્ય છો અને હું તમારી પુત્રી તુલ્ય છું, માટે હે દયાના સમુદ્ર! હવે તો તમે મને દુઃખ રૂપ સમુદ્રમાંથી બહાર કાઢો અને વિજ્યાર્ધગિરિ ઉપર જઈને તમે મારા વહાલા પુત્રને લઈ આવો. આવાં તારી માતાનાં દીન વચન સાંભળી મને દયા આવવાથી હું તને તેડવા આવેલો છું, માટે વત્સ, મારી સાથે તું ચાલ અને ત્યાં આવીને તારી માતાનું દુઃખ દૂર કર, કારણ કે, ગર્ભાદિક દુઃખને ધારણ કરનારી તારી ખરી જનની તો તે જ છે.

તારા જેવો પરાક્રમી સોળ વર્ષનો પુત્ર છતાં જનની દુઃખી થાય તો પછી પુત્રવતી અને અપુત્રવતી સ્ત્રીમાં શો અંતર સમજવો ? સ્ત્રીઓને સપત્નીના સંકટથી થયેલું મહાદુઃખ વિદ્વાન પુરૂષોએ સેંકડો જીંહ્વાઓથી પણ કહી શકાય તેવું નથી, માટે આવી બાબતમાં જરાપણ વિલંબ કરવો ઉચિત નથી; તેથી તું મારી સાથે આવવા હમણાં જ સત્વર તૈયાર થા. કારણ કે, જો ત્યાં વિવાહ થઈ જશે તો જવા કરતાં ન જવું તે જ શ્રેષ્ઠ છે એમ મારૂં માનવું છે તેથી જરા પણ વિલંબ ન કર."

આવાં પ્રકારનાં મુનિનાં વચન શ્રવણ કરી ખરા તત્ત્વના જાણ થયેલા વિવેકી **પ્રદ્યુમ્નકુમારે** કાલસંવર આગળ જઈ સર્વ વૃત્તાંત કહી જણાવ્યું. ત્યારે "સર્વે દક્ષપુરૂષોની એક જ સંમતિ હોય છે," એ કહેવત પ્રમાણે તે **કાલસંવર** રાજા પણ વિચાર કરવામાં ચતુરાશય હોવાથી પોતાના ચિત્તમાં વિચાર કરી બોલ્યો કે, "બહુ સારૂં, વત્સ ! તું ખુશીથી જા અને માતાને દુઃખમાંથી મુક્ત કર; માતાનું દુઃખ ટાળવું એ જ સત્પુત્રનો ધર્મ છે, માટે તું સત્પુત્રનું કર્તવ્ય કરી પુનઃ સત્વર અહીંયાં આવજે. આ સઘળું રાજ્ય તારૂં જ છે. અમારાથી અજ્ઞાનતાને લીધે બની ગયેલા આચરણનું નહીં સ્મરણ કરતાં માત્ર અમારા ઉપકારનું જ સ્મરણ કરજે." આવી રીતે કુમારને શિક્ષણ આપી કાલસંવર રાજાએ **પ્રજ્ઞપ્તિ** વિદ્યાને કહ્યું કે, "હે દેવી ! અતિ ઉત્તમ એક વિમાન જલદી તૈયાર કર."

દેવતાઓની શક્તિઓ અચિંત્ય હોય છે તેથી તે દેવતાએ

એક ક્ષણુવારમાં, દેવતાઓના મનમાં પણ મોહ કરી દે તેવું અતિ શ્રેષ્ઠ એક વિમાન બનાવી રાજાની આગળ હાજર કર્યું ત્યારે **પ્રદ્યુમ્નકુમાર** પિતા કાલસંવરને પ્રણામ કરી તેની રજા લઈ તે વિમાનમાં બેઠો અને **નારદમુનિ** પણ તેની પડખે બેઠા. તે વિમાન ચાલતી વખતે ભૈરવપક્ષિના તથા વાયસના શબ્દો થવા લાગ્યા, નીલપક્ષીઓ આમ તેમ ગમન કરવા લાગ્યાં ઇત્યાદિ શુભસૂચક શકુનો થયા. રસ્તામાં આવતા પર્વતો, વૃક્ષો, મહા પ્રભાવવાળી અનેક ઔષધીઓ, ઉછળતા મોજાઓથી સુશોભિત ગંગા વિગેરે નદીઓ, વિવિધ દેશો, વિવિધ રાજધાનીઓ, મહાન પત્તનો, વાપી, કૂપ, તડાગ, તીર્થરૂપ જળાશયો, અનેક જાતનાં પશુઓ તથા અનેક જાતનાં પક્ષીઓ ઇત્યાદિક જોવામાં આવ્યાં. તે સર્વેનાં નામ કહી કહીને મુનિએ કુમારને દેખાડ્યાં. આવી રીતે અનેક વસ્તુઓને દૃષ્ટિગોચર કરતા ચાલ્યા જાય છે તેવામાં કુમારને એક ઉત્તમ ગિરિ જોવામાં આવ્યો ત્યારે કુમારે મુનિને પૂછ્યું કે, "મહારાજ ! આ કયો પર્વત છે ? આનું શું નામ છે, તે આપ કહો. ત્યારે **નારદે** કહ્યું કે, "વત્સ ! આદિ તીર્થંકરના ચૈત્યથી વિભૂષિત **શત્રુંજય** નામે આ ગિરિ છે. સિંહનું દર્શન થવાથી જેમ મૃગલાઓ પલાયન થઈ જાય છે તેમજ આ ગિરિના દર્શન થવાથી તે જ ક્ષણે સર્વ પાપોનો પ્રલય થાય છે. આની ઉપર અનેક મુનિજનો સિદ્ધ થઈ ગયા છે અને અનેક સિદ્ધ થશે તથા વર્તમાનકાલમાં પણ સેંકડો મુનિઓ સિદ્ધ થાય છે. તેથી આ ગિરિ ખરેખર સિદ્ધક્ષેત્ર છે, માટે હે પુત્ર ! હમણાં તો તને જવાની ઉતાવળ

છે તેથી તું આ સિદ્ધગિરિને દૂરથી પ્રણામ કર. અને જ્યારે માતાનું સર્વ કાર્ય થઈ રહે ત્યારે તું આ ગિરિની યાત્રા કરવા અવશ્ય આવજે." આવાં મુનિનાં વચન સાંભળી કુમારે **સિદ્ધક્ષેત્રને** અભિવંદન કર્યું અને જન્મભૂમિમાં જવા માટે ઉત્સુક થયેલા કુમારે તે વિમાન આગળ ચલાવ્યું. શાસ્ત્રમાં કહેલું છે કે :—

**जणणी य जन्मभूमि पच्छिमनिद्दा सुभासिया गुट्ठी ॥**
**मणइठं माणुस्सं पंचवि दुःखेहिं मुच्चंति ॥ १ ॥**

**ભાવાર્થ** :–પોતાની માતા, જન્મભૂમિ, પાછલી રાતની નિદ્રા, વિદ્વજ્જનની ગોષ્ઠી, તથા મનને ઈચ્છિત માણસ, આ પાંચ વાના દુઃખેથી છોડી શકાય છે,

મહા સમૃદ્ધિવાળા વિમાનને ઉતાવળું ઉતાવળું ચલાવતાં કુમારે બીજો એક મહાગિરિ જોઈ મુનિને પૂછયું કે, "હે ગુરો ! આ સન્મુખ જોવામાં આવતો સજલ મેઘસમાન શ્યામ તથા નિર્મળ આ કયો પર્વત છે ?" ત્યારે તેના પ્રત્યુ-ત્તરમાં યતિએ કહ્યું કે, "આ **રૈવતક** નામે ગિરિ છે. આ ગિરિનું દર્શન, સ્પર્શન, પૂજન મહા મંગલકારક છે; આ પર્વત ઉપર તીર્થંકરોનાં અનેક ચૈત્યો છે, જેમાં હજારો સુવર્ણનાં તથા રત્નનાં **અરિહંતના** બિંબો રહેલાં છે. આ ગિરિ ઉપર અનેક શિખરો રહેલાં છે તેથી જ આ પર્વતનું "શિખરી" એ નામ સાર્થક છે અને ઈતર પર્વતોનું તો રૂઢિથી **"શિખરી"** એવું નામ પડેલું છે. વત્સ ! તારા પિતા કૃષ્ણના ભ્રાતા **શ્રી નેમિનાથના** ત્રણ કલ્યાણક આ ગિરિ પર થવાના છે એમ **શ્રી નમિનાથના** કહેવાથી હું

જાણું છું. માટે અનેક વૃક્ષોથી સંપન્ન, વિવિધ ઔષધિઓથી વિરાજીત, તથા સુર અસુરોએ પૂજા કરાતા સેંકડો જૈન-બિંબોથી યુક્ત આ **રૈવતક** પર્વત નમસ્કાર કરવા યોગ્ય છે અને દૂરથી પણ પાપનો ક્ષય કરનાર છે. તું જરા આગળ જઈશ ત્યારે લાખો આંબાઓના વનને લીધે સુંદર લાગતી **સહસ્રામ્ર** વનની મહા શોભાને તું દેખીશ."

દેવર્ષિના મુખથી આવું માહાત્મ્ય સાંભળી **પ્રદ્યુમ્નકુમાર** તે જ ભવમાં સિદ્ધ પદ પામનાર છે તેથી કુમારે પરમ ભક્તિપૂર્વક કર જોડી પ્રણામ કર્યો. જરા આગળ ગયા ત્યારે, ગતિ કરતા પર્વતો હોય નહીં શું? તથા પૃથ્વી પર મેઘ રહેલા નહીં શું? તેવા મહાન અને શ્યામ સેંકડો હાથીઓથી યુક્ત તથા પાંખોવાળા હોય નહીં શું? તેવા શીઘ્ર ગતિ કરતા અનેક જાતિના અશ્વોથી સુશોભિત, જાણે મંદિરો કેમ ચાલતાં હોય તેવા અસંખ્ય રથવાળું, જેમાં વિવિધ રંગના તંબુઓ છે પણ કોઈ જાતનું જેમાં દૂષણ નથી તેવું, તથા પ્રફુલ્લિત થયેલા પુષ્પવાળા અતસીના વનની માફક વિચિત્ર એક મોટું સૈન્ય જોવામાં આવ્યું. તે જોઈ કુમારે **નારદને** પૂછયું કે, "મહારાજ! આ શું દેખાય છે?" નારદ બોલ્યા, "વત્સ! સાંભળ, પૂર્વે **ઋષભ સ્વામિના "કુરૂ"** નામે પુત્ર થઈ ગયા છે જેના નામથી જગપ્રસિદ્ધ "કુરૂક્ષેત્ર" એવું નામ પડેલું છે. તે કુરૂનો "હસ્તિ" નામે પુત્ર થયો હતો જેના નામથી **"હસ્તિનાપુર"** એવું નગરીનું નામ પડેલું છે, તે હસ્તિ રાજાના વંશમાં **અનંતવીર્ય** નામે રાજા થયો; તેને **કૃતવીર્ય** નામે પુત્ર થયો; તેનાથી **સુભૂમ** નામે પુત્ર

થયો કે જે ચક્રવર્તી હતો ઇત્યાદિક અસંખ્ય રાજાઓ થઈ ગયા પછી, તેનાજ વંશમાં **શાંતનુ** નામે રાજા થયો; તે રાજાની **ગંગા** અને **સત્યવતી** એ નામની બે સ્ત્રીઓ હતી; તેમાં ગંગા નદીના જળ સમાન ગૌર દેહનો કાંતિમાન તથા પવિત્ર **ગાંગેય** નામે ગંગાનો પુત્ર થયો. તેણે જન્મથી માંડીને અખંડ બ્રહ્મચર્ય સેવેલું તેથી તેનું **ભીષ્મ** એવું બીજું નામ વિશેષ પ્રખ્યાત થયું. હવે **સત્યવતીના** **ચિત્રાંગદ** અને **ચિત્રવીર્ય** એ નામના સત્યવક્તા બે પુત્ર થયા; ચિત્રવીર્યની ત્રણ સ્ત્રીઓ હતી—એક **અંબિકા,** બીજી **અંબાલિકા** અને ત્રીજી **અંબા.** તેઓના અનુક્રમે **ધૃત-રાષ્ટ્ર, પાંડુ** અને **વિદુર** એ પુત્રો થયા. તેઓમાં ધૃતરાષ્ટ્ર તો જન્મથીજ અંધ હતો તેથી રાજ્યને યોગ્ય ન થયો ત્યારે કુરૂવંશ રૂપ સમુદ્રને પ્રસન્ન રાખવામાં ચંદ્ર સમાન **પાંડુએ** તે રાજ્ય કર્યું."

ગાંધાર દેશના રાજા સુબલ નામના રાજાની **ગાંધારી** આદિ આઠ પુત્રીઓને **ધૃતરાષ્ટ્ર** પરણ્યો. ધૃતરાષ્ટ્રના અતિ ઉગ્ર, તેજસ્વી, મહાયોદ્ધા, **દુર્યોધનાદિક** સો પુત્ર થયા. પાંડુરાજાની **કુંતી** અને **માદ્રી** એ બે સ્ત્રીઓ હતી, તેમાં **કુંતીના** ત્રણ પુત્ર થયા, એક તો **યુધિષ્ઠિર,** બીજો **ભીમ** અને ત્રીજો **અર્જુન**; માદ્રીના **નકુલ** અને **સહદેવ** એ બે પુત્રો થયા; આ પાંચે પુત્રો પાંડુના હતા તેથી એ પાંચે જણા "**પાંડવ**" એ નામથી ઓળખાય છે, અર્થાત્ એ નામથીજ તેઓ પ્રસિદ્ધ છે. તે પાંડવો મહા કીર્તિવાળા છે, મહા પરાક્રમી છે, વાણીથી ન કહી શકાય તેવા ગુણવાળા

છે, તથા જેનું ચરિત્ર પણ લોકોત્તર છે અને ત્રણે વિશ્વમાં તેઓ અતિ પ્રખ્યાતિ પામેલા છે."

"**પાંડુ** રાજાએ આપેલા હસ્તિનાપુરમાં હાલ **યુધિષ્ઠિર** રાજ્ય કરે છે અને પ્રણામ કરવા આવેલા અનેક નૃપતિના નમેલા મુકુટની માલાઓથી જેના ચરણની પૂજા થાય છે તેવો **દુર્યોધન** મહારાજા **ઇંદ્રપ્રસ્થમાં** રાજ્ય કરે છે. એમ કરતાં ઘણો વખત વ્યતીત થયા પછી માર્જારની પેઠે હસ્તિનાપુરના રાજ્યરૂપ દૂધ પીવાની ઇચ્છાથી દુર્યોધન પાંડવો ઉપર ઇર્ષ્યાલુ થયો. પાંડવોનું રાજ્ય લઈ લેવા માટે દુર્યોધને ઘણો યત્ન કર્યો પણ તેથી કાંઈ તેનું વળ્યું નહીં; કારણ કે પાંડવો મહા બળવાન હતા તેથી દુર્યોધન તેઓને પહોંચી શકે તેમ નહોતો. યુધિષ્ઠિર બહુ નિખાલસ દિલનો હતો તેથી દુર્યોધને જેમ તેમ સમજાવી જુગટું રમવા બેસાડ્યા. રમતાં રમતાં યુધિષ્ઠિર સર્વ હારી ગયો; પોતાની સ્ત્રી **દ્રૌપદીને** પણ હારી ગયો; "હારી ગયેલો જુગારી બમણું રમે," એ ન્યાય પ્રમાણે છેવટ યુધિષ્ઠિરે હારમાં પોતાના ચારે ભાઈઓને મૂક્યા. દુર્યોધને કપટથી તેઓને પણ જીતી લઈને કહ્યું કે, "અરે યુધિષ્ઠિર! હવે તું સર્વ પૃથ્વીને, તારી સ્ત્રી દ્રૌપદીને તથા બંધુઓને છોડી દઈ તું એકાએક જ વનમાં ચાલ્યો જા અને ભ્રમણ કર."

તે સમયે ત્યાં બેઠેલા કેટલાએક ખંડીયા રાજાઓએ દુર્યોધનને કહ્યું કે, હે રાજન્! જોકે **યુધિષ્ઠિર** દ્રૌપદીને હારી ચૂક્યા છે તો પણ જો તારૂં પોતાનું કલ્યાણ ઇચ્છતો હો તો એ મહાસતિ રત્ન **દ્રૌપદી** પાંડવોને સોંપી દે,

નહીંતર આમાંથી નક્કી તને મોટો અનર્થ પેદા થશે. બીજું વળી જેમ મોટા સિંહ સાચવવા બહુ જ દુઃસહ છે તેમજ આ યુધિષ્ઠિરના ભીમાદિક ચાર ભ્રાતાઓને સાચવતાં તમને બહુ જ મુશ્કેલી પડશે. જેમ સર્પવાળા ઘરમાં રહેવું એ મોતનું કારણ છે તેમજ તારા રાજ્યમાં રહેલા મોટા નાગ સમાન આના ચાર ભ્રાતાઓ તારે સમજવા. અને જ્યાં સુધી તેઓ તારા રાજ્યમાં રહેલા હશે, ત્યાં સુધી તારાથી નિઃશંક-પણે નહીં રહેવાય. માટે એવા એ બંધુઓને બાર વર્ષ સુધી વનમાં તું જવા દે. એમાંથી કોઈને પણ તું અટકાવીશ નહીં. ખંડીયા રાજાઓનું આમ કહેવું સાંભળી **દુર્યોધને** કહ્યું કે, "ભલે, તેઓ સર્વને હું રજા આપું છું." આવી રીતે દુર્યોધને કહ્યું ત્યારે તે **પાંડવો** પોતાની માતા કુંતીને તથા દ્રૌપદીને સાથે લઈ વનમાં ગયા."

"આવી રીતે કપટ કરી પાંચે પાંડવોને જીતી વનવાસ આપ્યા પછી, મહા અહંકારી **દુર્યોધન** રાજા હાલમાં નિઃશંકપણે હસ્તિનાપુરનું રાજ્ય કરે છે. સત્યભામાના પુત્ર ભાનુકુમાર કરતાં તું મહોટો છે તેથી દુર્યોધને પોતાની પુત્રી તને આપવા ધારી હતી પણ તને તો **ધૂમકેતુ** નામે દેવ હરી ગયો હતો તેથી **ભાનુકુમારને** પરણાવવા માટે મહા બળવાન દુર્યોધન રાજા પોતાની **ઉદધી** નામની પુત્રી લઈને જાય છે, તેનો આ સર્વ પડાવ પડેલો છે."

આવાં નારદમુનિનાં વાકય સાંભળી બે ઘડી આનંદ કરવા માટે **પ્રદ્યુમ્ને** મુનિને કહ્યું કે, "મહારાજ ! તમે બે

ઘડી વિમાન ઉભું રાખી અહીંયાંજ ઉભા રહેજો અને હું જરા સૈન્ય જોઈને હમણાં આવું છું."

મુનિ બોલ્યા કે, "વત્સ! જરા પણ વિલંબ કરીશ નહીં, સત્વર આવતો રહેજે." મુનિની આજ્ઞા શિર પર ચડાવી **પ્રદ્યુમ્નકુમારે** ત્યાંથી નીચે ઉતરી પૃથ્વી ઉપર આવી ભયંકર ભિલ્લનું રૂપ ધર્યું, જેમકે, મષના પુંજ જેવો શ્યામદેહ, ઉંટના જેવા લાંબા જેના ઓષ્ઠ છે, ગણેશના જેવું જેનું લાંબું ઉદર છે, બિલાડાના જેવા જેના પીળા નેત્ર છે, જેનું ભાલ વક્ર છે, જેના મોટા મોટા દાંત રહેલા છે, જેના કેશ વેલાના સમુહથી ગુંથાએલા છે, તથા જેનો સર્વ દેખાવ લોકોને અણગમતો લાગે તેવું ભિલનું વિચિત્ર રૂપ ધારણ કરી કુમાર જ્યાં જાનનાં માણસો જમતાં હતાં ત્યાં ગયો અને પૂછવા લાગ્યો કે, "દુર્યોધન મહારાજાનો તંબુ ક્યાં છે?" આમ પૂછવા લાગ્યો ત્યાં તો જાનના સર્વ માણસ એકઠા થઈ ગયા અને તેની હાંસી કરવા લાગ્યા. દુર્યોધન જ્યાં સિંહાસન ઉપર બેઠો છે અને જાનનાં અનેક કાર્યો પતાવે છે ત્યાં કુમાર આવી નમીને દુર્યોધનને કહે છે કે, "મહારાજ! **કૃષ્ણ** મહારાજની આજ્ઞાથી હું જતા આવતા લોકો પાસેથી દાણ (જકાત) લેવા અહીંયાં રહેલો છું. માટે મહારાજ! મને દાણ દીધા પછી તમારી ઇચ્છા પ્રમાણે જજો, નહીંતર તમો અહીંયાંથી જવા પામશો નહીં; આ વાત તમને હું પ્રથમથી જણાવું છું, પછી મને દોષ દેશો નહીં."

ભિલનાં આવાં હાસ્યજનક વચનો સાંભળી **દુર્યોધન** ખડખડ હસીને બોલ્યો કે, "બોલ, દાણમાં (જકાતમાં) હાથી,

રથ, ઘોડા લઈશ કે શું લઈશ? બોલ." પોતાના લાંબા દાંત દેખાડતો તે ભીલ બોલ્યો કે, "તમારી જાનમાં શ્રેષ્ઠ વસ્તુ શું છે તે કંઈ હું જાણુતો નથી માટે જે અતિ ઉત્તમ વસ્તુ હોય તે મને આપો." ઘણું કરીને રાજાઓને હાસ્ય અધિક પ્રિય હોય છે તેથી બે ઘડી મજા કરવા માટે ફરીથી દુર્યોધને કહ્યું કે, "અમારી જાનમાં ઉત્તમમાં ઉત્તમ અમારી **ઉદધિ** નામની કન્યા છે." ભિલ્લ બોલ્યો કે, "ત્યારે તો મને તે જ કન્યા આપો, કારણુ કે હું જન્મથી વાંઢો છું તો હું તેને પરણીશ. અને આ વાતની કૃષ્ણુને ખબર પડશે તો તે પણુ ખુશી થશે, કારણુ કે હું તેનો પુત્ર છું. હું તમારી પુત્રીની સાથે ઘણો વખત ભોગ ભોગવીશ અને અતિ આનંદ પામીશ." ભિલ્લના મુખથી આવાં વચન સાંભળતાં વેંત જ સર્વ લોકો હાસ્યમાં ગુલતાન બની ગયા. ભવાયો જ્યારે હસાવા બેસે ત્યારે કોને હસવું ન આવે? વળી ભિલ્લ હઠ કરી બોલ્યો કે, "તમે મને એ કન્યા આપ્યા પછી અહીંયાંથી જજો, નહીંતર હું કોઈને પણુ જવા દઈશ નહીં."

આમ કહેવાથી ગુસ્સે થયેલો **દુર્યોધન** રાજા પોતાના મહાભટોને કહે છે કે, "જાઓ, એની ગળચી પકડી એને દૂર કાઢી મૂકો." આમ રાજાનો હુકમ થતાં મહા યોદ્ધાઓ તૈયાર થાય છે તેટલામાં તો ભિલ્લ જરા દૂર જઈ યુદ્ધ માટે સજ્જ થઈ બોલ્યો કે, "આવી જાઓ, મારી સાથે સંગ્રામ કરનાર છે કોણુ? મારી હાંસીનું ફળ તથા સંગ્રામનું ફળ આ પગલે બતાવી દઉં." એમ બોલતાં મહા બળવાન કુમારે મુષ્ટિ પ્રહારથી સર્વ યોદ્ધાઓનાં શરીર જર્જરિત કરી નાખ્યાં

અને કેટલાએકના તો દાંતો પાડી નાખ્યા. દુર્યોધન રાજા તથા સર્વ યોદ્ધાઓ જોતાં છતાં જેમ સમળી, સુવર્ણના હારને ઉપાડી જાય તેમજ કુમાર પણ એકદમ તે કન્યાને ઉપાડી પોતાના વિમાનમાં ગયો અને કન્યાને વિમાનમાં મૂકી. ભયભીત થયેલી તથા અત્યંત થરથર ધ્રૂજતી તે કન્યાને જોઈ નારદે કહ્યું કે, "હે વત્સ ! તું જરા પણ ભય રાખીશ નહિ, તને જે આ ભિલ્લ જેવો જોવામાં આવે છે તે ભિલ્લ નથી પણ શ્રી દ્વારિકાધિપતિ કૃષ્ણ મહારાજનો સૂર્ય સમાન તેજસ્વી મહા બુદ્ધિશાળી, સ્વેચ્છા પ્રમાણે વિચિત્ર રૂપ ધરનાર તથા મહા યશ સંપાદન કરનાર **પ્રદ્યુમ્ન** નામનો પુત્ર છે. હે પુત્રી ! પ્રથમથી જ તારા પિતાએ તને આ કુમારને આપવા ધારી હતી પણ આ કુમારનો જન્મ થયો કે તરત જ ધૂમકેતુ દેવ આને ઉપાડી વિદ્યાધરના પુરમાં મૂકી ચાલ્યો ગયો. આવી રીતે રૂકિમણીના પુત્ર પ્રદ્યુમ્નકુમારનું હરણ થઇ ગયા પછી તપાસ કરતાં ક્યાંય પણ પત્તો ન મળ્યો ત્યારે તારા પિતાએ તને સત્યભામાના પુત્ર **ભાનુકુમાર** વેરે આપી છે. હવે આ કુમાર પોતાના પિતા પાસે જાય છે." "આ કન્યા તો મને આપેલી તે જ છે," એમ જાણીને કુમારે તારૂં હરણ કરેલું છે તેથી તું મારી પાસે નિઃશંકપણે સ્વસ્થ થઈ રહે. મનમાં કોઈ જાતનો ઉદ્વેગ રાખીશ નહીં." આમ કહી નારદે તેણીને શાંત કરી. **પ્રદ્યુમ્નકુમારે** પણ ભિલ્લનું રૂપ છોડી દઈ પોતાનું ભવ્ય સ્વરૂપ ધારણ કરી, વાયુ સમાન વેગવાળું પોતાનું વિમાન આગળ ચલાવ્યું. ચાલતાં ચાલતાં ઘણા જ ઉંચા અનેક મહેલો જોવામાં આવ્યા

તે જોઈ મનમાં અતિ ઉમંગ આવવાથી કુમારે **નારદને** પૂછ્યું કે, "મુનિરાજ! આ સન્મુખ જોવામાં આવતી કઈ પુરી છે?"

**નારદ** બોલ્યા કે, "વત્સ! તારા પિતા **શ્રીકૃષ્ણ** મહારાજની આ પુરી છે. જરા ધ્યાન દઈ જો. એ પુરીમાં સુવર્ણના કલશવાળો જે મહેલ દેખાય છે તથા જેની ઉપર ગરૂડના ચિન્હવાળી ધજા ફરકે છે તે પ્રાસાદ તારા પિતા કૃષ્ણનો છે. જેની ઉપર સિંહના લક્ષણવાળી ધજા રહેલી છે તે મહેલ **સમુદ્રવિજયનો** છે. હે વત્સ! જેના ઉંચા અને વિચિત્ર અનેક ગોખ ઝલકી રહ્યા છે તથા જેની ઉપર હાથીના ચિત્રામણવાળી ધજા બિરાજે છે તે મહેલ તારા પિતામહ **વસુદેવનો** છે. આ સન્મુખ રહેલો પ્રાસાદ તારા પિતાના જ્યેષ્ઠ બંધુ **બલદેવનો** છે, કે જેની ઉપર અસંખ્ય ઘુઘરીઓવાળી શ્યામ વસ્ત્રની ધજા દેખાય છે. જેની ધજામાં વાનરનું ચિત્રામણ છે તે **ઉગ્રસેન** મહારાજાનો મહેલ છે. ભાનુકુમારનાં વિવાહ નિમિત્ત બાંધવામાં આવેલા કદલી સ્તંભોથી તથા નવ પલ્લવ તોરણની પંક્તિઓથી વિરાજતો તથા કળી ચુનો છાંટી શ્વેત કરેલો જે પ્રાસાદ દેખાય છે તે **સત્યભામાનો** છે. આ સિવાય બીજા પણ મનોહર તથા વિવિધ ધ્વજાઓથી અલંકૃત ઘણા પ્રાસાદો જોવામાં આવે છે, તે તો મહા મોટા વેપારીઓના છે. વત્સ! જો, જેની ઉપર અતિ શ્રેષ્ઠ સુવર્ણનો કલશ બીરાજે છે તથા જેની ધજાનું વસ્ત્ર વાયુને લીધે આમ તેમ ઉડે છે તે **શ્રી આદિ** તીર્થંકરનું ચૈત્ય છે, જેમાં ગંગાના જળ સમાન ગૌર

વર્ણવાળી, નાભિરાજાના પુત્ર શ્રી **ઋષભદેવની** પ્રતિમા બિરાજે છે. શિખર અતિ ઉંચું હોવાથી જે અધિક શોભે છે, તથા જેની ધજાનું વસ્ત્ર ઘણું પહોળું છે તે **શાંતિનાથનો** પ્રાસાદ શોભે છે. દૂરથી જ મનોહર લાગતો તથા નીલ વસ્ત્રની ધજાવાળો શ્રી **નમિનાથનો** પ્રાસાદ છે. દ્વારિકાપુરીમાં ભૂષણરૂપ, તથા સચેતન પ્રભુની મૂર્તિને લીધે અધિક શોભતો. શ્વેત ધજાવાળો આ શ્રી **નેમિનાથનો** પ્રાસાદ છે. આવી રીતે એક સરખા આવેલા તથા જતા આવતા અનેક જનસમુહોથી વિભૂષિત બાવીશ તીર્થંકરોનાં ચૈત્યોને તું એક નજરથી જો. હે પુત્ર! સ્ફટિકમણિ સમાન પથ્થરોથી બાંધેલો જે મહેલ છે તે તારી માતા **રૂક્મિણીનો** છે. તે મહેલ હાલમાં તો પુત્રમાં રત્ન સમાન તારા સિવાય શોકમાં મગ્ન થઈ ગયો છે તથા તમામ શોભાથી હીન થયો છે."

આ રીતે **નારદનાં** વચન સાંભળી મનમાં ઉલ્લાસ આવવાથી કુમારે નારદને કહ્યું કે, "આપ કન્યાની સાથે વિમાનમાં ક્ષણવાર બેસી રહેજો અને મને જરા ક્રીડા કરવાનો ઉમંગ થયો છે તેથી હું તો એ પુરીમાં જઈશ."

મુનિએ કહ્યું, "વત્સ! હવે જરા પણ વિલંબ કરવો તને ઉચિત નથી, કારણ કે તારા સિવાય તારી માતાને એક ઘટિકા પણ વર્ષ જેવડી થઈ પડે છે. માટે હાલ તો તારે સપત્ની જનની સ્પર્દ્ધાને લીધે અતિ પીડા પામતી તારી માતાને સત્વર મળવું જોઈએ."

**પ્રદ્યુમ્નકુમારે** પ્રત્યુત્તર આપ્યો કે, "મુનિશ્વર! પરાક્રમ

બતાવી જાણ કર્યા સિવાય પિતાને મળવા માટે મારા મનમાં જરા પણ ઉત્સાહ થતો નથી, નહીંતર કૃષ્ણ પોતાની મેળે જ મને "આ તો મારો પોતાનો પુત્ર છે," એમ શી રીતે જાણી શકે, અને ધારો કે કદી તમારા જેવાના કહેવાથી મને તેણે ઓળખ્યો, તો પણ જ્યાં સુધી તેણે મારૂં પરાક્રમ જોયું નથી ત્યાં સુધી કૃષ્ણના મનમાં પૂરેપૂરી ખાતરી કેમ થાય કે, આ તો ખરેખર મારો પોતાનો જ પુત્ર છે. ખરૂં પૂછતા હો તો સિંહને સિંહના બળથી જ સિંહત્વની ખાત્રી થાય છે. નહીંતર આપ મને કહો કે, આ શિયાળ છે અને આ સિંહ છે, આવો ભેદ શી રીતે જાણી શકાય? માટે હે મુનિરાજ! આપ મને જવા માટે આજ્ઞા આપો, કે જેને શિરપર ચડાવી હું જાઉં. પિતાની પાસે જો પુત્ર કોઈ કાર્ય કરવાની આજ્ઞા માગે તો પિતા પણ પુત્રને યોગ્ય આજ્ઞા આપે છે; માટે હું આપની પાસે માગણી કરૂં છું તો આપ હુકમ આપો."

ચતુરાઈ ભરેલાં કુમારનાં આવાં વચન સાંભળી મનમાં અતિ સંતુષ્ટ થયેલા મુનિએ કુમારનો દૃઢ આગ્રહ જોઈ કહ્યું કે, "ભલે, તું ખુશીથી જા."

આમ મુનિરાજનો હુકમ થયા પછી તરત જ કુમાર તે વિમાનમાંથી નીચે ઉતરી **શ્રી દ્વારિકા** તરફ આવ્યો. જરા દૂર ગયો ત્યારે, ફળના ભારથી નમી ગયેલા આમ્રનાં, લિંબુનાં તથા કદંબાદિકનાં અનેક વૃક્ષોથી શોભતું, તથા દ્રાક્ષાદિકના માંડવાઓથી છવાઈ ગયેલું, નાળીયેરનાં વૃક્ષોમાંથી પડેલાં ફળોથી "જાણે પૃથ્વીના દાંત ઉગેલા કેમ હોય" તેવી શંકા કરાવનારૂં, દાડમના ફળોથી તથા જાંબૂનાં ફળોથી ભરપૂર;

કોઈ સ્થળે રહેલા ચંપકનાં તથા અશોકનાં વૃક્ષોની સુગંધીને લીધે મનોહર લાગતું, કોઈ જગોએ માલતીના પુષ્પ ઉપર ભ્રમરનું ટોળું આમ તેમ ભ્રમણ કર્યાં કરે છે, કોઈ ભાગમાં કેતકીના પુષ્પોની સુગંધ રૂપી વરસાદની ધારાઓ વરસે છે, સાંભળતાં આનંદ ઉપજે તેવા મયૂરના શબ્દોથી ગાજી રહેલું, ઉડી આવેલાં અનેક જાતનાં પક્ષી સમૂહોથી આકુલ થયેલું શ્રી દ્વારિકાપુરીથી પૂર્વ દિશામાં આવેલું એક મનોહર ઉદ્યાન જોવામાં આવ્યું.

**કુમારે** સ્વવિદ્યાની પ્રબલ શક્તિથી લોઢાની સાંકળ વતી બાંધેલો એક કપિ બનાવ્યો. તેને સાથે લઈ કુમાર તે ઉદ્યાનમાં ગયો. જઈને કુમારે ઉદ્યાન પાલકોને પૂછ્યું કે, “આ આવું રમ્ય ઉદ્યાન કોનું છે?” વનપાલકોએ કહ્યું કે, “શ્રી **કૃષ્ણ** મહારાજની સ્ત્રી સત્યભામાનું આ વન છે. સત્યભામાના પુત્ર **ભાનુકુમારના** વિવાહ માટે આ વનની અમો ચોકી કરીએ છીએ કે જેથી કોઈ પણ માણસ આમાંથી ફળ તોડી ન શકે. માટે તું અહીંથી પાછો જા. આ વનમાં કોઈને પણ પેસવાનો હુકમ નથી.”

કુમારે કહ્યું કે, “આ મારી પાસે જે વાનર છે તેને બહુ જ ભૂખ લાગી છે માટે તમો મોંઢેથી માગો તેટલા પૈસા આપું અને આ મારા વાનરને અંદર જઈને તૃપ્ત થવા દ્યો.”

આવાં લોભજનક વચન સાંભળી તેઓએ મોંઢે માગ્યા પૈસા લઈ કપિ સહિત કુમારને અંદર જવા દીધો. વનમાં પેસીને કુમારે તમામ ફળો તોડી નાંખ્યાં. ત્યાંથી એકદમ બહાર નીકળી એક અશ્વ બનાવ્યો. તેને લઈ દ્વારિકામાં જ્યાં

ખડથી ભરી મૂકેલી સરકારી વખારો હતી ત્યાં ગયો; જઈને કુમારે તેના ઉપરી લોકોને કહ્યું કે, "આમાંથી થોડાક ખડના પુળા આપો. આ મારો અશ્વ બહુ જ ભૂખ્યો છે." ત્યારે ખડનો વખારદાર બોલ્યો કે, "**ભાનુકુમારનો** વિવાહ કરવા માટે જાન આવનારી છે તેમાં અશ્વ ગજાદિક પશુઓ પણ આવશે, તે સારૂં આ ખડની વખારો ભરી મૂકી છે. તેથી આમાંથી એક પણ પુળો અમારાથી તને અપાય તેમ નથી. માટે તું બીજે સ્થળે જઈ તારા અશ્વનું પોષણ કર."

આમ કહ્યું ત્યારે કુમારે તેઓને ધનાદિક આપી લોભાવ્યા. અધિક ધનને લીધે લોભ પામેલા તે વખારદારોએ કુમારને તે વખારમાં જવાની રજા આપી. કુમારે અંદર જઈને એક ક્ષણમાં સર્વ વખારો ઘાસ વગરની કરી દીધી. ઘાસનું એક પણ તણખલું રહેવા દીધું નહીં. ત્યાંથી તરત જ બહાર નીકળી અશ્વ સહિત કુમાર જળશાળાએ (પાણીની પરબે) ગયો. જઈને જળશાળાના અધ્યક્ષોને કહ્યું કે, "મને તથા મારા ઘોડાને પાણીની બહુ જ તૃષા લાગી છે માટે મને તમો પાણી પીવા આપો. જળશાળાના અધ્યક્ષોએ પણ ઘાસની વખારવાળાની માફક ઉત્તર આપ્યો. લોકમાં કહેવાય છે કે, "ધનાઢ્ય અને દાનશીલ માણસ જે ધારે તે કરી શકે," એ કહેવત પ્રમાણે કુમાર તે લોકોને ઘણું ધન આપ્યું કે તરત જ તે લોકો કહેવા લાગ્યા કે, "તું તારી ઇચ્છા પ્રમાણે જળપાન કર અને તારા અશ્વને પણ જળપાન કરાવ. અહીંયાં તું વિશેષ રોકાઈશ નહીં." આવી રીતે મંજુરી મેળવી જળશાળાની અંદર જઈ કુમારે આખી

જળશાળા મારવાડ દેશની ભૂમિ સમાન જળ વગરની કરી મૂકી. ત્યાંથી તરત બહાર નીકળી જ્યાં **ભાનુકુમાર** પરીક્ષા લેવા માટે યવન દેશનો અશ્વ ખેલવતો હતો ત્યાં કુમાર પોતાનો અશ્વ લઈ ગયો. ભાનુકુમારને ઘોડાનો બહુ જ શોખ હતો તેથી કુમારની પાસે રહેલો ઉત્તમ અશ્વ જોઈ બોલ્યો કે, "આ અશ્વ કોનો છે અને તે વેચવાનો છે કે કેમ ?"

**પ્રદ્યુમ્નકુમાર** બોલ્યો કે, "અમારી માગણી પ્રમાણે મૂલ્ય મળે તો મારે અશ્વ વેચવાનો છે. હે રાજન્ ! આ કંઈ જેવો તેવો અશ્વ ન ધારશો, ખાસ કંબોજ દેશનો અતિ શ્રેષ્ઠ અશ્વ છે. માટે આપની ઇચ્છા હોય તો ભલે આપ ખુશીથી લ્યો."

**ભાનુકુમારે** કહ્યું કે, "તારી ઇચ્છા પ્રમાણે મૂલ્ય આપીએ અને તે અશ્વ અમને આપ." ત્યારે કુમારે કહ્યું કે, "રાજપુત્ર ! આપ પ્રથમ મારા અશ્વની પરીક્ષા કરી જુઓ અને તેથી આપને પસંદ પડે તો તે લેજો અને તમારૂં મન પ્રસન્ન થયા પછી જ હું મૂલ્ય લઈશ, નહીંતર કૃષ્ણરાજા નિરપરાધી મારો દંડ કરે. માટે આપ પ્રથમ આ અશ્વને ખેલવી જુઓ."

કુમારનાં મુખથી આવાં ન્યાયયુક્ત વચન સાંભળી **ભાનુકુમારે** પોતાનો અશ્વ છોડી દઈ સજ્જ કરેલા કંબોજ દેશના અશ્વ ઉપર ચડી ચલાવવા લાગ્યો. એમ કરતાં કરતાં તે અશ્વે ભાનુકુમારને દાંતારી જમીન ઉપર પછાડી નાખ્યો. દાડમમાંથી જેમ બી નીકળી પડે તેમ ભાનુકુમારના મુખમાંથી પછાટને લીધે સઘળા દાંત પડી ગયા. તેથી રૂધિરની ધારા

જેના મુખમાંથી નીકળે છે તથા સઘળા લોકોએ મશ્કરી કરાતો **ભાનુકુમાર** લજ્જાને લીધે નીચું મુખ કરી ઉભો રહ્યો.

અશ્વનો સ્વામી **પ્રદ્યુમ્નકુમાર** કહે છે, " કેમ, રાજપુત્ર ? તું આવડી ઉમરનો થયો છતાં પણ અશ્વ વિદ્યામાં જરા પણ કુશળ નથી થયો ? ખરેખર હજી પણ તારામાં મૂર્ખતા જ છે. કૃષ્ણનાં કુળમાં તું જનમ્યો તેથી શું થયું ? પોતાના કુળની ઉન્નતિ કરવી તે તો એક બાજુ રહી પણ ઉલટો આ સમયે તો તેં યદુરાજાના સમગ્ર કુળને કલંક લગાડયું છે."

આક્રોશ ભરેલાં આવાં વચનો સાંભળી ક્રોધી બનેલો ભાનુકુમાર કહે છે કે, "અશ્વ ખેલાવતાં તો જગતમાં તને એકને જ આવડે છે ? તારી દૃષ્ટિએ તો ઇતર પુરૂષો સર્વ મૂર્ખા જ છે. તું પરજનને ઉપદેશ કરવામાં જ કુશલ છે કે કેવલ મૂર્ખ શિરોમણિ છે ?" **પ્રદ્યુમ્ને** કહ્યું કે, "ભાનુકુમાર ! આ અશ્વને ખેલવતાં તો મને આવડે છે પણ હવે તો હું વૃદ્ધ થયો છું તેથી અશ્વ ઉપર ચડવાની પણ મારામાં શક્તિ નથી તો પણ પાંચ છ માણસો મળી મને અશ્વ ઉપર ચડાવી દે તો પછી તમને અશ્વશાસ્ત્રમાં મારી બુદ્ધિ કેવી છે એ સર્વ બતાવી આપું."

**ભાનુકુમારે** અનુચરોને કહ્યું કે, "તમો પાંચ છ જણા મળી આ પુરૂષને ઉપર ચડાવો એટલે એને કાંઈ પણ કલા આવડે છે કે વૃથા આત્મશ્લાઘા જ કરે છે એ વિષેની ખબર તો પડે." આવી રીતે ભાનુકુમારની આજ્ઞા થવાથી પાંચ છ પુરૂષોએ મળીને તેને ઉપાડ્યો ત્યાં કુમારે પોતાનું આખું શરીર શિથિલ કરી નાખ્યું તેથી તે માણસો તેને ચડાવી ન શક્યા

અને ઉલટા પડી ગયા અને કુમારે તેઓને કચરી નાખ્યા. પછી **પ્રદ્યુમ્નકુમારે** ભાનુકુમારને કહ્યું કે, “એ મૂર્ખાઓએ ઉલટો મને પાડી નાખ્યો. હવે તો તમે પોતે જો મને ચડાવો તો હું મારી વિદ્યા બતાવું” ત્યારે ભાનુકુમારે ઉપાડી તેને અશ્વ ઉપર ચડાવ્યો. ત્યાં ચડતાં એકદમ ભાનુકુમાર ઉપર પડ્યો અને **ભાનુકુમારને** કચરી એક ક્ષણમાં વિદ્યાની શક્તિથી અદૃશ્ય થઈ ગયો અને ભાનુકુમાર રોતો રોતો પોતાની માતા આગળ દોડી ગયો.

**પ્રદ્યુમ્નકુમાર** તો એક બ્રાહ્મણ બની મોટા રસ્તા ઉપર બેસી સુધા સમાન મધુર વાણીથી પુસ્તક વાંચવા લાગ્યો.

સત્યભામાની દાસી જેનું શરીર કુબડું હતું તેથી તેણીનું કુબ્જીકા એવું નામ રાખવામાં આવ્યું હતું. તે કુબ્જીકા દાસી તે બ્રાહ્મણ આગળ આવી. ત્યારે બ્રાહ્મણે પૂછ્યું કે, “બેન! તું કોણ છે અને તારૂં નામ શું છે? દાસી બોલી, “હે બ્રાહ્મણ! હું સત્યભામાની કુબ્જીકા નામે દાસી છું. કોઈ પ્રારબ્ધના સંબંધને લીધે સત્યભામાને હું ઘણી જ વહાલી છું.”

બ્રાહ્મણે કહ્યું કે, “હું અનેક વિદ્યાઓ જાણું છું તેથી તું અહીંયાં આવ એટલે કુબડાપણાનો રોગ મટાડી તને સરલ કરી દઉં.”

આ સાંભળતાં એકદમ તે તેના પગમાં પડી વિનયથી બોલી કે, “મહારાજ! આપ મારી ઉપર કૃપા કરી મારો રોગ દૂર કરો.” દાસીએ પ્રાર્થના કરી ત્યારે તેણીના શિર પર પોતાનો હાથ મૂકી મંત્ર ભણીને એક ક્ષણમાં તે

કુબ્જીકાને સરલ બનાવી દીધી.

કુબ્જત્વને દૂર કરનારી આશ્ચર્યજનક આવી વિદ્યાની શક્તિ જોઈ મનમાં વિસ્મય પામેલી તે દાસી બ્રાહ્મણને પૂછે છે કે, "મહારાજ! આપ કોના અતિથિ છો, તથા આપનું નામ શું છે?"

માયાથી બ્રાહ્મણ બનેલા કુમારે કહ્યું, "બહેન! સાંભળ, મારા બે નામ છે, એક તો મોદકપ્રિય અને બીજું વટકપ્રિય. આ બે નામથી હું ઓળખાઉં છું. જેને ત્યાં મોદક વિશેષ બનાવ્યા હોય તથા જેને ત્યાં સુગંધિદાર વડાં બનાવેલાં હોય તેના ઘરનો હું અતિથિ થાઉં છું."

દાસી બોલી કે, "હે બ્રાહ્મણ! **સત્યભામાને** ત્યાં **ભાનુકુમારનો** વિવાહ મહોત્સવ થોડા વખતમાં જ થવાનો છે તેથી મોટા મોટા ઘણા મોદકો બનાવી રાખેલા છે માટે મારી સાથે તમે સત્વર ચાલો. હું તમોને તમારી ઇચ્છા પ્રમાણે ખવરાવીશ તથા અતિ સ્વાદિષ્ટ વડાં પણ ત્યાં તૈયાર છે તેથી તે બે ચીજ યથારૂચિ ખાઈને તમે તમારાં બે નામનું સાર્થક કરો." દાસીએ નિમંત્રણ કર્યું ત્યારે તે બ્રાહ્મણ દાસીની સાથે સત્યભામાને ઘેર ગયો. બ્રાહ્મણને તેનાં આંગણામાં ઉભો રાખી દાસી ઘરની અંદર ગઈ. સુંદર આકૃતિવાળી સ્ત્રીને જોઈ મનમાં વિસ્મય પામેલી સત્યભામાએ તેણીને પૂછયું કે, "અરે! તું કોણ છે?"

દાસી બોલી કે, "સ્વામિનિ! આપના પ્રેમનું પાત્ર કુબ્જીકા દાસી છું."

**સત્યભામાએ** કહ્યું, "અરે ધૂર્ત! મારા ઘરમાંથી

સત્વર ચાલી જા, ખોટેખોટી કુબ્જીકા દાસી બને છે. કુબ્જીકા દાસી તો કુબડી છે અને તું તો અપ્સરા સમાન રૂપાળી છે."

આકૃતિમાં ફેરફાર થવાથી **સત્યભામાએ** જ્યારે ન ઓળખી ત્યારે દાસીએ પોતાની ખાત્રી આપવા માટે કેટલીક ગુહ્ય નિશાનીઓ આપી. પૂરેપૂરી ખાત્રી આવતાં એકદમ સત્યભામા બોલી ઉઠી કે, "અરે, દાસી! કહે કે શું હકીકત બની જેથી એક ક્ષણવારમાં જ તારૂં કુબ્જપણું નષ્ટ થયું?" આમ સત્યભામાએ પૂછ્યું ત્યારે દાસીએ બ્રાહ્મણે કરેલા ઉપકાર સંબંધી બનેલી સર્વ હકીકત કહી બતાવી આ વાત સાંભળતા તરત જ સત્યભામા બોલી કે, "હે દાસી! તે બ્રાહ્મણને જલદી બોલાવી આવ." રાણીનો હુકમ થતાં દાસી દોડી જઈ આંગણામાં ઉભેલા બ્રાહ્મણને બોલાવી આવી. આવતા બ્રાહ્મણને જોઈને તરત જ આસન ઉપરથી ઉઠીને સત્યભામાએ કર જોડી વિનયપૂર્વક બ્રાહ્મણને પ્રણામ કર્યાં.

બ્રાહ્મણે આશીર્વાદ આપ્યો કે, "લાંબા વખત સુધી અનુપમ રૂપવાળી થા, કૃષ્ણ મહારાજના મનને રંજીત કર તથા ફરીથી નવીન યૌવનવાલી થા."

"હે સ્વામિન્! આપની કૃપા હશે તો તેમ થવામાં સંશય નથી." આમ કહીને **સત્યભામાએ** મહોટું આસન નાખી બ્રાહ્મણને બેસાડ્યા. પોતે તેની આગળ બેસી બ્રાહ્મણને કહેવા લાગી કે, "મહારાજ! જે તમે મને આશીર્વાદ આપ્યો છે તેવી જ મને બનાવી તમારા આશીર્વાદની સત્યતા કરો. મહારાજ! **રૂકિમણી** નામે મારી એક શોક છે તેણીએ મારા પતિ કૃષ્ણને વશ કરી લીધા છે. તેણીએ કૃષ્ણ ઉપર

એવું કામણ કરેલું છે કે મારે ઘેર કોઈ દિવસ આવતા નથી. માટે હે દ્વિજ! મારૂં એવું રૂપ બનાવો કે જેને લીધે હું રૂક્મિણીને જીતી લઉં અને મારા પ્રેમ રૂપી રજ્જુથી બંધાયેલા **કૃષ્ણ** સદા મારે જ ઘેર વસે.”

સત્યભામાનાં આવાં વચન સાંભળી બ્રાહ્મણે હસતાં હસતાં કહ્યું કે, “પ્રથમ પોતાના શરીરનું ખરાબ રૂપ કર્યા સિવાય રૂપાળાપણું થતું નથી જેમકે, પ્રથમ પુરૂષનું શરીર ખારો ચોપડવાથી કદરૂપું થાય છે પણ તે પછી સ્વચ્છ જળથી સ્નાન કરવાને લીધે પુરૂષનું શરીર નિર્મળ અને રૂપાળું બને છે. તેમજ દર્પણ, મણી, ખડગ અને વસ્ત્ર, ઇત્યાદિક પદાર્થો સ્વચ્છ કરતાં પહેલાં મલીન હોય છે ત્યાર બાદ ઉત્તમ વસ્તુના યોગથી નિર્મળ તેજસ્વી થાય છે. હે માનુની! તેમજ તું પણ કૃષ્ણ મહારાજાની મુખ્ય પટરાણીથી અને મારા મંત્રની પ્રબળ શક્તિથી તું ઇંદ્રાણીને પણ જીતી લઇશ. હે સૌભાગ્યવતી! તું પણ પ્રત્યક્ષ અનુભવ લઈશ ત્યારે તને પૂર્ણ ખાત્રી થશે.”

આવાં બ્રાહ્મણનાં વચન સાંભળી મનમાં ઘણો ઉત્સાહ પામતી **સત્યભામા** બોલી કે, “વિપ્ર! ત્યારે મારે વિધિ શું કરવી તે આપ જેમ જાણતા હો તેમ દર્શાવો અને પછી તેનો મંત્ર પણ શીખવો.”

માયાથી બ્રાહ્મણ બનેલા **પ્રદ્યુમ્નકુમારે** કહ્યું કે, “તેની વિધિમાં પ્રથમ તો તમે તમારા મસ્તકનું મુંડન કરાવો અને ઓરડાની અંદર જઈને સર્વ વસ્ત્ર ઉતારી નગ્ન થાઓ. તે પછી તેલની સાથે મસ મેળવીને આખા શરીરમાં તેનું લેપન

કરવું કે શરીરનો કોઈ પણ ભાગ કોરો રહી ન જાય. ત્યાર પછી જીર્ણવસ્ત્રના કકડાઓથી સાંધેલું વસ્ત્ર પહેરી મારી આગળ આવી ઉભાં રહો; આમાં જરા પણ તમારે શરમાવા જેવું નથી, કારણ કે હું તો તમારા પુત્ર તુલ્ય છું. પછીથી હું જે મંત્ર તમને આપું તે મંત્રનો તમારે એકાગ્ર મનથી તમારી કુળદેવીની આગળ જપ કરવો, તેટલા વખતમાં હું ભોજન કરી લઉં."

બ્રાહ્મણના કહેવા પ્રમાણે સત્યભામાએ સર્વ કાર્ય કર્યું. ત્યાર પછી બ્રાહ્મણે તેણીને મંત્રનો ઉપદેશ આપ્યો જેમ કે, '**ઝાં ઝાં ઝાં ઝાં ઝ ઝ ઝાં ઝાં**' આ મંત્રનો ઉપદેશ કરી સર્વ વિધિ બતાવી બ્રાહ્મણ ભોજન કરવા બેઠો અને **સત્યભામા** પોતાની કુળદેવી આગળ જઈ મૌન વ્રત ધરી મંત્રનો જપ કરવા લાગી.

અતિ ક્ષુધાતુર થયેલો માયાવી તે વિપ્ર ખૂબ મોદકો ઉડાવવા લાગ્યો. સત્યભામાની દાસી જેમ જેમ આપતી ગઈ તેમ તેમ તે ખાતો જાય છે અને કહે છે કે, "અરે, હું તો હજી બહુ જ ભૂખ્યો છું, હજી મારૂં પેટ ભરાયું નથી, હજી મને લાડુ આપો" આમ કહેતો જાય છે અને સ્વવિદ્યાની શક્તિથી ખાતો જાય છે. આમ કરતાં કરતાં સર્વ રસોઈ ખુટાડી ત્યારે અતિ ગુસ્સે થયેલી સર્વ દાસીઓ જેમ તેમ બકવા લાગી કે, "અરે અધમ બ્રાહ્મણ! જેટલું હતું તેટલું તો તું ખાઈ ગયો, હવે તો અહીંથી જા!"

બ્રાહ્મણ બોલ્યો કે, "તમારી ક્રૂર દૃષ્ટિ હોવાથી મારી ઉપર તમારી નજર પડી. તો હવે મેં જે તમારૂં ખાધું છે

તે કદી મને પચવાનું નથી માટે મારે તો તમારી રસોઈ તમારા આંગણામાં મૂકી જવી. આમ કહીને તે બ્રાહ્મણે જે ખાધું હતું તે સર્વ અનુક્રમે વમન કરી નાખ્યું; તેને લીધે આખા ઘરમાં દુર્ગંધ દુર્ગંધ થઈ રહી. "અરે ઉઠ ઉઠ, નીચ બ્રાહ્મણ ! અમારૂં સઘળું ઘર બગાડી દીધું. અહીંથી વહ્યોજા, વહ્યોજા." આવી રીતે દાસીઓએ તિરસ્કાર કરાએલો તે વિપ્ર ત્યાંથી ઉઠી બહાર ચાલ્યો ગયો. બહાર નીકળી એક બાળમુનિ બની પ્રદ્યુમ્નકુમાર પ્રજ્ઞપ્તિ વિદ્યાથી ઓળખી કાઢેલા તથા શોકમાં ગરકાવ થઈ ગયેલા **રૂકિમણીના** મહેલમાં ગયો. આવેલા મુનિ વાસ્તે આસન લેવા સારૂ રૂકિમણી ઘરમાં ગઈ, તેટલી વારમાં તો બાળમુનિ આવી **કૃષ્ણના** સિંહાસન ઉપર બેસી ગયો. તે જ ક્ષણે રૂકિમણી શુભ આસન લઈ બહાર આવી. મુનિને વાંદી તેણીએ કહ્યું કે, "મુનિરાજ ! આપ તે આસન છોડી દો, કારણ કે આ સિંહાસન ઉપર **કૃષ્ણ** મહારાજ અથવા તેનો પુત્ર બેસી શકે છે, તે સિવાય કોઈ પણ અન્ય પુરૂષ બેસે તો તે સિંહાસનનો અધિષ્ઠાયક દેવ સહન કરી શકતો નથી. માટે હે મુને ! આ **કૃષ્ણના** સિંહાસન ઉપરથી સત્વર ઉઠી આ બીજા શુભાસન ઉપર બેસો અને કયા કારણથી આપનું પધારવું થયું છે તે આપ કહો."

બાળમુનિ હસી બોલ્યા, "હે માતા ! હું બાળપણથી તપસ્વી છું તેને લીધે મારો પરાભવ કરવા કોઈ પણ દેવ શક્તિમાન નથી. હું આજ બહુ મુસાફરી કરી તારે ઘરે

આવ્યો છું, તેથી ઘણો થાકી ગયો છું, માટે તું અહીંથી ઉઠવાનું ન બોલ અને એ તારૂં આસન એક ઠેકાણે મૂકી દે."

**રૂક્મિણીએ** કહ્યું કે, "સ્વામિન્! તમે તપ કેટલું કરેલું છે?"

મુનિ બોલ્યા, "હે મહાભાગે! હું બાળપણથી જ મુનિ છું. બાળપણથી જ તપસ્વી છું અને બાળપણથી જ પંડિત છું. તે તપ કરતાં મને આજ બરોબર સોળ વર્ષ થયાં; જ્યારથી જનમ્યો છું ત્યારથી મેં કોઈ દિવસ પણ માતાનું સ્તનપાન કર્યું નથી. તે તપનું આજે મને પારણું છે."

**રૂક્મિણી** બોલી કે, "હે મહાભાગ! કોઈ મુનિરાજના મુખથી મેં સાંભળેલું છે કે, જૈન શાસ્ત્રમાં એક ઉપવાસથી પ્રારંભીને એક વર્ષ સુધીનું ઉત્કૃષ્ટ તપ છે. પણ સોળ વર્ષ સુધીનું તો તપ મેં હજી સુધી સાંભળ્યું નથી તો પછી આપ ખોટું કેમ બોલો છો?"

મુનિ બોલ્યા કે, "હવે નાહક તું મને શા માટે તપાવે છે? આપવું હોય તો આપ નહીંતર ના કહે એટલે કોઈ બીજાને ત્યાં જાઉં."

મુનિએ આમ કહ્યું ત્યારે અફસોસને લીધે લાંબો નિઃશ્વાસ મૂકી **રૂક્મિણી** બોલી કે, "મુનિરાજ! શોકને લીધે મેં આજ કાંઈ પણ બનાવ્યું નથી."

મુનિ બોલ્યા, "અરે તું તો કૃષ્ણ મહારાજની મુખ્ય પટરાણી છે તો વળી તને શોક થવાનું કારણ શું છે?"

**રૂક્મિણી** બોલી કે, "હે સાધો! મને શોક થવાનું કારણ તો મારા પુત્રનો વિયોગ છે. પુત્રનો વિયોગ થયે

બરાબર સોળ વર્ષ થયાં પણ હજુ પુત્રનો સમાગમ ન થયો; મને પુત્રનો સમાગમ થાય એટલા વાસ્તે મેં વિધિપૂર્વક કુળદેવતાની આરાધના કરી હતી. એમ આરાધના કરતાં કરતાં પણ જ્યારે કુળદેવતા પ્રસન્ન ન થયા ત્યારે ખાસ પ્રાણ ત્યાગ કરવાની ઈચ્છાથી હું તીક્ષ્ણ ખડગવતી મસ્તક છેદી બલિદાન આપવા તત્પર થઈ કે તે જ ક્ષણે કુળદેવતાએ પ્રત્યક્ષ થઈ મને કહ્યું કે, "હે પુત્રી ! તું સાહસ ન કર. તારા આંગણામાં ઉગેલા આમ્રવૃક્ષમાં સમય સિવાય પણ માંજર આવે ત્યારે તારો પુત્ર આવેલો જ સમજવો. આમાં જરા પણ શંકા ન રાખવી. હે મુને! કુળદેવતા આટલું કહી અંતર્હિત થઈ ગયા અને હું પણ તે સાંભળી રાજી થઈ. આજે એ આમ્રવૃક્ષમાં મનોહર માંજર આવેલા છે પણ હજુ પુત્ર ન આવ્યો. આ દુઃખને લીધે હું બહુ જ દુઃખી છું. મહારાજ ! આપ તો તપસ્વી છો, મુનિ છો, મહા જ્ઞાની છો તથા લોકોનો મ્હોટો ઉપકાર કરનાર છો માટે આપ આ સમયે લગ્ન જોઈ કહો કે મારો પુત્ર ક્યારે આવશે ? મુનિરાજોનું તથા દેવતાઓનું દર્શન કોઈ દિવસ પણ વૃથા થતું નથી તેથી આપ પણ મારા પુત્રનો વિરહજન્ય શોક સત્વર દૂર કરો."

**રૂક્મિણીનાં** વચન સાંભળી મુનિએ પોતાના હાથવતી પોતાની નાસિકાનો પવન જોઈ કહ્યું કે, "માતુશ્રી ! તમારો પુત્ર તો આવેલો જ છે એમ જાણો, આમાં જરાપણ સંશય નથી. જેમ, પ્રાતઃકાલમાં મેઘ ખોટી ગર્જના કરતો નથી તેમ મુનિજનો પણ ખોટું બોલતા જ નથી."

મુનિનાં વચન સાંભળી અતિ રાજી થયેલી **રૂક્મિણીએ** કહ્યું કે, "હે તપસ્વિન્! બોલો, તમને શું આપું? તમે તમારા મનને પૂછી જુઓ કે જેની ઉપર આપની રૂચિ હોય તે આપું. તમને જ્યાં હું જોઉં છું ત્યાં મને પુત્રના જેવો અધિક અધિક પ્રેમ વધે છે. માટે હે બ્રહ્મચારિન્! પોતાની માતા આગળ જેમ, તેમ તમારે મારી આગળ માગતાં જરા પણ શરમાવું નહીં."

બાળમુનિ બોલ્યા, "મેં સોળ વર્ષ સુધી તપ કરેલું છે તેથી હું બહુ કૃશ થઈ ગયો છું માટે મને પચે તેવી નવી રાબડી બનાવી આપો."

આમ કહેવાથી **રૂક્મિણીએ** આગળ કરી મૂકેલા લાડુ ભાંગી ભૂકો કરી તેમાં ખૂબ ઘી નાંખી ચુલા ઉપર ચડાવ્યા. તેની નીચે અગ્નિ સળગાવ્યો. તાપ કરવા માટે તેણીએ ઘણો પ્રયાસ કર્યો પણ તે મુનિની માયાથી અગ્નિ જરા પણ પ્રજ્વલિત ન થયો. આખરે અતિ પ્રયાસને લીધે તેણીનું આખું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું અને બહુ થાકી ગઈ. ઘણો વખત થઈ ગયો ત્યારે માયાવી મુનિ બોલ્યા કે, "ક્ષુધાને લીધે મારૂં ઉદર તો છેક પાતાળમાં ઉતરી ગયું છે. હવે તો હું એક ક્ષણ પણ ભૂખ સહન કરી શકું તેમ નથી અને આ તારો ચૂલો ક્યારે પ્રજ્વલિત થશે અને ક્યારે રાબ થશે માટે ચાલ, મને લાડુ જ આપી દે."

**રૂક્મિણી** બોલી કે, "મહારાજ! એ મોદકો તો માદક દ્રવ્ય નાખી ખાસ કૃષ્ણને માટે જ બનાવેલા છે. તે લાડુ જો બીજો કોઈ ખાય તો તે જ ક્ષણે મૃત્યુ પામે, કારણ કે એ

મોદકો પચવા બહુ જ મુશ્કેલ છે.”

બાળમુનિ કહે છે કે, “હવે એ ગમે તેવા હોય પણ તું એ મોદકો મને આપી દે ! તું તો મહા કૃપણ લાગે છે કે જેથી આપતી નથી; અમુક વાસ્તે બનાવેલા છે એમ નાહક ખોટું શા માટે બોલે છે ?” આમ કહેવાથી **રૂકિમણીએ** બીતાં બીતાં એક લાડુ મુનિના હાથમાં આપ્યો, ત્યારે મુનિએ તો તે લાડુનો એક જ કોળીયો કર્યો; રૂકિમણીએ બીજો લાડુ આપ્યો તેનો પણ એક જ કવલ કરી ખાઈ ગયો. એવી રીતે ત્રીજો આપ્યો, ચોથો આપ્યો, એમાંથી કોઈના પણ બે કવલ ન કર્યા. રૂકિમણી જેમ જેમ આપતી ગઈ તેમ તેમ **પ્રદ્યુમ્નકુમાર** ખાતો ગયો. આ જોઈ રૂકિમણી મનમાં વિસ્મય પામી કે, “હરિ કરતાં પણ મહા બળવાન આ પુરૂષ કોણ હશે ? કૃષ્ણ મહારાજ પણ એક ઉપરાંત બીજો લાડુ ખાઈ શકતા નથી અને આ તો બાળક છે, તો પણ ખાધે જ જાય છે. ધરાતો જ નથી.” આમ વિચાર કરે છે તેવામાં જેની ક્ષુધા શાંત થઈ છે તેવા બાળમુનિએ (ચરૂ લીધું) પાણી પીધું.

આ વાત હમણાં એટલેથી જ રાખીએ અને સત્યભામા તરફ જરા લક્ષ દઈએ.

**સત્યભામા** ઓરડામાં કુળદેવીની પાસે બેસી એકાગ્ર ચિત્તથી જપ જપતી હતી તે સમયે, ઉદ્યાનપાલ, ઘાસના વખારદાર વિગેરે આવી કહેવા લાગ્યા કે, “હે સ્વામિનિ ! કોઈ પુરૂષે આવી તમારૂં વન તમામ ફળ રહિત કરી મૂકયું છે. હાલ તો તેમાં એક પણ ફળ નથી.”

ઘાસની વખારવાળા કહે છે કે, "ઘાસની તમામ વખારોમાં એક પણ પુળો નથી. કોઈ પુરૂષે આવી તમામ વખારો ખાલી કરી દીધી છે." જળશાળાના અધિકારીઓ બોલ્યા કે, "કોઈ પુરૂષ આવી જળશાળામાંથી તમામ પાણી પી ગયેલ છે. હાલ તો જળનું એક બિંદુ પણ નથી.

અનુચરો આવી બોલ્યા કે, "ઢોંગ કરી આવેલા કોઈ એક પુરૂષે **ભાનુકુમારને** અશ્વ ઉપરથી પછાડી નાખેલ છે."

દાસીઓએ આવી બ્રાહ્મણે કરેલું સર્વ નુકશાન કહી બતાવ્યું.

સર્વજનોના મુખથી નુકસાનીના સમાચાર સાંભળી એકદમ **સત્યભામા** ઓરડાની બહાર આવી, ત્યાં વમનને લીધે અતિ દુર્ગંધી થયેલી પોતાની શાળા જોવામાં આવી, તથા મોદક, ઓદન, ઘૃત અને વિવિધ શાકાદિક તમામ વસ્તુઓથી ખાલી થયેલી ભોજનશાળા જોવામાં આવી. આવો અનર્થ જોઈ **સત્યભામા** પણ બોલી કે, "હાય, હાય, મને પણ કોઈ કપટી દુષ્ટ પુરૂષ આવી છેતરી ગયો છે, કે જે ફાટેલ વસ્ત્ર પહેરાવી શરીર દુર્ગંધ કરી મને મુંડી ગયો." જરા મનમાં વિચાર કરે છે કે, "આ વાતની રૂક્મિણીને ખબર ન થાય તેટલામાં હું તેના કેશ મંગાવી લઉં." આમ વિચાર કરી સત્યભામાએ, કેશ લેવા માટે છાબ હાથમાં દઈ કેટલીક દાસીઓને **રૂક્મિણીને** ઘેર મોકલી. તે દાસીઓ રૂક્મિણીને ત્યાં આવી હસતી હસતી રૂક્મિણીને કહે છે કે, "અમારા માનવંતા રાણી સત્યભામા તમને આદેશ કરે છે કે, સૂર્ય સમાન તેજસ્વી ભાનુકુમાર નામે મારો પુત્ર

પરણુવાનો છે તો આપણા ઠરાવ પ્રમાણે તમો હારી ગયા છો માટે તમારા કેશ ઉતારી આપો.”

દાસીઓએ આમ કહ્યું કે તેજ ક્ષણે **રૂકિમણી** શોકાતુર થઈ લાંબા સ્વરથી રૂદન કરવા લાગી, ત્યારે બાળમુનિએ પૂછયું કે, “માતા ! તમો શા કારણથી રૂદન કરો છો ? આટલાં બધાં દીલગીર શા માટે થાઓ છો ? તેવું કોઈ કારણ હોય તો કહો કે જેનો તરત ઉપાય થાય.”

બાળમુનિના પૂછવાથી રૂકિમણીએ રોતાં રોતાં સર્વ વાત સવિસ્તર કહી જણાવી. ત્યારે માયાવી બાળમુનિએ સિંહાસન ઉપર બેઠાં બેઠાં જ પોતાની વિદ્યાની અચિંત્ય શક્તિથી તે દાસીઓના પુષ્પ ગુંથેલા કેશ ઉતારી છાબ ભરી દાસીઓને આપી કહ્યું કે, “જાઓ આ છાબ લઈ ગીત ગાતી ગાતી તમે તમારી રાણીને ઘેર જાઓ. અને આ કેશ તેણીને આપજો.” આમ શિખામણ આપી મુનિએ તે દાસીઓને ત્યાંથી વિદાય કરી. કેશથી ભરેલી છાબ લઈ દાસીઓ રોતી રોતી સત્યભામા આગળ આવી. મુંડાઈ ગયેલી સર્વ દાસીઓને જોઈ મનમાં વિસ્મય પામતી **સત્યભામા** બોલી, “અરે ! આ શું થયું ? આ આવું કામ કોણે કર્યું ?” દાસીઓએ રોતાં રોતાં કહ્યું કે, “રૂકિમણીને ત્યાં કોઈ એક મુનિ આવેલ છે તેણે આ સર્વ કૃત્ય કર્યું.” આ વાત સાંભળતાં અત્યંત ગુસ્સે થયેલી સત્યભામાએ પોતાના કેટલાક અનુચરોને હુકમ કર્યો કે, “અરે, અનુચરો ? જાઓ, રૂકિમણીને ત્યાં જઈને બળાત્કાર કરી તમે રૂકિમણીને મુંડી નાખો. તેના સર્વ પરિવાર જનોને મુંડી નાખો. તેના અને

સઘળાના કેશ લઈ પાછા સત્વર આવો."

આવી રીતે હુકમને તાબે થયેલા, પરતંત્ર સર્વે અનુચરો કંપતા કંપતા **રૂકિમણીને** ઘેર ગયા ત્યારે બાળમુનિએ તેઓને પણ મુંડી નાંખ્યા અને શરીરમાં કેટલીક જગોએ ચામડી ઉખેડી નાંખી. ત્વચા ઉખડી જવાને લીધે વહેતા રૂધિર પ્રવાહથી દુઃખી થયેલા તે સર્વે દાસ જનો, મૂર્ખ શિરોમણી **સત્યભામાની** નિંદા કરતા કરતા તથા રાડો પાડતા પાડતા સત્યભામાની આગળ આવ્યા. આવીને સર્વ હકીકત કહી જણાવી, ત્યારે વિચાર વગરની સત્યભામા એકદમ કૃષ્ણની પાસે જઈ કહેવા લાગી કે, 'તમે મને રૂકિમણીના કેશ સત્વર અપાવો, કારણ કે, અમારો ઠરાવ થતી વખતે તમે તથા **બળદેવ** સાક્ષી છો, માટે અહીંથી ઉઠી ત્યાં જઈ તમે પોતે તેના કેશ ઉતારી આપો.'

હાંસી કરવાની જેને ટેવ છે તેવા **કૃષ્ણે** મશ્કરીમાં કહ્યું કે, 'હે સત્યભામા ! તું મુંડાઈ એટલે બસ સર્વ થઈ ગયું ! સાક્ષીઓની સાક્ષી પૂરાઈ ગઈ. હવે રૂકિમણીના કેશ ઉતારવાની શી જરૂર છે ? કારણ કે રૂકિમણીને બદલે તું મુંડાઈ અને ત્હારે બદલે રૂકિમણી ન મુંડાઈ, એ તો બહુ જ સારૂં થયું, કારણ કે બેમાંથી એકનું મુંડન થવાનું હતું તે થયું, તો હવે શું છે ?'

**કૃષ્ણના** મુખથી આવાં વાક્યો શ્રવણ કરી, ક્રોધ પામેલી સાક્ષાત્ નાગણી સમાન ઉછળતી **સત્યભામા** બોલી કે, 'અરે કપટી ! આવું કપટ કરી કરીને જ આખા કુળને વિનય વગરનું કરી દીધું છે, માટે હાંસીનો સમય નથી,

હાંસી સમય ઉપર સારી લાગે છે, અને સમય વિના તો હાંસી વિષ તુલ્ય થઈ પડે છે. માટે હાંસી છોડી દઈ કેશ અપાવો.'

આવી રીતે **સત્યભામાએ** ઘણો જ ઠપકો આપ્યો ત્યારે તેણીની ઘણીક પ્રેરણાથી **કૃષ્ણે બળદેવને** કહ્યું કે, 'ભાઈ! તમે રૂકિમણીના ઘેર જાઓ અને તેને સમજાવો કે, 'તું શરતમાં તારા કેશ હારી ગઈ છે. એ બાબતમાં હું **કૃષ્ણ** અને **દુર્યોધન** એ ત્રણે જણા અમે સાક્ષી છીએ, માટે તું તારી મેળે સમજી કેશ આપી દે. હે **રૂકિમણી!** આ બાબતમાં તારે જરા પણ હઠ કરવો જોઈતો નથી.' આ પ્રમાણે જઈને મધુર વાણીથી તેને કહો. આપ તો વિદ્વાન છો, સમજુ છો, અને સૌમ્ય છો, તેથી તમને કાંઈ વિશેષ કહેવું પડે તેમ નથી.'

કૃષ્ણ મહારાજે આમ કહ્યું ત્યારે **બળદેવ** ત્યાંથી ચાલી રૂકિમણીના ઘર આગળ આવ્યા ત્યાં પ્રદ્યુમ્નકુમારને ખબર પડતાં તરત જ પોતાની વિદ્યાને લીધે અચિંત્ય શક્તિ હોવાથી **કૃષ્ણનું** રૂપ કરી બેસી ગયો. આમ કરવાથી શાસ્ત્રના રહસ્યને જાણનાર પુણ્યશાળી તથા વિચક્ષણ કુમારે, 'પુત્ર પિતા તુલ્ય હોય છે,' આ લૌકિક ન્યાયની સત્યતા કરી બતાવી.

બળદેવ ઘરમાં આવી જુવે છે ત્યાં પોતાના સિંહાસન ઉપર બેઠેલા **કૃષ્ણને** જોયા અને તેની આગળ બેસી પાન-પટી કરવામાં વ્યગ્ર થયેલી **રૂકિમણીને** દીઠી. આ બેઉને જોઈ લજ્જીત થયેલા બળદેવ તરત જ ત્યાંથી પાછા વળી પોતાને સ્થાનકે આવ્યા. ત્યાં પણ કૃષ્ણને દીઠા. આમ બેઉ

સ્થળે કૃષ્ણને જોઈ બળદેવ અતિ કોપાયમાન થઈ કૃષ્ણને કહે છે કે, 'અરે **કૃષ્ણ!** તારા મોટાભાઈની પણ હાંસી કરવાની ટેવ તને ઉચિત નથી કે, જે એક તરફથી મને ત્યાં સમજાવવા મોકલે છે અને બીજી તરફથી ત્યાં જઈ સિંહાસન ઉપર ચડી બેસે છે. આ શું કહેવાય? હું તો એ જોઈ શરમાઈ ગયો. તું તો સદા નિર્લજ્જ છે. આ લોકમાં કહેવત છે કે ઉદ્ધત જનોને લજ્જા ક્યાંથી જ હોય અને પ્રમાદિ જનોને વિદ્યા ક્યાંથી હોય?'

**બળદેવ** ક્રોધને લીધે લાલચોળ બની જેમ તેમ બોલવા લાગ્યા ત્યારે કૃષ્ણે કર જોડી વિનયપૂર્વક કહ્યું કે, 'હે જ્યેષ્ઠ બંધો! હું ત્યાં બીલકુલ ગયો જ નથી. તમને જો પ્રતીતિ ન આવતી હોય તો આ બાબતમાં હું પિતાશ્રી **વસુદેવના** તથા તમારા ચરણનો સ્પર્શ કરૂં છું. આ વિશ્વમાં વસુદેવ કરતાં તથા તમારા કરતાં મને મારા પ્રાણ કરતાં પણ અધિક પ્રિય બીજો કોઈ નથી.'

આવી રીતે કૃષ્ણે મધુર વાણીથી ઘણું સમજાવ્યા ત્યારે બળદેવનું ચિત્ત સ્વસ્થ થયું. પણ સાપણની પેઠે ક્રૂર આશયની **સત્યભામા** સમજાવી સમજી નહિ, ત્યારે હાથ લાંબા કરી જેમ તેમ બકતી ગરલ સમાન ઉદ્ગારો બહાર કાઢતી કાઢતી તથા ઉતાવળને લીધે જેનાં વસ્ત્ર શિથિલ થઈ ગયાં છે, તેવી સત્યભામા પોતાને ઘેર ચાલી ગઈ. લોકમાં એક કહેવત છે કે, 'રાંધેલો ભાત એકદમ શીતળ થઈ જાય છે પણ દાળનું ઓસામણ એકદમ શીતળ થતું નથી.' **પ્રદ્યુમ્નકુમાર** તથા **રૂક્મિણી** જ્યાં બેઠાં છે ત્યાં નારદમુનિ આવી રૂક્મિણીને

ચેતવે છે કે, 'હે રૂકિમણી ! આ તારી આગળ બેઠેલ છે તે મહા તેજસ્વી પ્રદ્યુમ્ન નામે તારો પુત્ર છે, તેને જોઈ તું ખુશી થા, તેને ગાઢ આલિંગન દઈ મળ, તું તેને તારા ખોળામાં બેસાડ અને પ્રેમથી તેના મુખનું ચુંબન કર.'

આમ **નારદમુનિ** કહે છે તેટલામાં પ્રદ્યુમ્નકુમારે પોતાનું અસલ રૂપ કરી માતાના ચરણમાં જઈ શિર નમાવી પ્રણામ કર્યાં. પોતાના પુત્રને જોઈ રૂકિમણીને એટલો બધો હર્ષ થયો કે જે હૃદયમાં ન માવાથી ચોલીને ભેદીને સ્તન દ્વારા દૂધની ધારા રૂપે બહાર નીકળ્યો. **રૂકિમણી** પ્રેમથી વારંવાર પુત્રનું આલિંગન કરવા લાગી. પછી રૂકિમણીએ પોતાના પુત્રને કહ્યું કે, 'હવે તું તારા પોતાના પિતાને મળ, અને તારા પિતા તુલ્ય માનવા લાયક, પ્રતાપને લીધે વિશ્વમાં પ્રખ્યાત **બળદેવને** મળ.'

**પ્રદ્યુમ્ન** પોતાની માતાને કહે છે કે, 'હે જનની ! તમારે મારા પિતા કૃષ્ણની આગળ મારા આવવા સંબંધી વાત ન કરવી, કારણ કે જ્યાં સુધી મારૂં બળ જોવામાં આવ્યું નથી ત્યાં સુધી આ મારો પુત્ર છે એમ તેને પ્રતીતિ શી રીતે થાય ? માટે હે માતા ! જ્યાં સુધી મેં મારૂં ચમત્કારી બળ તેને બતાવ્યું નથી ત્યાં સુધી તમારે કૃષ્ણની આગળ મારી વાત કરવી નહીં. એ તો મારા બળથી જ પોતે મને ઓળખી લેશે. કોયલ પોતાનાં બચ્ચાંને શબ્દ ઉપરથી ઓળખી લે છે, નહીંતર વાયસ અને કોકિલની ભિન્નતા શી રીતે જાણી શકાય ?'

આવી રીતે **રૂકિમણીને** સમજાવી પોતાની માયાથી

રચેલા રથમાં પોતાની માતાને બેસાડી લોકો દેખે તેમ જાહેર રીતે રાજમાર્ગમાં **પ્રદ્યુમ્નકુમાર** ચાલતો થયો. રથ ઉપર બેઠા બેઠા શંખધ્વનિ કરી જાહેર કરે છે કે, 'કૃષ્ણની મુખ્ય પટરાણી તથા તેનું પ્રેમ પાત્ર રૂકિમણીને હું હરી જાઉં છું, માટે આ દ્વારિકાપુરીમાં જે કોઈ બળવાન હોય તે પુરૂષ મારી આગળ આવી જાઓ અને મારા હાથમાંથી રૂકિમણીને છોડાવી જાઓ. કૃષ્ણ મહારાજ, બળદેવ અથવા તે બંનેનો જે કોઈ બીજો પુત્ર હોય, તે સર્વે આવી મારી સાથે યુદ્ધ કરી મારા હાથમાંથી આ રૂકિમણીને છોડાવી જાઓ. નહીંતર ભયભીત થયેલા તથા શરીરમાં કંપતા તે પુરૂષો પોતાના ઘરમાં જઈને પોતાની સ્ત્રીનું શરણ લ્યો.'

આવાં આક્રોશ ભરેલાં વચન સાંભળી કેટલાક શૂરવીર રાજાઓ હાથી, રથ, ઘોડા ઉપર બેસી, કેટલાક પગપાળા, **પ્રદ્યુમ્નની** સન્મુખ આવી ઉભા રહ્યા ત્યારે કુમારે તેઓને એક પછી એક સહેજમાં જીતી લીધા; લજ્જાને લીધે તે રાજાઓ નીચાં મોઢાં કરી પાછા પોતાને ઘેર ચાલ્યા ગયા. આ વાતની કૃષ્ણને ખબર પડતાં પોતાની મોટી સેના લઈ તથા બળદેવને સાથે લઈ **કૃષ્ણ** મહારાજ ઉગ્રસેનાદિક યાદવો સહિત યુદ્ધ માટે કુમારની આગળ આવ્યા.

આવેલા કૃષ્ણાદિકને જોઈ **પ્રદ્યુમ્નકુમાર** હસતો હસતો બોલે છે કે, 'અરે **કૃષ્ણ**! તને જો લજ્જા પ્રિય હોય તો લજ્જા સહિત તું તારે ઘેર ચાલ્યો જા. કંસાદિકનો વધ કરવાથી જે તારી કીર્તિ થઈ છે તે આખા વિશ્વમાં જેના સાહસની તુલના થઈ શકતી નથી તેવા મને જીતી કીર્તિ

નહીં મેળવી શકે, માટે તું ઘેરે જા અને અપ્સરા સમાન સત્યભામાદિક બહુ સ્ત્રીઓ છે તો તેઓની સાથે ભોગો ભોગવ્યા કર; એક આ રૂકિમણીને માટે તું અનેક કીર્તિરૂપ સ્ત્રીઓને જતી ન કર. નહીંતર, તેં શત્રુઓને જીતી એકઠી કરેલી કીર્તિરૂપ સ્ત્રીઓ તારે ચોક્કસ નાશવંત સમજવી. તેમજ આ રૂકિમણી પણ તારા હાથમાં નહીં આવે, માટે તારે તો બે જશે, એક પણ તારા કબજામાં નહીં રહે, માટે જરા વિચાર કર, મારૂં કહ્યું માન તો ઘેર જા અને સુખ ભોગવ.'

**પ્રદ્યુમ્નકુમારે** આમ કહ્યું ત્યાં તો જેનાં લાલચોળ નેત્ર થયાં છે તેવા **કૃષ્ણ** બોલ્યા કે, 'અરેરે! આ શું બકે છે? બળ હોય તો બતાવ, બતાવ.'

**કૃષ્ણે** જ્યારે આમ કહ્યું ત્યારે કુમારે પોતાની વિદ્યાથી સૈન્યની રચના કરી કાન્તારૂપ રત્નનું હરણ થવાને લીધે ઉત્પન્ન થયેલી લજ્જાથી કૃષ્ણ (શ્યામ) બની ગયેલા કૃષ્ણની સાથે ઘણા વખત સુધી યુદ્ધ કર્યું. આખરે કુમારે વિદ્યાના બળથી કૃષ્ણને એકદમ શસ્ત્ર વગરના કરી દીધા. દાંત કાપી નાખવાથી જેવો હાથી લાગે, પોતાની ફાલ ચૂકી ગયેલો જેવો વાનર લાગે, પાંખો કપાઈ જવાથી નિર્બળ બનેલું જેવું પક્ષી લાગે, શાખાઓ કાપી નાખવાથી જેવું વૃક્ષ જોવામાં આવે, દાઢો પાડી નાખવાથી જેવો નાગ નિર્બળ થઈ ગયેલો લાગે, તેવા તે વખતે કૃષ્ણ મહારાજ શસ્ત્ર વગરના લાગતા હતા. મનમાં વિસ્મય પામેલા કૃષ્ણ વિચાર કરે છે કે, 'અરે, મને જીતી લેનાર આ કોણ હશે? આ કોઈ જેવો તેવો

સામાન્ય નથી તેમ પરિચિત પણ નથી, ત્યારે તો કોઈ દેવ હોવો જોઈએ. પણ આના નેત્રો મીંચાય છે અને ઉઘડે છે તેથી આ દેવ તો નથી જ, પણ વિદ્યાવાળો આ કોઈ વિદ્યાધર છે.

આમ વિચાર કરતાં કરતાં કૃષ્ણ આયુધ વગર ઉભેલા છે તે સમયે દક્ષિણ બાહુ ફરકવા લાગ્યો. ત્યારે કૃષ્ણે પોતાના દક્ષિણ બાહુનું ફરકવું **બળદેવને** બતાવ્યું. બળદેવે કહ્યું કે, 'તેના ફળમાં ઇષ્ટજનનો સમાગમ થશે.' આમ સંશય ભરેલી વાતો કરે છે તેટલામાં **નારદમુનિ** આવી કૃષ્ણને કહે છે કે, 'અરે કૃષ્ણ ! તું કોની સાથે યુદ્ધ કરે છે ? આ તો તારી સ્ત્રી રૂક્મિણીનો પુત્ર છે. **કાલસંવર** રાજાને ઘેરથી હું આ સોળ વર્ષના મહા બુદ્ધિશાળી પ્રદ્યુમ્ન નામના તારા પુત્રને અહીંયાં લાવ્યો છું.' આમ નારદમુનિ જ્યાં કહે છે ત્યાં **પ્રદ્યુમ્નકુમાર** આવી પોતાના પિતા કૃષ્ણના ચરણકમલમાં પડ્યો. આનંદને લીધે થતી અશ્રુધારાથી કૃષ્ણના ચરણને ભીંજવી દેતો કુમાર વારંવાર પ્રણામ કરવા લાગ્યો. ત્યારે કૃષ્ણ મહારાજે પોતાના પુત્ર શ્રી પ્રદ્યુમ્નકુમારને પોતાના ખોળામાં બેસાડી અતિ આનંદ થવાથી નેત્રમાંથી ઝરતા જળથી અભિષેકપૂર્વક પુત્રના મસ્તકનું ચુંબન કર્યું. ત્યાર પછી કુમારે બળદેવને પ્રણામ કર્યા, ત્યારે **બળદેવે** પણ કુમારનું હર્ષપૂર્વક ચુંબન કર્યું. તે પછી કુમારે **સમુદ્રવિજયને** તથા **વસુદેવને** પ્રણામ કર્યા. તે વખતે યુદ્ધની ભૂમિ, આનંદની ભૂમિ થઈ ગઈ.

તે સમયે કૃષ્ણ મહારાજે જ્યોતિષ શાસ્ત્રને જાણનારા

બ્રાહ્મણોને બોલાવી શ્રી દ્વારિકાપુરીમાં **પ્રદ્યુમ્નનું** પ્રવેશ મુહૂર્ત પૂછયું, ત્યારે બ્રાહ્મણોએ પણ તેજ વખતે મુહૂર્ત આપ્યું. કૃષ્ણ મહારાજાએ તેજ સમયે પ્રદ્યુમ્નકુમારનો શ્રી દ્વારિકાપુરીમાં પ્રવેશ કરાવ્યો, જે દ્વારિકામાં ઘેર ઘેર ઉત્સવ થઈ રહ્યો છે, પતાકા તોરણાદિકની શોભા જેમાં રહી છે, છાંટેલા કુંકુમ યુક્ત જળથી સુગંધી અને શીતલ વાતાવરણ લાગે છે. જેમાં પ્રદ્યુમ્નને જોવા માટે સ્ત્રીઓ ગોખમાં બેઠેલ છે, જેમાં રસ્તાઓમાં પુષ્પો પાથરી મૂકેલ છે, જે દ્વારિકાના રસ્તાઓ બહુજ પહોળા છે છતાં જોવા મળેલા લોકોના સમૂહોથી જેના રસ્તા સાંકડા થઈ ગયા છે, જેમાં કુમારને જોવાના રસથી દોડતા લોકોના શરીર ઉપરથી પડી જતાં અનેક આભૂષણોથી શોભતી, જાણે કે આનંદરૂપ રાજાની રાજધાની હોય તેવી લાગતી, જેમાં પ્રદ્યુમ્નને જોતી વખતે સર્વ જનોની દૃષ્ટિ નિમેષ વગરની હતી, **જયંત** સમાન પ્રદ્યુમ્ન હતો અને **ઈન્દ્ર** સમાન કૃષ્ણ હતા તેથી જાણે કે બીજી સ્વર્ગપુરી હોય તેવી લાગતી. શ્રી દ્વારિકાપુરીમાં પ્રવેશ કરી ચાલ્યા જતા, મદોન્મત્ત ગજ ઉપર બેઠેલા, જેની ઉપર છત્ર ધરાયેલું છે, પાસે બેઠેલા અનુચરો જેની ઉપર ચામર ઢોળે છે, ચોતરફ સર્વ યાદવોથી નિધિની પેઠે વીટાયલા **શ્રી પ્રદ્યુમ્નકુમારને** કેટલીક કન્યાઓ અખંડ શાળથી વધાવવા લાગી. અનેક ભાટચારણોથી સ્તુતિ કરાતા કલ્પવૃક્ષની પેઠે મનોવાંછિત સુવર્ણાદિકનું દાન આપતા જાણે મૂર્તિધારી સાક્ષાત્ આનંદ કેમ હોય ? દેહધારી પુણ્યનો રાશિ હોય નહીં શું તથા શરીરધારી યશનો રાશિ હોય નહીં શું, તેવા

**પ્રદ્યુમ્નકુમાર** પોતાની માતા શ્રી **રૂક્મિણીને** ઘેર આવ્યા.

શ્રી **પ્રદ્યુમ્નચરિત્ર** મહાકાવ્યમાં પ્રદ્યુમ્નનું દ્વારિકામાં આવવું અને માતાપિતાને મળવું ઇત્યાદિક દર્શાવનાર **આઠમો** સર્ગ સંપૂર્ણ થયો.

卐

## નીચેના સૂત્રનાં રૂા. ચાલીશ હજાર

**"તમારૂં મગજ શાન્ત રાખો, તમારા પગ ગરમ રાખો, એટલે તમે સૌથી સારા ડોકટરને પણ ગરીબ બનાવી શકશો."**

"**ડોક્ટર હરમન બોરહેડે**" એક પુસ્તકની રચના કરી હતી. આ પુસ્તકનાં ૯૯ પાના કોરા જ હતા, અને સોમે (૧૦૦) પાને માત્ર ઉપર મુજબના ૧૭ શબ્દો આપવામાં આવ્યા હતા. લેખકના મરણ પછી એક વિરલ ચીજ તરીકે એ પુસ્તકની ગણના થઈ હતી. તેની કિંમત તરીકે ૩૦૦૦ પાઉંડ (૪૦૦૦૦ રૂપિયા)થી તેની અસલ હસ્ત પ્રત ખરીદનાર વ્યક્તિ પણ મળી આવી હતી.

# अथ नवमः सर्गः

**પ્રદ્યુમ્નકુમાર** માતાપિતાને ઘેર આવ્યો ત્યારે કૃષ્ણ વસુદેવાદિ સર્વ યાદવો પુત્ર સમાગમનો મહોત્સવ કરી રહ્યા છે, અનેક વાજિંત્રો વાગી રહ્યાં છે, કૃષ્ણની સભામાં માણસો ક્યાંય પણ માતા નથી, તથા આખી સભામાં આનંદ મંગલ થઈ રહેલ છે. તે સમયે **દુર્યોધન** રાજા, ઇન્દ્રની સભાને પણ તિરસ્કાર કરનાર શ્રી કૃષ્ણની સભામાં પોકાર કરતો કરતો આવી કહે છે કે, 'હે સ્વામિન્! શ્રી દ્વારિકાપુરીની બહાર અમારી જાન રહેલી છે તેમાંથી, અનેક આભરણાદિક વડે ભૂષિત મારી કન્યાને કોઈ એક પુરૂષ બળાત્કાર કરી ઉપાડી ગયેલ છે.'

**કૃષ્ણ** કહે છે કે, 'હે રાજન્! એ વિશે મને જરા પણ ખબર નથી, કારણ કે હું કંઈ સર્વજ્ઞ નથી, માટે તમે પોતે અનુચરોને મોકલી તેની શોધ કરાવો.

તે વખતે **પ્રદ્યુમ્નકુમાર** કહે છે કે, 'હું પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી શોધ કરી તમારી પુત્રી લાવી આપીશ, તે વિષે તમારે જરા પણ ચિંતા ન કરવી. નિશ્ચિંત રહો.' આમ કહી થોડો વિલંબ કરી પ્રદ્યુમ્નકુમારે નારદની આગળ તે પુત્રી મંગાવી દુર્યોધન રાજાને સોંપી દીધી. ત્યાર પછી કૃષ્ણને ખબર પડી કે, કન્યાહરણાદિક સર્વ ચરિત્ર આ કુમારનું છે. આમ ખબર પડતાં મહા બળવાન પોતાના પુત્ર **પ્રદ્યુમ્ન-કુમારને** તે કન્યા આપવા માટે કૃષ્ણની ઇચ્છા થઈ, અને

કુમારને તે આપવા લાગ્યા પણ કુમારે તે કન્યા ન લીધી. તેના કારણમાં કહે છે કે, 'મારા ભાઈ **ભાનુકુમારને** તમે એ કન્યા આપી ચૂકયા છો, તો હવે તે તો મને ભ્રાતૃપત્ની થાય માટે મને ઉચિત નથી.'

આવાં ન્યાયયુક્ત કુમારનાં વચન સાંભળી સંતોષ પામેલા **કૃષ્ણે** મોટો વિવાહ મહોત્સવ કરી તે કન્યા **ભાનુકુમારને** આપી. હવે **પ્રદ્યુમ્નકુમારે** વિદ્યાધરોના અધિપતિ કાલસંવર રાજાને ત્યાંથી સર્વ સંપત્તિઓ તથા '**રતિ**' વિગેરે સર્વ સ્ત્રીઓ દ્વારિકામાં મંગાવી લીધી. **કૃષ્ણ** મહારાજે પણ વિદ્યાબળ અને બાહુબળ વડે અધિક બળવાન પ્રદ્યુમ્નકુમારનો તે કન્યાઓની સાથે હર્ષપૂર્વક વિવાહ કર્યો. પ્રદ્યુમ્નના ચરિત્રો તાલસુરમાં ગાઈ શકાય તેવા મોટા છંદમાં બનાવી ભાટ ચારણો સદા ગાવા લાગ્યા તથા વિણા વગાડનારાઓ તે ચરિત્રો વિણામાં ગાવા લાગ્યા. આવી રીતે ભાટ ચારણોના મુખથી તાલ સુરમાં ગવાતા, પવિત્ર તથા વિશાળ પ્રદ્યુમ્નના ચરિત્રો સાંભળી સત્યભામાનો ઇર્ષ્યારૂપ અગ્નિ વિશેષ પ્રજ્વલિત થયો. **સત્યભામા** પોતાના મનમાં વિચાર કરે છે કે, 'અરે, મારો પુત્ર તો પુણ્યહીન અને જીવતાં છતાં પણ મરી ગયા જેવો જ છે કારણ કે જેનું નામ કોઈપણ જાણતું નથી તો મને કોણ ઓળખે પ્રદ્યુમ્નકુમાર અને તેનું ચરિત્ર તો આખા જગતમાં પ્રખ્યાત થઈ ગયું છે, તેને લીધે તેની મા **રૂકિમણીના** ગુણો ગવાય છે; જેમ **અરિષ્ટનેમિની** માતા **શિવાદેવી** પોતાના પુત્રને લીધે આખા વિશ્વમાં પ્રખ્યાત છે તેમજ રૂકિમણી પણ પોતાના પુત્રને લીધે પ્રસિદ્ધ

થઈ છે. મને તો આ કોઈ એવો અધમ પુત્ર થયો છે કે જેથી મને કોઈ પણ જાણતું નથી. માટે હું તો શરદ ઋતુમાં તાપથી કરમાઈ ગયેલી વેલની પેઠે જીવતી છતી પણ મરી ગયા જેવી જ છું.' આમ ચિંતાતુર થયેલી **સત્યભામા** અંતરમાં બળતા તાપને લીધે ઉષ્ણ અને લાંબા નિઃશ્વાસ મૂકતી, એક જીર્ણ માંચડા ઉપર પડી.

**સત્યભામાના** પ્રેમથી બંધાયેલા કૃષ્ણ મહારાજ થોડી વાર પછી તેની આગળ આવ્યા. તેવી અવસ્થામાં પડેલી સત્યભામાને જોઈ તેનું કારણ પૂછે છે કે, 'હે દેવી ! હે સુભ્રુ ! તને શું દુઃખ થયું ? કોણે તારો પરાભવ કરેલો છે ? અથવા કઈ વસ્તુમાં તારી ઇચ્છા થઈ છે ? બોલ, તારી સર્વ ઇચ્છા પૂર્ણ કરનાર આ હું બેઠો છું માટે તને જે દુઃખ હોય તે બોલી દે એટલે તેનો તરત ઉપાય થાય.'

બહુ જ દુઃખના બોજાથી દબાઈ ગયેલી **સત્યભામા** ગળગળા સ્વરે બોલી કે, 'હે પ્રભો ! આજ દિવસ સુધી તો આપના પ્રતાપથી મારો પરાભવ થયો નથી, તેમજ કોઈપણ રત્નાદિક શ્રેષ્ઠ વસ્તુઓમાં મારી સ્પૃહા પણ નથી, કારણ કે, ચિંતામણિ સમાન તમારી કૃપાથી મારી પાસે સર્વ ઉત્તમ વસ્તુઓનો સંગ્રહ છે, પણ હે સ્વામિન ! **પ્રદ્યુમ્ન** સદૃશ મને પુત્ર નથી માટે તેના જેવો મને પુત્ર આપો કે જે હું ચિંતવું તે કરી આપે. જગતમાં સ્ત્રીઓને સપત્નીનો વ્યવહાર બહુ જ દુઃસહ હોય છે તેથી તે દુઃખને લીધે મારું મન આકુલ વ્યાકુલ થઈ જવાથી હું નક્કી મરી જઈશ.' ત્યારે કૃષ્ણ બોલ્યા કે, 'હે દેવી ! તું જરાપણ દિલગીર થઈશ

નહીં, તું સુખદુઃખમાં મારી સહાયતા કરનારી છે માટે તને જે ઇચ્છિત છે તે તો હું આ પગલે કરી દઈશ કારણ કે મેં દેવની આરાધના કરી છે તેથી મને કોઈપણ કાર્યમાં અગવડ પડે તેમ નથી. તું એ વિષે બેફીકર રહેજે.'

આવાં મધુર વચનોથી **સત્યભામાને** શાંત કરી કૃષ્ણ પોતાને ઘેર આવ્યા અને સત્યભામાને ભાગ્યશાળી પુત્ર થવા માટે શો વિધિ કરવો એમ વિચાર કરવા લાગ્યા. વિચાર કરતાં કરતાં અષ્ટમ તપ કરવાની પોતાને બુદ્ધિ થઈ ત્યારે કૃષ્ણે બ્રહ્મચર્યવ્રત ધરી અષ્ટમ તપપૂર્વક **હરિણગમેષી** નામના દેવની આરાધના કરી. જેની સિદ્ધિ અચિંત્ય છે તેવા તપના પ્રભાવથી ત્રીજે દિવસે પૌષધને અંતે તે દેવ દિવ્ય વેષ ધરી પ્રગટ થઈ કૃષ્ણને પૂછે છે કે, 'હે રાજન! તેં શા માટે મારૂં સ્મરણ કરેલું છે?' ત્યારે કૃષ્ણે કર જોડી કહ્યું કે, 'હે દેવ! મારી સત્યભામા સ્ત્રીને વિષે **પ્રદ્યુમ્ન** સદૃશ પુત્ર થવાની ઇચ્છાથી મેં તમારૂં સ્મરણ કરેલું છે.'

આમ કહેવાથી સંતુષ્ટ થયેલા દેવ **કૃષ્ણને** કહે છે કે, 'તને જે સ્ત્રીમાં પુત્ર થવાની ઇચ્છા હોય તે સ્ત્રીના કંઠમાં, મારો આપેલો મોતીનો હાર પહેરાવી તું તે સ્ત્રીને ભોગવ, તને પ્રદ્યુમ્ન સમાન મહા પુણ્યશાળી પુત્ર થશે. આ બાબતમાં તું વિશ્વાસુ રહેજે કારણ કે દેવની વાણી કોઈ દિવસ પણ મિથ્યા થતી નથી.' તે દેવ આ પ્રમાણે કહી એક મોતીનો હાર કૃષ્ણને આપી અદૃશ્ય થયા. કૃષ્ણ ત્યાંથી ઉઠી તીર્થના જળથી સ્નાન કરી અષ્ટમ તપનું પારણું દુધપાકથી કરી આનંદ પામ્યા. પ્રજ્ઞપ્તિ વિદ્યાના પ્રભાવથી પ્રદ્યુમ્નને આ

વાતની ખબર પડી ત્યારે કુમારે પોતાની માતાને કહ્યું કે, 'હે મા! મારા પિતા પાસેથી તમે પોતે તે હાર લઈ લ્યો. તમને મારા જેવો પરાક્રમી પુત્ર થશે તો મને પણ એક બીજો સહાયતા કરનાર ભાઈ થાય.'

**રૂક્મિણી** કહે છે કે, 'પુત્ર! હું તો એક તારાથી જ કૃતાર્થ છું. કારણ, સિંહની માતાને એક જ પુત્ર હોય છે અને તે એક જ પુત્રથી જ તે સુખે જીવે છે. માટે યૌવનમાં ક્લેશ કરનાર ઘણા પુત્રોની મારે કાંઈ પણ જરૂર નથી.'

ત્યારે કુમાર રૂક્મિણીને પૂછે છે કે, 'માતા! સર્વ પત્નીઓમાં તને અતિ વહાલી તથા પ્રેમ પાત્ર કોણ છે, તે મને બતાવો એટલે તેને હું પુત્ર આપું, કે જે સર્વ કાર્યોમાં મને સહાય થાય.'

**રૂક્મિણી** કહે છે કે, 'હે વત્સ! ખરૂં પૂછો તો મને **જાંબુવતી** બહુ જ વહાલી છે, કારણ કે જેણીએ તારા વિરહમાં તથા સત્યભામાએ આપેલાં સંકટમાં મને સહાયતા કરી હતી. માટે જો તું શક્તિમાન હો તો જાંબુવતીને પુત્ર આપ.'

મહા બુદ્ધિશાળી કુમારે પોતાની માતાનું વચન કબુલ કરી ત્યાંથી પોતાને સ્થાનકે જઈ વિદ્યાના પ્રભાવે **જાંબુવતીનું** રૂપાદિક સર્વ **સત્યભામા** જેવું બનાવી દીધું, કારણ કે વિદ્યાથી શું થતું નથી? જે ધારે તે થઈ શકે છે.

આવી રીતે પોતાનું ધારેલું કરી કુમારે પોતાની મા આગળ આવી કહ્યું કે, 'મારાથી બનતો પ્રયાસ મેં કરેલો છે. હવે તેની સાર્થકતા કરવી તમારા હાથમાં છે.' આમ

કહી કુમાર સ્વસ્થાને ગયો. ત્યાર પછી રૂકિમણીએ સંભોગ સમય જાણી સત્યભામાને બદલે **જાંબુવતીને** વસ્ત્ર અલંકારાદિક પહેરાવી કૃષ્ણના શયનગૃહમાં મોકલી. સંધ્યાકાલે શૃંગાર સજી આવેલી આ સત્યભામા જ છે એમ ધારી પોતાને દેવે અર્પણ કરેલો મુક્તાહાર **જાંબુવતીના** કંઠમાં પહેરાવી જેમ સિંહ સિંહણને, હાથી હાથણીને તેમ બળવાન તથા જેનું વીર્ય બલવત્તર છે તેવા કૃષ્ણ સ્વેચ્છા મુજબ જાંબુવતીને ભોગવવા લાગ્યા. તે જ સમયે **કૈટભ** નામે દેવ મહાશુક્ર દેવલોકમાંથી ચ્યવી જાંબુવતીના ઉદરમાં પુત્ર પણે દાખલ થયો. ભોગ ભોગવી લીધા પછી, જેમ સિંહ સિંહણને, તથા હાથી હાથણીને છોડી દે તેમ કૃષ્ણે જાબુંવતીને છોડી દીધી. ત્યારે સગર્ભા થયેલી જાંબુવતી કંઠમાં તે હારને ધારણ કરી ચાલી ગઈ. **સત્યભામા** પણ કાંઈક વિશેષ વખત થઈ જવાથી એકદમ શૃંગાર સજી હાથમાં પાનપટી લઈ સંભોગ ગૃહમાં ગઈ. આવેલી સત્યભામાને જોઈ કૃષ્ણે મનમાં વિચાર કર્યો કે, 'હજી હમણા ભોગવી રજા આપી. તે હજી હમણાં ગઈ તો, પાછી વળી આ કેમ આવી હશે ? અથવા કોઈ સ્ત્રીએ મને સત્યભામાના રૂપથી છેતર્યો તો નહિ હોય ? હશે, જે બન્યું તે ખરૂં. મારે નાહક ચિંતા શા માટે કરવી જોઈએ ? કારણ કે, આપણું એ ગુપ્ત વૃત્તાંત બીજું કોઈ જાણતું જ નથી એ વિષે પૂર્ણ ખાતરી છે. અને આ સત્યભામાનું પુનઃ અહીંયાં આવવાનું કારણ તો એ જ છે કે, કદાચ ભોગથી સંતુષ્ટ નહીં થઈ હોય તેથી પુનઃ વિષયની ઇચ્છાથી આવેલ છે, કારણ કે, ખીલતા નવા યૌવનમાં

મદમાતી સ્ત્રીઓ ભોગથી તૃપ્ત થતી જ નથી, સદા અતૃપ્ત જ રહે છે. માટે જો હવે આવી છે તો તેનું આવવું નિષ્ફળ ન થવું જોઈએ, એમ વિચારી કૃષ્ણ મહારાજ સત્યભામાની સાથે રતી ક્રીડા કરવા લાગ્યા.

**કૃષ્ણ** સત્યભામાની સાથે ભોગ ભોગવે છે, આમ **પ્રદ્યુમ્નને** ખબર થતાં તરત જ કુમારે ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન કરે તેવો દુંદુભિ વગાડવો શરૂ કર્યો.

આખા વિશ્વમાં મોટો ખળભળાટ ઉત્પન્ન કરનાર જોશથી વાગતા દુંદુભિ નાદને સાંભળી તે જ ક્ષણે કૃષ્ણના મનમાં પણ વિક્ષોભ થયો કે, 'અરે, આ સમયે આ શું ?' એમ બોલતા બોલતા ઉઠી ઘરની બહાર આવી, પરિવાર જનોને કૃષ્ણે પૂછયું કે, 'આવે વખતે આ દુંદુભિ કોણ વગાડે છે ?' અનુચરોએ જવાબ આપ્યો કે, 'સ્વામિન્ એ તો **પ્રદ્યુમ્ન-કુમાર** બજાવે છે.' દાસજનના મુખથી આવાં વચન સાંભળી કૃષ્ણ પોતાના મનમાં વિચાર કરે છે કે, 'અરે બહુ જ ખરાબ થયું. ખરેખર કુમારે સત્યભામાને છેતરી છે. લોકમાં કહેવત છે કે, શોકનો એક પણ પુત્ર સો શોકનું કામ કરે, જેમ વનમાં એક પણ સિંહ હોય તો સેંકડો મૃગોને મારી નાખે છે. સત્યભામાની સાથે સંભોગ ભય સહિત થયો છે તેથી આને જે પુત્ર થશે તે મહા બીકણ થશે,' એમ કૃષ્ણે પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો.

**મહાવીર સ્વામી શ્રેણિકરાજાને** કહે છે કે, 'હે રાજન્ ! **કૃષ્ણે** સત્યભામાને માટે પ્રયાસ કરેલો, તે પ્રયાસ **જાંબુવતીને** કામ આવી ગયો, માટે જે થવાનું હોય તે

કોઈ દિવસ અન્યથા થતું નથી.'

ત્યાર પછી **કૃષ્ણ** રૂકિમણીના ઘરમાં ગયા ત્યાં તે હાર પહેરી બેઠેલી **જાંબુવતીને** દીઠી. ક્રૂર દૃષ્ટિથી જોતા કૃષ્ણને જાંબુવતી કહે છે કે, 'વક્ર દૃષ્ટિપૂર્વક મને કેમ જુઓ છો? શું હું તમારી સ્ત્રી નથી?' ત્યારે **કૃષ્ણ** હસી બોલ્યા કે, 'આ દિવ્ય મુક્તાહાર તમારી પાસે ક્યાંથી?' જાંબુવતી કહે છે કે, 'મને તો તમારી કૃપાથી સર્વ વસ્તુ અનાયાસેજ મળી જાય છે. તમે રાત્રીએ જે કાર્ય કર્યું તે આ વખતેજ ભૂલી ગયા શું? જરા સંભારો, આ હાર તમેજ મને આપેલો છે તે કેમ ભૂલી જાઓ છો? આમ વાતો કરી **જાંબુવતીએ** કૃષ્ણને કહ્યું કે, 'સ્વામિન્! આજે સ્વપ્નમાં સિંહના બાળકે મારા ઉદર પ્રત્યે પ્રવેશ કર્યો છે.' આ સાંભળી સંતુષ્ટ થયેલા કૃષ્ણે કહ્યું કે, 'ત્યારે તો બહુજ સારૂં થયું. હે સુભ્રુ! આ સ્વપ્નાફળમાં તને **પ્રદ્યુમ્ન** સદૃશ વિશ્વમાં પ્રખ્યાત, સૂર્ય સમાન તેજસ્વી, ચંદ્ર સમાન મનોહર કાંતિવાળો મહા બળવાન પુત્ર થશે.'

'**રૂકિમણીના** એક પુત્રે પણ છલ રચી કામ કેવું કર્યું? ખરેખર આશ્ચર્યજનકજ છે, કારણ કે, બળવાન એક પણ સિંહ જે કાર્ય એક ક્ષણમાં કરવા શક્તિમાન છે તે કાર્ય શું સેંકડો મૃગલાઓ સેંકડો વર્ષે પણ કરવા શક્તિમાન થાય?' આમ વિચાર કરતા કરતા કૃષ્ણ પોતાને ઘેર ગયા. આ વાત સત્યભામાની આગળ જણાવી નહીં, કારણ કે કૃષ્ણ પોતે શાસ્ત્રરૂપ સમુદ્રનો પાર પહોંચેલા તેથી સારી રીતે સ્ત્રીનો સ્વભાવ જાણતા હતા.

હવે **જાંબુવતીને** દશ માસ સંપૂર્ણ થયા ત્યારે કાંતિમાન ચંદ્ર સમાન, પ્રતાપમાં અગ્નિ સમાન પુત્રનો જન્મ થયો. કૃષ્ણે તે બાળકનું **શાંબ** એવું નામ પ્રખ્યાત કર્યું. તે જ સમયે કૃષ્ણના સારથિને પણ દારૂક અને જયસેન એ નામે બે પુત્ર થયા. કૃષ્ણના મંત્રીને પણ સુબુદ્ધિ નામે પુત્રનો જન્મ થયો. અનુક્રમે સત્યભામાને પણ પુત્રનો જન્મ થયો પણ તે જન્મથી જ ભયશીલ હોવાથી જગતમાં **ભીરૂ** એ નામે જ પ્રસિદ્ધ થયો. તે સમયે કૃષ્ણની અન્ય સ્ત્રીઓને પણ ભાગ્યશાળી પુત્રોનો જન્મ થયો. કવિ કહે છે કે, જ્યારે દૈવ અનુકૂળ હોય છે ત્યારે પુત્રાદિક સંપત્તિઓ સહજ વૃદ્ધિ પામે છે.

**જાંબુવતીનો** પુત્ર, મંત્રીના પુત્ર અને સારથિના પુત્ર સહિત પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. એમ કરતાં કરતાં શાંબ આઠ વર્ષની વયનો થયો તેટલી વયમાં તો સદ્ગુરૂ પાસેથી સમગ્ર કલાઓ શીખી ગયો, કારણ કે, બુદ્ધિશાળી અને ભાગ્યશાળી પુરૂષોને કલાઓનો અભ્યાસ સહેજે રમતાં રમતાં આવડી જાય છે. જરા પણ શ્રમ લેવો પડતો નથી.

આમ કરતાં કરતાં ઘણો સમય વ્યતીત થયા બાદ રૂક્મિણીને ખબર થયા કે મારા ભાઈ **રૂકિમને** ત્યાં ગર્વ કરનારી ઇંદ્રાણીને પણ કાંતિમાં જીતી લેનારી **વૈદર્ભી** નામની પુત્રી છે. એ કન્યા તો મારા પુત્ર **પ્રદ્યુમ્નકુમારને જ** યોગ્ય છે, એમ ધારી, મધુર શબ્દોપૂર્વક એક ઉત્તમ પત્ર લખી તે એક દૂતને આપી પોતાના જનકના પુર તરફ વિદાય કર્યો. દૂત ત્યાં જઈ **રૂકિમને** નમ્રતાપૂર્વક પ્રણામ કરી પત્ર

તેના હાથમાં આપી બોલ્યો કે, 'હે રાજન ! તમારી બેન રૂકિમણીએ આ પત્ર આપેલો છે તે વાંચી તમે વિશેષ વાકેફ થશો, અને મોંઢાના જે સમાચાર છે તે હું આપની આગળ કહી સંભળાવું છું. રૂકિમણી તમને પ્રેમપૂર્વક કહેવરાવે છે કે, હે ભાઈ! તેં તો મારો વિવાહ કૃષ્ણની સાથે ન કર્યો પણ તે તો દૈવયોગથી થયો, તો હે ભ્રાત! મારા પુત્રની સાથે તારી **વૈદર્ભી** નામની પુત્રીનો તું તારે હાથે વિવાહ કરી લે. મારે **પ્રદ્યુમ્ન** નામે પુત્ર, વિદ્યાવાન, બળવાન અને જગત પ્રખ્યાત છે, તે વરને પામી વૈદર્ભી ઉત્તમ સંતતિને પામો, એમ હું ઇચ્છું છું.' આમ દૂતના મુખથી સાંભળતાં તરત જ ઉત્પન્ન થયેલા કોપના આડંબરથી વક્ર થયેલી ભ્રૂકુટીને લીધે ભયંકર રૂકિમ આગળનું વૈર યાદ લાવી તે દૂતને કહે છે કે, 'શું આ હું રૂકિમ એ ચાંડાલને મારી પુત્રી આપીશ ? નહીં, એ ગોવાળના પુત્ર **પ્રદ્યુમ્નને** કદાપિ હું મારી પુત્રી નહીં આપવાનો. અરે બહેન ! કપટથી તારા માતાપિતાને છેતરી તું ગોવાળની થઈ છે તો હજી પણ તું શરમાતી નથી ? મારા વૈરીને કન્યા આપી, શું હું મારા કુળને લજાવું ? એ વાત કદાપિ થવાની નથી. હે બહેન ! તું ત્યાં ગઈ છે એટલેથી બસ છે.'

'હે દૂત ! જા, જઈને આ મોંઢાના સમાચાર તું **રૂકિમણીને** કહેજે.' આમ કહીને રૂકિમએ ભોજન આપ્યા વગર જ દૂતને રજા આપી દીધી. દૂતે ત્યાંથી ચાલી રૂકિમણીની આગળ આવી, રૂકિમએ જે અપમાનભરેલા શબ્દો કહ્યા હતા તેમાં જરા મીઠું મરચું ભેળવી દૂતે સવિસ્તર કહી બતાવ્યું.

જેમ સૂર્ય વિકાશી કમલિની નિશાના પ્રારંભમાં અને રાત્રી કમલિની સૂર્યોદય વેળાએ નિસ્તેજ થઈ જાય છે તેમજ બંધુએ અપમાન કરાયેલી **રૂક્મિણી** લજ્જાને લીધે નિસ્તેજ બની ગઈ.

દરરોજ પ્રાતઃકાલમાં પોતાની માતાના ચરણનું અભિવંદન કરવા **પ્રદ્યુમ્ન** આવતા હતા, તે હંમેશની પેઠે આજે પણ આવી અભિવંદન કરી માતાની સન્મુખ જુવે છે ત્યારે કાંઈક દુઃખથી આતુર થયેલાં જોવામાં આવ્યાં તે જોઈ કુમાર પૂછે છે, 'હે જનની ! આપને દુઃખ થવાનું શું કારણ છે તે કહો. ત્રણ ખંડના અધિપતિ **કૃષ્ણ** જેવો તમારો પતિ છે, તથા જગતને જીતનાર હું તમારો પુત્ર તમારી આગળ કર જોડી ઉભો ' એમ છતાં હે માતા ! તમને દુઃખ શું થયું, તે સત્વર કહો કે જે તમારા દુઃખને એક ક્ષણમાં દૂર કરી કરજથી મુક્ત થાઉં.'

પ્રેમયુક્ત આવાં પુત્રનાં વચન સાંભળી **રૂક્મિણીએ** કુમાર પાસે સર્વ વાત કહી જણાવી. કુમારે કહ્યું કે, 'ઠીક છે, ફીકર નહીં. હું ચાંડાલ બનીને જ એની પુત્રીને પરણું ત્યારે જ હું **પ્રદ્યુમ્ન** ખરો, નહીંતર નહીં.' આમ પ્રતિજ્ઞા કરી ક્રોધ સહિત એકદમ ઘરથી બહાર નીકળી **શાંબની** પાસે ગયો અને તેની આગળ સર્વ હકીકત કહી જણાવી; સાંભળતાં વેંત જ, જાણે પ્રદ્યુમ્નનું બીજું મન કેમ હોય તેમ શાંબ પણ એ વાતમાં સામેલ થયો; બન્ને બંધુઓ તે જ ક્ષણે વિમાનમાં બેસી માતુલના પુરમાં ગયા. જઈને બન્ને જણા ચાંડાલ બની, હાથમાં એક ચાંડાલીને લઈ ગામમાં

આવ્યા અને ચૌટામાં ઉભા રહી બે જણા કિંનરની પેઠે મધુર સ્વરે ગાવા લાગ્યા; આવો મધુર સ્વર સાંભળી સર્વ લોકોનું ચિત્ત તેના તરફ ખેંચાયું. આ વાતની રૂકિમને ખબર પડતાં તે બેને પોતાની સભામાં બોલાવી, પોતાની પુત્રીને પોતાના ખોળામાં બેસાડી **રૂકિમ** તેઓની આગળ ગવરાવવા લાગ્યો. આવું મનોરંજક સંગીત સાંભળી ચિત્તમાં આનંદ પામેલી **વૈદર્ભીએ** પૂછયું કે, 'તમે બે જણા કયાંથી આવેલા છો ?'

બેઉ જણા બોલ્યા કે, 'ઈન્દ્ર દેવના કહેવાથી કુબેર દેવે ખાસ **કૃષ્ણને** માટેજ બનાવી આપેલી શ્રી દ્વારિકાપુરી જોવા સારૂ અમે પહેલા સ્વર્ગમાંથી આવેલા છીએ. તે જોઈ અનુક્રમે ફરતા ફરતા અમે તમારી ઉત્તમ નગરી સાંભળી અહીંયાં આવ્યા છીએ. હે રાજન્! આ પૃથ્વી ઉપર કેવલ વિચિત્રતા જોવા માટેજ અમે સ્વર્ગમાંથી અહીંયાં આવ્યા છીએ.' ઉદાર દિલની **વૈદર્ભી** તે બેઉને પૂછે છે, 'તમે કૃષ્ણની સ્ત્રી રૂકિમણીનાં પુત્ર **પ્રદ્યુમ્નને** જાણો છો ?'

બિંબ સમાન અધરવાળા **શાંબે** ઉત્તર આપ્યો કે, 'હા, જાણીએ છીએ. સ્ત્રીઓને વશ કરવામાં કામ સમાન, રૂપ સંપન્ન એ **પ્રદ્યુમ્નકુમારને** કોણ ન જાણે ? સર્વે લોકો જાણે છે. પૂર્વ ભવમાં જે સ્ત્રીએ મહા દુષ્કર તપ કરેલું હોય તેજ સ્ત્રી એવા વરને પામે; સાધારણને તો એ પતિ સ્વપ્નમાં પણ ન મળે.'

આવી પ્રદ્યુમ્નની પ્રશંસા સાંભળી તેને મળવા ઉત્સુક થયેલી **વૈદર્ભીએ** ખાસ પ્રદ્યુમ્નને વરવા માટેજ દૃઢ નિશ્ચય કર્યો.

આ સમયે, સાંકળ તોડી છૂટેલો રૂકિમ રાજાનો મદોન્મત્ત હાથી દોડી જઈ લોકોને મારવા લાગ્યો, બજારમાં સેંકડો દુકાનો પાડી નાંખવા લાગ્યો, પોતાની સુંઢ ઉછાળી લોકોને બીવડાવવા લાગ્યો, જાણે કે ક્રોધથી અંધ બનેલો સાક્ષાત મૂર્તિમાન યમ હોય તેમ લોકોને મહા ત્રાસજનક થયો. સર્વ જનો તે હાથીને આવતો જોઈ પોકાર કરવા લાગ્યા, અને દૂર ભાગવા લાગ્યા, આવતા નદીના પૂરની પેઠે તે હાથીને કોઈ પણ જન રોકવા શક્તિમાન ન થયા; તે હાથીએ ખૂબ ધમાલ મચાવી તેથી આખા પુરમાં મહા કોલાહલ ગાજી રહ્યો. આ કોલાહલ રૂકિમ રાજાના કાન પર આવ્યો, તે સાંભળતાં વેંત જ રાજાએ ગામમાં સાદ ફેરવ્યો કે, 'જે કોઈ એ હાથીને પકડી વશ કરી બાંધી દેશે તો તે પુરૂષ જે માગશે તે હું આપીશ.'

ચાંડાલ બની આવેલા **શાંબ** તથા **પ્રદ્યુમ્નકુમારે** આ સાદ સાંભળી, જ્યાં તે હાથી ઉભેલો હતો ત્યાં જઈ એક ઉત્તમ ગાનથી જ તેને વશ કરી તેની ઉપર બેઉ જણા ચડી, જ્યાં તેને બાંધવાનો ખીલો હતો ત્યાં લઈ જઈ બાંધી દીધો. આવો ચમત્કાર જોઈ પોતાના મનમાં હર્ષ પામેલા **રૂકિમ-રાજાએ** પોતાના અનુચરો મારફત તે બેઉને સભામાં બોલાવી પ્રેમપૂર્વક કહ્યું કે, 'મહા બળવાન પુરૂષો ! જે તમારા મનને અભિષ્ટ હોય તે સત્વર માંગી લ્યો, તે આપવા હું ખુશી છું.'

બે કુમાર બોલ્યા કે, 'હે રાજન્ ! આપ અમારી ઇચ્છા મુજબ આપતા હો તો અમોને આ તમારી **વૈદર્ભી** નામની

પુત્રી આપો, કારણ કે અમારા ઘરમાં સર્વ વસ્તુઓ છે પણ પાક ક્રિયા કરનારી આવી વિદ્વાન સ્ત્રી નથી.'

કર્ણમાં વજ્રપાત સમાન એવાં વચનો શ્રવણ કરી અતિ ગુસ્સે થયેલા **રૂકિમ** રાજાએ પોતાના અનુચરો આગળ તે બેઉને ગામ બહાર કઢાવી મુકયા. ગામ બહાર જઈ **શાંબ પ્રદ્યુમ્નને** કહે છે કે, 'ભાઈ! હવે આ ક્રીડા કરવી બંધ કરો, કારણ કે, જેટલો વિલંબ થાય છે, તેટલો માતા **રૂકિમણીને** દુઃખકારક છે. માટે હવે એક ક્ષણ માત્ર પણ વિલંબ નહીં કરતાં જલદી **વૈદર્ભીને** પરણી દ્વારિકામાં જવું ઉચિત છે. આમ બેઉ જણા વાતચીત કરતા હતા ત્યાં રાત્રીનો સમય થઈ ગયો, નગરવાસી સર્વ લોકો નિદ્રાધીન થઈ ગયા ત્યારે, શાંબને તે જ સ્થળે રહેવાનું કહી **પ્રદ્યુમ્ન-કુમાર** સ્વવિદ્યાની પ્રબળ શક્તિથી **વૈદર્ભીના** મહેલમાં ગયો. ત્યાં સાતમે મેડે પોતાના વિરહથી આકુલ વ્યાકુલ બની, ચક્રવાકી પેઠે એકાએક સુતેલી, મનોહર મુખવાળી તે **વૈદર્ભીને** જોઈ કુમારે પોતાના પગ વતી, તેણીના પાદતલમાં પ્રહાર કરવાથી તે એકદમ જાગી ઉઠી. તે કુમારને જોઈ, અહીંયાં આવે વખતે કોણ? એમ ધારી બેબાકળી બની ગયેલી રાજકન્યા કુમારને પૂછે છે કે, 'અરે! તું કોણ છે? અહીંયાં કેમ આવ્યો છે?'

શાંતિથી કુમારે કહ્યું કે, 'હે પ્રિય! તું જરા પણ ભય રાખીશ નહીં, હું રૂકિમણીનો પુત્ર **પ્રદ્યુમ્ન** છું. રૂકિમણીના કહેવાથી તને પરણવા માટે હું અહીંયાં આવેલો છું. આ વાતનો તને વિશ્વાસ ન આવતો હોય તો લે. આ રૂકિમણીના

હાથનો પત્ર,' એમ કહી એક બનાવટી પત્ર તેના હાથમાં આપ્યો. કલાઓ રૂપી સમુદ્રના પારને પહોંચેલી, મહા ચતુર રાજપુત્રી તે પત્ર લઈ વાંચવા લાગી; વાંચીને, આનંદ પામતી **વૈદર્ભી** લજ્જા આવવાથી નીચું મુખ કરી વિચાર કરવા લાગી કે, 'અહો! મારા કોઈ શુભ દૈવે આ ઘાટ કેવો સરસ ઘડ્યો છે?' આમ અનેક વિચાર તરંગમાં મગ્ન થયેલી, મૌન બની ગયેલી, શરમને લીધે નીચું મુખ કરી ઉભેલી તે રમણીને જોઈ કુમારે, તેણીના હૃદયનો ખરો અભિપ્રાય જાણી એકદમ વિદ્યાના બળથી વિવાહની તમામ સામગ્રી સહિત અગ્નિ પ્રગટ કર્યો. તે જ વખતે કુમારે, દાંતનાં કંકણ, શ્વેત હીરવણી વસ્ત્ર તથા કેટલાક સુવર્ણના આભૂષણો પહેરાવી, અગ્નિની સાક્ષીએ વૈદર્ભીનું પાણીગ્રહણ કર્યું. તે પછી અનેક રતિ ક્રીડાઓથી કુમારે તેણીને તૃપ્ત કરી, કારણ કે, રતિક્રીડાની સમગ્ર સામગ્રી મળે ત્યારે કામદેવ કોની રાહ જુવે? આમ બેઉ જણાં ક્રીડામાં આસક્ત થયાં ત્યારે તે રાત્રી તો એક ક્ષણમાં વ્યતીત થઈ. બાકી રહેલી રાત્રીને જોઈ **પ્રદ્યુમ્ન** પોતાની સ્ત્રીને કહે છે કે, 'હે દેવી! હવે હું મારા નાના ભાઈ **શાંબની** પાસે જાઉં છું, અને સવારે તને તારા માતાપિતા કે કોઈ તારી દાસી પૂછે તો તું કંઈપણ ઉત્તર નહીં આપતા કેવલ મૌન જ રહેજે, કારણ કે, મૌન એ ઉત્તમ શરણ છે. મેં તારા શરીરની વિદ્યાથી રક્ષા કરી છે તેથી એક લેશ માત્ર પણ તારો કોઈ પરાભવ કરી શકશે નહીં. હવે તું ખુશીમાં રહેજે.' આમ ભલામણ આપી **પ્રદ્યુમ્નકુમાર** ત્યાંથી **શાંબની** આગળ

આવ્યો. **વૈદર્ભી** તો સુરત ક્રીડાથી શ્રમિત થયેલી અને આખી રાત્રીનો ઉજાગરો થયેલો તેથી સુખેથી શય્યામાં સુઈ ગઈ અને અઘોર નિદ્રાધીન થઈ. પ્રભાત થયું તો પણ તે જાગી નહીં, ત્યારે તેણીની ધાવ ઉઠાડવા સારૂ તેની આગળ આવી, ત્યાં કંકણાદિક વૈવાહિક ચિન્હો જોવામાં આવ્યાં. આ એક અજાયબ દેખી મનમાં ભય પામતી તે ધાવે તેણીની જનનીની આગળ જઈ સર્વ હકીકત કહી જણાવી. તે માતાએ, સુઈને ઉઠેલા રૂકિમ રાજાને આ વાત જણાવી ત્યારે રાજા રાણી બેઉ જણાં ત્યાં જઈ વિવાહ લક્ષણો જોઈ ભ્રમિત બની ગયાં. ત્યાર બાદ વૈદર્ભીને બળાત્કારથી જગાડી બેઉ જણાં સર્વ હકીકત પૂછવા લાગ્યાં, પણ તે તો પોતાના પતિની શિખામણ પ્રમાણે મૂંગી હોય તેમ મૌન જ રહી. તેણીના માતાપિતાએ ઘણી રીતે પૂછયું પણ હા કે ના કંઈ બોલી જ નહીં. તેથી અત્યંત ગુસ્સે થયેલો **રૂકિમ** રાજા પોતાના મનમાં આમ વિચાર કરે છે કે, 'અરે ! આ મારી યુવાન પુત્રી મેં અત્યાર સુધી કોઈને પણ આપી નથી છતાં કોઈક પુરૂષ આવી તેને ભોગવી ગયેલ છે તેથી આવું નિંદ્ય કાર્ય કરનારી મહા અધમ આ પુત્રી મારા કુળમાં કલંક લગાડનારી નીવડી, માટે હવે તો આને તે બે ચાંડાલોને વરદાનમાં આપી દેવી તે જ ઉચિત છે; તેમ કરવાથી તેઓને આપેલું મારૂં વચન પણ પળશે.' આમ વિચાર કરી રાજાએ એકદમ અનુચરોને મોકલી તે બેઉ ચાંડાલને બોલાવ્યા. હાજર થયેલા બે ચાંડાલને કહ્યું કે, 'હું તમોને આ મારી કન્યા આપું છું. તેને લઈ તમો તેવે સ્થળે જાઓ કે જ્યાં

મને ફરીથી આ નજરે ન પડે.’

આ સાંભળી રાજી થયેલા તે ચાંડાલો **વૈદર્ભીને** કહે છે કે, ‘હે રાજપુત્રી ! તને અમો પ્રથમથી ચેતવી દઈએ છીએ કે તું અમારા ઘરમાં આવીશ કે તરત તારે ચામડાનાં દોરડાં વેચવાં પડશે, પાણીમાં રહેનારા જલૌકા પકડવા પડશે અને સાવરણીઓ ગુંથવી પડશે, આવું કામ સદા કરવું પડશે, માટે જો તારાથી બની શકે એમ હોય, અને તેમ કરવા કબુલ થતી હો તો અમારા ઘરમાં આવ, નહીંતર અહીંયાં જ બેસી રહે.’

આમ બે ચાંડાલોનું કહેવું સાંભળી વૈદર્ભી નમ્રતાપૂર્વક કહે છે કે, ‘પૂર્વભવમાં કરેલું શુભાશુભ કર્મ, જે કરાવશે તે હું કરીશ. કારણ કે, ભોગવ્યા સિવાય શુભાશુભ કર્મનો ક્ષય થતો નથી. જુઓ, **દમયંતી** તથા રામની સ્ત્રી **સીતા** જેવી મહા પતિવ્રતા સ્રીઓ પણ કર્મને વશ થઈ ગયેલ છે, તો મારા જેવી હીન ભાગ્યની સ્ત્રીઓની તો વાત જ શી કરવી ? માટે સર્વ વિચાર છોડી દઈ તમે મને લઈ ચાલો. ઇચ્છા પ્રમાણે કોઈ સ્થળે જઈએ અને ભાગ્યની પરીક્ષા કરીએ.’ વૈદર્ભીનું કહેવું ધ્યાનમાં લઈ **પ્રદ્યુમ્ન** તથા **શાંબકુમાર** **વૈદર્ભીને** લઈ એક ક્ષણમાં અન્ય સ્થળે જતા રહ્યા.

પોતાની પુત્રીનું નિર્ગમન થયા પછી પશ્ચાત્તાપ પામેલો **રૂક્મિ** રાજા સભામાં બેસી રૂદન કરતો કહે છે કે, ‘હે પુત્રી ! તું વિચારશીલ છતાં તેં આ સમયે આવું વિચાર વગરનું કૃત્ય શું કર્યું ? ખરેખર, આ તારા અવિચારીત

કૃત્યે મારા મનોરથ રૂપી વાદળને છેક મૂળમાંથી ઉખેડી નાખ્યો છે. કરોડો રૂપિયા ખરચી તને યોગ્ય કોઈ પ્રખ્યાત રાજપુત્રની સાથે તારો સ્વયંવર વિવાહ કરવો એમ મેં નક્કી ધારેલું હતું પણ પુત્રી, આ મોટો અફસોસ છે કે તને કોઈ કર્મના યોગે મહા કદરૂપા બે ચાંડાલો મળ્યા. પણ કર્મની આગળ આપણે સૌ લાચાર છીએ કે, પૂર્વ ભવમાં મેળવેલાં કર્મોને અન્યથા કરવા જગતમાં કોઈ ઉપાય નથી. પુત્રી **વૈદર્ભી** ! તું કયાં છે? હવે આપણા બેઉનો સંયોગ તો કયાંથી જ થાય, કારણ કે, ક્રોધથી અંધ બનેલા, સાહસ કરનારા મેં મારા હાથે કરીને જ આ અખિલ વિશ્વમાં નિંદનીય તારો અનુચિત યોગ કરેલો છે કે, જે મેં પ્રેમપાત્ર એવી તને ચાંડાલને સ્વાધીન કરી. જેમ સુવર્ણના આભૂષણો મણિ સિવાય મનોહર લાગતાં નથી તેમજ હે પુત્રી! તારા સિવાય આ મારો ખાલી થયેલો ઉત્સંગ જરા પણ શોભતો નથી. પ્રિય પુત્રી **વૈદર્ભી** ! મારી મૂર્ખાઈ તો જો કે, જે મારી ભગિની **રૂકિમણીએ** પોતાના પુત્ર સારૂં તારી માંગણી કરી હતી પણ તેને નહીં આપતાં ઉલટી તને મેં ચાંડાલને આપી દીધી. અરે! આ મારી મોટામાં મોટી ભૂલ છે.'

એવી રીતે પશ્ચાત્તાપ કરતા **રૂકિમ** રાજાને રાત્રીમાં જરાપણ નિદ્રા ન આવી. સઘળા નગરવાસી લોકો સુઈ રહ્યા છે અને અંધકારથી ઘોર મધ્યરાત્રીનો સમય થયો છે. તેવામાં, રાજાને મુરજનો ધ્વનિ સાંભળવામાં આવ્યો; તે સાંભળી ચિત્તમાં વિચાર કરે છે કે, 'આજે આવો મહોત્સવ કોને ઘેર થતો જણાય છે? અને શું આજે મારા દુઃખના

દહાડામાં પણ એવો ઉત્કટ મૃદંગનો ધ્વનિ! અરે સિપાઈઓ, તપાસ કરો, કોને ત્યાં આવો મહોત્સવ છે?'

આમ સ્વામિનો આદેશ થવાથી તે અનુચરો શબ્દને અનુસંધાને જાય છે ત્યાં સુવર્ણના ગઢને લીધે સુંદર લાગતો તથા તેના દરવાજામાં અનેક દ્વારપાલો બેઠા છે તેવો સાત મેડાનો એક પ્રાસાદ જોવામાં આવ્યો. ત્યાં જઈ સિપાઈઓ દ્વારપાલોને પૂછે છે કે, 'આ મહેલ કોનો છે? આની અંદર જે સંગીત કરાવે છે તે રાજપુત્ર કોણ છે?'

દ્વારપાલકો કહે છે કે, 'શ્રી દ્વારિકાના અધિપતિ શ્રી કૃષ્ણ મહારાજનો પુત્ર **પ્રદ્યુમ્નકુમાર** તથા **શાંબ** રૂકિમ રાજાની પુત્રી **વૈદર્ભીની** સાથે વિવાહ કરી ક્રીડા કરે છે.'

આ સાંભળી અતિ હર્ષ પામેલા અનુચરોએ એકદમ આવી રાજાની આગળ તે સર્વ હકીકત કહી સંભળાવી. કર્ણને પ્રિય લાગે તેવા શબ્દોથી જેના રોમાંચો ખડાં થઈ ગયાં છે, તેવા રૂકિમ રાજાએ એકદમ પોતાના કેટલાક અમાત્ય જનોને મોકલી તેઓને બોલાવ્યા, ત્યારે અનેક ભાટ ચારણો જેના નિર્મલ ચરિત્રો ગાય છે તેવા, તથા અસંખ્ય પરિવાર જનોથી ઘેરાયેલા **પ્રદ્યુમ્ન** તથા **શાંબ**, **વૈદર્ભીને** સાથે લઈ રાજાની સભામાં આવ્યા, ત્યારે રૂકિમ રાજાએ પણ પ્રેમપૂર્વક ઘણો સત્કાર કર્યો. રૂકિમ રાજા પોતાની પુત્રીને કહે છે કે, 'હે પુત્રી! તને આવો મહા પરાક્રમી **પ્રદ્યુમ્નકુમાર** જેવો પતિ મળ્યો તેથી તું ખરેખર મહા ભાગ્યશાળી છે.' આમ પ્રશંસા કરી વૈદર્ભીને પોતાના ખોળામાં બેસાડી અનુપમ આનંદ પામ્યો. કેટલાક હાથી,

રથ, ઘોડા તથા કેટલાક આભરણો આપી પોતાની પુત્રીને કુમારની સાથે વિદાય કરી.

હવે ધારેલું કાર્ય સંપૂર્ણ થવાથી મહા ઉત્સાહ પામેલા **પ્રદ્યુમ્નકુમાર** તથા **શાંબ વૈદર્ભીની** સંગાથે રથમાં બેસી સત્વર ચાલતા થયા. થોડા જ દિવસમાં શ્રી દ્વારિકાપુરીમાં પહોંચી ગયા. ગોખમાં બેઠેલી પ્રમદાજનોથી પ્રેમપૂર્વક જોવાતા, **રૂકિમણીના** નયનને આનંદિત કરવામાં ચંદ્ર સમાન **પ્રદ્યુમ્નકુમારે** તથા **શાંબે** શુભ દિવસે પોતાના મહેલમાં **વૈદર્ભીનો** પ્રવેશ કરાવ્યો. ઘરમાં આવી વહુ સહિત બેઉ જણાએ રૂકિમણીના ચરણમાં પ્રણામ કર્યા. રૂકિમણી પણ વહુને જોઈ બહુ જ આનંદ પામી. નવા યૌવનવાળી વૈદર્ભીની સાથે રમણ કરતાં કેટલોક કાળ વ્યતીત થયો તેની કુમારને ખબર ન પડી.

હેમાંગદ રાજાની સુહારિણી નામે પુત્રીને શાંબ પરણ્યો. એક દિવસે **શાંબ** તથા **ભીરૂ** રમતા હતા તેમાં મહા બળવાન શાંબ, નિર્બળ સત્યભામાના પુત્ર ભીરૂને રમતાં રોવરાવવા લાગ્યો. એક દિવસે ભીરૂ સાથે દ્યુત ક્રીડા કરતા શાંબ હારી ગયો, છતાં પણ જોરજુલમથી શાંબે તેની આગળથી જીતેલી સર્વ વસ્તુઓ લઈ લીધી. ભીરૂ પાસે વીંટી બહુ કીંમતની હતી તે શાંબે માગી પણ ભીરૂએ ન આપી ત્યારે તે વીંટી પણ પડાવી લીધી. ત્યારે ભીરૂએ રોતા રોતા ઘેર જઈ પોતાની માતા આગળ ફરીયાદ કરી, કારણ કે, નિર્બળ પુત્ર ઘેર જઈ પોતાની માતાનું શરણ લે. પુત્રની ફરીયાદ સાંભળી સત્યભામાએ કૃષ્ણની આગળ વાત કરી અને

કૃષ્ણે **જાંબુવતીને** ઠપકો આપ્યો ત્યારે જાંબુવતી કહે છે કે 'એ સત્યભામા તો જુઠી છે. હજીસુધી તો મેં કોઈ દિવસ પણ 'શાંબે અવિનય કર્યો' એમ સાંભળ્યું નથી. મારો શાંબ તો સુંવાળો રેશમ જેવો છે, અને 'કલહ' એ શું છે તે પણ એ હજુ સમજતો નથી, અને એ સત્યભામા તો ઈર્ષ્યાને લીધે સદા ખોટા બોલી જ છે. રૂકિમણી સાથે હું સલાહ સંપથી રહું છું તેથી મારી પણ એ સ્પર્ધા કરે છે. મારા છોકરાને એ દેખી શકતી નથી.'

**કૃષ્ણ** કહે છે કે, '**જાંબુવતી!** તું તારા પુત્રનો વાંક ઢાંકે છે. એમાં તારો વાંક નથી, કારણ કે એ તો લોકોમાં કહેવત છે જ કે, 'મા પોતે પોતાના પુત્રે કરેલા અન્યાયને ન જાણે, એ તો સિંહના બાળકના પરાક્રમને હાથીઓ જાણે, સિંહણ ન જાણે. હું તો દરરોજ તેની ગેરચાલ બહુ જ સાંભળું છું. લોકોમાં શાંબ કેવો અન્યાય કરે છે તે હું તને પ્રત્યક્ષ બતાવીશ.

એક દિવસે **કૃષ્ણે** ભરવાડનું રૂપ લીધું અને **જાંબુવતીએ** ભરવાડણનો વેષ લીધો. મસ્તક ઉપર દહીં દુધની મટુકીઓ ચડાવી, ધાબળા પહેરી ભરવાડને આગળ કરી ભરવાડણ શ્રી દ્વારિકાપુરીમાં આવી. શેરીએ ગલીએ આવી, દુધ લ્યો દુધ, દહીં લ્યો દહીં, આમ પોકારતી પોકારતી ચાલી આવે છે ત્યાં અન્ય બાળકો સાથે ગમત કરતાં કરતાં **શાંબે** તે એક મહા સ્વરૂપવાળી ભરવાડણ દીઠી. તે જોઈ કામનો આવેશ આવ્યાથી શાંબ તે ભરવાડણને કહે છે કે, 'અહીંયાં આવ, અહીંયાં આવ, તને ઉચિત લાગે તેવું મૂલ્ય આપી

મારે દુધ લેવું છે. આમ કહીને શાંબ આગળ ચાલ્યો, અને તે ભરવાડણ તેની પાછળ ચાલી. એમ ચાલતાં ચાલતાં કેટલેક દૂર ગયાં ત્યારે એક શૂન્ય ઘર આવ્યું તેની અંદર જઈ શાંબે તેણીને અંદર બોલાવી પણ બોલાવવા છતાં ભરવાડણ તે ઉજ્જડ ઘરમાં ન ગઈ ત્યારે જોર જુલમથી અંદર લઈ જવા માટે શાંબે તેણીનું કાંડુ મજબુત પકડયું. તે વખતે ભરવાડણ બોલી, 'એ ઉજ્જડ ઘરમાં હું નહીં આવું, તારે દુધ લેવું હોય તો અહીંયાં જ લઈ લે, જોર જુલમ ન કર. અને જો ન્યાયમાં કટ્ટા કૃષ્ણ રાજાને આ આવા તારા અન્યાયની ખબર પડશે તો તારા બુરા હાલ થવાના છે. માટે મને તું સત્વર છોડી દે, છોડી દે, શા માટે પકડી રાખે છે?' ત્યારે **શાંબ** કહે છે કે, 'અરે, એ **કૃષ્ણ** વળી શું કરવાનો હતો?' મેં તો આવાં ઘણાં કામો કરી તેની પરીક્ષા કરી છે. એમાં કાંઈ નથી. અને તારે આટલું બધું જોર હોય તો જા, કર ફરિયાદિ. પણ હે, રમણિ! હું તને હવે છોડું તેમ નથી જ.' આમ કહીને તેણીનું વસ્ત્ર પકડી ખેંચી જવા લાગ્યો. આ રકઝક જોઈ ભરવાડ શાંબને કહે છે કે, 'કૃષ્ણ જેવા રાજા છતાં મારી સ્ત્રીને જોર જુલમથી કેમ પકડી જાય છે?' આમ ભરવાડ કહે છે ત્યાં તો શાંબ મોટી ડાંગ લઈ તે ભરવાડને મારવા દોડ્યો ત્યારે કૃષ્ણે જાણ્યું કે, આ બાળક નક્કી મને મારશે જ, અને હું મારા પુત્રને શી રીતે મારૂં? આમ વિચાર કરી કૃષ્ણે તથા જાંબુવતીએ ભરવાડનો વેષ છોડી પોતાનું સ્વરૂપ ધારણ કરી લીધું. પોતાના માતાપિતાને

જોતાં વેંતજ મુખ સંતાડી શાંબ પલાયન થઈ ગયો અને પોતાને ઘેર જઈ શય્યામાં સુઈ ગયો.

કૃષ્ણ જાંબુવતીને કહે છે કે, 'જોયું કે, તું કહેતી નહોતી કે, મારો પુત્ર સુંવાળો રેશમ જેવો છે? મારો પુત્ર તો કાંઈ સમજતો જ નથી? તો હવે તેં તારી પોતાની દૃષ્ટિથી સુંવાળા રેશમ જેવા તારા પુત્રની સુકુમાળતા દીઠીને? આવી જ ગેરચાલ હું સાંભળું છું. કોઈ દિવસ પણ ખાલી જતો નથી, પણ શું કરૂં કે તારો પુત્ર છે, નહીંતર બીજાને તો પૂર્ણ શિક્ષા કરૂં. માટે હવેથી તેને ઠપકો દેતી રહેજે

આમ **જાંબુવતીને** ઠપકો આપી કૃષ્ણ તથા જાંબુવતી સ્વસ્થાને ગયાં.

બીજે દિવસે પ્રાતઃકાલમાં હંમેશની પેઠે શાંબ કૃષ્ણને પ્રણામ કરવા ન આવ્યો તે જોઈ કૃષ્ણે કેટલાક પ્રમાણિક અનુચરોને મોકલી તેને બોલાવ્યો ત્યારે શાંબ પોતાના હાથમાં એક લોઢાનો ખીલો લઈ પિતાની આગળ આવી ઉભો રહ્યો. કૃષ્ણે પૂછયું કે, 'આ તારા હાથમાં શું છે?' ત્યારે **શાંબ** વજ્ર સમાન કઠોર વચન બોલ્યો કે, 'જે પુરૂષ મારૂં કાલે બનેલું કૃત્ય ફોગટ બોલશે તેના મુખમાં નાંખવા માટે મેં આ લોહનો ખીલો હાથમાં રાખેલો છે.'

આવાં પુત્રનાં વાક્બાણ સાંભળી અતિ ગુસ્સે થયેલા કૃષ્ણ કહે છે કે, 'અરે પાપી! નીચ! બાળક છતાં પણ તેં મારી આખી પુરી નષ્ટ ભ્રષ્ટ કરી નાંખી છે. આવા ઉન્મત્ત, છકેલા, બેશરમી તારા જેવા પુત્રનું અમારે કેટલુંક ઢાંકી ઢાંકી સહન કરવું? માટે, જા, આ મારી પુરીને છોડી

તું વહ્યો જા, ફરીથી તારૂં મુખ મને બતાવીશ નહીં.'

આમ પિતાની આજ્ઞા થતાં તરત જ પોતાની માતા આગળ આવી સર્વ હકીકત કહી જણાવી. આ વાતની ખબર **પ્રદ્યુમ્નને** પડતાં તરત જ શાંબની આગળ આવી, જવા તૈયાર થયેલા શાંબને સ્નેહને લીધે પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા આપી તથા બીજી કેટલીક શિખામણ આપી ત્યાંથી વિદાય કર્યો.

હવે **પ્રદ્યુમ્ન** પણ ભીરૂને માર મારી બીવરાવવા લાગ્યો તથા તેના હાથમાંથી મોદકાદિક શ્રેષ્ઠ વસ્તુઓ ઝુંટવી લેવા લાગ્યો. નિર્બળ ભીરૂ સત્યભામાની આગળ જઈ રોવા લાગ્યો ત્યારે સત્યભામા પૂછે છે કે, 'અરે ભીરૂ ! તને કોણે માર્યો ?' ભીરૂ કહે છે કે, 'મા ! મને તો આજે **પ્રદ્યુમ્ને** માર્યો છે.' આવાં પુત્રનાં વચન સાંભળી સત્યભામા એકદમ રાડો નાંખતી નાંખતી પ્રદ્યુમ્નની આગળ આવી. જેમ તેમ બકવા લાગી કે, 'અરે નીચ ! દુષ્ટ બુદ્ધિ ! મારા પુત્રને સંતાપતો શાંબ તો અહીંથી ગયો પણ તું કેમ જતો નથી ? જાને, એટલે સંતાપ મટે.'

**પ્રદ્યુમ્ન** જરા હસીને બોલ્યો કે, 'ભલી, માતા ! હું કયાં જાઉં ?'

સત્યભામા કહે છે કે, 'જ્યાં તારો અનુજ બંધુ શાંબ બેઠો છે ત્યાં સ્મશાનમાં જા.'

વળી **પ્રદ્યુમ્ન** હસીને મધુર વચન કહે છે કે, 'બોલો, માતા ! હું જાઉં તો ખરો પણ પાછો અહીંયાં કયારે આવું, તે પ્રથમ નક્કી કરો.'

સત્યભામા કહે છે કે, 'જ્યારે હું હાથ પકડી **શાંબને** મોટી ધામધુમથી આ પુરીમાં તેડી લાવું ત્યારે તારે પણ આવવું.'

'ઠીક, ત્યારે તેમ કબુલ છે,' એમ કહી કુમાર ગામબહાર જઈ જ્યાં **શાંબ** પોતાના વિરહથી ખિન્ન થઈ ઉભો છે ત્યાં ગયો, અને કુમારના આવવાના સમાચાર સાંભળી શાંબ પણ એકદમ દોડી આવી મળ્યો.

બરાબર છે કે, વસંતઋતુ વિના કામદેવ રહી શકતો નથી તેમ સ્નેહી જન સ્નેહી વિના એક ક્ષણ પણ રહી શકતો નથી.

જેઓનું બળ તથા સાહસ તુલ્ય છે તેવા **પ્રદ્યુમ્નકુમાર** તથા **શાંબ** એ બે જણા મળી વિવિધ ક્રીડાઓ કરી ગંમત કરવા લાગ્યા. દ્વારિકામાં મરણ પામેલા પ્રાણીઓને દહન કરવા આવનારા લોકો પાસેથી પોતાની ઇચ્છા મુજબ જમીન ભાડું લઈ દહન ક્રિયા કરવા દેતા હતા. આવી રીતે નિર્વાહ કરી બેઉ જણા સ્મશાન ભૂમિમાં વાસ કરી રહ્યા. સુખ દુઃખમાં જે સહાયતા કરનાર હોય તે જ ખરો મિત્ર કહેવાય છે.

હવે દ્વારિકામાં રહેલી **સત્યભામા** આનંદ મંગલ કરતી કૃષ્ણની સાથે નિરંતર વિવિધ ક્રીડા સેવવા લાગી. પ્રદ્યુમ્ન અને શાંબ ગયા એટલે કોઈ પણ વિઘ્ન કરનાર ન રહ્યો તેથી નિર્વિઘ્નપણે ભોજનાદિક સુખનો અનુભવ લેતી બહુ જ ઉમંગમાં રહેવા લાગી. એમ કરતાં કરતાં સત્યભામાએ પોતાના પુત્ર **ભાનુકુમાર** માટે રૂપમાં એક બીજા કરતાં

ચઢીયાતી નવાણું કન્યાઓ એકઠી કરી, અને હવે જો એક કન્યા મળી જાય તો સો કન્યાઓનો વિવાહ કરી દઉં, આમ વિચાર કરી એક કન્યા વાસ્તે કેટલાક પુરૂષોને તપાસ કરવા મોકલ્યા. પણ તેવા વયની, તેવા કુળની અને તેવા સ્વરૂપની કન્યા ન મળવાથી ચિત્તમાં ખેદ પામતી સત્યભામાને તેવી કન્યાની શોધમાં ક્યાંય પણ ચેન ન પડયું.

આ સર્વ વૃત્તાંત, પ્રજ્ઞપ્તિ વિદ્યાએ આવી પ્રદ્યુમ્નની આગળ કહી જણાવ્યું, ત્યારે **પ્રદ્યુમ્નકુમારે** પોતાની વિદ્યાના બળથી ગજ, અશ્વ, રથ અને પાયદળ વિગેરે સર્વ સેનાઓની રચના કરી, દ્વારિકાની બહારના પ્રદેશમાં તેવા મોટા તંબુઓ તાણી દીધા. પ્રદ્યુમ્ને પોતાનું '**જિતશત્રુ**' એવું નામ રાખ્યું અને શાંબને એક અપૂર્વ સ્વરૂપ સંપન્ન કન્યા બનાવી. તે કન્યા જાણે કે, સેરાણથી તીક્ષ્ણ ધાર કરેલી, શ્યામ કાંતિથી ચકચકાટ કરતી, યુવાન પુરૂષોને મારવાની કામદેવની તરવાર હોય, તેવી શ્યામ કબરીને ધારણ કરતી, મસ્તકમાં ચૂડા રત્નને ધારણ કરી 'કુમારિકાઓમાં રત્ન સમાન કુમારી તો હું જ છું,' એમ સર્વ યુવાન પુરૂષોને જણાવતી, મુખની કાંતિથી તથા પ્રતાપથી જીતાયેલા ચંદ્ર અને સૂર્ય પોતે સેવામાં હાજર થયા હોય તેવા, સુવર્ણ અને મણિઓની શ્રેણીથી વિભૂષિત બે કુંડલોને બે કર્ણમાં ધારણ કરતી, શરદઋતુની પૂર્ણિમાના ચંદ્ર સમાન ભાલને ધારણ કરતી, 'આ બે તો પ્રવાલ જેવા' બે અધરને ધારણ કરતી, દાડમના બીજની આ બે પંક્તિ કેમ ન હોય તેવી દંત પંક્તિને ધારણ કરતી, જેણીનું સ્મિત ( મંદહાસ્ય ) છે તે તો મુખ-

ચંદ્રનો પ્રકાશ છે, ગાલ નીચે રાખવાના કામકુમારના જાણે કે ગાલમસૂરીયાં હોય તેવા પુષ્ટ મનોહર જેના બે કપોલ શોભે છે, મોતીનો હાર તથા નીલમણિનો હાર પહેરેલો હોવાથી જેણીનો કંઠ, ગંગા યમુનાનો સંગમ થવાથી જાણે કે તીર્થ હોય તેવો શોભે છે, ગંગા નદીમાં ઉગેલી બે લતા હોય તેવા જેણીના બે બાહુ બિરાજમાન છે, જેણીનો જઘન પ્રદેશ, કામદેવને રહેવાનું નિર્વાત મંદિર છે, કામદેવ અને રતિના વિવાહમાં વિધિએ બે કદલી સ્તંભ રોપ્યા હોય તેવા નીચેથી કૃશ અને ઉપરથી સ્થૂલ જેના બે ઉરૂ છે, જેણીની બે જંઘાઓનું વર્ણન અવર્ણનીય છે, બ્રહ્માએ જેણીના ઉરૂના ભાગમાંથી તથા જંઘાના ભાગમાંથી થોડો થોડો માંસનો ભાગ લઈ જેણીના સ્તન, જઘન અને નિતંબ અતિ પુષ્ટ કરેલા છે, જેણીની બે ઘુંટીઓ તો અદૃશ્ય થવાની વિદ્યા કેમ સાધતી હોય તેમ સદા અદૃશ્ય જ રહેતી, જરા સહેજ રતાશને લીધે અતિ મનોહર લાગતા જેણીના બે કર તથા બે ચરણ પોતે રાગ (પક્ષે રંગ) નહીં છોડી યુવાન પુરૂષોના ચિત્તને રંગિત કરતા હતા, પોતાના રૂપ લાવણ્યાદિકને ઉચિત લાગે તેવા અતિ શ્રેષ્ઠ વસ્ત્ર અને આભરણોથી ભૂષિત થયેલી શાંબ કુમારી કેટલીક સમાન વયની સખીઓની સાથે આમ તેમ ભ્રમણ કરતી ખેલતી હતી.

એક દિવસે ગામ બહાર આવેલી ભીરૂની ધાત્રીએ (ધાવે) પોતાના ઉદ્યાન પ્રદેશમાં કંદુક વતી ખેલતી નયનને અમૃત સમાન તે શાંબ કુમારી નજરે જોઈ. જોતાં વેંત જ તરત તે ધાત્રી સત્યભામાની આગળ દોડતી આવી પ્રણામપૂર્વક કહે

છે કે, 'માનવંતા રાણી સાહેબ ! શ્રી દ્વારિકાપુરીની બહાર આવેલા પ્રદેશમાં કેટલાક તંબુઓ કોઈ મોટા સૈન્યનો પડાવ પડેલો હોય તેમ જણાય છે, ત્યાં હું ગઈ ત્યારે મેં કોઈ એક અપૂર્વ કન્યા જોઈ. ખરેખર, તેવી કન્યા મેં હજુ કોઈ દિવસ પણ દીઠી નથી, તેથી તેના ખબર આપવા માટે હું આવી છું, તો તેની તપાસ કરાવો. જો એ કન્યા આવે તો આપનો મનોરથ પરિપૂર્ણ થાય.'

ધાત્રીનું કહેવું સાંભળી સત્યભામાએ કેટલાક યોગ્ય પુરૂષોને અમૂલ્ય વસ્ત્રાભરણાદિકથી શણગારી **જિતશત્રુ** રાજાની પાસે તે કન્યાની માંગણી કરવા મોકલ્યા. તે પુરૂષો આવી જિતશત્રુ રાજાને વિનયપૂર્વક નમી કહે છે કે, 'હે રાજન્ ! કૃષ્ણ મહારાજની મુખ્ય પટરાણી **સત્યભામા** પોતાના પુત્ર **ભીરૂને** માટે તમારી કન્યાની માંગણી કરાવે છે. સત્યભામાએ અતિ સુંદર નવાણું કન્યા તો મેળવી છે પણ એક ઓછી હોવાથી આ એક તમારી કન્યા આવે તો સો કન્યા સંપૂર્ણ થાય, આવા સમાચાર સત્યભામાએ કહેવરાવેલા છે. હે રાજન્ ! આ માંગણી ધ્યાનમાં લઈ તમે તમારી કન્યા આપો અને તેમ કરવાથી કૃષ્ણ મહારાજ પણ તમારી ઉપર પ્રસન્ન થશે, કારણ કે, સોળ હજાર સ્ત્રીઓમાં કૃષ્ણની મુખ્ય પટરાણી સત્યભામા છે.

આમ કહ્યા પછી **જિતશત્રુ** રાજા કહે છે કે, 'ભલે, તેમ કરવા અમો પણ ખુશી છીએ. સત્યભામા અમારી બે વાત કબુલ રાખે તો તે બને.'

અનુચરો કહે છે કે, 'હે રાજન્ ! કહો કઈ તે બે વાત

કરવાની છે, એટલે જઈને તેણીને અમો પૂછી જોઈએ.'

**જિતશત્રુ** કહે છે કે, 'હે અનુચરો ! સાંભળો. પહેલી વાત તો એ જ છે કે, સત્યભામા પોતે આ અમારી કન્યાનો હાથ પકડી ગામના તમામ માણુસ જુવે તેમ જાહેર રીતે ગાજતે વાજતે મોટા ઉત્સવપૂર્વક શ્રી દ્વારિકામાં પ્રવેશ કરે, અને બીજી વાત એ છે કે, વિવાહમાં પાણિગ્રહણ સમયે વરના હાથ ઉપર અમારી કન્યાનો હાથ રહે. આ બે કરાર કબુલ હોય તો ભલે ખુશીથી હું મારી કન્યા આપવા બંધાઉં છું. માટે જાઓ, જઈને તમે તે સત્યભામાને પૂછો.' આમ કહીને તાંબુલ વિગેરે આપી યોગ્ય સત્કાર કરી તે લોકોને ત્યાંથી વિદાય કર્યા. તે સર્વે અનુચરોએ સત્યભામાની આગળ જઈને સર્વ હકીકત કહી જણાવી. ત્યારે સત્યભામાએ પણ તેમ કરવું કબુલ રાખ્યું. તે પછી જ્યોતિર્વેત્તા બ્રાહ્મણોએ શુભ મુહૂર્ત આપ્યું, તે જ પ્રમાણે **સત્યભામા** પોતે એક ઉત્તમ રથમાં બેસી પોતાના સર્વ પરિવાર જનો સહિત, ગાજતે વાજતે મોટી ધામધુમથી કન્યાને તેડવા ચાલી. **જિતશત્રુ** રાજા પણ બહુ માનપૂર્વક સત્યભામાની સન્મુખ આવ્યો. જિતશત્રુએ સત્યભામાને અમૂલ્ય વસ્ત્રાભરણાદિક આપી તથા પોતાની કન્યા આપી ત્યાંથી વિદાય કરી.

**સત્યભામાએ** શાંબકુમારીનો હાથ પકડી પરિવાર સહિત મહોત્સવપૂર્વક શ્રી દ્વારિકાપુરીમાં પ્રવેશ કર્યો. પ્રજ્ઞપ્તિ વિદ્યાના પ્રતાપથી સત્યભામા તથા તેના સર્વ પરિવાર જનો શાંબને **શાંબકુમારી** જ દેખે છે અને એ સિવાયના ઇતર જનો તો શાંબકુમારીને શાંબ જ દેખે છે. આવી રીતે દ્વિધા

આકૃતિનો જોવામાં આવતો સત્યભામાએ પોતાના દક્ષિણ કરમાં પકડાયેલો શાંબ બહુ માનપૂર્વક ગાજતે વાજતે દ્વારિકામાં ચાલ્યો જાય છે, ત્યારે રસ્તામાં ઉભેલા લોકો શાંબને જોઈ બહુ જ તેની સ્તુતિ કરતા હતા. આ જોવા માટે કેટલાંક સ્ત્રીઓનાં ટોળેટોળાં મળ્યાં, તેમાંની કોઈ એક સ્ત્રી ઇતર સ્ત્રી આગળ કહે છે કે, 'સત્યભામાએ આ કામ તો ઘણું શ્રેષ્ઠ કર્યું કે પોતાના પુત્ર ભાનુકુમારના વિવાહ પ્રસંગે પોતાના પુત્ર **શાંબને** મનાવી લાવે છે.' કોઈ એક સ્ત્રી બોલી કે, 'સત્યભામામાં આવો ગુણ છે તો જ સર્વ સ્ત્રીઓમાં કૃષ્ણની અગ્રમહિષી થઈ છે.'

કોઈ એક નારી કહે છે કે, 'હે સખી! સત્યભામા સ્વભાવની તો બહુ જ સારી છે પણ શું કરે કે, **શાંબે** તેને બહુ જ સંતાપી એટલે તે તપી ગઈ. એ તો અતિ શીતલ જળ પણ અગ્નિથી તપી જાય છે. પણ આ સમયે તો આ બહુ જ સારૂં થયું કે, ઘણે કાળે માતા પુત્રની પરસ્પર પ્રીતિ થઈ અને હવે શાંબના આવવાના સમાચાર સાંભળી **પ્રદ્યુમ્નકુમાર** પણ આવશે, અથવા તો જેમ સત્યભામા શાંબને લઈ આવી તેમજ પ્રદ્યુમ્નને પણ લઈ આવશે કારણ કે, સત્યભામા મુખથી બોલે તેટલું જ છે પણ તેણીના હૃદયમાં કોઈ જાતનો વિકાર નથી.'

આવી રીતે લોકોની વિવિધ વાણી સાંભળી **શાંબકુમાર** મનમાં હસતો હસતો વિવાહ મંડપમાં આવ્યો. મંડપમાં આવી કન્યાદાન સમયે ઉપર રાખેલા પોતાના ડાબા હાથ વતી ભીરૂના જમણા હાથને ગ્રહણ કરી શાંબે પોતાના જમણા

હાથેથી નવાણું કન્યાઓના હાથને ગ્રહણ કરી એક સાથે સર્વ સ્ત્રીઓ સહિત અગ્નિને ફરતી ત્રણ પ્રદક્ષિણા કીધી અને વિધિ પ્રમાણે સર્વ વિવાહ વિધિ કર્યો; સર્વ સ્ત્રીઓ તો શાંબને જોઈ ઘણો હર્ષ પામી અને વિચાર કરે છે કે, 'આપણો ભવ તો સફળ થયો કે જેથી આપણને રૂપમાં કામદેવ સમાન આવો પતિ મળ્યો; આ શાંબકુમાર સાક્ષાત્ કામદેવ જ હોવા જોઈએ અથવા કામદેવ અનુજ બંધુ હોવો જોઈએ, કારણ કે તે બે વિના આ જગતમાં આવું અલૌકિક રૂપ હોતું નથી.' આમ પોતાના હૃદયમાં વિચાર કરતી તથા અતિ હર્ષ પામતી તે નવાણું કન્યાઓ, વિવાહવિધિ સમાપ્ત થવાથી વિવાહ મંડપમાંથી ઉઠી ચાલતા થયેલા શાંબની પાછળ શયનગૃહમાં ગઈ. તે શયનગૃહમાં આવતા **ભીરૂને** શાંબકુમારે વક્ર દૃષ્ટિથી જ પાછો કાઢી મૂકયો ત્યારે લજવાઇ ગયેલા ભાનુકુમારે પોતાની માતા આગળ જઈ, 'મા! ત્યાં તો શાંબ છે અને મને તેણે ત્યાંથી પાછો કાઢી મૂકયો,' વિગેરે સર્વ હકીકત કહી જણાવી, કારણ કે, મૂર્ખા બાળકોનું શરણ તો માત્ર માતા જ હોય છે. ત્યારે પોતાના પુત્રના કહેવા ઉપર વિશ્વાસ ન આવવાથી સત્યભામા એકદમ ત્યાં ગઈ. જઈને જુવે છે ત્યાં તો હાસ્ય કરતો **શાંબ** જોવામાં આવ્યો. શાંબકુમાર પણ 'મા, મા,' એમ કહેતો કહેતો સત્યભામાના ચરણમાં નમ્યો.

**શાંબકુમારને** જોઈ મહા ગુસ્સે થયેલી સત્યભામા ભૃકુટી ચડાવી કઠોર વચનો કહેવા લાગી કે, 'અરે નીચ! પાપી! કપટ કરી આખા વિશ્વને છેતરનાર! નીકળ, અહીંયાં તને કોણે તેડાવ્યો છે?'

**શાંબ** કહે છે કે, 'હે માતા! તમે મારો હાથ પકડી મને પરાણે અહીંયાં લઈ આવ્યાં છો, ત્યારે જ હું અત્રે આવ્યો છું. આ વિષે દ્વારિકાના સર્વ લોકો સાક્ષી છે; તમો તેમને પૂછી જુવો.' આ વાત સાંભળી સંદેહમાં પડેલી સત્યભામા, જે જે લોક આવે છે તે સર્વને પૂછે છે કે, 'ભલા! હું શાંબકુમારીને હાથ પકડી તેડી આવતી હતી કે શાંબ કુમારને, તે તમે સત્ય કહેજો.' આ વાત સાંભળી ખડખડ હસતા સર્વે જન કહે છે કે, 'તમે તો શાંબનો હાથ પકડી તેડી આવતાં હતાં એમ અમે તો દીઠું છે. કોઈ કુમારીને તો દીઠી જ નથી.' આમ તકરાર ચાલતાં ચાલતાં ઘણા લોકો ભેગા થઈ ગયા અને સત્યભામાને વિનયપૂર્વક કહે છે કે, 'હે સત્યભામા! તેં પોતે જ શાંબને લઈ આવીને સર્વ કન્યાઓને પરણાવી દીધી છે, તો નાહક **શાંબ** ઉપર ક્રોધ શા માટે કરે છે! આ તો પાણી પીને ઘર પૂછવા જેવું તું કરે છે. તો તેમ કરવું તને યોગ્ય નથી.'

આ પ્રમાણે લોકોના મુખથી ઉપાલંભના વચનો સાંભળી 'આ તો મોટો અન્યાય કહેવાય,' એમ પોકારતી પોકારતી સત્યભામા કૃષ્ણની ન્યાયસભામાં ગઈ, જ્યાં કૃષ્ણ, બળદેવ તથા સમુદ્રવિજયાદિક સભાસદો અને બીજા કેટલાક લોકો હાસ્યરસ માંહે મગ્ન થયેલા બેઠા હતા ત્યાં જઈ સત્યભામાએ સર્વ હકીકત કહી જણાવી. ત્યારે આદિથી અંત સુધીનું બનેલું સર્વ વૃત્તાંત સાંભળી **કૃષ્ણે** સર્વ કન્યાઓ **શાંબને** સોંપી દીધી, ત્યારે હૃદયમાં અતિ ઉમંગ પામતો શાંબકુમાર પિતાનો હુકમ થવાથી તે કન્યાઓ લઈ પોતાને ઘેર ગયો.

નવાણું વહુ સહિત પોતાનો પુત્ર ઘરમાં આવવાથી જેના હૃદયમાં હર્ષ માતો નથી તેવી **જાંબુવતીએ** ઘણો ઉત્સવ કર્યો; આ જોતાં એક લૌકિક કહેવત સાચી પડે છે કે, ‘દ્રવ્ય મેળવનાર તો દ્રવ્ય મેળવે છે પણ તેનો ઉપભોગ તો જે ભાગ્યશાળી હોય તે જ લે છે.’

અતિ પ્રસન્ન થયેલી સર્વ વધુઓ આવી પોતાની સાસુ **જાંબુવતીના** ચરણમાં શિર નમાવી પગે પડી ત્યારે બહુ જ રાજી થતી જાંબુવતીએ આશીર્વાદ આપ્યો કે, ‘તમો સર્વે થોડા વખતમાં જ પુત્રવતી થાઓ અને લાંબા વખત સુધી નિજ પતિની સાથે સુખ ભોગવો.’ સત્યભામાને તો મહા ક્રોધ થવાથી રાડો નાંખતી નાંખતી પોતાને ઘેર ચાલી ગઈ, કારણ કે, સત્યભામાની સર્વ આશાઓ નિષ્ફળ થઈ, તો પછી તેને ક્રોધ કેમ ન થાય ?

વિધાત્રા હાસ્યશીલ હોવાથી સદા આવી જ ગંમતો કર્યા કરે છે. જો કે સ્વર્ણ રત્નાદિક પદાર્થો તેના પોતાના છે જ નહીં, તો પણ, કોઈએ મેળવેલી વસ્તુ કોઈકને આપી દે છે અને વળી જગતનો સ્વામી કહેવાય છે. આ કેવું મોટું આશ્ચર્ય છે !

હવે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ જવાથી કૃતાર્થ થયેલો **પ્રદ્યુમ્નકુમાર** પણ પોતાને ઘેર આવતો રહ્યો. વળી પણ આવી રીતની ક્રીડા કરવામાં તત્પર થયા.

પ્રભાતકાળ થતાં **શાંબકુમાર** વસુદેવની આગળ જઈ નમ્રતાપૂર્વક તેના ચરણનું અભિવંદન કરી કર જોડી ઉભો

રહ્યો, ત્યારે વસુદેવ કહે છે કે, 'અરે શાંબ ! તેં આવડો બધો દંભ કેમ કર્યો અને સત્યભામાને શા માટે તેં ઠગી લીધી ?'

આમ કહેવાથી **શાંબ** હસી બોલ્યો કે, 'તમે તો ઘણો વખત ભૂભ્રમણ કરી મહા કષ્ટથી ઘણેક કાળે આ સર્વ સ્ત્રીઓ પરણ્યા છો, તેમાં પણ કોઈ જગોએ તમારે બંધાવું પડયું, કોઈ જગોએ પલાયન પણ થવું પડયું, કોઈ સ્થળે પાણીમાં પતન કરવું પડયું અને કોઈ જગોએ વેષ પણ પલટાવવો પડ્યો હશે. હે પિતા ! ઇત્યાદિક મહાકષ્ટ વેઠી ચિરકાલે તમો સ્ત્રીઓને ઉદ્વાહ કરી લઈ આવ્યા છો અને મેં તો એક સહેજમાં સત્યભામાને છેતરી લીધી છે. સાંભળો, સત્યભામાએ નિજ પુત્ર ભીરૂને માટે અસંખ્ય દ્રવ્યનો વ્યય કરી રૂપ લાવણ્યાદિ વિશિષ્ટ નવાણું કન્યા એકત્ર કરી હતી અને મેં તો તે સર્વ કન્યા ન્યાયસર એક લીલા માત્રથી જ લઈ લીધી છે. હે પિતામહ ! આ એક મારી પાસે વિશ્વને વિસ્મય પમાડે તેવી કળા છે એમ તમારે ખાસ ધ્યાનમાં રાખવું.'

આવી રીતે અહંકાર કરવાથી ઉન્મત્ત બનેલા **શાંબને** બહુ જ ગુસ્સાથી **વસુદેવ** કહે છે કે, અરે ! કૂપમાં નિવાસ કરનારા દર્દુરની પેઠે વૃથા અહંકારી ! નિર્લજ્જ ! તારા પિતાએ તને બુરા હાલે પુરીમાંથી કાઢી મૂકયો છે છતાં પણ ગામમાં આવી તું તારૂં મુખ બતાવતાં જરા પણ લજવાતો નથી ? જરા તો શરમ રાખ. અને મને તો વીરત્વનું અભિમાન હતું તેટલા માટે મારા બંધુ વર્ગને જણાવ્યા સિવાય

વીરવૃત્તિથી જ હું બહાર નીકળેલો અને બોંતેર હજાર કન્યાનો વિવાહ કરી હું ભ્રાતૃવર્ગનો અત્યાગ્રહ થવાથી આ નગરીમાં આવ્યો છું. તેમાં પણ મારા બંધુઓએ આપેલા સન્મુખાગમનાદિક માનપૂર્વક આવ્યો છું. તારી પેઠે રઝળતો રઝળતો નથી આવ્યો, હું જ્યાં જ્યાં ગયો હોઈશ તે તે સ્થળે અનેક વિદ્યાધરોના અધિપતિઓ મારા ચરણ પંકજની સેવામાં હાજર હતા, તો આજકાલનું છોકરું તું મને શું કહે છે?' મહા બુદ્ધિશાળી વસુદેવે આવા ક્રોધભરેલા વાક્ પ્રહારોથી તરછોડી નાખેલો શાંબ લજ્જા આવવાથી અધોમુખ કરી પોતાના મનમાં વિચારે છે કે, 'અરે! મેં આ કેવી મોટી ભૂલ કરી! કે જે સદા પૂજનીય, અભિવંદનીય મારા પિતામહની સાથે મેં આવો વિવાદ કર્યો? સર્ષવ મેરૂપર્વતની સાથે વાદ કરે કે હું તો તારા કરતાં મોટો છું,' આ વાદ ક્યાંથી ઉભો રહે, તેમજ હું એક તુચ્છ બુદ્ધિનો માણસ તે ક્યાં, અને મહા પરાક્રમી બુદ્ધિશાળી મારા પિતામહ વસુદેવ તે ક્યાં? ઘણો જ તફાવત છે, માટે હવે હું એને ખમાવું.' આમ વિચાર કરી તેની આગળ આવી તેના ચરણમાં પોતાનું શિર નમાવી શાંબ પોતે કર જોડી પિતામહને કહે છે કે, 'મારાથી જે કાંઈ મૂર્ખાઈને લીધે અવિનય ભરેલા કઠોર શબ્દ કહેવાયા હોય તે આપ ક્ષમા કરો. આપ તો મહા સમર્થ છો અને અનુપમ ગુણશાળી છો. હું તો મૂર્ખતાથી ભરેલો તુચ્છ બુદ્ધિનો એક અજ્ઞાની બાળક છું. મેરૂ પર્વત મેં ક્યાં અને વાલ્મિક (રાફડો) તે ક્યાં? સૂર્ય તે ક્યાં અને નક્ષત્ર ગણ તે ક્યાં? ચંદ્ર તે ક્યાં અને ઇંદ્રગોપ

(એક જાતનો કીડો) તે ક્યાં? તેમજ હું ક્યાં અને આપ ક્યાં? ઘણો જ તફાવત છે. માટે હવે આપ શાંત થાઓ.' આવી રીતે નમ્ર થઈ શાંબે સવિનય વચનો કહ્યાં ત્યારે પ્રસન્ન થયેલા વસુદેવ તેની પીઠ પર હાથ ફેરવી તેને રાજી કરી તેને ઘેર જતો કર્યો.

આવી રીતે ગમત કરવામાં શોખીલા **શાંબ** અને **પ્રદ્યુમ્નકુમાર** હંમેશ તેવી જ પદ્ધતિથી ચિત્તને આનંદિત કરતા હતા.

શાંબનો જન્મ, વૈદર્ભીની સાથે પ્રદ્યુમ્નનું પાણિગ્રહણ અને નવાણું કન્યાનું શાંબે કરેલું પાણિગ્રહણ ઇત્યાદિક વર્ણન દર્શાવનાર શ્રી **પ્રદ્યુમ્ન** ચરિત્ર મહાકાવ્યનો **નવમો** સર્ગ સમાપ્ત થયો.

卐

આંખો સામે કેટલાયનાં મદમાતા યૌવન ચીમળાઈ જતાં નથી જોયાં? યૌવનનું પુષ્પ કરમાઈ જતાં વાર શી? ધ્યાન રાખો કે યૌવન એ એક પાકેલા ફળ જેવું છે.... એને સડી જતાં વાર નહીં લાગે....

આત્માનું યૌવન જ શાશ્વત છે. એ જ સાચું યૌવન છે. દેહનાં યૌવન પર મોહિત થવાની જરૂર નથી. એના તરફ તો વિનશ્વરતાની દૃષ્ટિ જ કેળવજો.

# अथ दशमः सर्गः

હવે એવા સમયમાં કેટલાક વેપારીઓ યવન નામના દ્વીપમાંથી કેટલીક ઉત્તમ વસ્તુઓ ખરીદી લઈ વ્યાપારને અર્થે દ્વારિકાપુરીમાં આવ્યા. આવીને વિશેષ લાભ લઈ કેટલીક વસ્તુઓનું ત્યાંજ વેચાણ કર્યું. તે કરતાં પણ વિશેષ નફો મેળવવાની ઇચ્છાથી કેટલાક રત્નકંબલો લઈ એકદમ રાજગ્રહપુર ભણી ચાલતા થયા. કેટલેક દિવસે તે વેપારીઓ જરાસંઘ રાજાના રાજગ્રહપુરમાં આવ્યા. **જરાસંઘ** રાજાની પુત્રી **જીવયશાને** ખબર પડી કે, મારા ગામમાં કેટલાક વેપારીઓ નવીન માલ લઈ આવેલ છે, તે સાંભળી પોતાના વેપારીઓને મોકલી તે પરદેશી વેપારીઓને બોલાવ્યા, ત્યારે તે વેપારીઓ રાજાની પુત્રીને ઘેર ગયા. આવીને, મોટી કિંમતના રત્નકંબલો તે જીવયશાને બતાવ્યા, કે જે રત્નકંબલો ગ્રીષ્મ ઋતુમાં ઓઢવાથી શીતલતા કરતા હતા અને શીતકાલમાં ઓઢવાથી ગરમી કરતા હતા. આવા કંબલો બતાવ્યા પણ માગ્યું મૂળ ન મળવાથી તે વેપારીઓ અત્યંત અફસોસ કરી બોલ્યા કે, 'અમો દ્વારિકાને છોડી આ તમારી નગરીમાં વૃથા જ આવ્યા. અમારા વિચાર પ્રમાણે અમને કાંઈ પણ ફળ ન થયું.'

ત્યારે મગધ દેશના મહારાજા જરાસંઘની પુત્રી જીવયશા તે વેપારીઓને પૂછે છે કે, 'તમો જેની આટલી બધી પ્રશંસા કરો છો તે દ્વારિકાપુરી કયા મંડલમાં અને તેનું પાલન કરનાર રાજા કોણ છે, તે તમો કહો.'

તે વેપારીઓ કહે છે કે, 'અરે! શું હજી સુધી જગપ્રસિદ્ધ શ્રી દ્વારિકાપુરીને પણ તું જાણુતી નથી? તથા તે પુરીમાં રાજ્યકર્તા, સોરઠ દેશનું ભૂષણ, યાદવોના અધિપતિ અને તારા પતિ **કંસ** રાજાને મારનાર મહા પ્રતાપી શ્રી **કૃષ્ણ** મહારાજને પણ તું જાણુતી નથી? ત્યારે તો તેં શું જાણ્યું છે? ખરૂં જાણુવાનું છે તે તો તું જાણુતી નથી.'

આ પ્રમાણે સાંભળતાં વેંત જ જાણે કે વજ્રથી હણાઈ હોય તેમ તે જ ક્ષણે **જીવયશા** ભૂમિ પર પડી. તરત જ ઉભી થઈને, 'અરે! આ કેવી ખેદની વાત કહેવાય! અરે! આ તો મોટો અફસોસ છે કે, મારા સ્વામીના પ્રાણુ લેનાર અમારો કટ્ટો શત્રુ અદ્યાપિ રાજ્ય ભોગવતો જીવે છે?' આમ પોકાર કરતી કરતી અને રૂદન કરતી કરતી **જીવયશા** પોતાના કેશ છૂટા મૂકી પોતાના પિતા **જરાસંઘની** આગળ ગઈ અને સર્વ વાત નિવેદન કરી બોલી કે, 'હે પિતાજી! મારા પ્રાણુજીવનનું નિકંદન કરનાર અદ્યાપિ જીવે છે અને વળી તે આ ભૂમંડલ ઉપર આવેલા સોરઠ દેશમાં આવેલી દ્વારિકાપુરીનો અધિપતિ થઈ બેઠો છે. અહો, હો! કેટલો અફસોસ! માટે હે તાત! આપ મને હવે છોડી દો એટલે હું અગ્નિ પ્રજ્વલિત કરી તેમાં પ્રવેશ કરૂં. મારા ભરથારનો પ્રાણુ લેનાર જો હજુ નિરૂપદ્રવ સુખેથી જીવે છે તો પછી મારે જીવી શું કરવું? નહિ, બસ, હવે તો મારે એક ક્ષણુ પણ જીવવું યોગ્ય નથી.'

પોતાની પુત્રીનાં આવાં ખેદજનક વચન સાંભળી, **જરાસંઘ** રાજા કહે છે કે, 'હે પુત્રી! તું જરા પણ રૂદન ન કર અને

મારૂં કહેવું સાંભળ. જો હું જરાસંઘ ખરો હોઉં તો તો તારા પતિને હણનારના પ્રાણ લઈ તે સર્વ યાદવોને બોર બોર અશ્રુથી રોવરાવીશ. માટે તું જરા પણ કચવા નહીં. પ્રાણ પ્રિય પુત્રી ! આવું મોટું કાર્ય કરતાં ઘણો વિલંબ લાગે છે. તું તારા મનમાં વિચાર કે, એક રાજમહેલ બનાવતાં કેટલો વખત લાગે છે ? તેમજ આ કાર્ય પણ કંઈ નાનુંસુનું નથી કે તરત થઈ જાય. એ તો મહા મોટું કામ છે, તેથી તું અધીરી ન બન અને શાંત થા. સર્વ સારૂં જ થશે. આ પગલે ત્યાં જઈને કૃષ્ણ બળદેવ વગરનું આ આખું જગત કરી દઉં.' આવા શાંતિકારક વચનોથી **જીવયશાને** શાંત કરી. જરાસંઘ રાજાએ તે જ વખતે પોતાની નગરીમાં ઢોલ વગડાવી સર્વ લોકોને ખબર આપી કે, 'સર્વ યોદ્ધાઓ સંગ્રામ માટે થતા પ્રયાણમાં સજ્જ થઈ જાઓ.' આ ખબર થતાં વેંત જ જરાસંઘના મહા બળવાન સહદેવાદિક પુત્રો સજ્જ થઈ પિતાની આગળ ગયા. **શિશુપાલાદિક** રાજાઓ, દુર્યોધનાદિક સઘળા **કૌરવો, હિરણ્યનાભ** તથા ખંડીયા હજારો રાજાઓ જરાસંઘ રાજાની સહાયતા માટે પાછળ પ્રયાણ કરવામાં હાજર થયા. તથા પાયદલો તો લક્ષની સંખ્યા કરતાં પણ વધારે રણમાં પ્રીતિ ધરાવતા સજ્જ થઈ આવી ગયા.

જાણે કે, કિરણોના સમૂહોથી આવૃત થયેલો સૂર્ય હોય તેવો મહા પ્રતાપી **જરાસંઘ** રાજા અગણિત વીર પુત્રોથી વીંટાયેલો શોભતો હતો. સર્વ સેના તૈયાર થઈ ગઈ ત્યારે જરાસંઘ રાજા અશ્વ પર ચડે છે ત્યાં તેના મસ્તક ઉપરથી

તેનો મુગુટ પડી ગયો અને તે જ વખતે તેની સન્મુખ, ફતેહ વિષે સંશય જણાવતી છીંક થઈ. અગ્નિમાંથી નીકળતા ધુમના ગોટેગોટ જોવામાં આવ્યા; અને જરાસંઘનું વામ (ડાબું) નેત્ર ફરકવા લાગ્યું. આવાં અશુભ સૂચક શકુનોને નહીં ગણકારી સેના સહિત રાજા ચાલતો થયો. તે સમયે મહા બુદ્ધિશાળી મંત્રીઓએ તથા બીજા કેટલાક હિતેચ્છુ જનોએ પ્રયાણ કરવાની ના પાડી છતાં પણ ક્રોધથી વિહ્વલ બની ગયેલા તે **જરાસંઘ** રાજાએ તેઓના કહેવા ઉપર જરા પણ લક્ષ નહીં દેતાં પ્રયાણ જારી રાખ્યું. શાસ્ત્રમાં જણાવે છે કે :—

**विधौ विरुद्धे सकलाः कांतिकीर्तिमतिश्रियः ॥**
**प्रयान्ति सरसःशोषे यथा जलजपंक्तयः ॥ १ ॥**

**ભાવાર્થ :**—જેમ સરોવર તદ્દન સુકાઈ જવાથી તેની અંદર રહેલી કમલની પંક્તિઓ સુકાઈ જાય છે, તેમજ જે પ્રાણી ઉપર દૈવની અકૃપા થાય છે ત્યારે તે પ્રાણીની કાંતિ, કીર્તિ, મતિ અને લક્ષ્મી વિગેરે સર્વનો પ્રલય થાય છે.

હવે રસ્તામાં ક્યાંય પણ વિશેષ નહીં રોકાણ કરતાં કેવલ અવિચ્છિન્ન પ્રયાણથી **જરાસંઘ** રાજા માર્ગનું અતિક્રમણ કરવા લાગ્યો.

હવે **નારદમુનિ** શ્રી દ્વારિકામાં જઈ કૃષ્ણને કહે છે કે, 'કૃષ્ણ! તમો સર્વે સાવધ રહો, કારણ કે તમારો શત્રુ **જરાસંઘ** રાજા તમારી ઉપર ચડાઈ કરી આવે છે.' આમ કહી ઋષિ વિદાય થયા. આ વાત સાંભળતાં જ ક્રોધથી લાલચોળ બની ગયેલા, સારંગ ધનુષ્ય ધરનાર **કૃષ્ણે** તે જ ક્ષણે,

વાજિંત્ર વગડાવી લોકોને ખબર આપી કે યુદ્ધ માટે પ્રયાણમાં તૈયાર થાઓ. આવો શૂરજનક વાજિંત્રનો શબ્દ સાંભળી શૂર ચડવાથી તથા ક્રોધ આવવાથી કોઈના પકડ્યા ન પકડી શકાય તેવા સર્વ યાદવો તે જ વખતે એકઠા થઈ ગયા, ત્યારે રણસંગ્રામમાં ચડવા માટે તૈયાર થવાની કૃષ્ણની આજ્ઞા થતાં વેંત જ યુદ્ધ કરવા ઉમંગ ધરાવતા સર્વ યાદવો કમર કસી શસ્ત્રાદિક લઈ સજ્જ બની કૃષ્ણની આગળ હાજર થયા. તે સમયે **દેવકી** તથા **રોહિણીએ**, 'તમારો જય થાઓ,' એમ આશીર્વચન પૂર્વક જેના ભાલ પ્રદેશમાં કુંકુમનું તિલક કરેલું છે, તથા જેના મનમાં ઉત્સાહ થઈ રહ્યો છે તેવા **કૃષ્ણે** જ્યોતિર્વિદ્ દ્વિજે કહેલા, તમામ દોષ-રહિત સર્વોત્તમ દિવસે પ્રયાણ કર્યું. તે વખતે ચાતક આદિ શુભ પક્ષીઓ અનુકૂલ ગમન કરી ધારેલાં કાર્યનું શુભ પરિણામ સૂચવતાં હતાં. કૃષ્ણનું દક્ષિણ (જમણું) નેત્રનું સ્ફુરણ થયું ઇત્યાદિક શુભસૂચક શકુનોએ પ્રયાણ પ્રત્યે પ્રેરણા કરાયેલા કૃષ્ણ મહારાજ ગામ બહાર નીકળી પોતાના સીમાડામાં સૈન્યનો પડાવ નાખી રહ્યા. કૃષ્ણના આવ્યા પહેલાં જરાસંઘ રાજા ચાર યોજનમાં પોતાના લશ્કરનો પડાવ નાખી પડ્યો હતો. ઉભય સૈન્યમાં રણતુરીના નાદો થવા લાગ્યા તેથી જાણે કે આ પગલે સંગ્રામ શરૂ થશે એમ જાણવામાં આવતું હતું.

**વસુદેવને** આધીન થયેલા કેટલાક વિદ્યાધરો કૃષ્ણના સૈન્યમાં આવી પ્રણામ કરી શુભ આસન પર બેસી **સમુદ્ર-વિજય** રાજાને કહે છે કે, 'હે રાજન્! અમો સર્વે વિદ્યાધરો તમારા ભ્રાતા વસુદેવના ગુણથી વશ થયેલા સેવક

છીએ, છતાં પણ સ્વામિને હિતજનક વાકય કહેવાની સેવક જનની ફરજ છે, અને સ્વામીએ પણ પોતાનું હિત જાણી તે સેવકનું કહેવું લક્ષમાં લેવું જોઈએ. જુઓ, શાસ્ત્રમાં કહેલું છે કે, **बालादपि हितं ग्राह्यम्**, બાળક પાસેથી પણ જો હિતકર વાકય હોય તે પણ ગ્રાહ્ય છે, સ્વીકારી લેવા યોગ્ય છે માટે જો આપ આ વાકયનું પ્રામાણ્ય માનતા હો તો આપ આદેશ કરો એટલે અમે તમને એ અક્ષર કહીએ.'

આવી રીતે સવિનય પ્રાર્થના ધ્યાનમાં લઈ **સમુદ્રવિજય** કહે છે કે, 'તમારે જે કહેવું હોય તે ખુશીથી કહો.' આમ આદેશ થતાં તે વિદ્યાધરો વિનયપૂર્વક કહે છે કે, 'વૈતાઢય પર્વતમાં વિદ્યામંત્રાદિકના બળથી મહા બળવાન કેટલાક વિદ્યાધરો રહે છે. તે વિદ્યાધરો **જરાસંઘ** રાજાનો આદેશ થવાથી યુદ્ધમાં ઉમેદ રાખી જરાસંઘના સૈન્યમાં આવે છે, માટે હે સ્વામિન્! આપ આજ્ઞા આપો તો અમો ત્યાં જઈ વિદ્યામંત્રની સહાયતાથી એકદમ તે લોકોને ત્યાં જતા અટકાવીએ. તેમાં મહા ભાગ્યશાળી **પ્રદ્યુમ્નકુમાર** તથા **શાંબકુમારની** સાથે તમારા અનુજ બંધુ વસુદેવને અમારી સહાયતા માટે તમારે મોકલવા જોઈશે. આ કામ પ્રથમ કરવું ઉચિત છે, નહિતર જો કદી તે વિદ્યાધરો આવી જરાસંઘના સૈન્યમાં મળી જશે તો પછી વાયુની સહાયતાવાળા અગ્નિની પેઠે **જરાસંઘ** રાજા જીતવો બહુ જ સુદુઃસહ થશે. માટે તેની પ્રતિક્રિયા જલદી કરવા કોશિશ કરો.'

વિદ્યાધરોનાં આવાં મનોહર અને પથ્ય વચનો સાંભળી, 'અરે, આ તો બહુ વખતસર જ ખબર લઈ આવ્યા,' આમ

વારંવાર પ્રશંસા કરતા **સમુદ્રવિજય** રાજાએ કૃષ્ણની સાથે એકાંત પ્રદેશમાં બેસી ગુપ્ત સલાહ કરી; તદનંતર વસુદેવને બોલાવી, વિદ્યાધરોના કહેવા મુજબ સર્વ હકીકત કહી સમજાવી; અને **શાંબ** તથા **પ્રદ્યુમ્ન** સહિત **વસુદેવને** તે વિદ્યાધરો સંગાથે રવાના કર્યા; પોતાના અનુજ બંધુ ઉપર અનુપમ પ્રેમ હોવાથી સમુદ્રવિજય રાજાએ પોતાના જન્મ સ્નાત્ર સમયે ઈન્દ્રદેવે આવી પોતાના બાહુમાં જે મહૌષધિ બાંધેલી હતી તે છોડી જતી વખતે વસુદેવના બાહુએ બાંધી દીધી; **નેમિનાથે** પણ આ અવસર છે એમ જાણી વસુદેવને અભિષેક જળ આપ્યું, કારણ કે, સમય ઉપર આપેલું થોડું પણ મહા પ્રેમજનક થઈ પડે છે. વસુદેવ ચાલતા થયા ત્યારે **સમુદ્રવિજયે** પોતાના બંધુની સાથે થોડેક સુધી જઈ આપવા લાયક કેટલીક શીખામણો આપી તેને વિદાય કર્યા અને પોતે પાછા આવતા રહ્યા. હવે **જરાસંઘનો** મહા બળવાન ડિંભક નામે મંત્રી જરાસંઘને કહે છે કે, 'હે સ્વામિન્! આપ યુદ્ધ માટે તાકીદે તૈયાર થાઓ, અને કઈ રીતિથી યુદ્ધ કરવું છે તથા કઈ રચનાથી સેના ગોઠવવી છે તે ફરમાવો.' ત્યારે મગધાધીશ પોતાના મંત્રીને કહે છે કે, 'વૈરી રાજાઓ ન તોડી શકે તેવો ચક્ર વ્યુહ રચો અને તેમાં યોગ્યતા પ્રમાણે સર્વ રાજાઓને ગોઠવી દો.' આમ સ્વામીનો હુકમ થતાં **ડિંભક** મંત્રીએ હજારો આરાઓવાળું ચક્ર વ્યુહ રચ્યું અને તેની અંદર મોટા મોટા હજાર રાજાઓ યોગ્યતા પ્રમાણે ગોઠવ્યા. જરાસંઘ રાજાએ તે વખતે, સંગ્રામ કરવામાં મહા ચતુર **હિરણ્ય** નામના રાજાને સેનાધિપતિની જગા આપી.

**જરાસંઘ** રાજાએ પોતાના સૈન્યની ચક્ર વ્યુહ રચના કરી છે, આમ ખબર થતાં **કૃષ્ણે** પોતાના મંત્રીઓ આગળ ગરૂડ વ્યુહ કરાવ્યું. તેમાં સ્થળે સ્થળે પરાજય ન પામે તેવા પોતાના સર્વ પુત્રોને ગોઠવી દીધા અને બીજા કેટલાક પાંચ **પાંડવાદિક** સર્વ રાજાઓને ગોઠવ્યા. તથા રણમાં જેની સામે કોઈ પણ હામ ન ભીડી શકે તેવા મહા યોદ્ધા **અનાધૃષ્ણિ** નામના પોતાના વૃદ્ધ ભ્રાતાને સુવર્ણનો પટ્ટો આપી સેનાધિપતિત્વનો અભિષેક કર્યો.

ઇન્દ્ર મહારાજાને અવધિજ્ઞાનથી ખબર પડી કે ભ્રાતૃ સંબંધને લઈને **નેમિનાથ** યુદ્ધ કરવા ચાહે છે. આમ ખબર થતાં ઇન્દ્રદેવે વિવિધ શસ્ત્રોથી ભરેલો એક દિવ્ય રથ આપી પોતાના **માતલિ** સારથિને નેમિનાથ આગળ મોકલ્યો. બરોબર છે કે, જે સમયના જાણ હોય તેજ ખરા સ્વામિભક્ત કહેવાય.

અનેક શસ્ત્ર સહિત તથા મહા તેજસ્વી **માતલિ** સારથિ રથમાં બેસી આવતો જોવામાં આવ્યો કે તેજ ક્ષણે, જેમ, સૂર્યનો ઉદય થયા બાદ સઘળું જ્યોતિશ્ચક્ર નિસ્તેજ થઈ જાય છે, જેમ, ગરૂડને જોઈ નાગકુળ ભયભીત બને છે, તેમજ **જરાસંઘ** રાજાનું સર્વ સૈન્ય નિસ્તેજ તથા આકુલ વ્યાકુલ બની ગયું; અને તેજ ક્ષણે સર્વ યાદવ સૈન્યરૂપ કમલ હર્ષિત થયું. **માતલિ** રૂપ રવિનો ઉદય થયો એટલે જરાસંઘ રાજાનું સૈન્ય રૂપ કુમુદ (રાત્રે ખીલતું કમલ) સંકોચ પામ્યું. તે સમયે સ્પષ્ટ રીતે જોતાં, યાદવ સૈન્યમાં દિવસ થયો અને શત્રુના સૈન્યમાં રાત્રિ થઈ.

હવે ત્યાર પછી ઉભય પક્ષના સ્વામી જુએ છે અને બંને સેનાપતિનો આદેશ થતાં વેંત જ બેઉ પક્ષના મહાભટો શસ્ત્ર પ્રહારથી, અન્યોન્ય કરનું આકર્ષણ કરવાથી તથા એક બીજાની ભુજાઓના પ્રહારથી મહા ત્રાસજનક યુદ્ધ કરવા લાગ્યા. આખરે **જરાસંઘના** મહાભટોએ યાદવભટોમાં ભંગાણ પાડયું તેથી યાદવ યોદ્ધાઓ આમ તેમ નાસી જવા લાગ્યા. પોતાના લશ્કરમાં પડેલું ભંગાણ જોઈ **કૃષ્ણે** એક મદમસ્ત ગજ ઉપર ચઢી ગરૂડ આળેખેલી પતાકા ઉંચી કરી ઉંચે સ્વરેથી યોદ્ધાઓને નાસી જતા અટકાવ્યા. તેટલામાં મહા પરાક્રમી અને મહા ભુજાવાળા **મહાનેમિ, અનાધૃષ્ણિ** અને **અર્જુન** એ ત્રણે મહા યોદ્ધાઓ સજ્જ થઈ યુદ્ધમાં હાજર થયા અને ત્રણે મહાભટોએ પોત પોતાનો અતિ નાદ કરનાર શંખ વગાડ્યો. આ ત્રણે શંખની ગર્જનાથી દુશ્મનોના હૃદયમાં ત્રાસ થયો. મહા શક્તિમાન તે ત્રણે જણા મેઘની પેઠે બાણનો વરસાદ વરસાવવા લાગ્યા. ઝપાટાબંધ વરસતાં પાણીનાં જોરથી નાનાં વૃક્ષો પડી જાય છે તેમજ જોશથી પડતી બાણ વૃષ્ટિથી કેટલાક ક્ષુદ્ર યોદ્ધાઓ પડ્યા. જેમ વિશ્વને ભય ઉપજાવનારા મદોન્મત્ત વનના હાથીઓ નિઃશંકપણે વનના મધ્ય ભાગમાં પ્રવેશ કરે છે, તેમ મહા બળવાન તે ત્રણે મહાભટો બાણવૃષ્ટિ વરસાવતા વરસાવતા એકદમ સમુદ્રમાંથી ઉડેલી ઉર્મિઓની માફક પોતાની મેળે માર્ગ કરતા કરતા, તે ચક્ર વ્યુહના મધ્યમાં પેસી ગયા. અંદર જઈને તે વ્યુહના બે વિભાગ પાડી નાખ્યા, અને તેની પાછળ યાદવ સૈનિકો આવી સારી રીતે

પોતાનો હાથ બતાવવા લાગ્યા.

યાદવોના માત્ર ત્રણ યોદ્ધાઓએ આખો ચક્ર વ્યુહ વીખી નાખ્યો તે જોઈ જરાસંઘે **રૂકિમ, દુર્યોધન** અને **રૌધિરિ** એ ત્રણે કહ્યું કે, 'જાઓ, જઈને વ્યુહમાં હજુ આગળ વધતા આવતા **અર્જુનાદિક** ત્રણેને રોકો.'

પોતાના સ્વામિની આમ પ્રેરણા થતાં એકદમ તેઓની સામા ગયા તેમાં **દુર્યોધને અર્જુનને** રોકી દીધો, **રૌધિરિએ અનાધૃષ્ણિને** અટકાયત કરી અને મહા શક્તિમાન અનેક રાજાઓથી સંપન્ન **રૂકિમ** રાજાએ **મહાનેમિને** રોકયા અને તેઓ હાથીની માફક પરસ્પર દ્વંદ્વ યુદ્ધ કરવા લાગ્યા. જાણે કે ક્રોધરૂપ ભૂતે તેઓના શરીરમાં આવેશ કર્યો હોય તેવા ભાન વગરના બનેલા તેઓ ઘણો વખત થયો છતાં દ્વંદ્વ યુદ્ધથી નિવૃત્ત ન થયા. તેમાં મહા ઉત્સાહી **મહાનેમિએ રૂકિમને** શસ્ત્ર વિનાનો કરી શસ્ત્ર પ્રહારથી નીચે પાડી નાખ્યો. મૃતપ્રાય થઈ ગયેલા રૂકિમને જોઈ **દુર્યોધન** તથા રૌધિરિ ઈત્યાદિક ઘણા રાજાઓ નીચે પડી ગયા. તેમાં જયની ઈચ્છા ધરાવતા શત્રુતપ આદિ સાત રાજાઓ અતિ ત્વરાથી બાણનો વરસાદ વરસાવવા લાગ્યા. પણ અર્જુનાદિક મહા બળવાન રાજાઓ એકદમ જીતી શકાય તેવા નથી એમ વિચાર કરી **શત્રુતપ** રાજાએ એક અસહ્ય શક્તિ નામનું અસ્ત્ર અર્જુનાદિક ઉપર ફેંકયું. ગર્જના કરતી ચાલી આવતી તે પ્રચંડ તેજસ્વી શક્તિને જોઈ, હાથમાં વિવિધ શસ્ત્રો ધરી ઉભેલા હજારો યોદ્ધાઓ તે શક્તિને અટકાવવા એકદમ ઉપરા ઉપર પડવા લાગ્યા. તે સમયે

**માતલિ** સારથી **નેમિનાથને** કહે છે કે, 'હે સ્વામિન્ ! એ શત્રુતપ રાજાએ તપશ્ચર્યાથી પ્રસન્ન કરેલા ઈન્દ્ર પાસેથી આ સંહાર કરનારી શક્તિ મેળવી છે તેથી તે શક્તિ ઇતર શસ્ત્રોથી ભેદાશે નહીં પણ કેવલ વજ્રથી જ ભેદી શકાશે.'

આમ સાંભળ્યા પછી તરત જ **નેમિનાથનો** હુકમ થતાં વેંત જ માતલિ સારથિએ મહાનેમિના શરમાં વજ્ર ચડાવ્યું, તે જ સમે મહાનેમિએ એક લક્ષ યોદ્ધાઓને વિંધી નાંખે તેવું શર મૂકીને તે શક્તિને ભૂમી પર પાડી નાખી. અને વળી **શત્રુતપ** રાજાને શસ્ત્ર અને રથ વગરનો કરી મૂકયો. તે સમયે જાણે કે નિંદ્રામાંથી જાગ્યા હોય તેવા સર્વ યાદવો યુદ્ધમાં સજ્જ થઈ શત્રુ પર બાણવૃષ્ટિ તો એવી કરવા લાગ્યા કે થોડી વારમાં જ સામા પક્ષના યોદ્ધાઓ ત્રાસ પામતા પામતા સેનાપતિ **હિરણ્યનાભને** શરણે ગયા અને કેટલાક તો જીવવાની ઇચ્છાથી પલાયન થઈ ગયા. જાણે કે કાળે પોતે બે રૂપ ધર્યાં હોય તેવા ભયંકર દેખાવના અને તેવા મહા શૂરવીર, **ભીમ** અને **અર્જુન** તથા જાણે કે સાક્ષાત્ યમરાજાના પુત્રો જ હોય તેવા ઉદ્ધત બળદેવના પુત્રો બાણને વરસાવતા વરસાવતા, **ધૃતરાષ્ટ્રના** પુત્રોને પકડવા માટે આમ તેમ દોડાદોડી કરવા લાગ્યા, પણ વાઘને જોઈ જેમ સુવરો નાસી જાય તેમ સર્વે **કૌરવ** નાસી ગયા.

તે સમયે ગાંડીવ ધનુષમાંથી છુટેલા સણસણાટ કરતા અતિ ભયજનક બાણ સમૂહોથી **અર્જુને** તે રણભૂમિને ઢાંકી દીધી તેને લીધે મહાભટો ત્રાસ પામી દશ દિશાઓમાં *ભાગવા લાગ્યા.*

યુદ્ધમાં ક્ષત્રિય ધર્મ, કે જે નીતિપુરઃસર યુદ્ધ, તેને છોડી દઈ કેટલાક રાજાઓ સહિત દુર્યોધન રાજાએ આવી એકદમ અર્જુનને ઘેરી લીધો; તેમજ **શકુનિએ સહદેવને, દુઃશાસને ભીમને,** ઉલૂક નામના રાજાએ **નકુલને** અને **શલ્ય** રાજાએ **યુધિષ્ઠિરને** ઘેરી લીધો. જેમ ચિત્તાને શ્વાનો વીંટી લે, તેમજ **દુર્મર્ષણાદિ** છ રાજાઓએ **દ્રૌપદીના** પુત્રોને અને કેટલાક ઈતર રાજાઓએ બળદેવના પુત્રોને ઘેરી લીધા. તે સર્વ યોદ્ધાઓ પરસ્પર બાણનો વરસાદ વરસાવતાં કેટલોક કાળ વ્યતીત થયો. હવે **અર્જુને** યુદ્ધ કરતાં કરતાં **દુર્યોધનના** સારથિને તથા ઘોડાઓને મારી નાંખ્યા અને તેનો રથ ભાંગી નાંખ્યો. દુર્યોધનનું બખ્તર ભૂમિ પર પાડી નાખ્યું, તે વખત તે ફક્ત અવશેષમાં એક દેહ જ રહ્યો. તદ્દન પાયદલ જેવો બની ગયેલો **દુર્યોધન** બેબાકળો બની આમ તેમ જોવા લાગ્યો ત્યાં એકદમ વિચાર સુઝવાથી શકુનીના રથમાં ચડી બેઠો. **શલ્ય** રાજાએ પોતાના બાણ વતી **યુધિષ્ઠિર** રાજાની રથની ધ્વજા તોડી નાખી. આ જોઈ નહીં સહન કરી શકતા **યુધિષ્ઠિરે** શલ્ય રાજાનું શર-યુક્ત ધનુષ ભાંગી નાંખ્યું ત્યારે શલ્ય રાજા તે જ ક્ષણે બીજું ધનુષ લઈ હાજર થયો. યુધિષ્ઠિરે ઈન્દ્રના વજ્રની પેઠે કોઈથી પણ ન અટકાવી શકાય તેવી દુઃસહ શક્તિ શલ્ય ઉપર છોડી મૂકી, જેમ વીજળી ચંદનઘોને મારી નાખે છે તેમ એકદમ તે શક્તિએ આવી શલ્ય રાજાના પ્રાણ લીધા. **શલ્ય** રાજા જ્યારે પડ્યો ત્યારે કાહિશિક આદિ ઘણા રાજાઓ ભયભીત થઈ નાસી ગયા. જ્યેષ્ઠ બંધુનું આ કૃત્ય જોઈ જાણે સ્પર્ધા

કેમ થઈ હોય તેમ **ભીમસેને** પણ દુર્યોધનના અનુજ બંધુ **દુઃશાસનને** મારી **દ્રૌપદીનાં** કેશાકર્ષણનું વૈર વાળ્યું. વિદ્વાન પુરૂષો કહે છે કે, અભિમાની પુરૂષ જે કાર્ય કરવા અંગીકાર કરે છે તે જ્યારે સમય આવે ત્યારે કર્યે જ રહે છે, ચૂકતા નથી.

**યુધિષ્ઠિર** તથા **ભીમસેનનું** બહાદુરીનું આવું કૃત્ય જોઈ સ્પર્ધા થવાથી સહદેવે શકુનિના પ્રાણ લેનાર એક બાણનો પ્રહાર કર્યો. **શકુનિ** આ પગલે જ મરી જશે, એમ જોઈ શકુનિના રથમાં બેઠેલા દુર્યોધને પોતાના બાણથી સહદેવના બાણને અધવચગાળે જ કાપી નાખ્યું. નિષ્ફળ થએલા પોતાના બાણને જોઈ સહદેવ કહે છે કે, 'અરે! **દુર્યોધન**! તું અદ્યાપિ દ્યુતની પેઠે માયાથી શું રમે છે? બાહુમાં બળ હોય તો મારી સન્મુખ ઉભો રહે એટલે ખબર પાડી દઉં. પણ ભલે, તમે બંને જણા મારી સાથે આવી જાઓ એટલે તમને બેને મારી, સાથે જ નરકમાં પહોંચાડું, કારણ કે તમે બે અન્યોઅન્ય મિત્ર હોવાથી એક બીજાનો વિયોગ સહન નહીં કરી શકો.' આમ કહીને સહદેવે તે બે સાથે યુદ્ધ શરૂ કર્યું, કારણ કે પાંડુ પુત્રને તે બે હોય અથવા સહસ્ર હોય તો પણ તે તૃણ સમાન છે. હવે યુદ્ધમાં સહદેવે અવિચ્છિન્ન ધાટી બાણવૃષ્ટિથી દુર્યોધનને આકુલ વ્યાકુલ કરી દીધો ત્યારે અતિ ક્રોધ પામેલા દુર્યોધને સહદેવને મારવા માટે મંત્ર ભણી એક બાણ મૂક્યું. અતિ ત્વરાથી ચાલ્યા આવતા તે બાણને જોઈ અર્જુને ગરૂડ બાણ મૂકી તેને કાપી નાખ્યું. એક ક્ષણભર

વિશ્રાંતિ લઈ **શકુનિ** ધનુષ લઈ સામો આવ્યો અને સહદેવની સન્મુખ બાણો વરસાવવા લાગ્યો. પણ સહદેવના પુણ્ય પ્રભાવથી બાણનો વરસાદ તદ્દન નિષ્ફળ ગયો. શકુનિ તો બાણ ફેંકી શ્રમિત થયો છે, એમ જાણી સહદેવે ગદા વતી એકદમ શકુનિનો રથ ભાંગી નાંખ્યો, ઘોડાને મારી નાંખ્યા અને શકુનિનું શિર છેદી નાખ્યું. પોતાના અનુજ બંધુ સહદેવનું આવું પરાક્રમ જોઈ નકુલને જાણે શરમ આવી હોય કે મારા કરતાં તો મારો નાનો ભાઈ વધી ગયો, તેમ નકુલે ગદા વડે ઉલૂક રાજાનો રથ ભાંગી નાખ્યો તેથી રથ વગરનો થયેલો **ઉલૂક** રાજા પ્રાણ બચાવી ભાગી છુટયો.

રણમાં પોતાની ફતેહની ચાહના રાખતા **દુર્મર્ષણાદિક** છ રાજાઓએ વિવિધ શર પ્રહારોથી **દ્રૌપદીના** પુત્રો સાથે ઘણો વખત યુદ્ધ કર્યું. તેમાં યુદ્ધ કરતાં કરતાં દ્રૌપદીના પુત્રોએ એકદમ શર પ્રહાર એવો તો આદર્યો કે જેને લઈને દુર્મર્ષણાદિક છ રાજાઓ ત્રાહ્ય, ત્રાહ્ય કરતા ભાગી છૂટયા અને વિચાર વગરના તેઓ કૌરવોના અધિપતિ દુર્યોધનના શરણે ગયા. ત્યાર પછી પણ દુર્યોધન અર્જુનની સાથે યુદ્ધ કરવા સામેલ થયો. તે સમયે બળદેવના પુત્રો સહિત અર્જુને બાણવૃષ્ટિથી દુર્યોધન ત્યાં હોવા છતાં પણ આખી કૌરવ સેનાને સૂર્યની જેમ તપાવી દીધી. તેમાં વચમાં અર્જુને છલથી **જયદ્રથ** રાજાનું શિર છેદી નાખ્યું. તાલ વૃક્ષ ઉપરથી જેમ ફળ પડે તેમ તેનું શિર નીચે પડયું. જ્યારે જયદ્રથ રાજા મરાયો ત્યારે દુર્યોધન રાજા ભયભીત બની ઉપરથી ડોળ બતાવી મનમાં ઘણો જ શોચ કરવા લાગ્યો. દુર્યોધનને

તથા પ્રકારનો જોઈ મહા ઉદ્ધત **કર્ણ** રાજા કાલપ્રષ્ઠ નામે મોટું ધનુષ લઈ દાંત વતી હોઠ કરડતો કરડતો આવી બકવા લાગ્યો કે, 'અરે અર્જુન ! તું ક્યાં છે, ક્યાં છે ? તું રણ-ભૂમિમાંથી ભાગી જઈશ નહીં. કાલપ્રષ્ઠ ધનુષ ધરનાર તારો દ્વેષી આ હું કર્ણ આવ્યો છું.' તદનંતર **અર્જુન** પણ બોલ્યો કે, 'અરે, સખે કર્ણ ! જલદી ચાલ્યો આવ, તારો પણ જયદ્રથને વિયોગ ન થાઓ, અને બીજું પણ સાંભળ, **રાધાપુત્ર** ! દુર્મતિઃ **કર્ણ** ! તું જીવતાં છતાં તારી આગળ ઉભેલા મને દેખતો નથી ? એમ જણાય છે કે જેમ અસ્ત પામતા દીપકનો તથા વહ્નિનો સંકોચ થાય છે તેમજ મરવા તૈયાર થયેલા તારી ચક્ષુ આદિ ઇન્દ્રિયોનો પ્રથમથી જ સંકોચ થતો જાય છે તેથી તું મને દેખતો નથી.' આવી રીતે એક બીજાના હૃદયનાં મર્મસ્થલને છેદી નાખે તેવાં વચનો કહેતાં કહેતાં તે બેઉ મહા યોદ્ધાઓ યુદ્ધ કરવા મચ્યા. તે બેઉનું એવું યુદ્ધ થયું કે જેના યુદ્ધને દેવતાઓ પણ કુતૂહલથી જોવા આવ્યા; આવીને, આપણને ક્યાંક વાગી જશે એમ બીતા બીતા દૂર ઉભા રહી જોવા લાગ્યા. તે બેઉના યુદ્ધમાં કોઈ કોઈ વખત કર્ણ ચડી જતો હતો અને કોઈ કોઈ વખત અર્જુન વધી જતો હતો. તેમાં જેનો જય થતો હતો તેની તેની ઉપર પ્રતિ ક્ષણે દેવો પુષ્પની વૃષ્ટિ કરતા હતા. આમ યુદ્ધ કરતાં ઘણો જ સમય ગયો ત્યારે અર્જુને તેવો લાગ મેળવી કર્ણના રથના તથા ધનુષના બે કકડા કરી નાખ્યા, તેના સારથિને તથા ઘોડાને મારી નાંખ્યા ત્યારે અસ્ત્ર વગરના થયેલા રાધા પુત્ર **કર્ણનું** શિર છેદી

નાખ્યું. મહા શૂરવીર કર્ણ મરાયો એકલે સહાય વગરનો થયેલો **દુર્યોધન** મુક્ત કંઠે અત્યંત વારંવાર પોકે પોકે રૂદન કરવા લાગ્યો. અને **યાદવો** તથા **પાંડવો** સિંહનાદ સાથે મૃદંગ ધ્વનિપૂર્વક નૃત્ય કરવા લાગ્યા. થોડી વાર પછી ભીમસેન હાથમાં ગદા લઈ દુર્યોધનને કહે છે કે, 'અરે! તું આ રણભૂમિમાં રૂદન કરવા આવ્યો છે કે યુદ્ધ કરવા? જરા શરમા અને ઉઠ, ઉભો થા, એટલે હમણાં જ તને હું **સૂર્યના** પુત્ર **કર્ણની** આગળ પહોંચાડી દઉં, જેથી તારો અને કર્ણનો વિયોગ મટે. હે ભાઈ **દુર્યોધન**! ઉભો થા, ઉભો થા, આ સમયે રૂદન કરવું તને ઉચિત નથી, માટે ઉઠ, હાથમાં ગદા લે અને તારા મિત્ર **કર્ણને** જઈ મળ.'

આવાં વાકયો શ્રવણ કરી અતિ ગુસ્સે થયેલો **દુર્યોધન** કેટલીક સેના લઈ ભીમસેનને મારવાની ઇચ્છાથી ગદા લઈ એકદમ તેની સામો દોડ્યો, ત્યારે **ભીમસેને** તો આવતાં વેંત જ વૈરનું સ્મરણ થવાથી એકદમ અશ્વ, ગજ અને રથ વિગેરેનો ગદા વતી ચૂરેચૂરો કરી નાંખ્યો. જે તેની સન્મુખ *આવ્યો કે તેજ વખતે તેને ઉડાડી દેવા લાગ્યો.* ભીમસેનનું આવું સાહસ જોઈ ત્રાસ પામેલા કૌરવ યોદ્ધાઓ તો તે સમયે પલાયન થઈ ગયા. કૌરવની સેનામાં તેવો કોઈ મહા-ભટ ન હતો કે જે એક ક્ષણભર ભીમસેનની સન્મુખ ઉભો રહે. પણ દુર્યોધનને તો વીરત્વનું અભિમાન હતું તેથી ભાગતાં તેને લજ્જા આવતી હતી, માટે કેવલ તે શરમને લીધે જ **ભીમસેનની** સન્મુખ એકાએક ઉભો રહ્યો. ત્યારે ભીમસેન કહે છે કે, 'હું તને ઘણા દિવસથી ચાહતો હતો

પણ જે ચાહના આજે પાર પડી. મારા સર્વ મનોરથો સફળ થયા, કે જેથી તું એકાએક મને મળ્યો છે. આ તો બહુ જ સારૂં થયું. તેં મારી સેવા કરવામાં કશી પણ ખામી રાખી નથી, મતલબ કે બહુ જ સેવાભક્તિ કરી છે તો હવે મારે પણ તારી સેવા કર્યા સિવાય ચાલશે નહીં. શાસ્ત્રમાં કહે છે કે,

**उप्तमेव हि लूयते राद्धं यत्तच्च भुज्यते ॥**
**अमित्रेणापि मित्रेण कृतं यच्च तदाप्यते ॥ १ ॥**

**ભાવાર્થ :**—જેવું વાવેલું હોય તેવું જ લણાય છે; જેવું રાંધેલું હોય તેવું જ જમાય છે; તથા શત્રુ અથવા મિત્ર જેવું કૃત્ય કરે તેવું તેને ફળ મળે છે, અર્થાત્ તેવું વેઠવું પડે છે. માટે મારે તારી સેવા બજાવ્યા વગર કેમ ચાલે ?'

આમ કહ્યું ત્યાં તો હૃદયમાં ક્રોધ રૂપ અગ્નિમાંથી શિખાઓ નીકળી અને એકદમ **દુર્યોધને** હાથમાં ગદા લઈ **ભીમની** સાથે સંગ્રામ શરૂ કર્યું. જેમ બે ઘેટાઓ લડે તેમ ક્રોધના તો પર્વત રૂપ **ભીમ** તથા **દુર્યોધન** લડવા લાગ્યા, જરા પણ વિરામ ન પામ્યા. મલ્લની પેઠે બાહુના પ્રચંડ શબ્દો કરતા તે બે શૂરવીરોએ પોતાના પગની એડીના પ્રહારથી આ ભૂતલ કંપાવી દીધું. એમ કરતાં કરતાં દુર્યોધને દ્રૌપદી ઉપર ગુજારેલા સંસ્કારો પોતાને યાદ આવવાથી **ભીમસેને** "ૐરૂ" એવો પ્લુપ્ત ઉચ્ચાર કરી એકદમ ગદાથી દુર્યોધનના બે સાથળ ભાંગી નાખ્યા. **દુર્યોધને** લાંબો વખત તેની પીડા ભોગવી.

આ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે, પોતે જાતે કરેલાં

શુભાશુભ કર્મનો ઉપભોગ પોતાને જ અવશ્ય કરવો પડે છે, કોઈ પણ તેમાં ભાગ પડાવતું નથી. જ્યારે દુર્યોધન રાજા વિપત્તિમાં આવી પડ્યો ત્યારે અનાથ કૌરવ સેના હિરણ્યનાભ સેનાપતિના શરણે ગઈ. અંગ દેશનો રાજા **કર્ણ** અને કૌરવેશ **દુર્યોધન** એ બે નષ્ટ થયા એટલે કૌરવ સેના અંધ બની ગઈ; ખરેખર કૌરવ સેનાના એ બે વામ દક્ષિણ નેત્ર હતા.

ત્યાર પછી કૌરવનો સેનાપતિ **હિરણ્યનાભ** રણભૂમિ પર આવ્યો, તથા યાદવ સેનાપતિ **અનાધૃષ્ણિ** તેની સન્મુખ આવી ખડો થયો. જેમ પૂર્ણિમાના ચંદ્રને નક્ષત્રો તથા ગ્રહો વીંટી લે છે તેમજ પાંડવોએ તથા યદુઓએ આવી કૌરવ સેનાપતિને ઘેરી લીધો. તે સમયે ક્રોધ પામેલા હિરણ્યનાભે યદુઓ ઉપર બાણો વરસાવ્યાં, જેથી યાદવો ત્રાસ પામી ભાગી છુટચા; ત્યારે સમુદ્રવિજયનો પુત્ર **જયસેન** યુદ્ધમાં અગ્રેસર થયો; તેને જોઈ હિરણ્યનાભ કહે છે કે, 'અરે દુર્મતિ જયસેન ! નાહક તું મૃત્યુ પામી તારા પિતા **સમુદ્રવિજયને** દુઃખમાં શા માટે નાંખે છે ? તારા સિવાય બીજા યાદવો પણ ઘણા શૂરવીર છે તો તું તારા પ્રાણ બચાવી અહીંથી ખસી જા, નાહક તું મરવા ઇચ્છ નહિ.' આવાં વચન સાંભળી જયસેન કહે છે કે, 'અરે ! મૂર્ખની પેઠે બડાઈ શું કરે છે ? બળ હોય તો બતાવી દે;' આમ કહીને સમુદ્રવિજયના પુત્ર જયસેને હિરણ્યનાભ સેનાપતિ સાથે સંગ્રામ શરૂ કર્યું. યુદ્ધ કરતાં કરતાં જયસેને બાણ વર્ષણથી હિરણ્યનાભના રથનો ચૂરેચૂરો કરી નાંખ્યો તથા તેના

સારથિને મારી નાંખ્યો; ત્યારે તે સમયે **હિરણ્યનાભ** એકદમ તે રથમાંથી કુદકો મારી અન્ય રથમાં ચડી ગયો. બળશાળી તથા બાણાવલી હિરણ્યનાભે પણ એક ક્ષણમાં શર પ્રહાર કરી જયસેનના સારથિનો, ઘોડાનો તથા રથનો સંહાર કરી નાંખ્યો. આ દેખાવને નહીં સહન કરી શકતા જયસેને ઉગ્ર બાણોનું વર્ષણ ચાલુ રાખ્યું. ત્યારે મહા શૂરવીર હિરણ્યનાભ પોતાના મુખ આડી ઢાલ રાખી બાણની વૃષ્ટિને ઝીલતો આગળ ગયો અને તીક્ષ્ણ તલવાર વતી જયસેનનું શિર કાપી નાખ્યું. **જયસેન** મૃત્યુ પામ્યો તે વખતે યાદવ સૈન્યમાં મહા કોલાહલ થઈ રહ્યો. મારો ભાઈ મરાયો, એમ જયસેનના બાંધવ **મહીજયને** ખબર પડતાં એકદમ તીક્ષ્ણ ખડગ હાથમાં લઈ તે કેવલ પગપાળો દોડી ગયો. દૂર ઉભેલા હિરણ્યનાભે દોડી આવતા મહીજયને દેખી અતિ તીક્ષ્ણ બાણ ફેંકી તેનું મસ્તક છેદી નાખ્યું તેથી તે **મહી-જય** પણ ભૂમિ પર પડ્યો. આવા મહા બે મહા યોદ્ધાઓ પડ્યા ત્યારે યાદવ સૈન્યના નાયક **અનાધૃષ્ણિએ** પ્રતિજ્ઞા કરી કે, 'હું જો ખરો હોઉં તો હિરણ્યનાભને ઠાર કરીને જ આવું.' આમ પ્રતિજ્ઞા કરી સર્વ અસ્ત્રોથી ભરેલા રથમાં બેસી ક્રોધને લીધે જેનો અધર થરથર કંપે છે તેવો અનાધૃષ્ણિ હિરણ્યનાભની સન્મુખ આવ્યો, તેમજ ઈતર યદુઓ પણ જરાસંધ રાજાના ભૂપતિઓ સાથે રણમાં સામેલ થયા અને એક બીજા ઉપર એવો બાણનો વરસાદ વરસાવવા લાગ્યા કે જેને લીધે સૂર્ય પણ દેખાતો બંધ થયો. તેમાં પ્રાગ્-જ્યોતિષપુરનો સ્વામિ ભગદત્ત નામે રાજા કે, જે ગર્વનું

પુતણું હતું, તે ગજ પર સ્વારી કરી મહાનેમિની આગળ આવી બકવા લાગ્યો કે, 'હે **મહાનેમે!** તું મારી સામે આવી જા, એટલે આપણે બે જણા યુદ્ધ કરીએ અને તને હું સુરાંગનાંઓ અપાવું.' આમ કહીને મહાનેમિને કચરી નાખવાની ઇચ્છાથી ભગદત્તે પોતાનો હાથી તેની સન્મુખ ચલાવ્યો ત્યારે અપ્રતિમ બળશાળી મહાનેમિએ પોતાના હાથથી તેને ગજની નીચે પછાડી નાંખ્યો અને ઉભય પક્ષના સર્વ સૈનિકોએ હાંસી કરાતો તે ભગદત્ત ગજસહિત ભૂતલ પર આમતેમ આળોટવા લાગ્યો. આ ઉપરથી એમ ધ્યાનમાં લેવાનું છે કે, અભિમાન એ એક ક્ષણમાં પોતાની ક્ષતિ કરાવે છે. આ વિષે તત્વવેત્તા પુરૂષોએ **ભગદત્તનું** દૃષ્ટાંત દર્શાવેલું છે.

બુરા હાલે પડેલા **ભગદત્તને મહાનેમિ** કહે છે કે, 'જા, તને હું છોડી દઉં , મારતો નથી, તું વિષયાભિલાષી છે તેથી તું જઈ સ્ત્રીઓની સાથે વિષય સુખ ભોગવ.' તેટલામાં જરાસંધના પક્ષમાંથી **ભૂરિશ્રવા** નામે યોદ્ધો તૈયાર થયો અને કૃષ્ણની સેનામાંથી **સાત્યકિ** નામે યાદવ તૈયાર થયો. તે બેઉ જણા કુકડાની પેઠે સંગ્રામ કરવામાં મચ્યા. વચમાં જરા પણ બંધ ન રહ્યા. એ બન્નેના યુદ્ધને આકાશમાં ઉભેલા દેવતાઓ હાસ્યપૂર્વક જોતા હતા. તેવામાં મહાનેમિ સાત્યકીને કહે છે કે, 'હે સાત્યકી! એ ભૂરીશ્રવા પોતે સુરાંગનાનો સંગ બહુ જ ચાહે છે તો તેને ત્યાં જલદી પહોંચાડો. જરા પણ વિલંબ નહીં કરો.' આવી પ્રેરણા થવાથી બમણા ઉત્સાહી થયેલા સાત્યકીએ ભૂરિશ્રવાને ભૂમિ પર પછાડી

નાખી, મુષ્ટિના પ્રહારથી મૃત્તિકાના પિંડની પેઠે તેનું મર્દન કરી પ્રાણ રહિત કર્યો, તે સમયે દેવાંગનાઓ આવી તેને વરી. **ભૂરીશ્રવા** મરી જવાથી સર્વ યાદવો એક બીજાને હાથમાં તાળીઓ મારી ખુશી ખુશી થયા; અને જરાસંઘની સેનામાં મહા કોલાહલ શબ્દપૂર્વક શોક શોક થઈ રહ્યો. તે પછી ઉભય સૈન્યના સેનાપતિ **હિરણ્યનાભ** અને **અનાધૃષ્ણિનું** બે ઘડી દેવતાઓ પણ સર્વ કાર્ય છોડી એકી નજરેથી જુએ તેવું વિચિત્ર યુદ્ધ શરૂ થયું. તે સંગ્રામ, બાણોના પ્રહારોથી, એક બીજાની ભુજાઓ અથડાવાથી તથા એક બીજાના હસ્તાકર્ષણ કરવાથી લાંબા વખત સુધી ટકી રહ્યું. છેવટમાં મહા અભિમાની હિરણ્યનાભ ખાસ મારવાની ઇચ્છાથી હાથમાં ઢાલ તરવાર લઈ અનાધષ્ણિની અભિમુખ દોડ્યો. તે સમયે બળવાન અને મહા ચંચલ **અનાધૃષ્ણિએ** પોતાની નજીક આવેલા **હિરણ્યનાભનું** ઉઘાડું મસ્તક દેખી તરત જ તીક્ષ્ણ ખડગવતી તેનું શિર ધડ ઉપરથી ઉતારી નાખ્યું. તે વખતે સર્વ યાદવો તથા પાંડવો આવી અનાધષ્ણિને ઘેરી લીધો અને પોતાના ઉત્તરીય વસ્ત્રથી તેના શરીર ઉપરની રજ સફા કરી અને તેનું આખું શરીર સ્વસ્થ કર્યું. પાંડવાદિક પોતાની બુદ્ધિથી વિચારે છે કે, હવે તો આના ઉપર પ્રહાર ન પડે તો ઠીક.

**જરાસંઘના** પક્ષના રાજાઓ ભયથી ત્રાસ પામ્યા અને બહુ જ થાકી ગયા તેથી જરાસંઘના શરણે ગયા. સૂર્ય પણ આખો દિવસ ભ્રમણ કરી થાકી ગયો તેથી પશ્ચિમ સમુદ્રમાં સ્નાન કરવા ગયો, કારણ કે સ્નાન કરવાથી થાક ઉતરી

જાય છે. સૂર્ય અસ્ત થયો એટલે સર્વે યોદ્ધાઓ ક્ષુધાતુર તૃષાતુર થવાથી પોતપોતાને સ્થાનકે ચાલ્યા ગયા. યાદવો તો પોતાને સ્થાનકે જઈ આહારાદિક કરી કૃષ્ણની આગળ ગાનતાન કરવા લાગ્યા. પુણ્યહીન જરાસંઘ રાજાએ મંત્રીઓ સાથે સલાહ કરી સેનાપતિના પદ ઉપર **શિશુપાલ** રાજાનો અભિષેક કર્યો, અને પોતાની મહોર છાપવાળો સુવર્ણનો પટો આપ્યો.

રાત્રીનો સમય સુખેથી નિર્ગમન થયા પછી પ્રભાત કાળમાં **શિશુપાલ** રાજાએ પોતાનું સૈન્ય ચક્રવ્યુહે ગોઠવી દીધું. આ સંગ્રામમાં છેવટે કૃષ્ણનો જ શુભ ઉદય થવાનો છે એમ જાણી અનાધૃષ્ણિએ નિર્ભયપણે પુનઃ ગરૂડ વ્યુહ રચ્યું. આવી રીતે બે બાજુના યોદ્ધાઓ તૈયાર થઈ ઉભા થઈ ગયા ત્યારે જરાસંઘ રાજા પોતાના મંત્રી હંસકને કહે છે કે, ‘હે મંત્રી ! મારી અભિમુખ ઉભેલા આ સર્વ યાદવોનાં નામ લઈ લઈને તું મને ઓળખાવ, કે જેથી હું પોતે એ લોકોને ગણી ગણીને કેવલ નામ માત્રથી જ અવશેષ કરૂં, મતલબ કે, મારા ખડગની ધારારૂપ પવિત્ર જળમાં સ્નાન કરાવી એ લોકોને સ્વર્ગમાં પહોંચાડી દઉં.’ જરાસંઘના આવાં વચનો સાંભળી હંસક નામે મંત્રી કહે છે કે, ‘હે રાજન્ ! આપ સાવધાન થઈ સાંભળો. આ કૃષ્ણ બળદેવ વિગેરે સર્વ યાદવોને હું તમને ઓળખાવું છું. આ યાદવ સૈન્યના મધ્ય ભાગે ગરૂડની ધ્વજાવાલા રથમાં જે બેઠેલા છે, તે કૃષ્ણ છે. જેના રથને શ્યામ ઘોડાઓ જોડેલા છે અને જેણે શ્યામ વસ્ત્રો પહેરેલાં છે, તે આ **કૃષ્ણના** જ્યેષ્ઠ બંધુ **બલદેવ**

છે. જેના રથના અશ્વો સોનેરી રંગના છે, તે આ સર્વ યાદવોમાં વૃદ્ધ અને મહા ભાગ્યશાળી **સમુદ્રવિજય** છે. ગુલાબી રંગના અશ્વવાળો અને હાથીના ચિહ્નવાળી ધ્વજાવાળો તે આ **અનાધૃષ્ણિ** યાદવ છે. નીલ અશ્વવાળા રથ ઉપર બેઠેલો આ પાંડુનો પુત્ર **યુધિષ્ઠિર** છે. શ્વેત રંગના અશ્વવાલા રથમાં બેઠેલો આ મધ્યમ પાંડવ **અર્જુન** છે. નીલ અશ્વના રથ ઉપર બેઠેલો અને જેના હાથમાં ગદા છે એવો આ **ભીમ** છે. નોળીયાના જેવા રંગવાલા ઘોડાના રથમાં બેઠેલો આ **નકુલ** પાંડવ છે, તેની પડખે શ્વેત અશ્વવાળો આ **સહદેવ** છે, અને કાબરા અશ્વવાળો આ **સાત્યકિ** છે. ઇન્દ્રે જેમને રથ અર્પણ કરેલો છે એવા આ વૃષભના ચિન્હવાળા **નેમિનાથ** છે. પોયણાના જેવા રંગવાળા ઘોડાના રથ ઉપર બેઠેલો આ **મહાનેમિ** અને હંસના જેવા અશ્વવાળો આ **ઉગ્રસેન** રાજા છે, તે તમે જાણી લેજો. હે રાજા, બીજા જાતજાતના ઘોડાવાળા રથો અને ધ્વજાઓવાળા બીજા ઘણા યાદવો છે, તેઓનાં નામ કેવી રીતે કહી શકાય? કારણ કે, તેઓ હજારોની સંખ્યાવાળા છે.'

**હંસકના** આવા વચન સાંભળી પોતાના મિત્ર **કંસના** વધનું વૈર સંભારી **જરાસંઘે બલરામ કૃષ્ણની** સન્મુખ પોતાનો રથ હંકાર્યો. પછી વેગવાન ઘોડાવાળો **જરાસંઘનો** પુત્ર **યવન** વસુદેવના અક્રૂર વિગેરે પુત્રોને હણવાને તત્કાલ પોતાનો રથ હંકારી ક્રોધથી લાલ થઈ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. તે વખતે બલરામના ભાઈ **સારણે** આગળ આવીને તેને અટકાવ્યો. યવને તત્કાલ સારણનો રથ ભાંગી નાંખ્યો,

એટલે સારણે તેની નજીક આવી **યવનના** મસ્તકને છેદી નાખ્યું. જરાસંઘનો પુત્ર યવન જ્યારે હણાયો ત્યારે કૃષ્ણ ગોપાલોની જેમ યાદવોની સાથે નાચવા લાગ્યો. પોતાના પુત્રનો વધ નજરે થયેલો જોઈ જરાસંઘને ઘણો ક્રોધ ચડ્યો. સિંહ જેમ મૃગલાને મારવા દોટ મૂકે તેમ તેણે યાદવોને મારવા દોટ મૂકી, વીર **જરાસંઘે** તત્કાલ રામના દશ પુત્રો મારી નાખ્યા. તે સિવાય બીજા સુભટો એટલા બધા માર્યા કે જેમની સંખ્યા કોણ કરી શકે? તે વખતે યમરાજની જેમ જરાસંઘના ભયથી યાદવ સેના નાસવા માંડી, અને જરાસંઘ આ જગતને યાદવ વગરનું કરવા તેની પાછળ દોડ્યો. આ વખતે સેનાપતિ **શિશુપાલ** હસતો હસતો **કૃષ્ણ** પ્રત્યે બોલ્યો, 'અરે ગોપાલ, આ તારૂં ગોકુળ નથી, કિંતુ આ તો યુદ્ધભૂમિ છે.' શિશુપાલની આવી મર્મવેધક વાણીથી વીંધાયેલો કૃષ્ણ તો નાસી જતાં પોતાના લોકોને આશ્વાસન આપી તેમની આગળ આવી ઉભો રહ્યો. તે વખતે શિશુપાલ આવી કૃષ્ણની આડે ઉભો રહ્યો, એટલે કૃષ્ણે કહ્યું, 'યમરાજાના મુખનો પહેલો કોળીયો તું થા અને બીજો કોળીયો તારો સ્વામી થશે.' આ પ્રમાણે કહી કૃષ્ણે શિશુપાલની સાથે યુદ્ધ કરવા માંડ્યું. ચેદી દેશનો મહારાજા **શિશુપાલ** મેઘ જેમ કરા વર્ષાવે તેમ બાણોને વર્ષાવતાં થાકયો નહીં, તેવી જ રીતે લક્ષવેધી અને મોટી ભુજાવાળો **કૃષ્ણ** તે બાણોને છેદતાં થાકયો નહીં. પછી ચેદીપતિ બાણોની વૃષ્ટિ છોડી દઈ હાથમાં ગદા લઈ ઉભો રહ્યો, એટલે કૃષ્ણ પણ પોતે કૌમુદી ગદા હાથમાં લઈ ઉભો રહ્યો. કૃષ્ણે

તે ગદાથી શિશુપાલના રથને ભાંગી નાંખ્યો; પછી શિશુપાલ ખડગ લઈ પેદલ થઈ કૃષ્ણુની આગળ યુદ્ધ કરવાને ઉભો રહ્યો. **કૃષ્ણે** સિંહની જેમ છલંગ મારી **શિશુપાલના** હાથમાંથી ખડગ લઈ તેનાથી જ તેનું મસ્તક તરત છેદી નાખ્યું. જ્યારે પુણ્ય નાશ પામે છે ત્યારે ધન વિગેરે સર્વ બીજાનું થઈ જાય છે તો શસ્ત્રોની શી વાત કરવી? તે વખતે પોતાનું શસ્ત્ર પોતાનું જ ઘાતક થાય છે.

આ પ્રમાણે જ્યારે **શિશુપાલનો** વધ થયો એટલે બધા યાદવોને હણવાની ઈચ્છા રાખતો જરાસંઘ મુખેથી બોલ્યો, 'હે યાદવો, તમે બધા વૃથા મરો નહીં. આ **બલ** અને કૃષ્ણુ બંને ગોપાલો મને સોંપી દો.' તે સાંભળી કૃષ્ણુ બોલ્યો, 'અરે! તું ફોગટનો શું બડબડે છે? આ અમે બંને ગોપાલ તારી આગળ જ ઉભા છીએ. અમને પકડી લે. જો તારે અમને પકડવા ન હોય તો જાણે મરવાને ઇચ્છતો હોય એવા તને અમે પકડી લઈશું.' કૃષ્ણુનાં આવાં વચન સાંભળી રોષથી અંધ થયેલો **જરાસંઘ કૃષ્ણુ** ઉપર દોડી આવ્યો. તે વખતે જરાસંઘના અઠયાવીશ પુત્રો બલદેવની સામા આવ્યા અને અગણોતેર પુત્રો જરાસંઘને અટકાવી કૃષ્ણુની સામે ઉભા રહ્યા. પોતાના પુત્રોનું બલ જોતો જરાસંઘ એક તરફ રહ્યો અને કૃષ્ણુ તથા બલદેવને તેઓની સાથે ઘોર યુદ્ધ ચાલ્યું. બલદેવે ક્ષણુમાં તે અઠયાવીશ પુત્રોને હળ અને મુશલથી ચૂર્ણ કરી મારી નાંખ્યા. એટલા બધા પુત્રોનો એકી સાથે સંહાર જોઈ જરાસંઘ રાજાઓની આગળ હૃદયમાં ક્ષોભ પામી ગયો. તે વખતે

બળવાન **બલદેવે** મગધપતિ **જરાસંઘને** કહ્યું, 'અરે મૂર્ખ, યુદ્ધમાં આવી મરેલા પુત્રોનો શા માટે શોક કરે છે? મારી સાથે યુદ્ધ કરવાને તૈયાર થા.'

**બલદેવનાં** આ વચન સાંભળતાં જ મગધપતિ સિંહની જેમ ક્રોધ કરી તરત બેઠો થયો, અને ગદાથી યાદવોને મારવા લાગ્યો. તે વખતે વચમાં રહેલા બલરામ ઉપર તેણે બળથી એવી ગદા મારી કે, જે હૃદયમાં લાગવાથી બલદેવ મૂર્છા ખાઈને પડી ગયો; અને તેના મુખમાંથી રૂધિરનું વમન થઈ ગયું. બલદેવને પડેલો જોઈ બધા યાદવો હાહાકાર કરવા લાગ્યા. પછી **જરાસંઘ** આવીને જેવામાં ગદાનો બીજો ઘા મારવા જતો હતો, તેવામાં **અર્જુને** આવી તેને અટકાવી દીધો મૂર્છાથી પડેલા બલરામની વિધુરતા જોઈ ક્રોધથી પ્રજ્વલિત થયેલો **કૃષ્ણ** તીક્ષ્ણ બાણોને વર્ષાવવા લાગ્યો. અને તેણે ગરૂડની પાંખોની જેમ જરાસંઘના અગણોતેર પુત્રોને એક રમત માત્રમાં મારી નાખ્યા. પોતાના પુત્રોને હણાએલા જોઈ મગધપતિ **જરાસંઘે** વિચાર્યું કે, 'હવે આ રામ તો મૃતપ્રાય થયેલ છે, તેને મારીને મારે શું કરવું છે, અને સિંહ આગળ મૃગલાની જેમ આ અર્જુનને માર્યે પણ શું થવાનું છે?' આવું વિચારી જરાસંઘ બલરામ અને અર્જુનને છોડી **કૃષ્ણને** મારવા આવ્યો. મહાબાહુ જરાસંઘ જ્યારે સાક્ષાત્ યમરાજની જેમ ક્રોધ કરી કૃષ્ણ ઉપર ધસી આવ્યો, તે વખતે સર્વ યાદવો ભય પામી હાહાકાર કરવા લાગ્યા.

આ વખતે શક્ર **ઈંદ્રના** સારથિ **માતલિએ અરિષ્ટનેમિને**

કહ્યું, 'સ્વામી! આ બલરામ માર્યા ગયા અને કૃષ્ણને હમણાં મારી નાંખશે. જો એમ બનશે તો શસ્ત્રોથી ભરેલો અને ઈન્દ્રે મોકલેલો આ રથ વૃથા થશે; અને પછી હું અહીં આવ્યો તે પણ શા કામનો ? હે પ્રભુ, જરા બળ બતાવો. તમે છોડી દીધેલો આ **જરાસંઘ** સિંહ જેમ બળથી વનને શીકારી પ્રાણી વગરનું કરી દે તેમ આ જગતને યાદવ વગરનું કરી દેશે. હે નિર્દોષ જગતસ્વામી, જો કે તમે જન્મથી જ વીતરાગ છો, તથાપિ તમારે આ વ્યવહાર રાખવો જોઈએ. શત્રુએ હણવા માંડેલા તમારા પોતાના કુલની ઉપેક્ષા તમારે ન કરવી જોઈએ.'

આ પ્રમાણે જ્યારે **માતલિ** સારથિએ કહ્યું, એટલે **નેમિનાથે** પોતાના હાથમાં શંખ લીધો. પ્રભુએ તે ઈન્દ્રના શંખને જરા બળ કરીને ફૂંકયો, એટલે તેના નાદથી જરાસંઘના રાજાઓ ક્ષોભ પામી ગયા. મેઘની વૃષ્ટિથી જેમ સર્વ વનસ્પતિ વિકાસ પામી જાય, તેમ કૃષ્ણનું બધું સૈન્ય ક્ષણમાં વિકાસ પામી ગયું. પછી નેમિનાથ પ્રભુની આજ્ઞાથી માતલિ સારથિએ મનના જેવા વેગવાલા અને પૃથ્વીના જેવા બળવાલા તે ઈન્દ્રના રથને શત્રુના સૈન્ય તરફ હંકાર્યો. પ્રભુએ ઈન્દ્રનું ધનુષ્ય લઈ તેની પણછ ચડાવી અને રથને સર્વ સ્થળે ભમાવી પ્રભુ બાણોની ધારાઓ વર્ષાવવા લાગ્યા. પછી તેમણે કેટલાકના રથો, કેટલાકના મુગટો અને કેટલાકના ધનુષ્યો ભાંગી નાંખ્યા. ઉદય પામતા સૂર્યની જેમ પ્રભુ જોઈ શકાતા નથી, તેમ તેમની આગળ રહી પ્રહાર કરવાને કોણ શક્તિમાન થઈ શકે? જેમ એકલો સિંહ ક્ષણવારમાં

મૃગલાઓનો ભંગ કરે તેમ એકલા પ્રભુએ લાખો રાજાઓનો ભંગ કરી દીધો. 'આ પ્રતિવાસુદેવ **જરાસંઘ વાસુદેવથીજ** વધ્ય છે,' એમ ધારી પ્રભુ તેની ઉપેક્ષા કરી દૂર ઉભા રહ્યા. જીવહિંસા કરવામાં વિમુખ એવા પ્રભુ કેટલોક વખત પ્રતિવાસુદેવ જરાસંઘનું સૈન્ય રૂંધી રથ ફેરવતા હતા. યાદવોના સૈનિકો એટલો સમય વિશ્રામ લઈ પછી ઉત્સાહ પ્રાપ્ત કરી નાહિંમત થયેલા શત્રુઓની સાથે પાછા યુદ્ધ કરવા લાગ્યા.

આ અરસામાં **પાંડુના** પુત્રોએ યુદ્ધ કરવાની ઇચ્છાએ આવેલા બાકીના **કૌરવોને** મારી નાંખ્યા. પછી બલદેવ પણ સ્વસ્થ થઈને રણભૂમિમાં બેઠો થયો અને હાથમાં હલ તથા મુશલ લઈને તેણે ઘણાઓને મારવા માંડ્યા.

પછી **જરાસંઘે** પાછો કૃષ્ણને રણભૂમિમાં બોલાવ્યો અને કહ્યું, 'અરે **કૃષ્ણ!** બીજાઓને માર્યા તેથી શું થયું? તું મારી સાથે યુદ્ધ કરવા આવ. અરે માયાવી, તું માયાથી જ જીવે છે. તે **કંસને** પણ માયાથી જ માર્યો છે. અરે ગોવાળીયા, કોઈ ઠેકાણે પણ તારૂં બળ માયા વગરનું સાંભળવામાં આવ્યું નથી. હવે આ તારી માયા તારા પ્રાણની સાથે નાશ કરવાની છે.'

કૃષ્ણ હસતો હસતો બોલ્યો, 'અરે ડોસા, તું શું બડબડે છે? તારો અંત કરી હું તારી દુહિતાની પ્રતિજ્ઞા પૂરી કરીશ. જેમ કીડી મરવાની હોય ત્યારે તેને પાંખો આવે છે, તેમ મરણમાં ઉન્મુખ થયેલા એવા તને જે આ બળ આવ્યું છે, તે મારા જાણવામાં છે. તને મારી નાંખવાથી તારી

ચિતાગ્નિમાં તેને તરત બળવું પડશે, તેથી અસમર્થ એવા તારાથી લાંબો કાળ થયાં એ પ્રતિજ્ઞા પૂરી થઈ નથી.' આ પ્રમાણે વચનરૂપ પ્રહારથી જેનો ક્રોધાગ્નિ જાગ્રત થયો છે એવો મગધપતિ વર્ષાકાળના મેઘની જેમ બાણોની ધારા-વૃષ્ટિ કરવા લાગ્યો. પ્રચંડ પવનની જેમ **કૃષ્ણે** તેને અકળાવી દીધો. બંનેની વચ્ચે સમાન બળથી ચિરકાલ યુદ્ધ ચાલ્યું. આકાશમાં મળેલા ખેચરો, દેવતાઓ અને અસુરો બીજા વિષયને છોડી દઈ દૂર રહી એક નજરે તે યુદ્ધ જોવા લાગ્યા. કૃષ્ણ મંગધપતિના લોહાસ્ત્રોને લોહાસ્ત્રોથી અને દૈવત અસ્ત્રોને દૈવત અસ્ત્રોથી છેદતો હતો. જ્યારે બધા અસ્ત્રો નિષ્ફળ થયાં એટલે મગધપતિ **જરાસંઘે** સર્વ શસ્ત્રોમાં શિરોમણિ રૂપ અને દુઃખેથી વારી શકાય તેવા ચક્રનું સ્મરણ કર્યું. હજારો દેવતાઓએ સેવેલું અને હજારો આરાવાલું તે ચક્ર આવી મગધપતિના હાથના અલંકાર રૂપ થયું. પછી રાજા જરાસંઘે તે ચક્રને અતિ ભમાવીને છોડી દીધું. જ્યારે તે ચક્ર ચાલવા લાગ્યું, એટલે પાંડવ વિગેરે હજારો યોદ્ધાઓ હાથમાં ગદા અને મુદ્ગળ રાખી સાવધાન થઈ ઉભા રહ્યા પણ તેમનાથી તે સ્ખલિત કરી શકાયું નહિ. અનુક્રમે તે ચક્ર આવી **કૃષ્ણની** છાતીમાં વાગ્યું. પછી કૃષ્ણે તેને પોતાની વસ્તુની જેમ હાથમાં લઈ લીધું. તે વખતે દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી અને તેઓ આકાશમાં રહી હાથે તાળી આપી કહેવા લાગ્યા કે, 'અર્ધ ભરતની ભૂમિના ભોક્તા અને પ્રતિ વાસુદેવના હણનાર આ **નવમા** ચક્રધારી થયા છે.' આવી રીતે આ

જગતની અનાદિકાળની સૃષ્ટિ વર્તે છે અહા ! વિધિ (કર્મ)નો વિપાક કેવો વિચિત્ર છે ? એક તરફ સૂર્યનો ઉદય થાય છે અને બીજી તરફ ચંદ્રનો અસ્ત થાય છે, ત્યારે પોયણાનું વન શોભા રહિત થાય છે અને કમલવન શોભાવાળું થાય છે, ઘુવડ પક્ષી હર્ષનો ત્યાગ કરે છે અને ચક્રવાક પક્ષી હર્ષ પામે છે.

પછી **કૃષ્ણે** દયા લાવી મગધેશ્વર **જરાસંઘને** કહ્યું, 'રાજન્ ! તું મૂર્ખ થા નહિ. વિચાર કરી ઘેર ચાલ્યો જા. મારી આજ્ઞા અંગીકાર કરી મગધ દેશનું રાજ્ય ભોગવ અને ચિરકાલ જીવ. પછી તારે મરણનો ભય રાખવો નહિ.' કૃષ્ણનાં આવાં વચન સાંભળી મગધપતિ કૃષ્ણ પ્રત્યે બોલ્યો, 'અરે કૃષ્ણ આ શું બોલે છે ? ભલે રાજ્ય જાઓ, લક્ષ્મી જાઓ અને આ નાશવંત પ્રાણ જાઓ, પણ મૃત્યુ પામતાં મારી કીર્તિ નિશ્ચલ રહો. તું ચક્ર છોડી દે. વિચાર શો કરે છે ? જે ભાવિ હશે તે થશે.' જરાસંઘના આવાં વચન સાંભળી કૃષ્ણે તે ચક્ર ફેરવીને મૂક્યું. તે ચક્રે પ્રતિવાસુદેવ **જરાસંઘનું** મસ્તક છેદી નાખ્યું. જ્યારે પુણ્યનો ઉદય હોય, ત્યારે જ સર્વ વસ્તુ પોતાની રહે છે. પણ જો પુણ્યનો નાશ થાય તો પોતાનું વસ્ત્ર પણ બીજાનું થઈ જાય છે.

હવે **જરાસંઘ** મૃત્યુ પામીને ચોથી નરકે ગયો. દેવતાઓએ હૃદયમાં હર્ષ પામીને પુષ્પની વૃષ્ટિ કરી. અને **'આ કૃષ્ણ નવમા વાસુદેવ** થયા છે,' એમ ઘોષણા કરતા તેઓ કૃષ્ણ ઉપર ખુશી થઈ જય ધ્વનિ કરવા લાગ્યા. પછી જરાસંઘના પક્ષના બધા રાજાઓ શ્રી **નેમિનાથની** શરણે

આવ્યા અને વિનયથી નમ્ર થઈ આ પ્રમાણે બોલ્યા, 'સ્વામી, જ્યારથી ઈન્દ્રનો માતલિ સારથિ તમારે માટે રથ લઈને આવ્યો હતો, ત્યારથી જ અમોએ કૃષ્ણ વાસુદેવનો જ વિજય જાણી લીધો હતો. હે પ્રભુ! વાસુદેવ એકલો હોય તો પણ તે પ્રતિવાસુદેવનો હણનાર થાય એવી મર્યાદા છે, તો આ વાસુદેવે જગન્નાથની સહાય પ્રાપ્ત કરી છે, તેની શી વાત કરવી? હે સ્વામિ! હવે અમે તમારા શરણે આવ્યા છીએ, અમને જીવાડો.' તેઓનાં આવાં વચન સાંભળી **નેમિનાથે** તેમને સાંત્વન કરી સ્વસ્થ કર્યા. પછી નેમિનાથ તે બધા રાજાઓને લઈને કૃષ્ણની પાસે આવ્યા. **કૃષ્ણે નેમિનાથને** ગાઢ આલિંગન પૂર્વક બહુમાન કરી આવવાનું કારણ પૂછ્યું. નેમિનાથે તે કારણ કહી બતાવ્યું. પછી પ્રભુનાં વચનથી કૃષ્ણે તે નમ્ર થયેલા રાજાઓનો અંગીકાર કર્યો. 'તમે હવે મારા થઈને રહો. મારો ભય રાખશો નહિ, જે થઈ ગયું તે થયું, હવે હું તેને સંભારતો નથી.' આ પ્રમાણે કહી કૃષ્ણે તેમના પૃષ્ટ ઉપર હાથ મૂકયો અને તાંબુલ વિગેરેથી તેમનો સત્કાર કર્યો. પછી કૃષ્ણે મગધદેશનો ચોથો ભાગ આપી જરાસંધના પુત્ર સહદેવને તેના પિતાની પદવી ઉપર આરોપિત કર્યો. સૂર્ય જાણે ચિરકાલ ભમી ભમી શાંત થઈ સ્નાન કરવાની ઈચ્છા કરતો હોય તેમ તેને પશ્ચિમ સમુદ્રને પ્રાપ્ત કર્યો. તે પછી **શ્રી નેમિનાથે** ઈન્દ્રના સારથિ **માતલિને** વિદાય કર્યો એટલે તે ચાલ્યો ગયો. સર્વ યાદવો હર્ષથી પોતાના તંબુમાં ચાલ્યા ગયા.

બીજે દિવસે પ્રાતઃકાળે ત્રણ વિદ્યાધરીઓ આવી તેમણે

**સમુદ્રવિજયની** સાથે રહેલા કૃષ્ણને કહ્યું, 'કૃષ્ણ! તમારા પિતા વસુદેવનું વૃત્તાંત સાંભળો. અમોને તેમણે મોકલેલાં છે. હે સ્વામિ, આ સ્થાનમાંથી તમારા બે પૌત્રો વિજયાર્દ્ધગિરિમાં ગયા હતા. ત્યાં શત્રુરૂપ ખેચરોની સાથે તેમને યુદ્ધ થયું હતું. પછી તેના પૂર્વના દ્વેષી **નીલકંઠ** વિગેરે વિદ્યાધરો વસુદેવની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી આવ્યા. ગઈ કાલે દેવતાઓએ આવીને કહ્યું કે, **જરાસંઘના** ચક્ર વડે કૃષ્ણે પોતાના હાથે પ્રતિવાસુદેવ **જરાસંઘને** માર્યો છે અને તે **નવમા વાસુદેવ** થયા છે. આ પ્રમાણે આકાશવાણી થઈ છે.'

'આ સાંભળી બધા ખેચરો દુઃખી થઈ ગયા. પછી યુદ્ધને છોડી દઈ તેઓ **મંદરવેગ** નામના રાજાની પાસે આવ્યા. ત્યાં જઈ તેમણે એકઠા થઈ વિજ્ઞપ્તિ કરી કે, 'સ્વામી અમોને કાંઈ કામ કરવાની આજ્ઞા કરો.' આ પ્રમાણે કહેવાથી રાજા **મંદરવેગ** બોલ્યો, 'અરે ખેચરો, તમે બધા મારી સાથે વસુદેવની પાસે આવો. તેમને વિજ્ઞપ્તિ કરી આપણે કૃષ્ણને જઈ નમી પડીએ.' પછી આ પ્રમાણે મંદરવેગ રાજાના કહેવાથી તેઓ હાથમાં ભેટો લઈ મોટા હર્ષ સાથે વસુદેવને આવી નમી પડ્યા, તેઓમાંથી કેટલાક રાજાઓએ **પ્રદ્યુમ્ન** અને **શાંબને** પોતાની પુત્રીઓ આપી. હવે તે વિદ્યાધરો વસુદેવની સાથે અહીં આવે છે. આ ખબર કહેવાને માટે અમને આગળથી મોકલ્યાં છે.' આ પ્રમાણે તે ત્રણ ખેચરી કહેતી હતી, તેટલામાં તો ક્ષણવારમાં આકાશની અંદર દુંદુભિના ધ્વનિ સાથે હજારો વિમાનો પ્રગટ થઈ ગયા. સમીપમાં આવી વિમાન છોડી હાથમાં ભેટ

લઈ મસ્તક નમાવતા તેઓ કૃષ્ણની આગળ આવ્યા. તેમને જોઈ તરત જ કૃષ્ણ બેઠો થઈ વિનય સહિત સામો ગયો. ભક્તિથી પિતા **વસુદેવને** તેણે નમન કર્યું. પછી પિતાને આગળ કરી પાછા લાવી સિંહાસન ઉપર બેસાડ્યા. ત્યાર બાદ **પ્રદ્યુમ્ન** અને **શાંબે** આવી દંડાવર્ત્ત પૂર્વક પિતાના ચરણ કમલમાં નમસ્કાર કર્યા. પછી પ્રદ્યુમ્ને કૃષ્ણની આગળ ખેચરેશ્વરોને નામ લઈ ઓળખાવ્યા અને તેમની ભેટો નિવેદન કરી. કૃષ્ણ બોલ્યો, 'હે પ્રાજ્ઞો, તમે મારા પોતાના થયા છો તેથી હવે નિર્ભય અને નિષ્કંપ થઈ તમારા પોતપોતાના રાજ્યોનું સુખે ચિરકાલ પાલન કરો.' આ પ્રમાણે કહી કૃષ્ણે વિદાય કરેલા તેઓ હર્ષથી પોતપોતાના વિમાનોમાં ચાલ્યા ગયા.

ત્યાર પછી કૃષ્ણે શોકથી જયસેન વિગેરેની ઉત્તર ક્રિયા કરી અને સહદેવે જરાસંઘ વિગેરેની ઉત્તર ક્રિયા કરી. કંસની સ્ત્રી **જીવયશાએ** પોતાના પિતાનું અને પતિનું મૃત્યુ થવાનું કારણ પોતે છે એવું ધારી શોકાકુલ થઈ પોતાનું જીવિત અગ્નિને આધીન કરી દીધું (તે બળી મુઈ). પછી કૃષ્ણે આનંદનો લાભ આપવાથી ત્યાં આનંદપુર નગર કર્યું. રાજાઓ અને વિદ્યાધરોની સાથે કૃષ્ણે સર્વ અર્ધ ભરતને સાધી લીધું અને પોતે મોટી સેના લઈ મગધ દેશમાં આવ્યા. ત્યાં બધા રાજાઓ અને વિદ્યાધરો જુએ તેમ એક યોજન વિસ્તારવાળી દેવતાથી અધિષ્ઠિત **કોટિ શિલા** નામની એક શિલા કૃષ્ણે સવ્યભુજાથી ચાર આંગલ ઉંચી કરી. એ શિલાને **પહેલા** વાસુદેવે ભુજાના અગ્રભાગે, **બીજાએ** મસ્તક ઉપર,

**ત્રીજાએ** ગળા ઉપર, **ચોથાએ** છાતી ઉપર, **પાંચમાએ** હૃદય ઉપર, **છઠ્ઠાએ** કટિ ઉપર, **સાતમાએ** સાથલ ઉપર, **આઠમાએ** જાનુ ઉપર અને આ **નવમા** વાસુદેવે ચાર આંગલ ઉંચી ઉપાડી હતી. તે પછી કૃષ્ણુ વાસુદેવ ત્યાંથી પાછા ફરી ઘણા રાજાઓને સાધી ઘણાં તોરણોથી શણુગારેલી દ્વારકા નગરીમાં આવ્યા. ત્યાં સર્વ રાજાઓને મળી મહોત્સવપૂર્વક તીર્થજળ અને મહૌષધી વગેરેથી **કૃષ્ણુને** રાજ્યાભિષેક કર્યો. કૃષ્ણુ વાસુદેવે પછી વિદ્યાધરોને, પાંડવોને અને બીજા રાજાઓને વસ્ત્રો તથા આભૂષણોથી સત્કાર કરી પોતપોતાના દેશમાં મોકલ્યા. પ્રત્યેક ભરતાર્દ્ધના રાજાઓએ આવી રત્નોની ભેટો સાથે કૃષ્ણુને બે કન્યા અર્પણુ કરી. કૃષ્ણુ વાસુદેવ પોતાની મેલે સોળહજાર કન્યાઓને લાવ્યા હતા. તેમાં આઠ હજાર બળદેવને અને બાકીની પોતાના પુત્રોને આપી હતી. પછી તે યાદવો રાજ્ય પ્રાપ્ત કરી મનમાં હર્ષ પામી રૈવતગિરિના વનમાં સ્વચ્છંદ રીતે ક્રીડા કરતા હતા.

**રત્નચંદ્ર** નામના વાચકેન્દ્રે આ સુંદર **પ્રદ્યુમ્ન** ચરિત્ર રચેલું છે, તેમાં આ **દશમો** સર્ગ પ્રસિદ્ધ થયેલ છે.

**इति प्रद्युम्नचरिते महाकाव्ये जरासंघवध श्रीकृष्ण राज्यप्राप्ति वर्णनो नाम दशमः सर्गः ॥ १० ॥**

## શયન સમયની ભાવના

**દરરોજ રાત્રે સૂતાં પહેલા નીચે મુજબ વિચારવું.**

આહાર શરીર ને ઉપધિ, પચ્ચકખું પાપ અઢાર;
મરણુ આવે તો વોસિરે, જીવું તો આગાર ॥

# एकादशः सर्गः

## સાગરચંદ્ર અને કમલામેલાનું પાણિગ્રહણ, ઉષાહરણ અને બાણાસુરનો વધ.

દ્વારિકાનગરીમાં ધનસેન નામના યાદવે ઉગ્રસેનના પુત્ર નભઃસેનને પોતાની **કમલામેલા** નામની સ્વરૂપવાન કન્યા હર્ષથી આપી હતી. એક વખતે **નારદમુનિ** નભઃસેનને ઘેર આવી ચડ્યા. વિવાહના કામમાં વ્યગ્ર મનવાલા નભઃસેને નારદ આવ્યા તે જાણ્યું પણ તેની પૂજા કરી નહિ. નારદ ક્રોધાતુર થઈ જેમ આવ્યા હતા, તેમ પાછા ચાલ્યા ગયા. ત્યારથી તે પોતાના હૃદયમાં **નભઃસેનનું** વિપરીત ચિંતવતા હતા.

એક વખતે **નારદ** બલભદ્રના પુત્ર નિષધને ઘેર ગયા. નિષધના પુત્ર **સાગરચંદ્રે** તેમને સન્માન કરી શુભ આસન ઉપર બેસાર્યા અને આ પ્રમાણે પૂછ્યું, 'હે દેવર્ષિ! પૃથ્વીમાં ભ્રમણ કરતાં આપે કાંઈ અપૂર્વ જોયું છે?' નારદ પોતાના સ્વાર્થની સિદ્ધિનો વિચાર કરી બોલ્યા, 'અરે બાળક, તું શું પૂછે છે? આ નગરમાં મેં એક મોટું આશ્ચર્ય જોયું છે. ધનસેનની કન્યા ઘણી જ સ્વરૂપવાળી મારા જોવામાં આવી છે. તેને જોતાં જ મને વિચાર થયો કે, જાણે સર્વગુણમય હોય તેવી આ કન્યા વિધિએ કયા યુવાનને માટે પ્રયાસ કરી બનાવી હશે? તેનું નામ **કમલામેલા** છે તે અર્થથી પણ બરાબર છે. તેને જોતાં હું ધારૂં છું કે, વિધિએ તે કન્યા તારે માટે કરી હશે. પરંતુ તે કન્યા તેના

પિતા ઉગ્રસેનના પુત્ર નભ:સેનને આપી છે, તેથી મને ચિંતા રહે છે. તથાપિ તું તેને મેળવવા ઉપાય પ્રાપ્ત કર એવો મારો તને આશીર્વાદ છે.' આ પ્રમાણે આશીષ આપતા નારદ ત્યાંથી ચાલ્યા ગયા.

ત્યારથી **સાગરચંદ્ર** તે **કમલામેલા** ઉપર ઘણો જ રાગી થઈ ગયો. તે સ્વેચ્છાથી હસતાં, રમતાં ખાતાં અને સુતાં રાત્રિ દિવસ તેનું નામ લેવા લાગ્યો. ત્યાંથી ઉતાવળા ઉતાવળા નારદ ચાલીને કમલામેલાને ઘેર આવ્યા. તે ચતુર બાળાએ નારદની પૂજા કરી. પછી તેણીએ પણ નારદને કાંઈ આશ્ચર્ય જોવા વિષે પૂછયું. કપટના નિવાસ રૂપ નારદે કહ્યું, 'હે બાળા, આશ્ચર્યમાં મેં આ નગરમાં બે પુરૂષો જોયા. કુરૂપમાં **નભ:સેન** અને સુરૂપમાં **સાગરચંદ્ર**.' આટલું કહી નારદ પોતાના ઇચ્છિત સ્થાનમાં ચાલ્યા ગયા. કમલામેલા ચાતુર્યભરેલા સ્ત્રીસ્વભાવથી હંસલી જેમ બગલાને છોડીને હંસ ઉપર રાગ કરે તેમ **કમલામેલાએ** તે સાંભળતાં જ નભ:સેનને છોડી **સાગરચંદ્ર** ઉપર રાગ કર્યો. પોતાનું કાર્ય સાધનાર નારદે જઈને સાગરચંદ્રને કમલા-મેલાનો રાગ નિવેદન કર્યો. **જે કાર્ય કરવાની ઇચ્છા રાખનારો હોય તે હંમેશાં તેમાં જાગ્રત રહે છે.**

સાગરચંદ્ર તેણીના પ્રેમમાં ઘેલો થઈ ગયો, તે જાણી તેનાં સગાંવહાલાંઓ ચિંતામાં પડ્યાં કે, આ સાગરની ઘેલછા કયા ઉપાયથી દૂર કરવી ?

તે લોકો આ પ્રમાણે ચિંતા કરતા હતા, ત્યાં **શાંબ-કુમાર** પોતાના મિત્ર **સાગરની** મતલબ જાણવાને આવ્યો.

તેણે છૂપી રીતે પછવાડેથી આવી સાગરની બે આંખો ઢાંકી દીધી. તે વખતે સાગર બોલ્યો, 'હે પ્રિયા કમલામેલા, શું તું અહીં આવી છે ?' શાંબ બોલ્યો, મિત્ર સાગર, હું કમલામેલા નથી પણ કમલામેલાનો મેળાપ કરાવનાર તારો મિત્ર છું.' આ પ્રમાણે કહી તેણે આંખો ઉપરથી હાથ લઈ લીધો એટલે **સાગરચંદ્ર** શાંબને જોઈ બોલ્યો, મિત્ર, તું અહીં આવ્યો તે બહુ સારૂં થયું. હવે હું જાણું છું કે, તું મને કમલામેલા મેળવી આપીશ.' તે સાંભળી શાંબ વિચારવા લાગ્યો, 'આ કામ મારે શી રીતે કરવું ? ગમે તે થાય, પણ જે કામ મેં કબુલ કર્યું, તે અવશ્ય પાર ઉતારવું જોઈએ. મારી પાસે પ્રજ્ઞપ્તિ વિદ્યા છે, તેના પ્રભાવથી સર્વ સિદ્ધ થશે.' આવું વિચારી શાંબ તે કામમાં તત્પર રહ્યો.

જ્યારે નભઃસેનના પાણિગ્રહણનો દિવસ આવ્યો, એટલે શાંબ ઘણા મિત્રોને લઈ એક ઉત્તમ ઉદ્યાનમાં આવ્યો. ત્યાં તેના મિત્રો સુરંગ માર્ગે ગીત ગાતા, હસતા અને દુંદુભિ વગાડતા **કમલામેલાને** ઉદ્યાનમાં લાવ્યા. પછી **સાગરચંદ્રની** સાથે તેને વિધિથી પરણાવી. અહીં દ્વારિકામાં બંને પક્ષના લોકો ગામમાં અને વનમાં સર્વ સ્થળે એ કન્યાને શોધવા લાગ્યા. શોધતાં શોધતાં તેઓ અનુક્રમે તે ઉદ્યાનમાં આવી ચડ્યા, ત્યાં કમલામેલા જોવામાં આવી. તે વખતે શાંબ વિગેરે પ્રજ્ઞપ્તિ વિદ્યાથી પોતાનું રૂપ બદલાવી ઊભા રહ્યા. મદ્યનું પાન કરનાર યાદવોના ભયથી તેઓ કાંઈ પણ બોલ્યા નહિ. તેઓ જાણતા હતા કે, મદ્યપાન કરનાર આ યાદવો મારી નાંખશે. ક્ષણ વાર પછી ત્યાંથી નિવૃત્ત થઈને

સભામાં બેઠેલા યાદવપતિ કૃષ્ણની આગળ 'અન્યાય થયો,' એમ પોકાર કરવા લાગ્યા. ત્યારી કૃષ્ણે તેમને પૂછ્યું એટલે તેઓએ સાચેસાચું કહી દીધું. પછી કૃષ્ણ કમલામેલા સહિત તે સર્વને મારવાને આવ્યા, તે વખતે શાંબ ભય પામ્યો. તત્કાળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરી તેણે કમલામેલાની સાથે સાગરચંદ્રનો હાથ પકડ્યો. પછી ઉત્તરાસંગ કરી પિતાના ચરણમાં નમી પડ્યો. કૃષ્ણ જરા ક્રોધ કરીને બોલ્યો, 'અરે બાળક, તેં આ શું કર્યું ?' શાંબ હસીને બોલ્યો, 'મેં જે કર્યું છે તે પૂજ્ય પિતાના પ્રસાદથીજ, નહીં તો શું આ પ્રમાણે કોઈ બીજો કરી પણ શકે ?' શાંબના વચનથી કૃષ્ણ વાસુદેવ હૃદયમાં ખુશી થઈ ગયા. એક તો પોતાનો પુત્ર અને વળી તે આવાં મીઠાં વચન બોલે. એક ઘેબર અને તેમાં વળી સાકર પૂરે તેમજ આંબાનો રસ અને તેમાં વળી ઘી નાખે તે કોને પ્રિય ન લાગે ? કૃષ્ણ હાસ્ય કરતાં બોલ્યા, 'નભઃસેન, આ બાળકને શું કરવું ? વળી તારી ઉપર આ કન્યાનો રાગ પણ નથી, માટે તું જા, બીજી કન્યા જોઈ લે અને જલદી તેનું પાણિગ્રહણ કર, નહીં તો તને વિઘ્ન કરશે.' આ પ્રમાણે મીઠાં મીઠાં વચનો કહી કૃષ્ણે નભઃસેનને સમજાવ્યો અને કમલા જેવી કમલામેલા સાગરચંદ્રને આપી.

અહીં કૃષ્ણના પુત્ર **પ્રદ્યુમ્નને વૈદર્ભી** સ્ત્રીથી એક પુત્ર ઉત્પન્ન થયો. કૃષ્ણે હર્ષ પામીને તેનું નામ **અનિરૂદ્ધ** પાડ્યું. તે અનુક્રમે મોટો થયો એટલે તેણે કલાઓ અને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. સુંદર યૌવનવયને પ્રાપ્ત થયેલો તે

કુમાર પિતાને અને પિતામહ (કૃષ્ણ) વિગેરેને અતિ પ્રિય થઈ પડ્યો.

આ અરસામાં શુભનિવાસ નગરમાં **બાણ** નામે એક ઉગ્ર પરાક્રમી વિદ્યાધરોનો રાજા હતો; તેને **ઉષા** નામે એક પુત્રી હતી. તે ચતુર બાળાએ ચિંતવ્યું કે, પિતા મને જેવો તેવો વર આપે તે મારે ન હો કે જે મારા હૃદયને પ્રતિકૂળ હોય. આવું ચિંતવી પોતાને અનુરૂપ એવા વરની ઇચ્છાથી તે **ગૌરીદેવીનું** પૂજન કરવા લાગી. પ્રતિ દિવસ પવિત્ર થઈને તે વિદ્યાનો ત્રિકાળ જાપ કરવા લાગી. **ગૌરીએ** સંતુષ્ટ થઈને કહ્યું, 'હે પુત્રી **ઉષા**, પ્રદ્યુમ્નનો પુત્ર અને કૃષ્ણનો પૌત્ર તે તારો વર થાઓ.'

હવે ઉષાના પિતા **બાણે** ગૌરીદેવીના પતિ **શંકર** નામના દેવનું પૂજા નૈવેદ્યપૂર્વક આરાધન કર્યું. તે દેવે પ્રસન્ન થઈ બાણને રણભૂમિમાં અજેય થવાનું વરદાન આપ્યું; ત્યારે **ગૌરીદેવીએ** પોતાના પતિ શંકરને કહ્યું કે, 'તમે બાણને વરદાન કેમ આપ્યું? કારણ કે તેની પુત્રી ઉષાને મદનથી ઉત્પન્ન થયેલો અનિરૂદ્ધ નામે વર મેં આપેલો છે, તે **બાણને** જીત્યા વિના કોઈ રીતે ઉષાને પ્રાપ્ત થાય તેમ નથી; તેથી તમારૂં વરદાન વિરૂદ્ધ છે, માટે તેને અન્યથા કરો.' ગૌરીદેવીનાં આવાં વચન સાંભળી સ્ત્રી જેને પ્રધાન છે એવો શંકરદેવ પાછો બાણની પાસે જઈ બોલ્યો કે, 'મેં આપેલા વરદાનમાં એટલો સુધારો કરવાનો છે કે, સ્ત્રી કાર્ય સિવાય તું તારા શત્રુઓને અજય થઈશ.' 'તેમ જ થાઓ,' એમ બાણે એ વાત હર્ષથી સ્વીકારી લીધી. જે ભાવી હોય

તે થવાનું જ. ભવિતવ્યતા અન્યથા થતી નથી. જેમ તૃણ વંટોળીયાને અનુસરી સર્વ તરફ ભમે છે, તેમ વિધાતા પણ ભાવી ભાવને અનુસરીને પ્રવર્તે છે.

હવે જેમ વર્ષાકાળની નદી જળથી અને શોભાથી નિરંતર વધે છે, તેમ બાણુની પુત્રી **ઉષા** યૌવનથી અને લક્ષ્મીથી વધવા લાગી. કેટલાક ભૂચર અને ખેચરો ઉષાની માગણી કરતા, તો પણ ઉત્તમ વરની ઇચ્છાથી **બાણ** તેને આપતો ન હતો. દૈવયોગે તે ઉષા **અનિરૂદ્ધ** ઉપર રક્ત થઈ. તેને પતિ રૂપે ચિંતવતી અને હૃદયમાં તેને મેળવવાનો ઉપાય શોધતી તે કાલ નિર્ગમન કરવા લાગી.

એક વખતે સમય જાણી **ઉષાએ** ચિત્રલેખા નામની પોતાની સખીને કહ્યું કે, 'સખી, તું મારા ઉપર પ્રેમથી બંધાએલી છે, માટે તું જઈ **અનિરૂદ્ધને** લાવી આપ.' ઉષાના કહેવાથી ચતુર ચિત્રલેખાએ જઈ ઉષાના ગુણોના વખાણ કરી પોતાના ચાતુર્યથી અનિરૂદ્ધને પણ તેણીના ઉપર રાગી કર્યો. પ્રેમમાં બંધાઈ ગયેલો અનિરૂદ્ધ ચિત્રલેખાની સાથે ઉષા પાસે આવ્યો અને શુભ લગ્ને ગાંધર્વ વિવાહથી તે ઉષાને પરણ્યો. વિવિધ જાતની રતિ ક્રીડાથી તેની સાથે રમતો અનિરૂદ્ધ ત્યાં રાત્રી રહ્યો અને એક પ્રહરની જેમ રાત્રીને નિર્ગમન કરી પ્રાતઃકાળે ઉષાને લઈ ચાલ્યો. 'હું પ્રદ્યુમ્નનો પુત્ર અને કૃષ્ણ વાસુદેવનો પૌત્ર **અનિરૂદ્ધ** આ **ઉષાને** હરી જાઉં છું અને તેણીની સાથે દ્વારિકામાં જાઉં છું. બાણ અથવા કોઈ બીજો ધનુષ્યધારી કે ખડગધારી હોય, તે મારી આગળ આવો અને મારૂં બળ જુઓ. હું

છાની રીતે જતો નથી.' આ પ્રમાણે ગાઢ સ્વરથી બોલતો અનિરૂદ્ધ ઉષાની સાથે ચાલતો થયો. ત્યાં ધનુષ ઉપર પણછ ચડાવી બાણુ તેની પાછળ દોડ્યો. તેની પાસે આવી મળી તેને અટકાવી તેની સાથે યુદ્ધ કરી બળનો ગર્વ રાખનારા અનિરૂદ્ધને **બાણે** નાગપાશથી બાંધી લીધો. પછી પ્રજ્ઞપ્તિ વિદ્યાએ આવી આ બધો વૃત્તાંત **કૃષ્ણને** જણાવ્યો. કૃષ્ણ બળદેવ પ્રદ્યુમ્નને લઈ ત્યાં ચાલ્યા. કૃષ્ણના ગરૂડના ચિન્હ-વાળા ધ્વજને જોઈ નાગપાશ તૂટી ગયા એટલે મદન પુત્ર અનિરૂદ્ધ છૂટી ગયો. કૃષ્ણને આવેલા જાણી બળથી ગર્વ પામેલો **બાણ** ત્યાં આવ્યો અને બળ તથા સ્થાન મેળવી યુદ્ધ કરવા લાગ્યો. પછી બાણે કૃષ્ણને કહ્યુ, 'અરે કપટી, તેં માયાથી **રૂક્મિણીનું** હરણ કર્યું હતું અને તારા પુત્રે માયાથી **વૈદર્ભીનું** હરણ કર્યું હતું, તેથી તમારી કુલ પરંપરામાં માયા ચાલતી આવે છે, તે આ તારા પૌત્રમાં પણ પ્રાપ્ત થઈ છે. હવે હમણાં તમને ત્રણેની મારી નાંખી તે પાપનો ઉચ્છેદ કરવો છે.' **કૃષ્ણ** વાસુદેવ આક્ષેપ કરી બોલ્યા, 'અરે શું બબડે છે? આ પૃથ્વી અને કન્યા એ બે બળવાનના હાથમાં જ જાય છે. કન્યા તો પારકી જ હોય છે, તેને હરી લાવવામાં શો દોષ છે? અમે બળવાન થઈ કન્યાઓને હરીએ છીએ.' પછી દેવતાઓ જુએ તેવી રીતે **બાણ** અને **કૃષ્ણની** વચ્ચે મોટું યુદ્ધ થયું. કૃષ્ણે અર્ધચંદ્ર બાણથી બાણનાં બાણોને છેદી નાખ્યાં. ક્ષણમાં બાણ શસ્ત્ર વગરનો થઈ ગયો. પછી તે બાહુ યુદ્ધ કરવાને આવ્યો. મલ્લની જેમ તે બંનેની વચ્ચે ચિરકાળ બાહુ યુદ્ધ ચાલ્યું.

સર્વ યુદ્ધમાં અશ્રાંત અને અતુલ્ય પરાક્રમવાળા એવા કૃષ્ણે ચિરકાળ બાહુ યુદ્ધ કરી બાણુને ક્ષણુવારમાં થકવી દઈ યમ-રાજને આધીન કરી દીધો. પછી કૃષ્ણુ, બળદેવ, પ્રદ્યુમ્ન અને **ઉષા** સહિત **અનિરૂદ્ધ** એ પાંચે હર્ષિત થઈ ત્યાંથી દ્વારિકામાં આવ્યા.

શ્રી **રત્નચંદ્ર** વાચકેન્દ્રે આ સુંદર પ્રદ્યુમ્ન ચરિત્ર રચેલું છે, તેમાં આ **અગીયારમો** સર્ગ સુખે સંપૂર્ણ થયો.

**इति श्री प्रद्युम्नचरिते महाकाव्ये सागरचन्द्र कमलामेला पाणिग्रहण उषाहरण बाणवध वर्णनो नाम एकादशः सर्गः ।**

卐

## ધીરજ

ચીનમાં એક કાળે એવું કુટુંબ વસતું હતું કે નવ પેઢી સુધી સાસરે જતી દીકરી સિવાય બીજું કોઈ કુટુંબીજન ઘર છોડીને જુદું રહેવા જતું ન હતું. આવા સુખી અને સંયુક્ત ગૃહજીવનની સુવાસની વાત ત્યાંના શહેનશાહ સુધી પહોંચી. શહેનશાહે કુટુંબના વડાને સુખી–સંપીલા જીવનનું રહસ્ય પૂછયું. જવાબમાં કુટુંબના વડાએ પીંછી લઈ ચીની ચિત્રલિપિમાં શબ્દો લખ્યા. શહેનશાહે વાંચ્યું તો તે ચિત્રમાં "**ધીરજ**" શબ્દ સો વાર ચિતરેલો હતો.

# द्वादश सर्गः

## શ્રી નેમિનાથના વિવાહ, દીક્ષા, કેવલજ્ઞાન અને તીર્થસ્થાપન

એક વખતે દેવના જેવા સ્વરૂપવાલા **શ્રી નેમિનાથ** ભગવાન કુમારોની સાથે યોગ્ય ક્રીડા કરતા આયુધશાળામાં ગયા. ત્યાં તેજના અને લક્ષ્મીના સ્થાન રૂપ પોતાના ભાઈ કૃષ્ણનું **સુદર્શન** નામનું ચક્ર જોવામાં આવ્યું તેની બાજુમાં કાર્તિક માસની પૂર્ણિમાના ચંદ્ર જેવો **પાંચજન્ય** નામનો શંખ, શેષનાગના શરીરના જેવું વિસ્તારવાળું **શાંઙર્ગ** ધનુષ્ય, **કૌમુદકી** ગદા અને **નંદક** નામનું ખડગ તે બધાં જોવામાં આવ્યાં. નેમિનાથે તે આયુધોને લેવાની ઇચ્છા કરી એટલે તેના રક્ષકે પ્રભુને નમન કરી અટકાવતાં જણાવ્યું કે, 'સ્વામી, આ હથીઆરો કૃષ્ણ વાસુદેવને જ યોગ્ય છે, બીજાને નથી, કારણ, તે કૃષ્ણ જ મહા બળવાન છે અને શસ્ત્રો પણ તેવાં જ છે. હે નિર્દોષ સ્વામી, આ હથીઆરો લેતાં તમને પગમાં ઘાત થવા વગેરે વિક્રિયા ન થાઓ અને હું યાદવપતિ કૃષ્ણના ઠપકાનો પાત્ર ન થાઉં, માટે આપ આ હથીઆરો પાસેથી નિવૃત્ત થાઓ. કોઈ બીજી ક્રીડા કરો.' તે સેવકનાં આવાં વચનો સાંભળી **નેમિ** પ્રભુ તેના મનને સ્થિર કરવાને તે આયુધો પાસેથી નિવૃત્ત થયા પણ તેમણે સેવકને કહ્યું કે, 'આ **શંખ** તો હથીઆર નથી.' એમ કહી પ્રભુએ તે શંખ હાથમાં લીધો અને રાતા કમલ ઉપર હંસની જેમ તેને પોતાના હોઠ ઉપર વિશ્રાંત કર્યો. પછી

હર્ષના ભારથી પૂરિત થએલા પ્રભુએ તે શંખને ઉંચે સ્વરે ફુંકયો. તેના ધ્વનિની પાસે રહેલો સમુદ્ર ગાજી ઉઠ્યો, મદોન્મત્ત હાથીઓ સાંકળો તોડી અને ઘોડાઓ પગે બાંધેલા દોર તોડી નાસવા લાગ્યા, કિલ્લો ધ્રુજી ઉઠ્યો, તેના કાંગરા પડવા લાગ્યા, સ્ત્રીઓ ચપલનેત્રે પતિઓ પાસે આવી અને કુમારો પિતા પાસે દોડી આવ્યા. આ વખત **કૃષ્ણ, બલભદ્ર દાશાર્હ** બખ્તર પહેરી તૈયાર થઈ ગયા અને, 'આ કોણ છે, આ કોણ છે,' એમ કહી ધનુષ્ય લઈ સજ્જ થઈ ગયા. જ્યારે તે ધ્વનિ શાંત થયો અને તેનો પ્રતિધ્વનિ ગાજવા લાગ્યો, ત્યારે કૃષ્ણે પૂછ્યું કે, 'આ મારો શંખ કોણે વગાડ્યો? આટલા મોટા બળવાળો કોણ છે? કે જે મારાથી પણ અધિક બળવાન હોય, અથવા શું કોઈ નવો ચક્રવર્તી ઉત્પન્ન થઈ મારી સાથે યુદ્ધ કરવા આવ્યો છે?' આ પ્રમાણે કૃષ્ણ અને બળદેવ વિચાર કરતા હતા, ત્યાં પેલા શસ્ત્ર રક્ષક સેવકે ત્યાં આવીને જણાવ્યું, 'સ્વામી, તમારા બંધુ **શ્રી નેમિનાથને** મેં વાર્યા છતાં આવીને ચપળતા કરી પાંચજન્ય શંખ વગાડ્યો છે.' તે સાંભળ્યું તો પણ કૃષ્ણના મનમાં નેમિનાથનું એટલું બળ છે, એવી શ્રદ્ધા આવી નહિ. તે મનમાં વિસ્મય પામવા લાગ્યો, તેવામાં નેમિનાથ પોતે જ ત્યાં આવ્યા. તે ત્રણ જગતના પતિ નેમિનાથને આવતા જોઈ કૃષ્ણ સિંહાસન ઉપરથી બેઠા થયા. તેને આનંદથી આલિંગન કરી પોતાની સાથે આસન ઉપર બેસાડ્યા. પછી કૃષ્ણે અવસરે પૂછ્યું, 'હે સખા, તમે એવો શંખ વગાડ્યો કે જેના નાદથી આ સમુદ્ર પણ આજે મુદ્રા

રહિત થઈ ઉછળે છે.' નેમિ હસીને બોલ્યા, 'હે અર્ધભરતના રાજા, આજે હું આયુધશાળામાં ગયો હતો, ત્યાં મેં એ તો રમત કરી છે.' કૃષ્ણ હસીને બોલ્યા, 'ભ્રાતા, જો તમારી ઇચ્છા હોય તો તમારી સાથે ક્રીડા યુદ્ધ કરવાની મારી ઈચ્છા છે.' **નેમિ** વિચારમાં પડ્યા કે, આ કૃષ્ણ મારા બળને શી રીતે સહન કરી શકશે ? તથાપિ તેની ઇચ્છા તો પૂરવી જોઈએ. આવું વિચારી પ્રભુ બોલ્યા કે, 'પુષ્પની સાક્ષી એ વાર્તાથી કાંઈ યુદ્ધ કરાતું નથી. એવું નીતિ શાસ્ત્રનું વચન છે; માટે પહેલાં તો આપણી વચ્ચે ક્રીડા બાહુયુદ્ધ થવું જોઈએ.' પછી કૃષ્ણે પોતાનો હાથ સર્પના ભોગ (શરીર)ની જેમ લાંબો કરી પ્રસાર્યો, તેને નેમિનાથે મરડીને સર્પના કુંડાળાના જેવો કરી દીધો પછી પોતે પોતાનો હાથ નગરના દરવાજાની ભુગલ જેવો અક્કડ રાખ્યો. પછી કૃષ્ણ કટિબદ્ધ થઈ દોટ મૂકી સર્વ બળથી પ્રભુના હાથને હલાવવા લાગ્યા, તો પણ પ્રભુએ ત્રાજવાની ડાંડીની જેમ પોતાનો ભુજ એમ ને એમ ધરી રાખ્યો. **કૃષ્ણ** તે ઉપર લટકી રહ્યો અને તેનું મુખ વિલખું થઈ ગયું. પછી જગતનાં નેત્રને ચંદ્ર રૂપ એવા પ્રભુએ, 'પૃથ્વીના સ્ફોટથી આ દુ:ખી ન થાઓ,' એવું ધારી કૃપા વડે કૃષ્ણને જમીન ઉપર મૂકી દીધા. કૃષ્ણ નેમિનાથનો ભુજ રૂપી સ્તંભ અને ચિત્તમાં થયેલા ગર્વ રૂપી સ્તંભને છોડી દઈ જગત્પતિ પ્રત્યે બોલ્યો, 'હે ત્રણ જગતના પતિ, તમારા જન્મથી યાદવ કુળ પવિત્ર થયેલું છે. તમારી મદદથી હું **જરાસંઘના** સંગ્રામ રૂપ સાગરને તરી ગયો છું.' આ

પ્રમાણે કૃષ્ણ કહેતા હતા, ત્યાં પ્રભુ જાણે પોતાના ચરણરજથી પવિત્ર કરવાને હોય તેમ પોતાને ઘેર ગયા. પ્રભુ ગયા પછી કૃષ્ણે મનમાં શંકા લાવી **બલભદ્રને** કહ્યું, 'ભાઈ, આ નેમિનાથ આવા બળવાલા છે, તો તે શું ભરત ક્ષેત્રને કેમ ગ્રહણ ન કરે ? બલદેવે કહ્યું, 'કૃષ્ણ, જેવા પ્રભુ બળવાન છે, તેવા ક્ષમાવાન પણ છે. સર્વે તીર્થંકરો તેવા જ હોય છે. તે નેમિનાથ હજુ પરણવાને ઇચ્છતા નથી તો તેમને રાજ્ય લેવાની વાત ક્યાંથી હોય ? પરાશ ખાતો ન હોય તેની આગળ લાડુની વાત શી કરવી ?' બલરામે આવાં વચનો કહ્યાં તો પણ તેમાં કૃષ્ણને સંદેહ રહેવા લાગ્યો, તેવામાં દેવતાઓએ આવી કૃષ્ણને કહ્યું કે, 'વાસુદેવ, ચિંતા કરો નહિ. તીર્થંકરનું વચન સાંભળો **શ્રી નેમિનાથે** કહ્યું હતું કે, '**શ્રી નેમિનાથ** કુમાર અવસ્થામાં રાજ્ય વિમુખ થઈ અવશ્ય દીક્ષા લેશે.' દેવતાઓએ આ પ્રમાણે કહ્યું, ત્યારે કૃષ્ણના મનમાંથી શંકા મટી ગઈ. પછી તેણે અંતઃપુરમાં જઈને નેમિનાથને બોલાવ્યા. બંને ભાઈ સ્નાન પીઠ ઉપર બેઠા. વારાંગનાઓએ લાવેલા જળના કુંભથી શ્યામ અને ગૌર કાંતિવાલા ભાઈઓએ શુદ્ધ જળથી સ્નાન કર્યું. પછી દેવદૂષ્ય વસ્ત્રોથી અંગ લુંછી દેવતાઓએ લાવેલા કેશર મિશ્રિત ચંદનથી તેમણે અંગરાગ કર્યો. ત્યાર બાદ બંનેએ ષટ રસ ભોજન કર્યું. પછી કૃષ્ણે ગાઢ પ્રીતિથી નેમિનાથને બે વસ્ત્રાભરણો ભેટ આપ્યાં. પછી કૃષ્ણે અંતઃપુરના જનોને હર્ષથી કહ્યું કે, 'આ **નેમિનાથ** આવે ત્યારે તેમને ક્યાંય પણ અટકાવવા નહિ. **સત્યભામા** વિગેરે રાણીઓના

મધ્યમાં તે ખુશીથી ક્રીડા કરે. તમારે તેની જરા પણ ઇર્ષ્યા કરવી નહિ.' પછી સદ્બુદ્ધિ કૃષ્ણે સત્યભામા વિગેરેને પણ જણાવ્યું કે, 'આ તમારા દિયરની સાથે તમારે નિઃશંકપણે ક્રીડા કરવી. તેમાં જરા પણ મારી લજ્જા રાખવી નહિ. અંતઃપુરના કંચુકીઓ અને સ્ત્રીઓએ **કૃષ્ણની** આજ્ઞા સ્વીકારી. તે તેમને 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું,' તેના જેવું થયું. ત્યાર પછી **નેમિનાથ** કૃષ્ણના અંતઃપુરમાં અને કોઈ વાર **બલદેવના** અંતઃપુરમાં તેમની રમણીઓની સાથે આદરથી રમવા લાગ્યા. એક તરફ બધું અંતઃપુર અને એક તરફ **શિવાદેવીના પુત્ર નેમિનાથ** બંને સારી રીતે રમતા હતા, તેમાં એટલું આશ્ચર્ય હતું કે, તેઓની અંદર ત્રીજો કામદેવ આવી શકતો નહોતો.

એક વખતે વસંતઋતુ આવી એટલે કૃષ્ણ વાસુદેવ ક્રીડા કરવાને નગરજન અને અંતઃપુરના લોકોની સાથે બહાર નીકળ્યા. ચંદન વિગેરે ક્રીડાની બધી સામગ્રી લઈ તેઓ જાતજાતનાં વૃક્ષોથી રમણીય એવા રૈવતગિરિનાં ઉદ્યાનમાં આવ્યા. **પ્રદ્યુમ્ન** અને **શાંબ** વિગેરે સર્વ કુમારો જાણે કામદેવના કુમારો હોય તેવા શૃંગાર ધારણ કરી ત્યાં આવ્યા. તે વસંતના ઉત્સવમાં શ્રીમાન્ **નેમિકુમાર** પણ આવ્યા હતા. બધા યાદવો નંદન વનમાં દેવતાઓની જેમ તે ઉદ્યાનમાં ક્રીડા કરવા લાગ્યા. કોઈ વસંત ઉત્સવમાં વીણા વગાડતા હતા, તો કોઈ વેણું વગાડતા હતા. કોઈ પુષ્પ ચુંટતા હતા, ને કોઈ ગીત ગાતા હતા. કોઈ મદિરાનું, કોઇ દ્રાક્ષાસવનું, અને કોઈ પિત્તને નાશ કરનારૂં નારીયેલના

શીતળ જળનું પાન કરતા હતા. કોઈ મોટી માળા બનાવી રમણીના કંઠમાં પહેરાવતા, તે જાણે રાત્રે આલિંગન કરવાનો સંકેત આપતા હોય તેવા દેખાતા હતા. કોઈ આમ્રવૃક્ષની શાખા ઉપર હીંચકા બાંધી સ્ત્રીની સાથે હીંચતા અને હીંચતાં હીંચતાં પોતાના હાથથી સ્ત્રીનું ગાઢ આલિંગન કરી લેતા હતા. કૃષ્ણના હૃદયનો ભાવ જાણી **સત્યભામા** વિગેરે રાણીઓ પુષ્પોની આંગી કરી **નેમિનાથને** ધરાવતી હતી. કોઈ ગૌરી તેમના મસ્તક ઉપર પુષ્પનું આભૂષણ અને તેમના બંને કાન ઉપર ગંડસ્થલ સાથે ઘર્ષણ કરનારા બે કુંડલ પહેરાવતી હતી. કોઈ રમણી જાતજાતનાં પુષ્પોની માળાઓથી પ્રભુના કંઠ ઉપર પુષ્પનો હાર, બાહુ ઉપર બે બાજુબંધ અને મસ્તક પર મુગટ ધરાવતી હતી. **કૃષ્ણની** પત્નીઓ તેમની સાથે હર્ષથી લાંબો કાળ ચાળા કરતી હતી, તો પણ પ્રભુ મનમાં નિર્વિકારી રહેતા હતા.

આ પ્રમાણે વસંતોત્સવ કરી કૃષ્ણ પોતાના મંદિરમાં આવ્યા અને બધા નગરજન પણ પરિવાર સહિત પોતપોતાને ઘેર આવ્યા. તે પછી **સમુદ્રવિજય** વિગેરે પુરૂષો અને **શિવાદેવી** વિગેરે માતાઓ નેમિનાથની, પાસે પાણિગ્રહણ કરવાને માટે કહેવા આવ્યાં. તેમણે કહ્યું કે, હે **નેમિ,** તમે નિસ્પૃહ છો, તથાપિ અમારા હર્ષને માટે એક જ યાદવ કન્યાનું ઉત્તમ પાણિગ્રહણ કરો. આપણામાં કોઈને હજારો, કોઈને સેંકડો, કોઇને બત્રીશ અને કોઈને આઠ પણ સ્ત્રીઓ છે. તમે એકલા જ યોગી રહ્યા છો.' આ પ્રમાણે તેમણે ઘણું સમજાવીને કહ્યું તો પણ પ્રભુએ

પાણિગ્રહણ કરવાને માન્યું નહિ. પવનના વંટોળીઆથી અચલ એવો મેરૂ પર્વત શું કયારે પડી જાય? ન જ પડે. તે અરસામાં જેમ મોટો રાજા બીજા સૌમ્ય રાજાનો ઉચ્છેદ કરીને આવે તેમ સૌમ્ય એવી **વસંત** ઋતુને જીતીને પ્રતાપી **ગ્રીષ્મ** ઋતુ આવી. ગ્રીષ્મ હજુ બાળ હતો તો પણ કોમલ શરીરવાળા પ્રાણીઓને દુઃસહ થઈ પડ્યો. કેશરી સિંહ બાળ હોય તો પણ શું શાંત કહેવાય? તે ગ્રીષ્મ ઋતુમાં યુવાન લોકો શ્વાસના મોજાથી ઉડે તેવાં શ્વેત અને નિર્મલ બે વસ્ત્રો ફક્ત લજ્જાને માટે જ ધારણ કરતા હતા. નર અને નારીઓ હંમેશાં સુતાં સુતાં પણ હાથમાંથી પંખો છોડતાં ન હતાં અને તેઓ વ્યત્યયથી (વારાફરથી) હાથમાં લેતાં હતાં. એ ઋતુમાં સર્વ સ્ત્રીઓ સુવર્ણ અને રત્નોનાં અલંકારો છોડી દઈ પતિએ ચાતુર્યથી રચેલા પુષ્પના અલંકારો ધારણ કરતી હતી. ભોગી લોકો ગરમીમાં પણ શીતલ સ્પર્શવાળી અને ચંદન તથા અગરૂથી સુવાસિત થયેલી જળની આર્દ્રતા હૃદય ઉપરથી સ્ત્રીની જેમ છોડતા નથી.

આ પ્રમાણે ગ્રીષ્મ રૂતુરાજ પોતાનું આધિપત્ય બતાવતો આવ્યો; કૃષ્ણ તેના ઉત્કૃષ્ટ તાપને સહન કરવા સમર્થ થયા નહિ. પછી ગ્રીષ્મ ઋતુથી ભય પામી કૃષ્ણ રૈવતગિરિમાં ગયા અને તેના ઉદ્યાનના સરોવર રૂપ શેરીમાં આવીને રહ્યા. ક્રીડા કરવાની ઇચ્છાએ કૃષ્ણે તેમાં પ્રવેશ કર્યો એટલે સત્યભામા વિગેરે સર્વ રમણીઓ પણ તેમાં દાખલ થઈ. તેઓ સોનાની ઝારીઓ જળથી ભરી કૃષ્ણને છાંટવા લાગી. અને કૃષ્ણ પણ જળથી ભરી તેમને છાંટવા લાગ્યા. પછી તે સર્વ

રમણીઓએ એકઠી થઈને કૃષ્ણને એવા આકુલ કરી દીધા કે જેથી કૃષ્ણ તેઓની ઉપર કાંઈ પણ કરી શકયા નહીં. કોઈ સ્ત્રી જળના અત્યંત છંટકાવથી આકર્ષાઈ એટલે તેના શરીરનું મધ્ય વસ્ત્ર પડી ગયું તથાપિ નેત્ર મીંચાવાને લીધે પોતે નગ્ન થઈ ગઈ છે, એ પણ તે જાણતી ન હતી. પછી જ્યારે જળના છંટકાવથી તે મુક્ત થતી ત્યારે નેત્રરૂપ કમલને વિકાશી જોતાં પોતે નગ્ન છે એવું જાણી શરમાઈ જતી હતી.

હવે આ બરાબર અવસર આવેલો જાણી કૃષ્ણ પોતાની સ્ત્રીઓને સૂચના આપી **નેમિનાથને** એકલા રાખી પોતે તે સરોવરની બહાર નીકળી કયાંક ચાલ્યા ગયા. કૃષ્ણ ગયા પછી જેમ ભમરીઓ કમલને વીંટાઈ વળે અને હાથણીઓ હાથીને વીંટાઈ વળે તેમ તે કૃષ્ણની રમણીઓ **નેમિનાથને** વીંટાઈ વળી. તેમણે નેમિનાથ ઉપર જેવો જળનો છંટકાવ કર્યો, તેવી જ રીતે નેમિનાથે પણ કૌતુકથી બળ વડે તેમની ઉપર તેવો છંટકાવ કર્યો. પછી તે સ્ત્રીઓએ નેમિનાથને જળ વડે આકુલવ્યાકુલ કરી તેમનું વસ્ત્ર લઈ લીધું. ત્યારે નેમિનાથે પણ તેવી રીતે જ તેમના વસ્ત્રો લઈ લીધાં. વય છે તે અતિશય બળવાન છે. આ પ્રમાણે પોતાના ભ્રાતા કૃષ્ણની સ્ત્રીઓ સાથે ક્રીડા કરી નેમિનાથ મદ ઝરતા હાથીની જેમ રસ સહિત તે સરોવરમાંથી બહાર નીકળી ગયા. પછી બહાર પણ તે રમણીઓ તેમની આસપાસ વીંટાઈ વળી અને કર્મ રાશિઓ જેમ જીવને છોડે નહિ તેમ તેઓએ નેમિને ક્ષણવાર પણ દૂર છોડ્યા નહિ. પછી **રૂક્મિણીએ** જેમના લીલાં વસ્ત્ર ઝરતાં હતાં એવા **નેમિનાથને** રત્નમય

આસન ઉપર બેસાડી કોમલ વસ્ત્રથી તેમનાં અંગ લુંછ્યા. પછી **સત્યભામાએ** આવી પ્રભુના સર્વ અંગને નિર્જલ કરી સ્ત્રી સ્વભાવને લઈ લજ્જા અને હાસ્ય કરતાં કરતાં યક્ષ કર્દમ વડે અંગરાગ કર્યો. કોઈ સુંદરીએ નેમિના કંઠમાં હાર પહેરાવ્યો, કોઈએ તેમના મસ્તક ઉપર સૂર્યના જેવો મુગટ ધરાવ્યો. કોઈએ તેમના લલાટ ઉપર પૂર્ણ ચંદ્રના મદને ઉતારનારૂં તિલક કર્યું. કોઈએ તેમના કાનમાં પુષ્પ-દંતને અનુસરનારા બે કુંડલો પહેરાવ્યા. પછી સત્યભામાએ બે હાથ જોડી પ્રભુને કહ્યું, '**નેમિનાથ**, તમે અમારા દીયર છો અને અમે બધી તમારી ભોજાઈઓ છીએ. અમે બધી મળીને પાણિગ્રહણ કરવાને માટે તમને વિનંતિ કરીએ છીએ. હે સ્વામી, અમારૂં વચન અંગીકાર કરો અને આ વખતે અમારૂં માન રાખવું જોઈએ. વળી દીયરજી, તમે વિચાર કરો. પૂર્વે પણ **શ્રી ઋષભદેવ** વિગેરે તીર્થંકરો જે આ જગતમાં ઉત્તમ થઈ ગયા, તેઓએ પણ પાણિગ્રહણ કર્યું હતું અને તેમને પુત્રો પણ થયા હતા. વળી નીતિશાસ્ત્ર એમ કહે છે કે, યૌવનવયમાં સ્ત્રી પરણવી અને વૃદ્ધ વયમાં મુનિની વૃત્તિ રાખવી. બીજા જિનેશ્વરોએ પણ તે પ્રમાણે કરેલું છે. શું તમે કોઈ નવા જિન છો કે જે યૌવન વય-માંથી જ સ્ત્રીનો ત્યાગ કરો છો? ચાલતો માર્ગ છોડી ઉન્માર્ગે કોણ જાય? ભ્રાતૃ પત્નીઓ આવાં વચનો કહેતી તો પણ **નેમિનાથ** તેનો કાંઈ પણ ઉત્તર આપતા ન હતા. તથાપિ કૃષ્ણની રમણીઓ તેમની આગળ નવો નવો ભાવ અને નવો નવો શૃંગાર કરતી હતી. પછી **રૂકિમણીએ**

કહ્યું, 'સ્વામી, તમે પુરૂષ છો કે નહિ? સાચું કહો હું તમારા કાનમાં ગુપ્ત રીતે પૂછું છું. જો તમે પુરૂષ ન હો તો પછી બોલીશું નહીં અને પુરૂષ હો તો પાણિગ્રહણ કરવાની યોગ્યતા છે.' તે વખતે **જાંબુવતી** બોલી, 'બ્હેનો, શુ તે એ વાત ખરેખરી કહેશે? તેમને ગૃહની અંદર લઈ જાઓ અને તેમની ચેષ્ટા જુઓ. તે વિષે યોગ્ય જોઈને પછી ઇચ્છા પ્રમાણે કરવું.' **લક્ષ્મણા** બોલી, 'ડાહી બ્હેનો, હાલ એવું કરો નહિ, આપણા બધાથી તે શરમાઈ જશે માટે તે એકાંતે જુઓ.' **સુસીમા** નામે એક સ્ત્રી બોલી, 'સખીઓ, મને સંદેહ રહેવાથી મેં તેમને સ્નાન કરતી વખતે વિકસિત નેત્રે જોયા હતા. તેઓ પુરૂષ તો છે, પણ સ્ત્રીઓનું ભરણ પોષણ કરવામાં કાયર છે. જો તેઓ સ્ત્રીનું પોષણ કરવાને શક્તિમાન થાય તો તેઓ પાણિગ્રહણ કરી શકે તેમ છે.' પછી ગૌરી બોલી, 'જો એમ હોય તો **નેમિનાથ** પરણે અને પછી તે દંપતીને આપણે બધીઓએ એક એક દિવસ ભોજન આપી તેમનો નિર્વાહ કરવો અને પહેરવાના વસ્ત્રો તેમના પ્રેમી બંધુ કૃષ્ણ આપશે.' તે વખતે **પદ્માવતી** બોલી, 'અરે બેન, આવું અઘટતું કેમ બોલો છો? જ્યારે એવી વૃત્તિ કલ્પશો ત્યારે તો પછી તેમને ભિક્ષાવૃત્તિ જેવું થાય, એવું કાંઇ બોલશો નહિ, કારણ કે, તેથી મોટાની લઘુતા થાય છે. એમની બધી ગોઠવણ તેમના ભાઈ કૃષ્ણ જ કરશે, તેમાં કોઈ જાતનો સંશય નથી.' પછી **ગાંધારી** બોલી, 'અરે ચતુરા! મારૂં વચન સાંભળો. જો **નેમિનાથ** વિવાહની વાત કબુલ કરે તો પછી બધું સારૂં થશે. જ્યાં

સુધી તે વાત કબુલ કરી ન હોય, ત્યાં સુધી બધું આકાશમાં ચિત્ર કરવા જેવું નકામું છે. હવે જળને મથન કરવા જેવું આ બધું છોડી દઈ તે પ્રભુને પગમાં પડી કહો તો વખતે કદાચ તે કબુલ કરે. પૂજ્ય નેમિનાથની આગળ જેવાં તેવાં વચન બોલવાં તે યોગ્ય ન કહેવાય, કારણ કે, તે વિદ્વાનોને પ્રણામ કરવા લાયક માનનીય છે.' પછી બધીઓ ઉઠી ને નેમિનાથના ચરણકમલમાં પડી, પ્રભુ દાક્ષિણ્યતાવાલા હોવાથી, આવા સંકટમાં હવે શું કરવું? તેવા વિચારમાં પડ્યા. છેવટે તેમણે વિચાર્યું કે આ સ્ત્રીઓનું વચન મારે વાણીથી માત્ર માન્ય કરવું અને જ્યારે સમય આવે ત્યારે અવસર જોઈને આત્મહિત કરવું. આવું વિચારી **નેમિ** પ્રભુએ તેમનું વચન અંગીકાર કર્યું. તે સાંભળતાં જ મેઘની ગર્જના સાંભળી મયુરીની જેમ તે કૃષ્ણની રમણીઓ ઘણો જ હર્ષ પામી. પછી બધી ગાતી ગાતી નગરીમાં આવી અને તેમણે **કૃષ્ણને** અને **સમુદ્રવિજયને** તે વાત જણાવી. તેઓએ જુદા જુદા માણસોને કન્યા જોઈ લાવવાની આજ્ઞા કરી. તે વખતે **સત્યભામાએ** કૃષ્ણને કહ્યું કે, 'સ્વામી, મારે રાજીમતી નામે એક નાની બહેન છે; તે આપણા **નેમિનાથને** સર્વ રીતે લાયક છે.' તે સાંભળી કૃષ્ણ અપરિમિત આનંદને પ્રાપ્ત થયા. વાકય અને ભોજન બરાબર યોગ્ય વખતે જ સારૂં લાગે છે. વખત વિના તે બંને વિષ સમાન થાય છે. પછી કૃષ્ણ ત્યાંથી ઉઠી ઉતાવળા **ઉગ્રસેન** રાજાને ઘેર ગયા. નગરની સ્ત્રીઓએ તેમને આદરથી અવલોકયા. કૃષ્ણ ઘેર આવ્યા, તે જાણી રાજા ઉગ્રસેન ઘણો ખુશી થયો અને મનમાં

વિસ્મય પામી બેઠો થઈ કૃષ્ણની સામે આવ્યો. કૃષ્ણને સિંહાસન ઉપર બેસાડી તેને પાદ્ય અર્ધ્ય વિગેરે કરાવ્યું અને પછી તેમને આવવાનું કારણ પૂછયું. 'આપણું કાર્ય તો સિદ્ધ થયું,' એમ ચિંતવતા કૃષ્ણ બોલ્યા, 'રાજા, તમારે **રાજીમતી** નામે જે દુહિતા છે, તે મારા નાના ભાઈ **નેમિને** યોગ્ય છે. તો જો તમારી ઇચ્છા હોય તો તેણીનો તેની સાથે સંબંધ કરો.' કૃષ્ણના આવાં વચન સાંભળી ભોજરાજ ઉગ્રસેન હર્ષ પામી વિનયથી નમ્ર થઈ બોલ્યો, 'સ્વામી, તમે મારી પીડા દૂર કરવાને માટે જ મારે ઘેર આવ્યા હો એમ લાગે છે. જે પોતે સેવકોની પીડાને હરે તે જ ખરેખરા યોગ્ય સ્વામી કહેવાય છે. આપને જે યોગ્ય લાગે કે કરો, તેમાં શું પૂછવાનું છે ? હું મારી પુત્રી **રાજીમતી** તેમજ આ બધું તમારૂં જ છે.' ઉગ્રસેનનાં આવાં વચન સાંભળી કૃષ્ણ ખુશી થયા અને તે કાર્ય સિદ્ધ કરી પોતાને ઘેર આવ્યા. ઘેર આવી કાર્યને માટે તત્પર થઈ તેણે તે વાત **સમુદ્રવિજયને** જણાવી. પછી કૃષ્ણે હર્ષવાન થઈ લગ્નનો સુંદર દિવસ પૂછવાને **ક્રોષ્ટુકિ** નામના જોષીને બોલાવ્યા, ક્રોષ્ટુકિ જોષી આવી અંજલિ જોડી બોલ્યા, 'સ્વામી આ વર્ષાઋતુ છે, તેમાં શુભ કાર્યના આરંભ કદિ પણ થતા નથી.' તે વખતે સમુદ્રવિજય બોલ્યા, 'અરે જોષી, અત્યારે એટલો વખત રોકાવાય તેમ નથી. હે વિદ્વદ્વર્ય, વિચાર કરીને જે નજીકનો લગ્ન દિવસ હોય તે કહો.' ક્રોષ્ટુકિ વિચાર કરીને બોલ્યો, 'રાજેન્દ્ર, જો તમારી એવી રૂચિ હોય તો આ ભાદ્રપદ માસની શુકલ છઠને દિવસે

**નેમિકુમારનો** વિવાહ કરવો. હે યાદવ પતિ, તમારી વારંવાર જણાતી ઉત્કંઠાથી અને આગ્રહથી આવો વિવાહ કરી શકાય. પણ આ કાર્યમાં શાસ્ત્રની સાક્ષી આવતી નથી.' પછી કૃષ્ણે 'તથાસ્તુ' કહી પુષ્પની સમૃદ્ધિ સહિત વસ્ત્રાલંકાર આપી ક્રોષ્ટુકિને વિદાય કર્યો. **કૃષ્ણે** તે લગ્નનો દિવસ **ઉગ્રસેનને** જણાવ્યો. પછી **સમુદ્રવિજય** અને ઉગ્રસેન બંને તૈયાર થયા. કૃષ્ણે પોતાની બધી નગરીને લાખો પતાકાથી મંડિત કરી અને તેના ચૌટાઓને તોરણો અને રત્નના માંચાઓથી વિભૂષિત કર્યાં. **સમુદ્રવિજય** પ્રતિદિવસ જાતજાતનાં ખાંડખાજાથી, જાતજાતનાં મેવા તથા ફળોથી, વિવિધ જાતનાં સુંદર દ્રવ્ય સાથે મેળવેલા પાનથી અને કર્પુર તથા ઈલાયચીથી વાસિત કરેલા નિર્મલ દહીંના સાથવાથી યાદવોને જમાડવા લાગ્યા. જ્યારે લગ્નનો દિવસ આવ્યો એટલે **શિવાદેવી** સારો વેષ પહેરી શૃંગાર ધારણ કરી સખીઓનાં વૃંદ સાથે બધાંને આમંત્રણ કરવા નીકળ્યા. **રોહીણી** તથા **દેવકી** વિગેરે હજારો કુલ વૃદ્ધા, **રેવતી** વિગેરે બળવાન બલદેવની પત્નીઓ અને બીજી યાદવોની સ્ત્રીઓને શિવાદેવીએ આમંત્રણ કર્યું. તે બધી હર્ષથી પરિવાર સાથે સમુદ્રવિજયને ઘેર એકઠી મળી. **નેમિકુમારને** પૂર્વાભિમુખે સુવર્ણના આસન ઉપર બેસાડી તેઓ ઉંચે સ્વરે વિવાહનાં મંગલ ગીત ગાવા લાગી. તેઓમાંથી કેટલીક રમણીઓએ પ્રભુને ન્હવરાવ્યા; કોમલ રૂમાલથી પ્રભુનું અંગ લુંછ્યું, યક્ષ કર્દમના જળથી અંગરાગ કર્યો અને પ્રભુનાં દરેક અંગમાં રત્ન તથા માણિક્યનાં આભૂષણો હર્ષથી પહેરાવ્યાં. વિવાહમાં

ઘેલી થઈ ગયેલી તે બધી સ્ત્રીઓ પછી ક્ષણવારમાં **રાજી-મતી** પાસે આવી અને એવી જ રીતે તેમને પણ સર્વ અંગમાં શણગાર્યાં. રાજા **સમુદ્રવિજય, કૃષ્ણ** અને **બલદેવ** યાદવોને બોલાવી કેશરના તિલક કરી વિનયપૂર્વક શ્રીફળ આપવા લાગ્યા. પછી તેમની આગળ માંગલ્યને સૂચવનાર સર્વ વાજિંત્રોના ધ્વનિ થવા માંડ્યા.' **નેમિનાથને** રથમાં બેસાર્યા. તેમને માથે શ્વેત છત્ર ધારણ કર્યું. સુંદર ચામરોથી તેમને વીંજવા માંડ્યા. તેમને કશબી છેડાવાલાં વસ્ત્ર પહેરાવ્યાં અને પુષ્પના હાર તથા છોગા લટકતા રાખ્યા. શ્વેત અશ્વ જેને જોડેલા છે એવા રથમાં સ્વામી બેઠા હતા અને તેમની આગળ સમાન વયના કોટી કુમારો ચાલતા હતા. તેમાં કેટલાક રાતા વસ્ત્ર ધરનારા, કેટલાક પીતાંબરવાલા, કોઈ નીલ વસ્ત્ર વાલા અને કોઈ શ્વેત વસ્ત્રને ધારણ કરનારા હતા. અને તેવા તેવા રંગના અશ્વો ઉપર તેઓ બેઠા હતા. તેમની કાંતિઓ સરખી હતી અને મુખમાં તાંબુલ રાખેલા હતા. તેઓ 'હું પહેલો, હું પહેલો,' એમ ધારી ચાલતા હતા. જેમના માથા ઉપર ત્રણ છત્રો ધરેલાં છે, એવા **નેમિનાથ** પ્રભુની બંને બાજુ હજારો રાજાઓ હાથી ઉપર ચડી ચાલતા હતા. પાછળ મોટા મૂલ્યવાળી શિબિકા ઉપર બેઠેલી કૃષ્ણની સ્ત્રીઓ અને બીજી યાદવોની સ્ત્રીઓ લાંબે સ્વરે મંગલ ગીત ગાતી ચાલતી હતી. એવી રીતે મોટી સમૃદ્ધિ સાથે નેમિનાથ કરાયું છે. મંગળ એવા ચાલતા હતા. તેમની બંને બાજુ ઘણા મંગલપાઠકો મંગલપાઠ ભણુતા હતા. માર્ગમાં તેમના રૂપની શોભા જોઈ હર્ષ પામતી

નગરની કન્યાઓ સ્વચ્છ અને સુંદર વાણીથી તેમને વધાવતી હતી. હવેલીઓના ગોખમાં રહેલી પુરની રમણીઓ તેમને વારંવાર નીરખતી હતી. સુર, અસુર અને મનુષ્યના સર્વ રાજાઓ તેમના ગુણોનું વર્ણન કરતા હતા. જેમનું ભારે મંગલ ગવાય છે એવા શ્રી **નેમિનાથ** વસ્ત્રમંડપથી સુશોભિત એવા ઉગ્રસેન રાજાના મંડપમાં આવી પહોંચ્યા. રાજકુમારી **રાજીમતી** નેમિનાથના આવવાનો ધ્વનિ સાંભળી મેઘના ધ્વનિને સાંભળી મયુરીની જેમ હર્ષથી પરિપૂર્ણ થઈ ગઈ. પોતાના સુંદર વરનું રૂપ જોવાને અત્યંત ઉત્સુક થઈ. તેણીએ સખીઓના વૃંદની સાથે મહેલના ગોખને અલંકૃત કર્યો. ગોખ ઉપર બેસી તે નેમિનાથને જોવા લાગી. તે વખતે તેણીને ઘણો હર્ષ થઈ આવ્યો અને તે પોતાના ચિત્તમાં ચિંતવવા લાગી કે, 'આ શું મારૂં આવું ભાગ્ય છે?' જ્યારે આ **નેમિનાથ** આવીને મને પરણે છે એ મારા કેવા ભાગ્ય? મેં પૂર્વે શું સુકૃત કર્યાં હશે કે આ સુંદર વર મને પ્રાપ્ત થાય છે?' આમ ચિંતવતા તેણીનું જમણું લોચન ફરક્યું. તરત જ એ સુલોચના ક્ષણમાં દુર્લોચના થઈ ગઈ. તરત જ તે રાજકન્યાનું મન કચવાણું. સખીઓના સમુહે તેણીને તેમ થવાનું કારણ પૂછ્યું ત્યારે તે ગદ્ગદ સ્વરે બોલી, 'સખીઓ મારૂં જમણું નેત્ર ફરકે છે, તે શું હશે?' સખીઓ બોલી, 'તમારૂં શુભ થાઓ, પાપ અને અમંગલ શાંત થાઓ. સખી! આ વિવાહ વખતે એવાં અનિષ્ટની શંકા શું કરો છો? આવા શુભ દિવસે એવું દુર્નિમિત્ત કહેવું ન જોઈએ.' આ પ્રમાણે તેઓ વાર્તા કરતી

હતી ત્યાં વરરાજા નેમિનાથ વિવાહ મંડપની પાસે આવ્યા. તેવામાં પાશના બંધનમાં પડેલા પશુઓનો મોટો આક્રંદ સ્વર તેમના સાંભળવામાં આવ્યો; તે સાંભળી રથમાં બેઠેલા **નેમિએ** સારથીને પૂછ્યું કે, 'આ ધ્વનિ કોનો થાય છે?' ત્યારે તે મુગ્ધ સારથી બોલ્યો, 'શું તમે નથી જાણતા? આ તમારા વિવાહના ભોજનની તૈયારી છે. રાજા **ઉગ્રસેને** મૃગ, ઘેટાં અને તીતર વિગેરે જાતજાતનાં ઘણાં પશુઓ એકઠાં કરેલાં છે. આ વિવાહ પ્રસંગે આવેલા યાદવોને તે પશુઓના માંસનું ભોજન કરાવશે તેથી તે રૂંધેલા હજારો પશુઓ આક્રંદ કરે છે.' તે સાંભળી દયાના સાગર **નેમિનાથે** સારથીને કહ્યું, 'જ્યાં વાડાની અંદર પશુઓ રહેલાં હોય ત્યાં મારો રથ લઈ જા.' સારથી તેમના રથને ત્યાં લઈ ગયો; ત્યાં **નેમિનાથે** પશુઓને જુદી જુદી રીતે જોયાં. કેટલાંકને બે પગે બાંધ્યાં હતાં, કોઈને નિર્દયતાથી ડોક ઉપર બાંધ્યાં હતાં, કોઈને પાંજરામાં પૂર્યાં હતાં અને કોઈને પાશમાં સપડાવ્યાં હતાં. તેઓ ઉંચું મુખ કરી દીન આંખો રાખી ઉભાં હતાં. તેમનાં અંગ કંપતાં હતાં. દયાના ભંડાર શાંત સ્વરૂપ **નેમિનાથને** જોઈ તે પશુઓ, 'પ્રભુ અમારી રક્ષા કરો' એમ પોતપોતાની ભાષામાં કહેવા લાગ્યાં. કરૂણાનિધિ નેમિનાથે તે પશુઓના વાડાને ભૂગલ રહિત કરી તેમને પાશ વિનાનાં છૂટાં કરી દીધા. પછી તે પશુઓના બંધન મુક્ત થવાથી તેઓ પોતપોતાનાં સ્થાનમાં ચાલ્યાં ગયાં. કોને પોતાનું જીવિત ઈષ્ટ ન હોય? તે પશુઓ જ્યારે પોતપોતાને યોગ્ય સ્થાને ચાલ્યાં ગયાં ત્યારે નેમિનાથ પ્રભુ રથમાંથી ઉતરી

પોતાના ઘર તરફ પાછા વળ્યા. તેમને પાછા વળતા જોઈ કૃષ્ણ વિગેરે યાદવો તેમની પાછળ ચાલી આગળ થઈ ગયા. તેઓ બધા મળીને કહેવા લાગ્યા, 'અરે પંડિતમાની **નેમિનાથ** ! આ તમે શું બાળ ચેષ્ટા માંડી છે ? શું તમારે અમારી મશ્કરી કરાવવી છે ? એક વાર એ રાજકન્યાને પરણી પછી તમારી ઇચ્છા આવે તેમ કરો જો તમને ઠીક લાગે તો તેને ભોગવજો અથવા છોડી દેજો, પણ અત્યારે અમને શરમાવાનું કરો નહિ.' **નેમિનાથ** બોલ્યા, 'આ પાણિપીડન નથી પણ આ તો પ્રાણીપીડન છે, કારણ કે, તેમાં ઘણાં પ્રાણીઓની હિંસા થાય છે. હે **વિષ્ણુ** મને આગ્રહ કરશો નહીં. મારૂં ભોગ કર્મક્ષીણ થયેલું છે, તેથી મારે પાણિગ્રહણ કરવું યુક્ત નથી. હું ઘેર આવવાને ઉદ્યત થયેલો દીક્ષા ગ્રહણ કરીશ.' તે સાંભળી **શિવાદેવી** અને **સમુદ્રવિજયે** ભારે રૂદન કર્યું. તેમનાં બંને નેત્રોમાં જાણે શ્રાવણ ભાદરવો આવ્યા હોય તેમ અશ્રુની ધારા ચાલવા લાગી. તે રૂદન કરતા વડિલોને વારી **કૃષ્ણ** નેમિનાથ પ્રત્યે મધુર અને ધીર વાણીથી બોલ્યા, 'પ્રભુ, જો તમારે આમ કરવું હતું તો પરણવાનું વચન શા માટે આપ્યું હતું ? જ્યારે વચન આપ્યું તો પછી તમારે છોડવું યોગ્ય નથી. તેથી એ રાજકન્યાને પરણો, અદ્દ્ભુત પુત્રો ઉત્પન્ન કરો, અને રૂષભદેવ વિગેરે જિનેશ્વરોની પંક્તિમાં બેસો નીતિ-વેત્તાઓનું એવું વચન છે કે, મહાન પુરૂષે પ્રથમ સંસાર સાધવો અને પછી પરલોક સાધવો.' કૃષ્ણનાં આવાં વચન સાંભળી **નેમિ** બોલ્યા, 'હરિ, હવે ફરી વાર તમે તે વિષે

મને કહેશો નહિ. મેં મારી જ્ઞાનદૃષ્ટિમાં મારૂં પાણિગ્રહણ જોયું નથી. મેં તે જ બાબત જોઈ હતી અને તે પ્રમાણે જ થયું છે. બળવાન પુરૂષોથી પણ ભાવીનું ઉલ્લંઘન થતું નથી.'

કૃષ્ણ અને યાદવો **શ્રી નેમિનાથ** પ્રભુનો આ પ્રમાણે વ્રત લેવાનો નિશ્ચય જાણી તેમના રથનો માર્ગ છોડી પોતપોતાના રથ પાસે આવ્યા. પ્રભુ ઘેર આવી વ્રત લેવાને ઉતાવળા થયા, ત્યાં લોકાંતિક દેવતાઓએ આવી સમયસર સૂચના કરી કહ્યું કે, '**હે પ્રભુ, તીર્થને પ્રવર્તાવો.** સમુદ્રની પેઠે સજ્જનો પોતાની મર્યાદા છોડતા નથી.' પછી પ્રભુએ તત્કાલ વાર્ષિક દાન આપવાનો આરંભ કર્યો જેમાં શક્ર ઈન્દ્રના કહેવાથી જાંભક દેવતાઓએ ઘણું દ્રવ્ય પૂર્યું.

પ્રભુની દીક્ષાના ઉત્સવના વાજિંત્રોનો શબ્દ સાંભળી રાજકન્યા **રાજીમતીએ** પોતાની સખીઓને પૂછ્યું કે, 'સખીઓ, આ દૂરથી શેનો શબ્દ સંભળાય છે?' તે ખબર જાણી સખીઓએ રાજપુત્રી રાજીમતીને કહ્યું કે, 'તમારા પતિ દીક્ષા લેવામાં ઉત્કંઠિત થયા છે.' તે ખબર જાણતાં જ તે બાળા મૂર્ચ્છા ખાઈને પડી ગઈ. ક્ષણમાં મૂર્ચ્છાથી નિશ્ચેષ્ટ થયેલી રાજકુમારીને તેની પરિવારિકા સખીઓએ ચંદનનાં જળથી જાગ્રત કરી. તેને સંજ્ઞા આવી એટલે તે બાળા છુટે કેશે બેઠી થઈ. તેણીનાં સર્વ અંગ ધુળથી ધુસરિત થઈ ગયાં હતાં અને તેની કંચુક અશ્રુ જળથી આર્દ્ર થઈ ગઈ. 'અરે દેવ, શું તારા ઘરમાં પણ હાંસિ છે કે વિવાહ ગૃહમાં આવેલા વરને તેં પાછો વાળ્યો? મારા જેવી નિર્દોષ સ્ત્રીને છોડી એ પ્રભુએ શું કર્યું? જ્યારે એવા

મહા પુરૂષો એવું કરે તો પછી પામર જનની શી વાત કરવી? અથવા મેં પૂર્વ જન્મે કરેલા કર્મનો જ આ દોષ છે, નહીં તો આવો પતિ પરણ્યા વગર પાછો કેમ જાય? પૂર્વે મેં કોઈ સ્ત્રીને તેના સ્વામીનો વિયોગ કરાવ્યો હશે, અથવા કોઈ સ્ત્રીના પાણિગ્રહણમાં વિઘ્ન નાખ્યું હશે. પાપનાં આવાં કડવાં ફળ જ થાય છે. લીંબડા પ્રમુખ વૃક્ષોનાં ફળ પણ કડવાં હોય છે.' આ પ્રમાણે શોક કરતી રાજકુમારીને તેની સખીએ કહ્યું, 'સખી, તું સ્નેહ વગરના ભરથાર ઉપર વૃથા સ્નેહ શા માટે કરે છે? સ્નેહવાલા પતિ ઉપર જ સ્નેહ કરવો ઘટે છે. વળી એક રીતે સારૂં કર્યું કે, તેણે પરણ્યા વગર તારો ત્યાગ કર્યો. એ ઉપરથી અનુમાન થાય છે કે, તે નપુંસક હશે, તેમાં કોઈ જાતનો સંશય નથી. અથવા સ્ત્રીઓનું પોષણ કરવાના વ્યવહારને નહિ જાણનારો વા મૂર્ખ હશે. હા, સમજાયું, તેને ભૂત વળગ્યું હશે, નહિ તો તે આવીને પાછો કેમ જાય? તે શ્યામ મૂર્તિ તને પરણ્યા વિના મૂકીને ગયો એ તારૂં સારૂં ભાગ્ય. તેથી તારા કુળના અધિષ્ઠાયક દેવતા જાગે છે. હવે તારા પિતા **ઉગ્રસેન** ગૌર અંગવાળી એવી તારા યોગ્ય એવા કોઈ બીજા યાદવ પતિને જોઈને વિવાહોત્સવ કરશે. તેણે આ શ્યામ વરનો જે અંગીકાર કર્યો તે કૃષ્ણના આગ્રહથી જ. ગૌર અંગવાળી સ્ત્રીને **રોહિણીને ચંદ્રની** જેમ ગૌર અંગવાળો પતિ જ ઘટે છે?' સખીએ આ પ્રમાણે કહ્યું એટલે **રાજીમતી** બે કાનમાં આંગળી નાખી બોલી, 'અરે પાપીણી શું

બોલે છે? તે બોલવા લાયક અને સાંભળવા લાયક નથી. શું હું **નેમિનાથને** મૂકીને બીજો પતિ કરવા ઉત્સાહ કરૂં? રાત્રિ પણ ચંદ્રને મૂકી શું અન્ય પતિ કરે? પદ્મિની સૂર્યને છોડી અન્યને પ્રિય કરે? શું **રતિ મદનને** મૂકી બીજાને વરે? આ ભવમાં **નેમિ** મારા વર થાઓ અથવા ગુરૂ થાઓ, તે સિવાય બીજો કોઈ ત્રિકરણથી શુદ્ધ મારો ગુરૂ નથી.' આ પ્રમાણે સર્વ સખીઓને નિવારી **રાજીમતીએ** એવી પ્રતિજ્ઞા કરી અને તે પછી તપ તથા વ્રતો કરી તેણે ઘણાં વર્ષો નિર્ગમન કર્યાં. નેમિનાથ પ્રભુ અવધિજ્ઞાનથી અને લોકોના મુખથી **રાજીમતીની** તે પ્રતિજ્ઞા જાણતા હતા, તથાપિ તેઓ તેણીમાં રાગી થયા ન હતા. તે પ્રભુ હંમેશાં ઇચ્છા પ્રમાણે યાચના કરતા પુરૂષોને જૃંભક દેવતાના પૂરવાથી દિવસને પહેલે પહોરે દાન આપતા હતા. તે વખતે સમયને જાણનારા ચોસઠ ઈન્દ્રો અવધિજ્ઞાનથી દીક્ષાનો સમય નજીક જાણી પ્રભુની પાસે આવ્યા. પ્રભુ ઉત્તરકુરૂ નામની શિબિકામાં બેઠા. દેવ અને મનુષ્યો હર્ષથી પૂર્ણ થઈ તે શિબિકાને વહન કરવા લાગ્યા. **શક્ર** તથા **ઈશાન** ઈન્દ્રે પ્રભુની બંને બાજુ ચામર ધરી રાખ્યા. **સનત્કુમારે** છત્ર અને **માહેન્દ્રે** ઉત્તમ ખડગ ધરી રાખ્યું. ભક્તિના ભારથી પૂર્ણ એવા બીજાઓએ સ્વસ્તિકાદિ મંગલ ધરી રાખ્યા. પછી પ્રભુ ઉત્સુક થઈ સર્વ યાદવોની સાથે ચાલ્યા. જ્યારે પ્રભુ ઉગ્રસેનના ઘરની નજીક આવ્યા ત્યારે ઉગ્રસેનની સુતા **રાજીમતી** પ્રભુને જોઈ ફરીવાર મૂર્ચ્છા પામી ગઈ. સખીઓએ જળસિંચન કરી તેને ક્ષણમાં સાવધાન કરી. પછી અતિશય

વૈરાગ્યને પામીને તે રાજકુમારીએ દીક્ષા લેવાનું મન કર્યું. આ પ્રભુને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય ત્યારે હું વ્રત લઈશ, આ પ્રમાણે આનંદ ધરતી રાજકુમારી પ્રભુના દર્શન કરવા લાગી. પ્રભુ પૃથ્વીના આભૂષણરૂપ **રૈવતગિરિ** પાસે આવ્યા અને સુખેથી તેની પર આરૂઢ થયા. ત્યાં નામથી અને સાર્થકતાથી ઘટિત એવા સહસ્રામ્ર વનમાં આવી પ્રભુ શિબિકામાંથી ઉતર્યા. પછી તેમણે અંગ ઉપરથી આભૂષણો ઉતારી નાખ્યાં.

**શ્રી નેમિપ્રભુએ** જન્મથી ત્રણુસો વર્ષ ગયાં પછી શ્રાવણ માસના શુકલપક્ષને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં છઠ કરી વિધિ પ્રમાણે લોચ કર્યો. તે વખતે આદિ ઈન્દ્રે પ્રભુનો પાંચે મુષ્ટિ લોચ ગ્રહણ કર્યો અને તેને ક્ષીરસમુદ્રમાં પધરાવી ઘોંઘાટનો નિષેધ કર્યો. ઈન્દ્ર પ્રમુખ લોકો સાંભળતાં, 'મારે હવે સર્વ સાવદ્ય કાર્ય કરવું નહિ,' એમ પ્રભુએ સામાયિક વ્રતને ઉચ્ચર્યું. જ્યારે પ્રભુએ ભાવચારિત્ર ગ્રહણ કર્યું ત્યારે જાણે સંકેત કરીને આવ્યું હોય, તેમ **મનઃપર્યવ** જ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે પ્રભુની સાથે એક હજાર રાજાઓએ દીક્ષા લીધી. બંને હરિ તથા બીજા રાજાઓ પ્રભુને નમી પછી પોતાને સ્થાને ગયા. દીક્ષિત થયેલા તે હજાર રાજાઓ વિધિથી શિક્ષા પ્રાપ્ત કરી **શ્રી નમિનાથના** પક્ષના મુનિઓની સાથે વિહાર કરવા લાગ્યા. પ્રભુ પણ દેવદૂષ્ય નામનું વસ્ત્ર પોતાની કાંધ ઉપર ધારણ કરી બે પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરી વિહાર કરવા લાગ્યા. બીજે દિવસે વરદત્ત નામના બ્રાહ્મણને ઘેર તેમણે પાયસાન્નથી છઠ તપનું પારણું કર્યું.

ત્યાં દેવતાઓએ મનમાં હર્ષ ધરીને પાંચ દિવ્ય પ્રગટ કર્યાં. પછી **નેમિપ્રભુ** ત્યાંથી કર્મનો ક્ષય કરવાને પૃથ્વીમાં વિહાર કર્યો. હવે નેમિનાથને **રથનેમિ** નામે એક અનુજ બંધુ હતો. તે રાજીમતીને દેખી કામદેવથી પીડાવા લાગ્યા. **શું બધા જિતેંદ્રિય હોય છે?** તે હંમેશાં અપૂર્વ વસ્તુઓથી રાજીમતીની ઉપાસના કરવા લાગ્યો. રાજીમતી તે પવિત્ર બુદ્ધિથી સ્વીકારતી હતી. એક વખતે કામાતુર થયેલો **રથનેમિ** મળવાનું બહાનું કરી **રાજીમતીને** ઘેર આવ્યો. પવિત્ર રાજીમતીએ તેનો ઘણો જ સત્કાર કર્યો. પછી કામાતુર રથનેમિએ એકાંતે રાજીમતીને મશ્કરીપૂર્વક કહ્યું કે, 'અરે મુગ્ધા, તું કેવી મૂર્ખ છે કે, તારા આ યૌવનને વૃથા ગુમાવે છે? અમારા ભાઈઓમાં માત્ર પહેલા એક જ પદનો ભેદ છે, એ નેમિ અને હું રથનેમિ કહેવાઉં છું; તેથી મને તે રૂપે ચિંતવી મારી સાથે મોટા ઉત્સવથી વિવાહ કર અને ભોગ ભોગવી તારા યૌવનને સફળ કર. ફરીવાર આવું મુગ્ધ અને પવિત્ર યૌવન તને ક્યાં મળશે? હું પણ મારા યૌવનને વ્યત્યયથી સફળ કરૂં—આપણે બંને તેમ કરીએ. છેવટે તું નેમિનાથની પાસે નિશ્ચલ વ્રત ગ્રહણ કરજે, હું પણ વ્રત ગ્રહણ કરીશ. આપણે બંને ભોગ ભોગવી તે નિર્મલ વ્રતને પાળીશું. જો યૌવન વયમાં વ્રત લેવાય તો તે દૂષિત થાય છે, કારણ કે, કોઈ રૂપવાળી સ્ત્રીને જોઈ પુરૂષનું અથવા સ્વરૂપવાન પુરૂષને જોઈ સ્ત્રીનું મન તેમાં લાગ્યા વિના રહેતું નથી. અને અર્હંત ભગવાનો તો હમેશાં નિઃસ્પૃહ હોય છે, તે માટે **નેમિનાથે** તારો ત્યાગ કર્યો, હું અને તું બંને નિઃસ્પૃહ

નથી. હે ચંદ્રમુખી, તારા અને મારા પ્રેમનો મિશ્ર થાય તો પછી દુધ અને સાકરનો યોગ થયો કહેવાય. હે શુભાનના મારાં કટાક્ષો લાંબો કાળ ભમી ભમી તારામાં જ શાંત થયાં છે. હવે તારાં કટાક્ષોની સાથે જોડી તેમને માન આપ.' **રથનેમિનાં** આવાં વચન સાંભળી રાજીમતી ભૂમિ પર દૃષ્ટિ રાખી બોલી, 'મેં તમને મારા દીયર જાણ્યા છે અને તેથીજ મેં તમારી સાથે વાત કરી છે. જ્યારે તમે આવું બકો છો, તો મારે હવે તમારી સાથે વાત પણ કરવી નથી. મેં તો એમ જાણ્યું હતું કે તમે નેમિનાથના ભાઈ છો, તેથી તેમના જેવા જ હશો. કાચ અને મણિનો ભેદ તો આજે જ મારા જાણવામાં આવ્યો. સહવાસમાં મનુષ્યો અને ઘર્ષણમાં સોનાની પરીક્ષા થાય છે. જો તમે પ્રેમની વાંછા રાખતા હો તો હવે આજથી કોઈવાર આવું બોલશો નહિ. આપણો દીયર અને ભોજાઈનો પ્રેમ ચિરકાલ ટકી રહો. તમે **નેમિનાથના** ભાઈ થઈને આવું કેમ બોલો છો ? એ વંશમાં મોતીપણાને પ્રાપ્ત કરી તમે પાષાણ હો તેમ વર્તો છો. વળી તમે જિનધર્મને પ્રાપ્ત કર્યો છે, તે છતાં આવું બોલો છો ? આવું ભારે પાપ કરી તમે કઈ દુર્ગતિમાં જવાના છો ? હે દીયર, તમે સર્વ રસના રાજા શાંત રસને શાંત મને સેવો અને કિંપાકના ફળ જેવા વિરસ શૃંગાર રસને છોડી દો.'

**રાજીમતીએ** આ પ્રમાણે બોધ આપ્યો, તો પણ પાષાણ જેવાં હૃદયવાલા કઠોર **રથનેમિને** જરા પણ બોધ થયો નહિ. પછી અધિક તર્જના પામેલો તે ત્યાંથી ઉઠીને પોતાને ઘેર ચાલ્યો ગયો.

રથનેમિ તે દુર્ધ્યાનમાંથી અને રાજીમતી તે સદ્ધ્યાનમાંથી ચલયમાન થયાં નહીં; એવી રીતે વર્તતાં તેમને કેટલાક દિવસો ચાલ્યા ગયા.

એક વખતે **રાજીમતીએ** પોતાના દીયરને બોધ આપવાને ગળા સુધી ગાયનું દૂધ પીધું અને તે ઉપર તત્કાલ વમન કરાવે તેવું મીંઢળનું ફળ ખાધું. પછી તેણીએ **રથનેમિ** પાસે સોનાનો ઉત્તમ થાળ માંગ્યો. તેણે તે તરત લાવી આપ્યો એટલે તેમાં રાજીમતીએ વમન કરી બધું દૂધ કાઢયું. પછી રાજકુમારીએ રથનેમિને કહ્યું કે, 'આ બધું દૂધ પી જાઓ.' રથનેમિ બોલ્યો, 'હું કાંઈ કુતરો નથી કે, તેં વમન કરેલું દૂધ પી જાઉં.' રાજીમતીએ કહ્યું, 'તમે જ ખરેખર વમન કરેલાને ખાનારા છો, બીજો કોઈ નથી. તમે તમારા બંધુ **નેમિનાથે** વમન કરેલી–છોડી દીધેલી મને ભોગવવાની શા માટે ઇચ્છા રાખો છો? તેથી તમે ખરેખરા મનુષ્યરૂપી શ્વાન જ છો, તેમાં કોઈ જાતનો સંશય નથી. હવેથી કોઈવાર નરકના કારણરૂપ આવું વચન બોલશો નહીં.' રાજીમતીએ આ પ્રમાણે કહ્યું એટલે રથનેમિ પોતાને ઘેર આવ્યો અને ત્યાં પોતાની અભિલાષા પૂરી ન થવાથી તે કચવાતે મને રહેવા લાગ્યો. ઉત્તમ હૃદયવાળી રાજીમતી નેમિનાથનું જ ધ્યાન કરતી ઘેર રહી અને તેમના વિયોગે દિવસોને વર્ષના જેવા માનવા લાગી. શ્રી નેમિનાથ પ્રભુ વ્રતધારી થયા પછી ચોપન દિવસો ગયા ત્યારે **રૈવતગિરિ** ઉપર આવ્યા. ત્યાં આવેલાં સહસ્રામ્ર વનમાં વેતસનાં વૃક્ષ નીચે અષ્ટમ તપ કરી કાયોત્સર્ગે રહેતાં તેમણે ઘાતીકર્મનો નાશ

કર્યો અને આશ્વિન માસની અમાસને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં તેઓ **કેવલજ્ઞાનને** પ્રાપ્ત થયા. દેવતાઓએ આવી ત્યાં ત્રણ કીલ્લાથી મનોહર એવું સમવસરણ રચ્યું. પ્રભુએ પૂર્વદ્વારે પેશી '**તીર્થાયનમઃ**' એમ કહી તીર્થને નમસ્કાર કર્યો. પછી પૂર્વગિરિ ઉપર સૂર્યની જેમ તેઓ પૂર્વ સિંહાસન ઉપર બેઠા અને ભવ્ય જનરૂપી કમલને પ્રબોધ કરનારા પ્રભુએ પોતાની વાણીને વિસ્તારી.* તત્કાલ વ્યંતર દેવતાઓએ હર્ષના ભારથી પ્રભુના પ્રતિબિંબો રત્નનાં સિંહાસન ઉપર ત્રણે દિશામાં વિકુર્વ્યાં. બારે પર્ષદાઓ હર્ષથી પૂર્ણ એકઠી થઈ અને પ્રભુની વાણી સાંભળવાની ઇચ્છાથી યોગ્ય સ્થાને બેઠી. રૈવતગિરિના પાલકો **કૃષ્ણની** આગળ દોડતા ગયા અને તેમણે આદરથી **શ્રી નેમિનાથ** પ્રભુને કેવલજ્ઞાન થવાના ખબર આપ્યા. તે ખબર સાંભળતાં જ કૃષ્ણે તત્કાલ હર્ષ પામી પોતાના અંગનાં વસ્ત્રો અને આભૂષણો તેઓને આપી દીધાં અને તે ઉપરાંત સાડાબાર કોટી સુવર્ણ આપ્યું. પછી પ્રભુને વંદન કરવાની ઇચ્છાથી **કૃષ્ણ** સર્વ સમૃદ્ધિ સાથે હાથી પર ચડીને ચાલ્યા. તેમની પાછળ દશ **દશાર્હ** માતાપિતા અને કોટી કુમારો ચાલવા લાગ્યા. પછી **ઉગ્રસેન** વિગેરે બધા રાજાઓ ચાલ્યા અને કમલના જેવાં લોચનવાળી **રાજીમતી** પણ હર્ષિત થઈ ચાલી. આ પ્રમાણે મોટી ઋદ્ધિથી કૃષ્ણ હૃદયમાં ભક્તિ ધારણ કરી સમવસરણમાં આવ્યા. દૂરથી હાથી ઉપરથી ઉતરી, રાજચિહ્ન મૂકી વિદ્વાન

---

*સૂર્ય કમલને પ્રબોધ કરી પોતાના ગો-કીરણો વિસ્તારે છે. આ શ્લેષોપમાં અલંકાર છે.

કૃષ્ણે ઉત્તર દ્વારથી તેમાં પ્રવેશ કર્યો. પછી નેમિનાથને ત્રણ પ્રદક્ષિણા આપી અને નમસ્કાર કરી કૃષ્ણ યોગ્ય સ્થાને બેઠા અને તે પછી બીજા રાજાઓ બેઠા. ચોસઠ ઈન્દ્રો પણ જાણે સંકેત કર્યો હોય તેમ એકી સાથે ત્યાં આવ્યા અને બીજા કલ્પવાસી દેવતાઓ પણ આવી હાજર થયા. તે પછી જગતના સ્વામી **શ્રી નેમિનાથ** પ્રભુએ કેવલજ્ઞાનથી પ્રાપ્ત થયેલી યોજનગામી વાણી વડે નીચે પ્રમાણે ધર્મદેશના આપી :–

'હે ભવ્યો, દેવગતિ વિગેરે ચાર પ્રકારની ગતિ કહેવાય છે, તેમાં દેવતાઓ વિષયાસંગી હોય છે, તેથી તેમનામાં ધર્મ થોડો હોય છે. નારકીના જીવો દુઃખથી સંતપ્ત હોય તેથી તેમને તો કયાંથી જ ધર્મ હોય ? અને તિર્યંચમાં તો વિવેક હોતો નથી તેથી તેમને ધર્મ ઘણો દુર્લભ છે. તેથી સર્વમાં મનુષ્યોને ધર્મ કર્મની પૂર્ણ સામગ્રી હોય છે. તે સામગ્રી મનુષ્યપણા પ્રમુખ ચાર પ્રકારે છે. તે ચાર પ્રકારની સામગ્રી પ્રાપ્ત થયાં છતાં જે માણસ પ્રમાદ કરે છે, તેને છતાં જળે તરસ્યા રહેનારા માણસની જેમ મૂર્ખ સમજવો. આ લક્ષ્મી, આયુષ્ય અને યૌવન ચંચલ છે, તેથી મનુષ્યે એ ત્રણેને પ્રાપ્ત કરી વચમાં વચમાં ધર્મ કરી લેવો. ઉત્તમ મનવાલા પુરૂષે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ આચરવો. તેમાં વિરતિ લક્ષણવાલો ધર્મ વિશેષપણે દુષ્કર છે. તેમાં કર્મની નિર્જરા મોટી છે અને કર્મની નિર્જરાથી પુરૂષોને ક્ષણમાં મોક્ષ થઈ જાય છે. આવું જાણીને સમર્થ પુરૂષે ધર્મને વિઘ્ન કરનારા પાંચ પ્રમાદને છોડી વિરતિ લક્ષણ ધર્મ આચરવો. હે ભવ્યો, તેથી તમે

ધર્મમાં ત્વરા રાખો અને પ્રમાદ કરશો નહિ. ધર્મનું ફળ મોક્ષ છે અને અધર્મનું ફળ નરક છે.'

પ્રભુની આવી કાનને અમૃત રસ જેવી વાણી સાંભળી **વરદત્ત** રાજા મુક્તિના કારણ રૂપ વૈરાગ્યને પ્રાપ્ત થયો. તે વખતે વાસુદેવ કૃષ્ણે અંજલિ જોડી પૂછયું, 'પ્રભુ, તમે **રાજીમતી** કન્યાને પરણ્યા વિના છોડી દીધી, તથાપિ તે તમારી ઉપર ગાઢ પ્રેમવાળી થઈ અને તમારામાં નિશ્ચય કરીને રહેલી છે. તેણીના પિતા વિગેરેએ ઘણું કહ્યું, તે છતાં તેણીએ બીજા વરની ઇચ્છા કરી નહિ. હે સ્વામી, તમે તેને પરણ્યા નહિ, તે છતાં તમારામાં રાજીમતીને એટલો બધો પ્રેમ છે તેનું શું કારણ? ઉલટો એમ કરવાથી તો તમારી પર દ્વેષ થવો જોઈએ.' કૃષ્ણે આ પ્રમાણે પૂછયું એટલે **નેમિનાથે ધનવતીના** ભવથી માંડીને **રાજીમતી** સુધીના બધા નવ ભવની વાર્તા કહી સંભળાવી. તે સાંભળી કૃષ્ણ, રાજીમતી અને બધી પર્ષદા ખુશી થઈ ગઈ. કયો સદ્બુદ્ધિવાળો માણસ કંઠ સુધી અમૃતનું પાન કરી તૃપ્ત ન થાય? તે વખતે **વરદત્ત** બેઠો થઈ વિનયથી નમ્ર થઈ બોલ્યો, 'હે જગત્પતિ, આ સંસાર રૂપ સાગરને તારનારી દીક્ષા આપો.' પછી વરદત્તની સાથે બે હજાર ક્ષત્રિઓએ સ્વામી સેવક ભાવથી દીક્ષા ગ્રહણ કરી. જેઓ પ્રભુના ધનના ભવથી બંધુ થયા હતા, એવા **ધનદત્ત** અને **ધનદેવ** બંને વૈરાગ્યને પામી ગયા. **વિમલબોધ** મંત્રી કે જે **અપરાજિતના** ભવથી સ્વામીની સાથે હતો અને બીજા ત્રણ રાજાઓ કે જે આ ભવમાં પ્રભુની સાથે હતા, તેઓ ત્યાં

આવ્યા. રાજીમતીના પ્રસંગે પોતાના પૂર્વ ભવ સાંભળી તેઓને જાતિસ્મરણ થઈ આવ્યું અને પછી વૈરાગ્યની સંપત્તિ પ્રાપ્ત કરી તેમણે નેમિનાથ પ્રભુની પાસે આદરથી વ્રત ગ્રહણ કર્યું. તેઓની સાથે તે **વરદત્ત** વિગેરે અગીયાર **ગણધરોને** વિધિથી **ત્રિપદી** દાન આપી સ્થાપિત કર્યા. તે ગણધરોએ તે ત્રિપદીને અનુસારે **દ્વાદશાંગી** રચી. તે વખતે યક્ષિણી નામે રાજપુત્રીને વૈરાગ્ય થયો. તેણીએ બીજી ઘણી રાજપુત્રીઓની સાથે પ્રભુની પાસે વ્રત ગ્રહણ કર્યું. તે ચાલીશ હજાર સાધ્વીઓમાં મુખ્ય થઈ અને પ્રભુએ એકાદશ અધ્યયનવાલી તે સાધ્વીને સર્વની પ્રવર્ત્તિની કરી. **કૃષ્ણ વાસુદેવ, દશ દશાર્હ, બલભદ્ર** અને બીજા **પ્રદ્યુમ્ન, શાંબ** વિગેરે કુમારો, **શિવાદેવી, દેવકી, રૂકિમણી, રોહિણી** તથા બીજા યાદવો શ્રાવકપણાને પ્રાપ્ત થયા. એવો **શ્રી નેમિપ્રભુનો** ચતુર્વિધ સંઘ થયો. તેમજ ચતુર્વિધ ધર્મ પણ વૃદ્ધિવાલો થયો. ભગવાન નેમિનાથ મનુષ્યોને પવિત્ર કરનારૂં પોતાનું પવિત્ર તીર્થ સ્થાપન કરી ધર્મ દેશનાની વાણી કરતા પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. ઈન્દ્ર પ્રમુખ દેવતાઓ અને કૃષ્ણ વિગેરે યાદવો પોતપોતાને સ્થાને ગયા. પ્રભુના તીર્થનો અધિષ્ઠાયક દેવ **ગોમેધ** નામે યક્ષ થયો. તે શ્યામ અશ્વના જેવા મુખવાલો, મનુષ્યનાં વાહન ઉપર બેસનારો અને છ ભુજાવાલો પરાક્રમી હતો. તેની જમણી ત્રણ ભુજામાં બીજોરૂં, ફરશી અને ચક્ર હતાં અને ડાબી ત્રણ ભુજામાં તોમર, ત્રિશૂલ અને શક્તિ હતાં. તેમની શાસનદેવી **કુષ્માંડી** નામે હતી. તેનો સુવર્ણના

જેવો વર્ણ હતો. તેને સિંહનું વાહન હતું. તેની બે જમણી ભુજામાં આંબાની લુંબ અને પાશ હતાં અને બે ડાબી ભુજામાં પુત્ર તથા અંકુશ હતાં. ઇચ્છા પ્રમાણે રૂપ ધરનારી અને ભક્તિભાવને ધારણ કરનારી એ દેવીનું બીજું નામ **અંબિકા** હતું.

**इति श्री प्रद्युम्न चरिते महाकाव्ये श्री नेमिनाथ विवाह वर्णन–दीक्षाग्रहण केवलोत्पत्ति–तीर्थस्थापन वर्णनो नाम द्वादशः सर्ग संपूर्णः ॥ १२ ॥**

卐

આત્માને દુર્ગતિના ખાડામાં પટકનાર, ઉન્નતિને અટકાવનાર, હિંસા, જૂઠ આદિ અઢારે પાપનાં સ્થાનકો પૂર્વમાં સેવ્યા હોય તેની ક્ષમા યાચું છું. વર્તમાનમાં ન સેવાય એના માટે સાવચેતી અને ભવિષ્યમાં એનાથી બચવાની માંગણી કરૂં છું.

શરીરાદિ સર્વ અનિત્ય છે, હું એકલો જન્મ્યો છું, એકલો જ મરણને પામીશ, પરલોકમાં એકલો જઈશ, કરેલ પુણ્ય–પાપનાં ફળો એકલો ભોગવીશ. હું કોઈનો નથી, મારૂં કોઈ નથી, લેશ માત્ર દીનતા મારા ચિત્તમાં નથી.

# त्रयोदश सर्गः

## દ્રૌપદીનું હરણ-શ્રી કૃષ્ણ તથા પાંડવોનું અમરકંકા નગરીમાં જવું-દ્રૌપદીનું લાવવું-પાંડવોને દેશવટો આપવો-અને દ્વારકામાં આવવું.

પાંચ **પાંડવો** સ્વેચ્છાથી વિલાસ કરતા હસ્તિનાપુરમાં જઈને પોતાનું રાજ્ય ભોગવતા હતા. તેઓ પોતપોતાના વારા પ્રમાણે **દ્રૌપદીની** સાથે ક્રીડા કરતા હતા અને ભક્તિથી સ્થાને સ્થાને જિન મંદિરો કરાવતા હતા. તે હમેશાં જિન-પૂજામાં પરાયણ અને સાધુઓની સેવામાં તત્પર રહી દાનશાલાઓ કરી ઉત્તમ પ્રકારનાં દાન આપતા હતા. એક ન્યાય ધર્મને જાણનારા, ગુરૂની ઉપાસના કરનારા અને શસ્ત્ર તથા શાસ્ત્રમાં પ્રવીણ એવા તેઓ ગયેલા કાળને જાણતા ન હતા. એક વખતે **દ્રૌપદીને** ઘેર **નારદમુનિ** આવી ચડ્યા. 'આ મિથ્યાદૃષ્ટિ છે,' એમ જાણી દ્રૌપદીએ તેનું સન્માન કર્યું નહિ. આથી કાળી કાંતિને ધારણ કરતા નારદ જાણે સાક્ષાત્ સર્પ હોય, તેમ ક્રોધ પામી જેમ તેમ બોલતા રોષ કરીને ચાલ્યા ગયા. કલહ કરવાના કૌતુકી એવા તે નારદે મનમાં વિચાર્યું કે, એ દ્રૌપદી પાંડવો જેવા પતિને મેળવી માનવતી થઈ છે મને આવેલો જોયો, તો પણ તે ઊઠી નહીં કે નમ્ર થઈ નહિ. હવે મોટી બુદ્ધિવાલો હું તેને એવા સંકટમાં પાડું કે જેથી તે મારી અવજ્ઞાનું ફળ લાંબો કાળ ભોગવે. આ ભરતખંડમાં તેણીના સ્વજનો, પાંડવ પતિઓ છે, માટે કોઈ બીજો તેણીનો અર્થી ન થાય આવું મનમાં

લાંબુ વિચારી ક્રોધમાં શિરોમણિ નારદ પ્રતિકૂળ થઈ સમુદ્રને પાર ઘાતકીખંડમાં ગયા. ત્યાં **કપિલ** (વાસુદેવ) ચંપાપુરીના રાજાનો સેવક **પદ્મ** નામે રાજા હતો. તે સ્ત્રી લંપટમાં શિરોમણિ હતો. માની પુરૂષોનો અગ્રેસર, સર્વ શત્રુ રાજાઓને ત્રાસ આપનાર અને રૂપના ગર્વવાલો તે અમરકંકા નગરીમાં રહેતો હતો. તેની પાસે **નારદમુનિ** આવ્યા. તેણે પ્રણિપાત વિગેરેથી નારદનો ઘણો સત્કાર કર્યો. **પદ્મ** રાજા નારદને હાથ પકડી પોતાના જનાનામાં લઈ ગયો અને અતિશય રૂપવાલી પોતાની સ્ત્રીઓ તેણે નારદને બતાવી પછી કહ્યું, ‘મુનિ, આ ત્રણ જગતમાં કોઈ ઠેકાણે આવો જનાનો છે?’ રાજાનું આવું વચન સાંભળી નારદ હસીને બોલ્યો, ‘અરે! એક કુવાના દેડકા જેવો થઈ તું અહંકાર કરે છે અને આ સ્ત્રીઓને જોઈને ગર્વ ધારણ કરે છે, પણ તને હજુ ખબર નથી. આ જંબુદ્વીપના દક્ષિણ ભરતમાં હસ્તિનાપુરને વિષે મોટી ઋદ્ધિવાલા પાંચ **પાંડવો** છે, તેમને **દ્રૌપદી** નામે ઉત્તમ સ્ત્રીરત્ન ભાર્યા છે. જ્યાં સુધી તેં તેણીને જોઈ નથી, ત્યાં સુધી તેં શું જોયું છે? આ તારી સ્ત્રીઓનું મુખ તેના પગના એક અંગુઠાની ઉપમાને પણ મેળવી શકે તેમ નથી. તું શેનો ગર્વ કરે છે?’ આ પ્રમાણે કહી મજીઠના રંગની જેમ તેનો રાગ દ્રૌપદી ઉપર કરી **નારદ** હર્ષ પામતા પોતાને સ્થાને ગયા. **પદ્મનાભ દ્રૌપદીને** મેળવવાની ઇચ્છાથી ઘણા ઉપાયો ચિંતવવા લાગ્યો. પછી તેણે કાર્યને સાધનારા અને માનસિક પીડાને નાશ કરનારા દેવનું સ્મરણ કર્યું. તેણે તપસ્યાથી પોતાના પૂર્વભવના મિત્રની આરાધના

કરી એટલે શુદ્ધ પ્રેમની સ્થિરતાને ધારણ કરતો તે દેવ તેની આગળ હાજર થયો. તેણે પ્રત્યક્ષ થઈ કહ્યું કે, 'મારે યોગ્ય કાર્ય બતાવો.' **પદ્મનાભે** કહ્યું, '**દ્રૌપદીને** અહીં લાવો.' દેવ બોલ્યો, 'એવી આજ્ઞા કરો નહીં, તે દ્રૌપદી એકલી સ્ત્રી-રત્ન નથી પણ તે વિખ્યાત **સતીરત્ન** પણ છે. તેણીને લાવી દુઃખ ભાગી થાઓ નહીં.' કામદેવથી પીડીત એવા પદ્મનાભે કહ્યું, 'દેવ, તમારે એ વાતની શી ફીકર છે? તમે તો તેને અહીં લાવો. બીજું કાંઈ બોલશો નહિ.' પછી તે દેવે હસ્તિનાપુરમાં જઈ દ્રૌપદીને હરી લઈ ક્ષણ વારમાં પાછા આવી તે પદ્મને અર્પણ કરી. દ્રૌપદી પદ્મના ઘરમાં જાગી ઉઠી ત્યાં પોતાની સ્થિતિ જોઈ મનમાં વિચારવા લાગી કે, શું આ સ્વપ્ન છે? કે ઇન્દ્રજાળ છે? પછી **પદ્મ** બ્હીતો બ્હીતો આવી તેણીને કહેવા લાગ્યો, 'હે સુભ્રુ, તું ભય પામીશ નહિ, હું તારો અર્થી તને અહીં લાવ્યો છું. આ ધાતકી ખંડ નામે બીજો બેટ છે, તેનો સ્વામી **કપિલ** નામે વાસુદેવ છે, તેનો હું **પદ્મ** નામે સેવક છું. જાણે બીજી અમરાવતી હોય તેવી આ અમરકંકા નામે મારી નગરી છે. હે દેવી, સમૃદ્ધિથી નંદન વનના જેવું આ મારૂં ઉદ્યાન છે. અહીં દેવતાએ પૂજેલા **મુનિસુવ્રત** નામે બાવીશમા **અર્હંત** છે. તેથી અર્હંત ધર્મને આચરતી તું અહીં મારી સાથે ક્રીડા કર. વિશ્વની સર્વ સ્ત્રીઓના કરતાં અધિક એવું તારૂં રૂપ સાંભળી મારા પૂર્વના મિત્ર એક દેવની પાસે મેં તને આણેલી છે. તું ભય પામીશ નહિ. દેવી, હું તારો દાસ છું. આ બધી મારી સ્ત્રીઓ પણ તારી દાસીઓ છે; તેથી તું

અમારી ઉપર ચિરકાલ સ્વામીપણું કર. હું જાણું છું કે તું પાંચ પાંડવથી હેરાન થાય છે, કારણ કે, વનિતાનો અને પૃથ્વીનો એક પતિ હોવો જોઈએ. દેવી, હવે તું મારા એકની સાથે જ ભોગ ભોગવ, કારણ કે, કામદેવ જરા પણ ખમી શકતો નથી.' પદ્મનું આવું કાને કડવું લાગે તેવું વચન સાંભળી **દ્રૌપદીએ** વિચાર્યું કે, 'આ દુઃખ પૂર્વ ભવના કર્મના યોગે આવી પડ્યું; જ્યારે દુઃખ આવી પડે ત્યારે કાલક્ષેપ કરવો યોગ્ય છે તેથી હું અત્યારે કાલક્ષેપ કરૂં તો સારૂં થશે.' આવું વિચારી મોટી બુદ્ધિશાળી **દ્રૌપદી** બોલી, 'જે પર પુરૂષને ભોગવવા ઇચ્છે તે કુલવધુનો ધર્મ નથી તથાપિ જો એક માસ સુધીમાં કોઈ મારો સ્વજન વર્ગ મને શોધવાને આવશે નહીં તો પછી હું તમારી જ છું. તે સિવાય નહિ. જો તમે હમણાં મારી સાથે બળાત્કાર કરશો તો મને મરેલી માનજો. તેથી તમારે બળાત્કાર કરવો નહિ. દ્રૌપદીનાં આવાં વચન સાંભળી **પદ્મે** વિચાર કર્યો કે, એક માસ હમણાં ચાલ્યો જશે, પછી આ સ્ત્રી મારી જ છે; તેટલામાં શા માટે બળાત્કાર કરવો જોઈએ? વળી બે લાખ યોજન પ્રમાણ લવણસમુદ્રને તરીને અહીંયા કોણ આવશે? આ પ્રમાણે હૃદયમાં વિચારી તે દ્રૌપદીનું કહેવું કબુલ કરીને પોતાની સભામાં ગયો. હવે **દ્રૌપદીએ** એવી પ્રતિજ્ઞા કરી કે, 'જ્યાં સુધી કોઈ એક માસની અંદર મારી શોધને માટે ન આવે ત્યાં સુધી સ્નિગ્ધ ભોજન કરૂં નહિ અને તેથી કદી મારૂં મરણ થાય તો પણ તે શ્રેયઃ છે.' આવી પ્રતિજ્ઞા કરી બીચારી **દ્રૌપદી પદ્મને** ઘેર રહી. પાંચ પાંડવો અને પાંચ

પરમેષ્ઠી નામનો જપ કરતી તથા આંબેલ તપ કરતી દ્રૌપદી ત્યાં રહી પોતાનું વ્રત પાળવા લાગી. અહીં હસ્તિનાપુરમાં પ્રાતઃકાલે પાંચે **પાંડવો** પોતાની શય્યા દ્રૌપદી વગરની જોઈને, 'તે ક્યાં ગઈ?' એમ વિચારમાં પડ્યા તેથી તેઓ ચિંતાથી આકુલવ્યાકુલ થઈ નગરની બહાર વનમાં અને ક્રીડા પર્વતમાં જોવા લાગ્યા, પણ કોઈ ઠેકાણે દ્રૌપદીનો પત્તો લાગ્યો નહિ. પછી તેમણે પોતાની માતા **કુંતાને** મોકલી **કૃષ્ણને** તે ખબર પહોંચાડ્યા તે જાણી કૃષ્ણ તેની શોધ કરવા લાગ્યા, પણ તેને કોઈ ઠેકાણે દ્રૌપદી મળ્યાં નહીં. કૃષ્ણ વિલખે મુખે પોતાની પર્ષદામાં બેઠા, ત્યાં કલિપ્રિય અને સાર્થક નામવાલા **નારદ** આવી ચડ્યા. કૃષ્ણ વિગેરેએ તેમને સન્માન કરી આસન આપ્યું. નારદ આસન ઉપર બેઠા. પોતે બધું જાણુતા હતા, તો પણ અજાણ્યા થઈને બોલ્યા, 'કૃષ્ણ, જરાસંધને માર્યા પછી અર્ધ ભરતને ભોગવતા એવા તમારે હવે શી ચિંતા છે? કે જેથી દુઃખી હો તેમ દેખાઓ છો?' કૃષ્ણે કહ્યું, 'દેવર્ષિ, સ્વેચ્છાથી ફરતા એવા તમે કોઈ દેશમાં પાંડવોની સ્ત્રી **દ્રૌપદીને** દીઠી?' નારદ અધર ઉપર હાસ્ય કરતા બોલ્યા, 'કૃષ્ણ, સમુદ્રની પેલી પાર ધાતકીખંડમાં આવેલી અમરકંકા નગરીમાં હું ગયો ત્યાં પદ્મરાજાના ગૃહના મનોહર ઉદ્યાનમાં જાણે નિશ્ચલ પુતળી હોય તેવી **પાંચાલી** જોવામાં આવી હતી.' આવી વાર્તાનો અંકુર મૂકી નારદજી ત્યાંથી ઉઠીને ક્યાંય ચાલ્યા ગયા. કૃષ્ણે જાણી લીધું કે, આ કામ એ નારદનું જ છે. પછી કૃષ્ણે ખુશી થઈ એ ખબર કુંતાને મુખે પાંડવોને કહેવરાવ્યા,

કારણ કે, સુજ્ઞ પુરૂષ પ્રમાદી હોતા નથી. ત્યાર પછી **કૃષ્ણ** પાંડવોની સાથે સંકેત કરી સૈન્ય સાથે ચાલ્યા. તેઓ બધા પશ્ચિમ સમુદ્રના કાંઠા ઉપર માગધ તીર્થમાં આવી પહોંચ્યા. ત્યાં લવણ સમુદ્રને જોઈ **પાંડવોએ** કૃષ્ણને કહ્યું કે, 'તમારા જેવા બળવાન પુરૂષથી પણ આ સમુદ્ર ઉતરી શકાય તેવો નથી.' કૃષ્ણે કહ્યું, 'જ્યાં સુધી હું સ્વસ્થ થઈ આ સમુદ્રના અધિષ્ઠાતા દેવ **સુસ્થિતને** વશ કરૂં, ત્યાં સુધી તમે અહીં રહો.' આ પ્રમાણે કહી કૃષ્ણે બ્રહ્મચર્ય પાળી અઠ્ઠમ તપ કરી ધ્યાનસ્થ થઈ તે સુસ્થિત દેવની આરાધના કરી. દેવે પ્રત્યક્ષ થઈ કહ્યું, 'મારે યોગ્ય કામ બતાવો.' કૃષ્ણે કહ્યું, 'મારે ધાતકીખંડમાં અમરકંકા નગરીને વિષે જવાનું છે, ત્યાંથી પદ્મનાભે હરેલી નિત્ય યૌવનવાળી દ્રૌપદીને લાવવી છે, તેમાં તમે સહાય કરો.' સુસ્થિત દેવે હાસ્ય કરી કહ્યું, 'કાશ-ઘાસને કાપવામાં કુહાડાનું શું કામ પડે? તમે બધા અહીં રહો. હું તેને લાવી આપું. તમારે ત્યાં જવાની જરૂર નથી.' કૃષ્ણ બોલ્યા, 'એમ કરવાથી મને લોકો છલ-કૃષ્ણ કહે, તેથી મારે તેવું છલકપટ કરવું નથી. હું તો ત્યાં જઈ તે પદ્મને યુદ્ધમાં જીતી દ્રૌપદીને લાવું, ત્યારે મારૂં શ્રેય-સારૂં કહેવાય અને શાસ્ત્રમાં મારો યશ ચિરસ્થાયી રહે. તેથી હે દેવ, અમારા છ રથને સમુદ્રની અંદર માર્ગ મળે તેવું કરો. તે કરવાથી તમે બધું કર્યું, એમ હું માનીશ.' કૃષ્ણનાં આવાં વચન સાંભળી મન એજ સાધન છે જેનું એવા **સુસ્થિત** દેવતાએ એવું કર્યું કે, કૃષ્ણ પાંડવોની સાથે

પદ્મનાભના નગરમાં પહોંચી ગયા. ગર્વના પર્વતરૂપ એવા તે છએ જણ તેના ઉદ્યાનમાં ઉતર્યા અને ત્યાં હર્ષ ધરી જાત-જાતનાં ભોજન કરવા લાગ્યા. ભોજન કર્યા પછી **કૃષ્ણે** ચીઠ્ઠી લખી દારૂક સારથિને **પદ્મની** પાસે મોકલ્યો. તે ઉતાવળો ત્યાં ગયો. સ્વામીની આજ્ઞા સર્વથી વધારે બળવાન છે. તે બળવાન સારથિ પોતાના પગથી પદ્મના સિંહાસનનું પાદપીઠ દબાવી ખડ્ગના અગ્ર ભાગ વડે તે ચીઠ્ઠી આપી મુખે બોલ્યો, 'અરે પાપી દુરાત્મા, સતીવ્રત રૂપી મોટા ધનવાલી પાંડવોની પ્રિયા **દ્રૌપદીને** તું અહીં લાવ્યો છે, તેણીને માટે તે પાંડવો કૃષ્ણ વાસુદેવને સાથે લઈ આવેલા છે. જો તને જીવિત વહાલું હોય તો તું સરલ માર્ગે તેણીને પાછી સોંપી દે. જો તારે સોંપવી ન હોય તો મૃત્યુએ જોયેલો તું યુદ્ધ કરવાને તૈયાર થા. પાંચ પાંડવ અને કૃષ્ણ એ છ સર્વથી બળવાન છે.' તે સાંભળી મહા બળવાન **પદ્મ** લલાટ ઉપર ભ્રકુટી ચડાવી બોલ્યો, 'અરે પાંડવો કોણ છે? શું મારા ઘોડાના પાલક તે પાંડવ? વળી કૃષ્ણ કોણ છે? કૃષ્ણ તો મારા હાથમાં કૃષ્ણ ખડ્ગ છે તે છે? હું તે કૃષ્ણથી કૃષ્ણને મારી પાંડવોની ભાર્યાને સુખે ભોગવીશ. અરે, તું દૂત છે માટે અવધ્ય છે તું જીવતો ચાલ્યો જા.' આ પ્રમાણે કહી તેણે પોતાના સેવકો પાસે તેને ગળે પકડી કાઢી મૂક્યો. આ પ્રમાણે તિરસ્કાર કરી કાઢી મૂકેલા દારૂકે કોપથી કંપતા કંપતા તે બધી વાત પાંડવ સહિત કૃષ્ણને કહી. પછી કૃષ્ણ પાંડવોની સાથે તેનો વિચાર કરતા હતા તેવામાં પદ્મ-સંખ્યાવાલા સૈન્યને લઈ પદ્મ રાજા તેમની પર ચડી આવ્યો.

પદ્મને આવેલો જોઈ કૃષ્ણે હસતાં હસતાં કહ્યું, 'હે **પાંડવો!** જાઓ, આ પદ્મ રાજાની સાથે યુદ્ધ કરો. જો તમે અહીં ન હતે તો હું એકલો તેને હણી નાંખત.' પાંડવોએ કહ્યું, 'કૃષ્ણ, આ વખત તો અમારૂં યુદ્ધ તમે સભ્ય થઈને જુઓ, અમે યુદ્ધ કરીશું.' પછી પાંડવો ચાલ્યા. તેમણે પ્રતિજ્ઞા કરી કે, 'કાં તો પદ્મ નહીં અને કાં તો અમે નહીં.' પછી તેઓ પદ્મના સૈન્યની સાથે આવી મળ્યા અને ગર્વથી યુદ્ધ કરવા લાગ્યા. બાણાબાણી અને ખડ્ગાખડ્ગી ચિરકાલ યુદ્ધ કરતા એવા તે પાંડવો બળવાન હતા તો પણ **પદ્મના** બળવાન સામંતોએ તેમને હરાવી દીધા. તેઓ પછી નાસીને કૃષ્ણનાં શરણે આવ્યા અને, 'અમારી રક્ષા કરો,' એમ બોલતા કૃષ્ણની પાસે બેઠા. **કૃષ્ણે** કહ્યું, 'મેં પહેલેથી જ જાણ્યું હતું કે, આ **પાંડવો** પદ્મ રાજાનાં એવાં વચનથી જલદી દોડ્યા છે, પણ તેઓ પરાભવ પામી પાછા આવશે. હવે તમે ઉભા રહો. મારા રથના રક્ષક થઈ મારૂં બળ જુઓ. પછી હું જ રાજા છું અને **પદ્મ** મારો દાસ છે.' એમ કહેતા **કૃષ્ણ** ચાલ્યા અને બળવાન વીરે **પાંચજન્ય** શંખનો નાદ કર્યો. તે નાદ સાંભળી તેને નહીં સહન કરનારા **પદ્મના** બળનો ત્રીજો ભાગ તૂટી ગયો. પછી કૃષ્ણ શાંર્ગ ધનુષ્યને પણછ ઉપર ચડાવી ટંકારના શબ્દોથી બધી દિશાઓને બહેરી કરવા લાગ્યા. ધનુષ્યના ટંકાર સાંભળી પવનથી ફોતરાના ઢગલાની જેમ અને અગ્નિથી પારાની જેમ પદ્મના બળનો વધુ ત્રીજો ભાગ નાશ પામી ગયો. પછી રતિને નહિ સહન કરનારી નવોઢા સ્ત્રી જેમ પતિની પાસેથી પિતાને ઘેર ચાલી જાય

તેમ કૃષ્ણુની આગળ રહેવાને અસમર્થ એવો પ  પોતાની નગરીમાં ચાલ્યો ગયો. પદ્મને જે બળનો બાકીનો વિભાગ રહ્યો હતો, તે રાખવાને અસમર્થ એવા તેણે લોઢાની ભૂગલવાલા પોતાના નગરના દરવાજા ઢાંકી દીધા. પછી ક્રોધ રૂપ અગ્નિથી પ્રજ્વલિત એવા કૃષ્ણ દાંત વડે હોઠને પીસતા તરત રથમાંથી ઉતરી પગપાલા દોડ્યા. તે વખતે તેમણે **નરસિંહનું** રૂપ લીધું. મુખ ફાડી અને ચાર દાઢો બતાવતા તે બીકણ લોકોને ભયંકર દેખાવા લાગ્યા. પછી તેમણે પગના ઘાથી બધા કીલ્લાને તોડી પાડ્યો અને જીર્ણ વસ્ત્રની જેમ કમાડના કટકે કટકા કરી નાંખ્યા. પછી પગના ઘાથી મોટા ઘરો પણ ભાંગી નાંખ્યાં અને, 'પ  કયાં છે ?' એમ તે વારંવાર કહેવા લાગ્યા. પછી કૃષ્ણ બળથી અંદર પેસી પદ્મના મહેલમાં દાખલ થયા; તે વખતે, 'હવે શું કરવું ?' એમ મૂઢ બની ગયેલો **પદ્મ** રાજા **દ્રૌપદીને** શરણે આવ્યો. તેણે પોકાર કરી કહ્યું, 'મારી રક્ષા કરો, રક્ષા કરો. હું દાસ તમારા શરણે આવ્યો છું. આ **નરસિંહ** કોપ પામતાં હું જીવતાં મરેલા જેવો છું.' **દ્રૌપદી** બોલી, 'જો તારે જીવવાની ઇચ્છા હોય તો તું સ્ત્રી વેષ પહેર અને મને આગળ કરી અને કૃષ્ણુના ચરણુમાં પડ.' પછી પદ્મ સ્ત્રી વેષ પહેરી **દ્રૌપદીને** આગળ કરી અને પોતે ધ્રુજતે શરીરે આવી **નરહરિને** નમી પડ્યો. નરહરિ બોલ્યા, '**પદ્મનાભ**, હવે ભય પામીશ નહિ. મારાથી સ્ત્રીઓને ભય હોતો નથી. વીરપુત્રો બાળક, અબલા અને હથીઆર છોડી દેનારને શું મારે છે ? જા ચાલ્યો જા, તારૂં રાજ્ય ભોગવ. ફરીવાર

આવું કામ કરીશ નહિ.' આ પ્રમાણે કહી કૃષ્ણે તેની નગરી છોડી દીધી અને **દ્રૌપદીને પાંડવોને** સોંપી **કૃષ્ણ** રથ ઉપર બેસી પાંડવોની સાથે સત્વર ચાલતા થયા.

આ તરફ ચંપાપુરીમાં ઉદ્યાનની અંદર **તીર્થંકર** પ્રભુ સમોસર્યા હતા. તે ખબર જાણી **કપિલ વાસુદેવ** તેમને વંદના કરવા ગયો હતો. કપિલ પર્ષદામાં બેસી પ્રભુની અમૃત જેવી દેશના સાંભળતો હતો, ત્યાં **કૃષ્ણના** શંખનો મોટો બળવાન ધ્વનિ પ્રસરતો ત્યાં આવ્યો. પાંચજન્ય શંખનો ધ્વનિ સાંભળી **કપિલ** વાસુદેવનું મન આકુલવ્યાકુલ થઈ ગયું. તેણે પ્રભુને પૂછ્યું કે, 'આ કોના શંખનો ધ્વનિ પ્રસરે છે?' પછી **શ્રી મુનિસુવ્રત** સ્વામીએ **દ્રૌપદી, પદ્મરાજા, કૃષ્ણ** અને **પાંડવોની** કથા વિસ્તારથી કહી સંભળાવી. કપિલે કહ્યું, 'સ્વામી, અભ્યાગત થઈ ઘર આવેલા વિષ્ણુની હું પૂજા કરૂં?' ભગવાન બોલ્યા, કદાચિત વાસુદેવ મોટા કાર્ય માટે આવી ચડે, પણ બે વાસુદેવ પરસ્પર મળે નહીં, એ તો નિશ્ચય છે.' આ પ્રમાણે કહેતાં જ વાસુદેવ મનમાં ઉત્કંઠા લાવી બેઠો થયો, કારણ કે, ઉત્કંઠાવાલા પુરૂષો કાર્યની સિદ્ધિ કે અસિદ્ધિ જાણુતા નથી સમુદ્રના તટ ઉપર આવી સમુદ્રની વચ્ચે જોયું, ત્યાં મોટા વાયુએ પ્રેરેલા અને સુંદર કાંતિવાલા રથના ધ્વજો તેના જોવામાં આવ્યા. પછી તેમણે શંખ વગાડી જણાવ્યું કે, 'હે પૂજ્ય, તમે મળીને જાઓ, કારણ કે, હું અતિથિની પૂજા કરૂં છું. તેથી તમે સત્વર પાછા વળો.' પછી **કૃષ્ણે** પાંચજન્ય શંખના નાદથી તેમને જણાવ્યું કે, 'તે ઘેર આવવામાં સત્વર તૈયાર થયેલ છે.

સમુદ્રની મધ્યે દૂર આવેલા અને ઘેર જવા ઉત્કંઠિત થઈ રહેલા અને તમારા વચનથી પૂજાએલા તેઓ હવે વિલંબને સહન કરી શકશે નહિ. એથી આ ઉદ્ધત ધ્વનિ સાંભળી તે વિષે કાંઈ બોલવું નહિ.' પછી **કપિલ** વાસુદેવ **કંકાપુરી** પ્રત્યે પાછો વળ્યો.

અને કપિલ વાસુદેવે આવીને **પદ્મને** કહ્યું કે, 'અરે દુરાત્મા, તેં આ લોક અને પરલોકને નાશ કરનારૂં પરસ્ત્રી હરણનું પાપ કરેલું છે. માટે તું રાજ્યને લાયક નથી.' આ પ્રમાણે વચનથી તિરસ્કાર કરી તેને દેશપાર કર્યો અને તેના જ્યેષ્ઠ પુત્રને રાજ્ય ઉપર બેસાર્યો.

**કૃષ્ણે** સમુદ્રને ઉતરી **પાંડવોને** કહ્યું કે, 'હું પેલા **સુસ્થિત** દેવની રજા લઈને ઉતાવળો આવીશ. ત્યાં સુધીમાં તમે મારી આજ્ઞાથી આ ગંગા નદી ઉતરી જાઓ.' પછી તેઓ વહાણ ઉપર બેસી ગંગાની પેલે પાર ઉતરી ગયા. પોતાનું કાર્ય સિદ્ધ થવાથી તેઓ હર્ષ પામી પરસ્પર કહેવા લાગ્યા કે, 'આપણું વહાણ અહીં ઉભું રાખો, આપણે અહીં રહી વાસુદેવનું બળ જોઈએ. કૃષ્ણની પાસે વહાણ નથી તો તેઓ વહાણ વિના આ ગંગા નદીને શી રીતે ઊતરશે ? આવું ધારી તેઓ વહાણને છુપાવી ગંગાના કાંઠા ઉપર સંતાઈને ઉભા રહ્યા. **કૃષ્ણ** પેલા સુસ્થિત દેવની રજા લઈ કૃતાર્થ થઈ ગંગાને કાંઠે ઉભો રહ્યો, પણ કોઈ નાવ જોવામાં આવ્યું નહિ. પછી કૃષ્ણ એક હાથે અશ્વ સહિત રથ ઉપાડી બીજે હાથે ગંગાના પ્રવાહ ઉપર તરવા લાગ્યો. જ્યારે ગંગાના મધ્ય ભાગે આવ્યો ત્યારે તેને થાક લાગી ગયો.

એટલે તે વિચારવા લાગ્યો કે, 'અહા ! પાંડવો શું મારાથી પણ બળવાન કે જેઓ વહાણ વિના ભુજાના બળથી આ ગંગાનદી ઉતરી ગયા ?' પછી થાકી ગયેલા **કૃષ્ણને ગંગાદેવીએ** તલીયું (સ્થાન) આપ્યું. ક્ષણવાર વિશ્રાંત થઈ પછી કૃષ્ણ ગંગા નદીને ઉતરી ગયા. **કૃષ્ણે** આવી **પાંડવોને** પૂછયું કે, 'તમે ગંગા કેવી રીતે ઉતરી શકયા ?' પાંડવો હસતા હસતા બોલ્યા, 'પ્રભુ, અમે નાવથી ઉતર્યા.' કૃષ્ણે કહ્યું, 'તમે મારે માટે નાવ કેમ ન મોકલ્યું ?' **પાંડવો** બોલ્યા, 'તમારા બળની પરીક્ષા કરવાને માટે અમે વહાણ મોકલ્યું ન હતું.' તે સાંભળી **કૃષ્ણ** રાતી આંખો કરી બોલ્યા, 'અહો ! મેં **પદ્મનાભને** જીત્યો તો પણ તમે મારૂં બળ જાણ્યું ન હતું કે પાછું આ નદીને તરવામાં બળ જાણવાની ઇચ્છા થઈ ?' આ પ્રમાણે કહી કૃષ્ણે ક્રોધથી હાથમાં લોઢાનો દંડ લીધો અને તે પાંચે પાંડવોના રથ ક્ષણમાં ભાંગી નાંખ્યા અને આજ્ઞા કરી કે, 'તમારે મારી ભૂમિમાં રહેવું નહિ.' પછી **કૃષ્ણે** રથ ભાંગવાની નીશાની તરીકે ત્યાં **રથમર્દન** નામે એક નગર વસાવ્યું. પછી પોતાનું સૈન્ય એકત્ર કરી દુંદુભિનો ધ્વનિ કરતો અને રાજાઓએ આપેલી ભેટો લેતો કૃષ્ણ દ્વારિકા નગરીમાં આવ્યો.

**પાંડવો** પણ પોતાના અપરાધની નિંદા કરતા પોતાને નગર ગયા અને પોતાને કૃષ્ણની સાથે જે વૃત્તાંત બન્યો તે પોતાની માતા **કુંતાની** આગળ કહી સંભળાવ્યો. તે સાંભળી **કુંતા** બોલી, 'પુત્રો, આ બાબત તો તમે જ અપરાધી છો કારણ કે, પ્રસ્તુત વિના કરેલું હાસ્ય પશ્ચાતાપને માટે થઈ

પડે છે. તમે આપણા સ્વામીરૂપ કૃષ્ણની સાથે આ ઘણું અનુચિત કામ કર્યું છે. હવે મારે કૃષ્ણને હમણાંજ પ્રસન્ન કરવો પડશે.' આ પ્રમાણે કહી **કુંતા** રથમાં બેસી દ્વારકામાં આવી. **કૃષ્ણે** સામા આવી પોતાની નગરીમાં તેનો પ્રવેશ કરાવ્યો. કુંતા સ્નાન ભોજન વિગેરે બધું કામ કરી સ્વચ્છ થઈ કૃષ્ણ પ્રત્યે બોલી, 'ભાઈ કૃષ્ણ, તમે મારા પુત્રોને તમારી ભૂમિમાંથી કાઢી મૂકયા તો હવે તે કયે સ્થાને જઈ રહેવાના? આ અર્ધ ભરતને તો તમે વશ કરેલું છે, તેથી તમે તેમને એવું કોઈ સ્થાન આપો કે જ્યાં તેઓ જઇને રહે.' **કૃષ્ણ** બોલ્યો, 'તેઓ પૂર્વ સમુદ્રને કાંઠે **મથુરા** નામે નવું નગર વસાવીને તેમાં રહે.' કૃષ્ણનાં આવાં વચન સાંભળી **કુંતા** ઘેર આવી અને તેણીએ પોતાના પુત્રોને તે કૃષ્ણની આજ્ઞા કહી સંભળાવી. પછી પાંડવોએ તે પ્રમાણે કર્યું. સ્વામીની આજ્ઞા અતિશય બળવાન છે.

**કૃષ્ણે** હસ્તિનાપુર રાજ્ય પોતાના ભાણેજના પુત્ર **અભિમન્યુના** કુમારને આપ્યું અને તેણે તે રાજ્યનું ચિરકાલ પાલન કર્યું.

**इति प्रद्युम्न चरिते महाकाव्ये द्रौपदी हरण श्रीकृष्ण-पांडवाऽमरकंका गमन-द्रौपदी समानयन-पांडव देशाटनप्रदान द्वारकासमागमन वर्णनो नाम त्रयोदशः सर्गः ॥ १३ ॥**

ગયા ભવમાં કે આ ભવમાં કરેલાં ખોટાં કામો વારંવાર નિંદુ છું, ધર્મ અનુષ્ઠાનાદિ શુભ કાર્યોની પ્રશંસા કરૂં છું.

# चतुर्दश सर्गः

## દેવકીના છ પુત્રોનો અધિકાર-ગજસુકુમાલનો અધિકાર-સાગરચંદ્રનું ચરિત્ર-દેવતાની પરીક્ષા-ભેરીનું સમર્પણ-ધન્વંતરિ તથા વૈતરિણી વૈદ્યોનો અધિકાર અને ઢંઢણ કુમારનો અધિકાર.

હજારો કીરણોથી સૂર્યની જેમ પૃથ્વીને વિહારથી પવિત્ર કરતા **શ્રી નેમિનાથ** ભગવાન ભદ્દિલપુરમાં આવી ચડ્યા. તે નગરમાં વ્યવહારિજનોમાં મુગટમણિ **નાગ** નામે એક ધનવાન ગૃહસ્થ રહેતો હતો. તેને ધર્મ કર્મમાં પ્રમાદ રહિત એવી **સુલસા** નામે પ્રિયા હતી. તે નાગ અને સુલસા દંપતીને અનુક્રમે અધિક સંપત્તિવાલા છ પુત્રો થયા. તેઓને મોટા શ્રીમંતોની બત્રીશ કન્યાઓની સાથે પરણાવ્યા. દેવતાઓ જેમ દેવીઓની સાથે ભોગ ભોગવે તેમ તેઓ બત્રીશ મહેલમાં રહેલી તે બત્રીશ સ્ત્રીઓની સાથે મોહવાલા ચિરકાલ ભોગ ભોગવતા હતા. તેઓએ શ્રી નેમિ પ્રભુની ઉપદેશવાણી સાંભળી દીક્ષા ગ્રહણ કરી, અને અનુક્રમે ગુરૂની સેવાથી તેઓ દ્વાદશાંગીને ધારણ કરનારા થયા. તેઓને દીક્ષા આપ્યા પછી નેમિ પ્રભુ દ્વારિકામાં આવ્યા. ત્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાનમાં સમોસર્યા. તે સુલસાના છ પુત્રો કે જેઓ હમેશાં છઠ્ઠ કરતા હતા, તેઓ બે બેની ત્રણ જોડી થઈ ભિક્ષા લેવાને દ્વારિકામાં ગયા. તેઓમાં **અનીકયશા** અને **અનંતસેન** નામે બે મુનિઓ કે જેમની કાંતિ ભમરાના જેવી કાળી છે, તેઓ જાણે બીજા કૃષ્ણ હોય, તેમ **દેવકીને** ઘેર આવ્યા.

તેમને જોઈ કૃષ્ણની વીરમાતા હર્ષિત થઈ દાન આપવાને બેઠી થઈ. તેણીએ સિંહકેશરીઆ લાડુઓથી બંનેને ભક્તિ પૂર્વક પ્રતિલાભિત કર્યા. બંને મુનિઓ ધર્મલાભ આપી ત્યાંથી ચાલ્યા ગયા. તે પછી **અજિતસેન** અને **નિહત-શત્રુ** નામે બીજી મુનિની જોડ ત્યાં વહોરવા આવી. તેઓની કાંતિ પણ જળવાલા મેઘના જેવી શ્યામ હતી. **દેવકીએ** તેમને પણ પ્રેમથી વંદના કરી પ્રતિલાભિત કર્યા પછી તેઓ ચાલ્યા ગયા. તે પછી **દેવયશા** અને **શત્રુસેન** નામે સાધુની ત્રીજી જોડ આવી; તેમને પણ ભક્તિથી વંદના કરી સિંહકેશરીઆ લાડુથી પ્રતિલાભિત કર્યા. જ્યારે એક સરખા તે સાધુઓને જોયા એટલે દેવકીએ તેમને અંજલિ જોડી પૂછયું, 'શું તમે વારંવાર દિગ્મૂઢ થઈ પારણાને માટે અહીં ઘેર જ આવો છો ? અથવા સરખા દર્શન થવાથી મને મોહ થયો છે, અથવા સમૃદ્ધિથી સ્વર્ગપુરી જેવી આ દ્વારિકા-નગરીમાં શું સાધુઓને બીજે ભાત પાણી નહિ મળતાં હોય ?' આ પ્રમાણે દેવકીનું મનરૂપી બાળક સંશયરૂપ હીંચકામાં ખેલવા લાગ્યું. તે સાંભળી બંને મુનિઓ બોલ્યા, 'હે શુભે, અમને દિગ્મોહ થયો નથી, પણ તને જ મોહ થયો છે, કારણ કે, અમે જે આવીએ છીએ તે બધા સરખા જ છીએ. અમે છએ ભદ્દિલપુરના રહેવાસી **સુલસા** અને **નાગના** પરસ્પર પ્રેમ કરનારા સહોદર પુત્રો છીએ. ત્યાં **શ્રી નેમિનાથ** પ્રભુ આવ્યા હતા, તેમની પાસે ધર્મ સાંભળી પરમ વૈરાગ્યને પામી ચારિત્ર લઈ તપસ્યા કરનારા છીએ. હે શ્રેષ્ઠ મનવાલી શ્રાવિકા, તે પછી અમે પ્રભુની

સાથે અહીં આવેલા છીએ. આજે છઠ્ઠને પારણે તેમની આજ્ઞા લઈ અહીં વહોરવાને આવ્યા છીએ. અમે છએ ભાઈઓ ત્રણ જોડીએ થઈ ભિક્ષા માટે ફરીએ છીએ; અમારે ભિક્ષા સુલભ છે.' તે મુનિનાં વચનથી હર્ષ પામેલી દેવકી મનમાં ને મનમાં વિચાર કરવા લાગી કે, આ કૃષ્ણના સરખા છે અને મને હર્ષ આપનારા કેમ છે? એક ઝાડનાં ફળ પણ સરખા હોતાં નથી. રખેને આ મારા **કૃષ્ણના** સહોદર છ પુત્રો તો નહિ હોય? પૂર્વે **અતિમુક્ત** મુનિએ મને કહ્યું હતું કે, 'હે મહા ભાગા, તું જીવતા પુત્રોને જોનારી થઈશ. તે મહા મુનિનું વચન મિથ્યા ન થાય. અરે **શ્રી નેમિનાથ** પ્રભુ છતાં મારે સંદેહ શા માટે રાખવો જોઈએ? હું જઈને શ્રી નેમિનાથને પૂછી જોઉં. પ્રભુ સંશય રૂપ અંધકારમાં સૂર્ય રૂપ છે.' આવું ચિંતવી દેવકી સમવસરણમાં આવી. દેવકીના મનનો ભાવ જાણી શ્રીમાન્ **નેમિપ્રભુ** બોલ્યા, 'હે દેવકી, આ તારા છ પુત્રોને જો અને હર્ષ પામ. પૂજાએલા નૈગમેષી દેવતાએ સંતુષ્ટ થઈ તેં જન્મ આપેલા પુત્રો **સુલસાને** અનુક્રમે આપ્યા હતા. તે દેવ મરી ગયેલા એવા સુલસાએ જન્મ આપેલ ગર્ભોને તમારી પાસે મૂકતો તેને મૂઢ બુદ્ધિનો ગર્વથી કદર્થના પામેલો **કંસ** વૃથા મારતો હતો.'

આ પ્રમાણે પ્રભુનાં મુખથી સાંભળી હર્ષ પામેલી **દેવકીએ** તે છ મુનિઓને વંદના કરી. તે વખતે નિશ્ચલ રહેલી દેવકીનાં સ્તનમાંથી નીકળતી દૂધની ધારાથી પૃથ્વીને સિંચન કરવા લાગી. તે છ મુનિઓને નિરખતી દેવકી પોતાના હૃદયમાં વિચાર કરવા લાગી કે મારે સાત પુત્રો

થયા, પરંતુ એક પણ પુત્રનું મેં લાલન કર્યું નહિ. 'મા, મા,' એમ કરતા પુત્રને મેં મારા ઉત્સંગમાં બેસાર્યો નહિ. મેં ગર્ભનું ઘણું દુઃખ વૃથા સહન કર્યું, તેથી હું ખરેખર મંદ ભાગ્યવાલી છું. આ પ્રમાણે આત્મનિંદા કરતી **દેવકીને** વાણીમાં બૃહસ્પતિ જેવા **શ્રી નેમિપ્રભુએ** અમૃતના જેવી મધુરવાણીથી કહ્યું "દેવિ, ચિંતા કર નહિ. પૂર્વ ભવે કરેલાં કર્મને સંભાર. તેં પૂર્વ ભવે તારી શોકયનાં સાત રત્નો ચોર્યાં હતાં. પછી તે શોકય રત્નોની ચોરીથી ઘણું દુઃખ કરવા લાગી, ત્યારે પાછળથી તેં ઘણે કષ્ટે તેને એક રત્ન પાછું આપ્યું હતું. એ દુષ્ટ કર્મથી તેં આ દુઃખ પ્રાપ્ત કરેલું છે તેમાં કોઈ જાતનો સંશય નથી." આ પ્રમાણે પ્રભુનું વચન સાંભળી તેણી પોતાના પૂર્વ કર્મને નિંદવા લાગી. પછી પ્રભુને અને પોતાના છ પુત્રોને નમન કરી હર્ષ પામતી **દેવકી** પોતાને ઘેર ગઈ અને પુત્રની અભિલાષાથી દુઃખી થવા લાગી.

બીજે દિવસે પ્રભાત કાલે મોટી ઋદ્ધિવાલા **કૃષ્ણ** પોતાની માતા દેવકીને ચરણમાં નમવા ગયા. ત્યાં માતાને દુઃખી જોઈ તેનું કારણ પૂછ્યું. દેવકી નેત્રમાં આંસુ લાવી બોલી, "વત્સ, આ તારા છ ભાઈઓ અને મારા પુત્રો **ભદ્દિલપુર** નામના નગરમાં **સુલસા** અને **નાગને** ઘેર મોટા થયા અને તું પણ ગોકુલમાં **નંદને** ઘેર છાની રીતે ઊછર્યો છે. તમારા માંહેલો કોઈ પણ પુત્ર મારા લાડ પામ્યો નથી, તેથી મને પુત્રને રમાડવાનું કૌતુક થાય છે. જીહ્વાથી પોતાના વાછરડાને ચાટતી ગાયને પણ ધન્ય છે." માતા દેવકીનાં આવાં વચન

સાંભળી ભાગ્યનું ગૃહરૂપ કૃષ્ણ બોલ્યો, "માતા, કાંઈ પણ ચિંતા કરો નહિ. ભાઈઓને લાલન કરવામાં કૌતુકી એવો હું પણ તે વિષે યત્ન કરીશ." આ પ્રમાણે કહી કૃષ્ણ ત્યાંથી જઈ **પૌષધ** લઈ અને **બ્રહ્મચર્ય** રાખી ઈંદ્રના સેનાપતિ એવા **નૈગમેષી** દેવનું આરાધન કરવા લાગ્યો. ત્રણ ઉપવાસ કર્યા ત્યાં તે દેવ પ્રસન્ન થયો અને આવીને બોલ્યો, "મિત્ર, વર માંગ, તારી ઇચ્છા પૂરી કરૂં." **કૃષ્ણે** કહ્યું, "**દેવકીના** ઉદરથી એક મને સુંદર ભાઈ આપો." દેવ બોલ્યો, "દેવકીના ઉદરમાંથી તમારે એક સહોદર ભાઈ થશે, પણ તે યૌવન વયમાં આવશે ત્યારે દીક્ષા લેશે." **કૃષ્ણે** કહ્યું, "તેમ થાઓ." પછી દેવ '**તથાસ્તુ**' કહી જેમ આવ્યો હતો, તેમ ચાલ્યો ગયો.

પછી કેટલેક દિવસે તે દેવ સ્વર્ગમાંથી ચ્યવીને હંસ જેમ માનસરોવરમાં આવે તેમ દેવકીના ઉદરમાં અવતર્યો. જ્યારે સમય થયો ત્યારે પૃથ્વી જેમ કાંતિવાલા માણિકયને જન્મ આપે તેમ આધિ રહિત એવી **દેવકીએ** પૂર્ણ ગુણવાલા પુત્રને જન્મ આપ્યો. મૂર્તિથી જાણે બીજા કૃષ્ણ હોય તેવા તે પુત્રનું નામ **ગજસુકુમાર** પાડયું. દેવકી હર્ષથી તેનું પાલન કરવા લાગી. વસુદેવ વિગેરેના ખોળેથી ખોળે લેવાતો તે બાળક બીજના ચંદ્રની જેમ બધાઓને નેત્રના ઉત્સવને માટે થઈ રહ્યો. અનુક્રમે વધતો તે બાળક ઘૂંટણીએ ચાલવા લાગ્યો અને માતપિતાના મનોરથોની સાથે વધવા લાગ્યો.

જ્યારે તે મોટી ભુજાવાલો યુવાન થયો ત્યારે કૃષ્ણના આદેશથી દ્રુમ નામના રાજાની **પ્રભાવતી** નામની પુત્રીની સાથે તેનો વિવાહ કરવામાં આવ્યો. વલી **સોમશર્મા**

બ્રાહ્મણની ક્ષત્રિયાણી સ્ત્રીથી થયેલી **સોમા** નામની એક પુત્રી કે જેને પરણવા તેની ઇચ્છા ન હતી, તથાપિ કૃષ્ણે મોટી સમૃદ્ધિથી તેને પરણાવ્યો.

એક વખતે **શ્રી નેમિનાથ** પ્રભુ સહસ્રામ્ર વનમાં સમોસર્યા. દેવતાઓએ પોતપોતાને ઘટે તેવી રીતે ત્યાં ઉત્સવ કર્યો. તે વખતે કૃષ્ણ પોતાના નાના ભાઈ **ગજસુકુમારને** લઈ મોટા વૈભવ સાથે ત્યાં આવ્યા. અમૃતના જેવી પ્રભુની દેશના તેમણે પોતાના કાનમાં સાંભળી. તરત જ દેવકીનો છેલ્લો પુત્ર ગજસુકુમાર પ્રતિબોધ પામ્યો અને માતા, ભ્રાતા અને પિતાની આજ્ઞા લઈ તેણે સત્વર **દીક્ષા** લીધી. સંધ્યાકાળે પ્રભુને પૂછી તે મુનિ સ્મશાનમાં ગયા અને ત્યાં નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ કરી તેઓ કાયોત્સર્ગે રહ્યા. તેવામાં **સોમશર્મા** બ્રાહ્મણ ઇંધણાં લેવા ત્યાં આવી ચડ્યો. તેણે ગજસુકુમારને જોયા એટલે તે ક્રોધાગ્નિ પ્રગટ કરી વચનરૂપ ધુમાડાને વર્ષાવવા લાગ્યો, 'અરે પાખંડી પાપી, જો તારે આવું કરવું હતું, તો મારી રાંક પુત્રીને શા માટે રંડાવી ? એ પાપનું ફળ પામીને તું નારકીમાં જા.' આ પ્રમાણે કહી તેને ચિતાનો અગ્નિ મસ્તક ઉપર મૂકી દીધો. તે અગ્નિ પ્રજ્વલિત થયો, તો પણ **ગજસુકુમાર** પોતાના ધ્યાનથી ચલાયમાન થયા નહિ. તેમના શુક્લ ધ્યાનરૂપ અગ્નિ વડે ક્ષણ વારમાં આઠ કર્મ બળી ગયાં. સર્વ કર્મ બળી જવાની સાથે તેનું મસ્તક પણ બળી ગયું, તે મુનિ **અંતકૃત** કેવલી થઈ મોક્ષને પ્રાપ્ત થયા.

આ વખતે ઉત્સાહી અને મોટા બળવાળા કૃષ્ણ પરિવાર

લઈ મોટી ઉત્કંઠાથી પોતાના ભાઈ **શ્રી નેમિનાથને** વંદના કરવા જતા હતા. માર્ગમાં જતાં તેણે એક દરિદ્રી વૃદ્ધ બ્રાહ્મણને જોયો. તેણે પોતાને માથે ઉપરાઉપરી એક એક ઇંટ લીધેલી હતી. એવી રીતે તેને હેરાન થઈ એક એક ઇંટ માથે ઉપાડી જતો જોઈ કૃષ્ણને દયા ઉપજી કૃષ્ણે તેના ઇંટોના સંચયમાંથી એક ઇંટ ઉપાડી, પછી બીજા રાજાઓએ અને બધા પાળાઓએ એક એક ઇંટ ઉપાડી એટલે તે વૃદ્ધ બ્રાહ્મણ ખુશી થયો. તેને ખુશી કરી કૃષ્ણ સહસ્રામ્ર વનમાં આવ્યા અને તેમણે **શ્રી નેમિનાથ** પ્રભુને પરમ ભક્તિથી વંદના કરી પૂછ્યું કે, 'સ્વામી, મારો નાનો ભાઈ **ગજસુકુમાર** ક્યાં છે ?' પ્રભુ બોલ્યા, 'તે ઉપસર્ગને સહન કરી મોક્ષે ગયેલ છે.' તે સાંભળી કૃષ્ણને ભારે મૂર્ચ્છા આવી ગઈ. થોડી વારે ભાન આવતાં તેમણે મોહથી લાંબો વખત વિલાપ કરવા માંડ્યો. 'મોહ સર્વને દુરતિક્રમ છે.' પ્રભુ બોલ્યા, 'કૃષ્ણ તમારા ભ્રાતાનાં વધ કરનારની ઉપર તમે દ્વેષ કરશો નહિ, કારણ કે, તમારા ભાઈને મોક્ષ ગતિ મેળવવામાં તે સહાયકારી થયો હતો. જેમ તે વૃદ્ધ બ્રાહ્મણ તમારી સહાય મેળવી લાંબે કાળે થાય તેવા પોતાના ઘરના કામને તત્કાલ કરી શક્યો હતો.' કૃષ્ણે ફરીથી પૂછ્યું, 'તેને મારે શી રીતે ઓળખવો ?' પ્રભુ બોલ્યા, 'કૃષ્ણ, તમને નગરીમાં પેસતા જોઈને જે ઘણો આકુલ વ્યાકુલ થયેલો, હૃદયમાં ક્ષોભ પામી અને પાપથી પૂરાઈને જે મૃત્યુ પામે તે તમારા ભાઈનો હણનાર ઓળખી લેવો. તે પોતે જ પાપનું ફળ મેળવનારો થશે.'

પ્રભુનાં આવાં વચન સાંભળી **કૃષ્ણે** સ્મશાનમાં જઈને પોતાના ભાઈના શરીરને અગ્નિ સંસ્કાર કર્યો અને પછી પોતે પોતાની નગરીમાં પેઠા. કૃષ્ણને નગરીમાં પેસતા જોઈ તે **સોમ** બ્રાહ્મણ આકુલ વ્યાકુલ થઈ ગયો અને તેનું હૃદય ફાટવાથી તે મૃત્યુ પામી નરકે ચાલ્યો ગયો. તે મરી ગયેલા બ્રાહ્મણના શબને પગમાં કઠોર દોરી બાંધી ચાંડાલોને સોંપી દીધું. દરેક ચૌટે તેનો ગુનો જાહેર કરી તે શબને ફેરવવામાં આવ્યું, પછી તેને ખાઈમાં નાંખી દીધું, જ્યાં તે ગીધ, શ્વાન વિગેરેથી ભક્ષણ થઈ ગયું. તેના શોકથી જેમને વૈરાગ્ય થયેલો છે એવા ઘણા યાદવોએ તત્કાલ સંસારને ઉચ્છેદ કરનારી દીક્ષા લીધી. તેમજ **વસુદેવ** વિના **દશાર્હોએ** પણ પ્રભુની પાસે દીક્ષા લીધી. માતા **શિવાદેવી** બીજા કૃષ્ણના પુત્રો, **રાજીમતી** અન્ય યાદવોની સ્ત્રીઓ અને બીજા યાદવોના કુમારોએ પણ દીક્ષા લીધી. કૃષ્ણે કન્યાઓના વિવાહ ન કરવાના પચ્ચક્ખાણ લીધાં. **કનકવતી, રોહિણી** અને દેવકી સિવાય બીજી **બલદેવ** તથા **વાસુદેવની** માતાઓએ અને ઘણા ભ્રાતાઓએ દીક્ષા લઈ પરલોકનું સાધન પ્રાપ્ત કર્યું. **કનકવતી** કે જે ગૃહાવાસમાં રહેલ હતી, તેને આ સંસારની સ્થિતિ ચિંતવતા ઉજ્વલ એવું **કેવલજ્ઞાન** ઉત્પન્ન થયું. સ્વામીથી જણાવાયેલ દેવતાઓએ તેનો અદ્‌ભુત મહિમા કર્યો. દેવતાએ તેણીને મુનિવેષ આપ્યો, પછી તેણે પોતાની મેળે દીક્ષા લીધી. છેવટે અનશન કરી **કનકવતી** મોક્ષે ગઈ. રામનો પુત્ર **નૈષધી સાગરચંદ્ર** નામે હતો, તે વૈરાગ્યથી શ્રાવકપણામાં પ્રતિમાધારી થઈને

રહેતો હતો. એક વખતે તે શ્મશાનમાં કાયોત્સર્ગે રહેલો; તેવામાં તેનાં છિદ્ર શોધતો નભઃસેન ત્યાં આવ્યો. તેને એકાંત જોઈને તે હોઠ ફફડાવી બોલ્યો, 'અરે પાખંડી, આ શું લઈ બેઠો છે? હવે તું તારા પાખંડનું ફળ પ્રાપ્ત કર કે જે ફળ **કમલામેલાનું** હરણુ કરવાના પાપથી ઉત્પન્ન થયેલું છે.' આ પ્રમાણે કહી તેણે વૃદ્ધિ પામતી શિખાવાલો અગ્નિ તેના મસ્તક ઉપર મૂક્યો. તેથી તેનું મસ્તક અગ્નિથી બળી ગયું. પણ તેનું ધ્યાન જરા દગ્ધ થયું નહિ. તે વખતે પંચપરમેષ્ઠી નમસ્કાર મંત્રનું સ્મરણ કરી તે તત્કાલ સ્વર્ગે ગયો.

## કૃષ્ણનું ગુણગ્રાહીપણું

એક વખતે ઈન્દ્રે સભામાં બેસી કૃષ્ણના ગુણની સ્તુતિ કરવા માંડી. તેણે કહ્યું કે, 'કૃષ્ણ ઘણા દોષથી મુક્ત થઈ ગુણગ્રાહી થયેલ છે. તેમજ તે કદી પણ નીચ યુદ્ધ કરતા નથી.' આ વચન સાંભળી કોઈ એક દેવને તે પર શ્રદ્ધા ન આવી અને તેથી તે દ્વારિકામાં આવ્યો અને તે માયાવી દેવ જેના અંગમાંથી દુર્ગંધ છૂટે છે એવા મરેલા કાળા કુતરાનું રૂપ લઈને રસ્તામાં પડ્યો. તે વખતે કૃષ્ણ અશ્વ ક્રીડા કરવાને નગરની બહાર નીકળ્યા. ત્યાં માર્ગમાં તે શ્વાનનું (કુતરા) પડેલું શબ જોઈ તેણે સર્વ રાજાઓને કહ્યું, 'આ શ્વાનના મોતીની માળાના જેવા દાંત જુઓ.' પછી તે દેવે શ્વાનનું રૂપ છોડી દઈ કૃષ્ણના અશ્વને હરી લીધો અને તેણે જતાં જતાં કહ્યું કે, 'હું આ અશ્વને હરી જાઉં છું, તો કોઈ યોદ્ધો હોય તે મારી આગળ આવો.' પછી **પ્રદ્યુમ્ન, શાંબ** વિગેરે

કૃષ્ણના પુત્રો તેની પાછળ ગયા. દેવતાએ તેમને જિતી લીધા એટલે કાળાં મુખ કરી તેઓ પાછા વળીને આવ્યા. પછી કૃષ્ણે એક અશ્વ રત્ન ઉપર બેસી તેની પાછળ દોડીને કહ્યું, 'અરે તું મારા અશ્વને હરીને ક્યાં જાય છે? જો તારામાં બળ હોય તો સ્વસ્થ થા.' દેવતા હસીને બોલ્યો, 'હે કૃષ્ણ, તું મને જીતીને આ અશ્વ લે. જે રત્ન છે, તે એકને જ હોતાં નથી. તે બળવાનને જ હોય છે.' કૃષ્ણે કહ્યું, 'હું ધનુષ્યવાલો છું, તો તું યુદ્ધ કરવાને મારી આગળ ધનુષ્યવાલો થા.' દેવતા આક્ષેપથી બોલ્યો, 'મારે ધનુષ્ય વિગેરેનું કાંઈ પ્રયોજન નથી. પ્રથમ આપણું પૃષ્ટ યુદ્ધ (વાંસાની સાથે વાંસો ભટકાવવાનું યુદ્ધ) થાઓ.' કૃષ્ણ બોલ્યા, 'એવું નીચ યુદ્ધ મેં કદી પણ કર્યું નથી. અને હું કરીશ પણ નહિ. મારે અશ્વનું કોઈ પ્રયોજન નથી. મારૂં રાજ્ય, મારી લક્ષ્મી અને મારા હજારો અશ્વો ભલે જાય, પણ હું કૃષ્ણ યાદવ વંશને લજ્જા થાય તેવું યુદ્ધ કરીશ નહીં. તેથી તું ચાલ્યો જા અને મેં અર્પણ કરેલા અશ્વને લઈ જા.' કૃષ્ણનાં આવાં વચન સાંભળી તે દેવ પ્રસન્ન થઈ ગયો અને તેણે કૃષ્ણને કહ્યું, 'કૃષ્ણ, ઈન્દ્રે જે તમારી પ્રશંસા કરી હતી. તે મારી પરીક્ષામાં બરાબર સત્ય થઈ. હે મહા ભાગ, મારી પાસે કાંઈ વર માગો. તારા આ ચરિત્રથી હું પ્રસન્ન થયો છું. દેવતાનું દર્શન વૃથા થતું નથી.' દેવતાનાં આવાં વચન સાંભળી કૃષ્ણ બોલ્યા, 'હે દેવ, મારી દ્વારિકા નગરીમાં રોગનો ઉપદ્રવ ઘણો છે તેનો ઉપાય કહો.' પછી દેવતાએ એક ભેરી–વાદ્ય આપ્યું અને કહ્યું કે, 'આ દઢ

શબ્દવાલી ભેરી છ માસને અંતે દ્વારિકામાં વગાડવી. તેના શબ્દના પ્રભાવથી તમારી નગરીમાં બધી જાતના પૂર્વના રોગો ચાલ્યા જશે અને પછી આગળ રોગો થશે નહિ.' આ પ્રમાણે કહી તે દેવ અંતર્ધ્યાન થઈ ગયા. કૃષ્ણ ઘોડા સાથે પોતાની નગરીમાં આવ્યા ત્યાં કોઈ અધિક બળવાન પુરૂષની પાસે તે ભેરી વગડાવી; તે વાગતાં જ તત્કાલ બધા રોગોનો ઉચ્છેદ થઈ ગયો. સત્પુરૂષના વચનની જેમ દેવતાનું વચન મિથ્યા થતું નથી. દ્વારિકામાં ભેરી વગાડવાથી રોગ નાશ પામે છે, એ વાત બધે પ્રસિદ્ધ થઈ. તે સાંભળી દાહ જ્વરથી પીડાતો કોઈ પુરૂષ બીજા દેશમાંથી ત્યાં આવ્યો અને ભેરી પાલકની પાસે એવી માગણી કરી કે, 'તું એક લાખ દ્રવ્યો લઈ ગુપ્ત રીતે આ ભેરીનો એક કટકો મને આપ. આ વાત કોઈ જાણશે નહિ, કારણ કે, ચાર કાને થયેલી વાત કદી પણ ભેદાતી નથી.' આવી તેની માગણી ઉપરથી દ્રવ્યમાં લુબ્ધ એવા તે ભેરી પાલકે તે અર્થી પુરૂષને એક પલ માત્ર ભેરીનો કટકો કાપી આપ્યો અને તેને ઠેકાણે ચંદન તથા લાખ ભરી તે ભેરીને સાંધી દીધી. તે ધનલુબ્ધ પુરૂષે વળી તેવી રીતે બીજા પુરૂષને પણ તે ભેરીનો કટકો આપ્યો અને પાછી તેવી રીતે સાંધી લીધી. આથી તે ભેરી ચંદનના કટકાની કંથા જેવી થઈ ગઈ અને તેનો તુચ્છ નાદ નીકળવા માંડ્યો. એક વખતે કૃષ્ણે રોગનો નાશ કરનારી તે ભેરી વગડાવી. તે વખતે તેનો નાદ સભામાં જરા પણ પ્રસર્યો નહિ. આથી કૃષ્ણે ભેરીના પાલકને પૂછ્યું કે, 'આ ભેરી આવી કેમ થઈ ગઈ?' એમ કહી તેને માર્યો એટલે

તેણે સાચે સાચું કહી આપ્યું; પછી તેને મૃત્યુ પમાડ્યો. **કૃષ્ણે** ફરીવાર પેલા દેવની આરાધના કરી બીજી ભેરીની માંગણી કરી. અઠ્ઠમ તપથી સંતુષ્ટ થયેલા તે દેવતાથી નગરીમાં રોગનો નાશ થઈ ગયો.

## બે વૈદ્યોની વાતો

દ્વારિકા નગરીમાં **ધન્વંતરિ** અને **વૈતરણિ** નામે બે વૈદ્યો હતા. તઓ બંને કૃષ્ણની આજ્ઞા પ્રાપ્ત કરી હમેશાં નગરીની અંદર વૈદું કરતા હતા. તેઓમાં જે ધન્વંતરિ હતો, તે નિર્દય હતો, તેથી લોકોને માંસ તથા મદિરા વિગેરે લેવાનો પાપોપદેશ કરતો હતો, અને વૈતરણિ બહુ સાવદ્યને વર્જનારો અને પાપ ભીરૂ હતો, તેથી કલ્પ્ય તથા અકલ્પ્યના વિભાગથી યોગ્યતા પ્રમાણે ઉપદેશ કરતો હતો. એક વખતે કૃષ્ણે અંજલિ જોડી **શ્રી નેમિનાથ** પ્રભુને પૂછ્યું, 'ભગવાન, આ બંને વૈદ્યો જુદા જુદા ભાવવાલા છે. તેઓ મૃત્યુ પામીને કયાં જશે ?' પ્રભુ બોલ્યા, 'કૃષ્ણ, આ **ધન્વંતરિ** અભવ્ય છે. તે મહા સાવદ્ય કર્મમાં તત્પર થઈ સાતમી નરકે જશે. જે **વૈતરણિ** નામે વૈદ્ય છે, તે વંધ્યગિરિના વનમાં સ્વેચ્છા વિહારી એવો યૂથપતિ ઉન્મત્ત વાનર થશે. એક વખતે ત્યાં કેટલાક સારા સાધુઓ સાર્થની સાથે આવી ચડશે. તેઓમાંથી એક મુનિને પગમાં કાંટો ભાંગવાથી લંગડા થશે. તે વખતે મુનિ બીજા સાધુઓને કહેશે કે, 'તમે મને છોડી ચાલ્યા જાઓ. જો નહિ જાઓ તો તમે સાર્થમાંથી વિખુટા થઈ જશો અને ક્ષુધા તથા તૃષાથી પીડિત થઈ મૃત્યુ પામી જશો.' આ પ્રમાણે તે મુનિએ સમજાવેલા તે બધા મુનિઓ ક્ષણ વાર દુઃખી

થઈ તેને તે છાયાવાલા સારા સ્થાને મૂકીને જશે. પછી પેલો કપીશ્વર યૂથ વડે વીંટાઇને ત્યાં આવશે અને તે સ્થાન ઉપર પડેલા સાધુને જોઈ પોતાની પૂર્વ જાતિને સંભારશે. પછી પૂર્વની વૈદ્ય વિદ્યા સંભારી તે વાનર **વિશલ્યા** ઔષધી લાવી તેને દાંત વડે પીસી મુનિના ચરણ તલના વ્રણ ઉપર ઘસી મુનિને નીરોગી કરશે પછી તે યૂથપતિ વાનર, 'હું પૂર્વે દ્વારિકામાં **વૈતરણિ** નામે વૈદ્ય હતો,' એવા અક્ષરો લખીને જણાવશે. પછી તે મુનિ પાસેથી ધર્મ સાંભળી ત્રણ દિવસ અનશન કરી તેના પ્રભાવથી તે **સહસ્રાર** દેવલોકમાં દેવતા થશે. પછી તે દેવ અવધિજ્ઞાનથી નમસ્કાર મંત્રને આપતા એવા તે મુનિને અને પૃથ્વી ઉપર પડેલા પોતાના શબને પ્રેમપૂર્વક અવલોકશે. પછી ત્યાં આવી પ્રગટ થઈ મુનિને વંદના કરી પોતાની ગતિ જણાવશે કે, 'હે મુનિ, તમારા પ્રસાદથી મેં આવી દેવતાની ઋદ્ધિ પ્રાપ્ત કરી છે.' પછી તે દેવ તે મુનિને પેલા સાધુઓના સાર્થમાં મૂકી ચાલ્યો જશે અને તે મુનિ સાધુની આગળ તે વાનરની વાર્તા કહી સંભળાવશે.

'હે કૃષ્ણ, એ સિદ્ધ વિદ્યાવાળા બંને વૈદ્યોની વાર્તા આ પ્રમાણે જાણી ઉચ્ચ પદની પ્રાપ્તિને માટે ધર્મને વિષે આસ્થા કરો.' આ પ્રમાણે પ્રભુની પાસે તે વૃત્તાંત સાંભળી શ્રદ્ધારૂપ આભૂષણથી સુશોભિત એવા કૃષ્ણ પ્રભુને નમી ચાલ્યા ગયા અને પ્રભુ પણ ત્યાંથી વિહાર કરી બીજી તરફ ગયા.

સુર અસુરોએ જેના ચરણને નમસ્કાર કરેલો છે એવા **નેમિ** પ્રભુ એક વખતે દ્વારિકાનાં ઉદ્યાનની બહાર ચાતુર્માસ રહેવાને સમોસર્યા. તેમણે દેશના આપી અને તે દેશનાને

અંતે કૃષ્ણે અંજલિ જોડીને પૂછયું, 'સ્વામી, સાધુઓ ચાતુર્માસમાં કેમ વિહાર કરતા નથી ?' પ્રભુ બોલ્યા, 'કૃષ્ણ, **વર્ષાકાળમાં** ઘણી અયતના થાય છે, તેથી તેમાં સાધુઓએ વિહાર કરવો યુક્ત નથી.' તે સાંભળી કૃષ્ણે કહ્યું, '**પ્રભુ, ત્યારે હું પણ બહુ જીવોની રક્ષા કરવાને વર્ષાઋતુમાં ઘરની બહાર નહિ જાઉં.**' પ્રભુની પાસે આવો **અભિગ્રહ** લઈ કૃષ્ણ પોતાને ઘેર ગયા અને પોતાના દ્વારપાલોને આજ્ઞા કરી કે, 'વર્ષાઋતુમાં કોઈ રાજા આવે તો પણ તેમને પ્રવેશ કરવા દેવો નહિ.' આવી આજ્ઞા કરીને કૃષ્ણ પોતાના ઘરમાં રહ્યા. તેવામાં **વીરક** નામનો એક સાળવી કૃષ્ણનો ભક્ત હતો, તેને એવો નિયમ હતો કે, કૃષ્ણનું દર્શન કર્યા વિના જમવું નહિ. તેથી તે કૃષ્ણના ઘરની અંદર પ્રવેશ નહિ મળવાથી હંમેશાં દ્વાર ઉપર આવી બેસતો હતો. કૃષ્ણ આખી વર્ષાઋતુ વ્યતીત કરી પછી રાજાઓથી ભરપૂર અને શોભાવાળી કરેલી સભામાં બહાર આવ્યા. તે વખતે પેલા વીરક સાળવીને દુર્બલ થયેલો કૃષ્ણે જોયો અને તેને પૂછયું કે, 'તું દુર્બલ કેમ દેખાય છે ?' ત્યારે દ્વારપાલોએ તેનો બધો વૃત્તાંત યથાર્થ જણાવ્યો. તે સાંભળી કૃષ્ણ ઘણા જ સંતુષ્ટ થયા અને પછી તેને સર્વત્ર અસ્ખલિત પ્રવેશ કરવા દેવાની આજ્ઞા કરી. પછી કૃષ્ણ પરિવાર સહિત સર્વ સમૃદ્ધિએ યુક્ત **શ્રી નેમિપ્રભુને** વાંદવા ગયા, ત્યાં જઈ ધર્મોપદેશ સાંભળી પ્રભુને કહ્યું, 'સ્વામી, કોઈ કર્મના યોગથી ચારિત્ર ગ્રહણ કરવાનાં ભાવ થતા નથી, પણ બીજાઓને મોટા ઉત્સવ સાથે ચારિત્ર ગ્રહણ કરાવીશ. મારા પુત્રો કે પુત્રીઓ ચારિત્ર લેતા

હોય તો હું તેમને અંતરાય કરીશ નહિ, પણ ઉલટો તેમનો સર્વથી વધુ અતિશયવાલો ઉત્સવ કરીશ.' આવો અભિગ્રહ લઈ અને નેમિ પ્રભુને નમી કૃષ્ણ નગરીમાં આવ્યા. તે વખતે વિવાહને યોગ્ય એવી કન્યાઓ કૃષ્ણની પાસે આવી એટલે કૃષ્ણે કહ્યું, 'હે કન્યાઓ, તમારે રાણી થવું છે કે દાસી થવું છે?' ત્યારે તેઓ બોલી, 'અમારે રાણી થવું છે.' પછી કૃષ્ણે નેમિ પ્રભુની પાસે આવી તેમને સત્વર દીક્ષા અપાવી. તેઓમાંથી એક કન્યા બાકી હતી, તેણીને તેની માતાએ શીખવ્યું કે, જો તને તારા પિતા પૂછે તો તું કહેજે કે, 'મારે તો દાસી થવું છે.' કૃષ્ણે તેણીને પૂછતાં તેણીએ દાસી થવાનું કહ્યું. તેણીને તેની માતાએ શીખવ્યું છે, એ વાત કૃષ્ણના જાણવામાં આવી એટલે તેણે મનમાં વિચાર્યું કે, મારી કન્યાઓ વિવાહિત થઈને આ સંસારકુપ રૂપી અટવીમાં ભમો નહિ. હવે આ કન્યાને માટે હું કાંઈ તેવું કરૂં કે, જેથી બીજી કન્યાઓ ફરીવાર તેણીની જેમ કહે નહિ. આવું વિચારી કૃષ્ણે એકાંતે આવી પેલા **વીરક** વણકરને હસતાં હસતાં પૂછયું, 'અરે વણકર **વીરક**, તેં કોઈ મોટું કામ શું કર્યું છે તે જણાવ.' વીરક બોલ્યો, 'મહારાજા કૃષ્ણ, મારૂં બળ કેવું છે તે સાંભળો. મેં એક વખત બદરીના વૃક્ષ ઉપર રહેલા કાકીડાને પથરાથી માર્યો હતો. એક વખત રથ ચાલવાના માર્ગમાં વહેતા પાણીને ડાબા પગથી રોકી દીધું હતું. કહો, કૃષ્ણ હું કેવો બળવાન? હે કૃષ્ણરાજા, વળી મારૂં બીજું બળ સાવધ થઈને સાંભળો. એક વખતે વસ્ત્ર-પાનના કલશમાં સેંકડો માખીઓ પેસી ગઈ હતી, તે બધી

મેં હાથ નાંખીને પકડી હતી.' વીરકનાં આવાં વચન સાંભળી કૃષ્ણે સભામાં આવી રાજાઓને કહ્યું, 'ભાઈઓ, તમે સર્વે આ વીરકનું મોટું બળ સાંભળો.' હરિનાં આવાં વચનથી રાજાઓ તે સાંભળવાને અતિ આદરવાલા થયા. પછી કૃષ્ણ બોલ્યા, 'જેણે બદરી (બોરડી) વનમાં રહેલા એવા લાલ ફણાવાલા ભયંકર સર્પને ભૂમિશસ્ત્રથી ક્ષણમાં મારી નાખ્યો હતો, વળી જેણે ચક્રથી (પૈડાંથી) ખોદેલી અને ડોહળાં જળને વહન કરતી ગંગા પોતાના ડાબા પગથી અટકાવી હતી[1] વળી જેણે કુંભપુરમાં ગર્જના કરતી સેનાને તરત ડાબા હાથથી રૂંધેલી હતી,[2] તે આ મહા ક્ષત્રિય છે. માટે મારી પુત્રી **કેતુમંજરીને** યોગ્ય એવો આ જ પતિ થાઓ.' આ પ્રમાણે કહી કૃષ્ણે કહ્યું, 'હે વીર, મેં અર્પણ કરેલી આ પુત્રીને તું ગ્રહણ કર.' પછી પુત્રીને કહ્યું, 'વત્સે! તું આ પતિની પત્ની થા અને તેની સાથે સુખે રહી ભોગ ભોગવ, આ વર મેં તને સોંપ્યો છે.' વીરક કેતુમંજરીને પરણવા ઈચ્છતો ન હતો પણ કૃષ્ણે ભ્રકુટી ચડાવી તેને બીવરાવ્યો એટલે **કેતુમંજરીનો** હાથ પકડી પોતાને ઘેર તેણીને તેડી લઈ ગયો. પછી 'આ કૃષ્ણની પુત્રી છે,' એમ ધારી તે વીરક તેણીને પલંગ પર બેસાડી ઉત્તમ ભોજ્ય રસવતીથી તેણીની હંમેશાં સારી બરદાસ કરવા લાગ્યો.

એક દિવસે **કૃષ્ણે વીરકને** પૂછ્યું કે, 'તું મારી પુત્રીને શું કરે છે?' વીરક બોલ્યો, 'મહારાજ, તમારી પુત્રી છે, એમ જાણી રાત્રી દિવસ તેની આરાધના કરૂં છું.' તે સાંભળી

[1] ખાબોચીઆનું પાણી. [2] ઘડાનું પાણી અટકાવવું તે.

કૃષ્ણ બોલ્યો, 'અરે મૂર્ખ, મેં તને તે પુત્રી કાંઈ પૂજા કરવા માટે આપી નથી. સત્વર જા અને તેણીની પાસે ઘરનાં કામ કરાવ. જો તું તેમ નહિ કરે તો તને મારીશ.' કૃષ્ણનાં આવાં વચન સાંભળી વીરક ઘેર ગયો અને હાથમાં લાકડી લઈ ભ્રકુટી ચડાવી **કેતુમંજરી** પ્રત્યે બોલ્યો, 'અરે રંડે, બેઠી થા, આ કોમલ તળાઈ વાલા પલંગ ઉપર શું બેઠી છે? આ ભાણું લે અને આ વસ્ત્ર ધોઈ આવ.' કેતુમંજરીએ કહ્યું, 'શું હું કૃષ્ણની પુત્રી તારે ઘેર કામ કરૂં?' તેણીએ એ પ્રમાણે કહ્યું એટલે વીરક લાકડી લઈને તેને નિષ્ઠુરપણે તાડન કરવા લાગ્યો. પછી **કેતુમંજરી** રોતી અને પોકાર કરતી પિતાની પાસે ગઈ. કૃષ્ણે કહ્યું, 'સુતા, તેં તારી પોતાની મેળે જ દાસીપણું સ્વીકાર કરેલું છે.' તે બોલી, 'પિતા, હું દાસીપણું નહિ કરૂં, તમે સ્વામીપણું આપો.' પછી **કૃષ્ણે** **પ્રભુની** પાસે તેણીને **દીક્ષા** અપાવી.

એક વખતે કૃષ્ણે મોટી ભક્તિથી સર્વ રાજાઓની સાથે સર્વ સાધુઓને દ્વાદશાવર્ત્ત વંદન કર્યું. બીજા રાજાઓએ પણ કેટલાકને વંદના કરી. તે વખતે બધાઓ વંદના કરતાં થાકી ગયા; માત્ર એક **વીરકને** થાક લાગ્યો નહિ. તે વીરકની સાથે સર્વ સાધુઓને વંદના કરી સંગ્રામ કર્મમાં પ્રવીણ એવા **કૃષ્ણે** પ્રભુને કહ્યું, 'સ્વામી, મેં ઘણા ભયંકર સંગ્રામો કર્યા છે, તેમાં પણ કદી નહિ થાકેલો હું આજે સર્વ સાધુઓને વંદના કરતાં થાકી ગયો છું.' પ્રભુ બોલ્યા, 'હે મહામતિ કૃષ્ણ, આ વખતે વંદના કરતાં તમે જે શુભ કર્મ સંપાદન કર્યું છે, તે તમે સાંભળો. તમે **ક્ષાયિક**

સમ્યકત્વ, અને **તીર્થંકર** ગોત્રકર્મ ઉપાર્જન કર્યું છે અને સાતમી નારકીનું આયુષ્ય બાંધેલું તે શુભ ભાવથી ત્રીજી નારકીને યોગ્ય કર્યું છે. વળી અંતે કર્મના ક્ષયથી નિકાચિત કરશો.' પ્રભુનાં આવાં વચન સાંભળી કૃષ્ણે પ્રસન્ન મનથી કહ્યું, 'સ્વામી, હું ફરીવાર વંદના કરૂં કે જેથી મારૂં ત્રીજી નારકીનું આયુષ્ય છેદાઈ જાય.' પ્રભુ બોલ્યા, 'કૃષ્ણ, પહેલાં તમને સ્થિર હૃદયથી જે ભાવ આવ્યો હતો, તે ભાવ હવે પુનઃ કદી નહિ આવે.' પછી કૃષ્ણે પ્રભુને પૂછ્યું, 'સ્વામી, મારી સાથે વંદના કરનારા **વીરકને** શું ફળ થયું ?' પ્રભુ બોલ્યા, 'તેને તો કેવલ શરીરને કલેશ જ થયો છે. હે રાજા, તમને તેની ઉપર જે સંતોષ થયો તે તેને આ લોકનું ફળ છે અને પરલોકનું ફળ તો ભાવથી જ પ્રગટે છે.' આ પ્રમાણે પ્રભુનાં વચન સાંભળી **કંસને** હણનાર કૃષ્ણ પોતાના નગરમાં ચાલ્યા ગયા.

એક વખતે કૃષ્ણની **ઢંઢણારાણીથી** ઉત્પન્ન થયેલ **ઢંઢણ** નામનો પુત્ર કે જે ઘણી સ્ત્રીઓને પરણ્યો હતો તેણે પ્રભુની પાસે ધર્મ સાંભળી તે સ્ત્રીઓનો ત્યાગ કરી દીક્ષા લીધી. પછી શુદ્ધ બુદ્ધિવાલા તે ઢંઢણે તપસ્યા કરતાં પ્રભુની સાથે વિહાર કર્યો. એવી રીતે રહેતાં તેને પૂર્વે કરેલ અંતરાય કર્મ ઉદયમાં આવ્યું. તેથી મોટી સમૃદ્ધિવાલી તે નગરીમાં ભિક્ષા અર્થે ફરતાં તેને ભિક્ષાની પ્રાપ્તિ થઈ નહિ. બીજા પણ સાધુઓ તેની સાથે ભિક્ષા અર્થે અટન કરતા હતા, તેમને પણ તેની સંગતને લઈને ભિક્ષાના લાભનો ઉદય થયો નહિ. પછી તે સાધુઓએ આવીને પ્રભુને પૂછ્યું

કે, 'સ્વામી, આ ઢંઢણ મુનિએ પૂર્વે શું કર્મ કર્યું હશે કે જેથી ભિક્ષામાં અંતરાય આવે છે. હાથમાં રહેલા આંમલાનાં ફળની જેમ અથવા હાથમાં રહેલાં નિર્મળ જળની જેમ વિશ્વને જોનારા તે સાધુઓને કહ્યું.

## ઢંઢણકુમારનો પૂર્વભવ

'મગધ દેશમાં ધાન્યપુર નામનાં ગામને વિષે **પરાશર** નામે એક બ્રાહ્મણ હતો. તે રાજાનો મોટી સમૃદ્ધિવાલો **પુરોહિત** હતો. તે કણબી લોકોની પાસે રાજાના ક્ષેત્રોને વવરાવતો હતો; તે કણબી ખેડુતોને ભોજન કરવાનો સમય થતો અને તેમનું ભાત આવતું તો પણ તે નિર્દય **પરાશર** તે ક્ષુધાતુર કણબીઓને ભોજન લેવાને છોડતો ન હતો. ક્ષુધા અને તૃષાથી પીડિત અને અત્યંત દુઃખી થતા બળદોની પાસે તે જુદા જુદા ચાસ કરી ખેડાવતો હતો. આવાં પાપ કર્મથી અંતરાય કર્મ બાંધી તથા ઘણા ભવમાં ભટકી તે **પરાશર** કૃષ્ણનો પુત્ર **ઢંઢણકુમાર** થયેલો છે.

પૂર્વનું તે અશુભ કર્મ ઉદય આવતાં ઢંઢણકુમારે એ સમૃદ્ધિવાલી નગરીમાં પણ ભિક્ષા મેળવી નહિ. પ્રભુનાં મુખથી પોતાનું પૂર્વ કર્મ સાંભળી ઢંઢણ મુનિએ કહ્યું, 'હે સ્વામી, કદી હું પરલબ્ધિથી ભિક્ષા ગ્રહણ કરીશ નહિ. પણ હવે હું સ્વલબ્ધિથી અંતરાય કર્મ ક્ષીણ થયે ભિક્ષા મેળવીશ અને હવેથી આ રીતે ભિક્ષાના અભિગ્રહવાળો હું થયો છું.' આ પ્રમાણે અભિગ્રહ લઈ તે ઉદાર બુદ્ધિ **ઢંઢણકુમાર** નગરીમાં ભમવા લાગ્યો, પણ તેણે જળ પણ પ્રાપ્ત કર્યું નહિ. **પ્રાયે કરીને કર્મ દુસ્ત્યજ છે.**

એક વખતે **કૃષ્ણે** હર્ષથી પૂછ્યું કે, 'આ સાધુઓના વૃંદમાં દુષ્કર કામ કરનાર કોણ છે?' સ્વામી બોલ્યા, 'કૃષ્ણ, સર્વ યતિઓ દુષ્કર કામ કરનારા છે. હારના મણિઓની જેમ તેમનામાં અંતર તફાવત કહેવામાં હું ઉત્સાહ રાખતો નથી. તથાપિ મારે કહેવું જોઈએ કે, તેઓમાં **ઢંઢણમુનિ** અતિ દુષ્કર કાર્ય કરનાર છે, કારણ કે, તેણે ભિક્ષાના અલાભનો પરીષહ સહન કર્યો છે.' આ વાર્તા સાંભળી **કૃષ્ણ** પ્રભુને નમી પોતાની નગરી તરફ ગયા. માર્ગમાં જતાં ઇર્યાપથિકી ક્રિયા વડે જતા **ઢંઢણમુનિ** તેમના જોવામાં આવ્યા. તેમને જોતાં જ રાજાઓમાં શ્રેષ્ઠ કૃષ્ણ હાથી ઉપરથી ઉતરી પડ્યા અને પરમ ભક્તિ વડે તેમણે લલાટ ઉપર રજનું તિલક કરતાં મુનિને વંદના કરી. કૃષ્ણને આ પ્રમાણે આદરથી વંદના કરતા જોઈ કોઈ એક ગૃહસ્થે મનમાં ચિંતવ્યું કે, 'જેને **કૃષ્ણ** જેવા રાજા મહાભક્તિથી વંદના કરે છે, તો આ કોઈ ઉત્તમ પુરૂષ લાગે છે.' આવું ચિંતવી તે ગૃહસ્થ **ઢંઢણમુનિને** પોતાને ઘેર લઈ ગયો અને તેણે ભક્તિ વડે સિંહકેશરીઆ મોદકથી મુનિને પ્રતિલાભિત કર્યા. તે વખતે ઢંઢણમુનિ હર્ષ પામી મનમાં ચિંતવવા લાગ્યા કે, આજે આવા લાભથી મારા કર્મનો ક્ષય થઈ ગયો. પછી **ઢંઢણમુનિ** સિંહકેશરીઆ મોદકથી પાત્ર ભરી પ્રભુની પાસે આવ્યા અને પ્રભુને નમસ્કાર કરી તે મોદક બતાવ્યા. તે ઉપરથી પ્રભુએ કહ્યું, 'હે ઢંઢણમુનિ, આ તારી લબ્ધિ નથી, પણ તે **કૃષ્ણ** વાસુદેવની લબ્ધિ છે, તેથી તારૂં કર્મ ક્ષીણ થયું નથી, કારણ કે, કોઈ ગૃહસ્થે તને કૃષ્ણને વંદન કરતા જોયા,

તેથી તને ઉત્તમ માની આ મોદક વહોરાવ્યા છે.' ઢંઢણે કહ્યું, 'સ્વામી, કહો, ત્યારે હું શું કરૂં? આ મોદક મારે કલ્પે કે નહિ?' પ્રભુ બોલ્યા, 'તે મોદકને શુદ્ધ જગ્યામાં ચૂર્ણ કરી પરઠવી દે.' પ્રભુનાં આ વચન સાંભળી રાગાદિકથી વર્જિત એવા **ઢંઢણમુનિએ** શુદ્ધ જગ્યામાં જઈ તે મોદકનું ચૂર્ણ કર્યું, અને તે સમયે હૃદયથી પોતાના કર્મની નિંદા કરતા **ઢંઢણમુનિ** ઉત્તમ ક્ષપક શ્રેણી પર આરૂઢ થયા. તરત જ તે વખતે તેમને **કેવલજ્ઞાન** ઉત્પન્ન થયું. તત્કાલ દેવતાઓએ આવી તેમના કેવલ જ્ઞાનનો મોટો મહિમા કર્યો. પછી **ઢંઢણમુનિ** પ્રભુને પ્રદક્ષિણા કરી કેવલીઓની પર્ષદામાં ગયા.

**इति श्री० श्री प्रद्युम्नचरिते महाकाव्ये देवकीषटपुत्राधिकार–गजसुकुमालाधिकार–सागरचंद्राधिकार – देवतापरीक्षा–भेरी समर्पण–धन्वंतरि–वैतरणिवैद्याधिकार–ढंढणकुमाराधिकार वर्णनो नाम चतुर्दश सर्गः ॥ १४ ॥**

મારો આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય અને ઉપયોગનો ખજાનો છે. દુનિયાના બધા પદાર્થો બાહ્ય છે, આત્માને સંસારના એ ભાવો સાથે સાચો સંબંધ નથી તેથી તેને વોસિરાવું છું.

આત્માને પુદ્ગલની સંગતિથી દુઃખી થવું પડે છે, માટે પરપરિણતિનો રંગ ઘટે એટલો ઘટાડીને આત્માને સાચા સ્વરૂપમાં લાવવો એ જીવનમાં અત્યંત જરૂરનું કાર્ય છે.

# સર્ગ: ૧૫ મો

## રથનેમિ અને રાજીમતીનો અધિકાર તથા શાંબ, પાલકના ભવ્યત્વનું વર્ણન.

એક વખતે મુનિપતિ **નેમિનાથ** પ્રભુ કેટલાક લાભ જાણી કૃષ્ણની નગરી દ્વારિકામાં ચાતુર્માસ રહેવાની ઇચ્છાથી સમોસર્યા. તેથી મહર્ષિઓ આહાર લેવાને દ્વારિકામાં ગયા. તેઓમાં **રથનેમિ** સાધુ દ્વારિકા નગરીમાંથી ભિક્ષા લઈ પ્રભુની પાસે આવતા હતા, ત્યાં અકસ્માત મેઘ વૃષ્ટિ થઈ. રથનેમિ ભય પામી એક મોટી ગુફામાં પેસી ગયા. તે જ સમયે **રાજીમતી** ઘણી સાધ્વીઓની સાથે પ્રભુને વંદના કરી પાછી ફરતી હતી. બીજી સાધ્વીઓ અપકાય જીવની વિરાધનાથી ભય પામી આમ તેમ ચાલી ગઈ અને રાજીમતી પણ વરસાદથી ભય પામી જેમાં રથનેમિએ પ્રવેશ કર્યો હતો, તે જ ગુફામાં પેઠી. ત્યાં તેણીએ પોતાનાં ભીનાં વસ્ત્રો સુકવવા માંડ્યાં, એટલે **રથનેમિ** તેણીને નગ્ન જોઈ કામ રૂપ ભૂતથી પીડિત થઈ ગયો અને તેની પાસે આવી આ પ્રમાણે બોલ્યો, 'અરે સુંદરી, આપણા બંનેનો દૈવે અકસ્માત સમાગમ કર્યો છે, તેથી મારી સાથે ભોગ ભોગવ. ફરીવાર આવો સંગમ નહીં થાય. મેં તને પૂર્વે પણ પ્રાર્થના કરી હતી, પરંતુ તેં તે વાત અંગીકાર કરી ન હતી. અને અત્યારે દૈવયોગે તું મને નગ્ન રૂપે પ્રાપ્ત થઈ છે.' રથનેમિનો સ્વર ઓળખી તેણીએ પોતાના અંગ વસ્ત્રથી ગોપવી દીધાં. પછી ઉત્તમ બુદ્ધિવાલી તે ધૈર્ય રાખી અમૃત જેવી વાણીથી બોલી, 'વૃષ્ણિ કુળમાં

ઉત્પન્ન થયેલા, **સમુદ્રવિજય** રાજાના પુત્ર, સ્વામી **નેમિનાથના** ભાઈ અને તેમના શિષ્ય એવા **રથનેમિ**, તમે હજુ પણ કેમ શરમાતા નથી? પ્રથમથી નિષ્કલંક એવા કુળને કલંકિત કરો નહિ. જે મસ હોય તે ચંદ્રનાં કિરણ જેવાં શ્વેત વસ્ત્રને કલંકિત–મલિન કરે છે. તું **સર્વજ્ઞનો** શિષ્ય થઈ આવું નિંદિત કર્મ શું કરે છે? અને હું મહાસતી થઈ શું એવું નિંદિત કર્મ કરી ઘોર નરકમાં પડીશ? અરે! તું ગધેડાના જેવી આવી નઠારી આશા છોડી દે. પ્રભુની પાસે જા અને પુનઃ શુદ્ધ વ્રત કર. અધમ કુળમાં ઉત્પન્ન થયેલો નાગ પણ વમન કરેલાને ફરીવાર ગ્રહણ કરવા ઇચ્છતો નથી. તો હે દુર્મતિ, તું એનાથી પણ નીચ લાગે છે. જો તું આ પ્રમાણે કામવશ હતો તો તારે શા માટે વ્રત લેવું હતું? અને જો તેં આ વ્રત સત્ય રીતે લીધું હોય તો હવે એ નિર્મળ વ્રતનું પાલન કરવું જોઈએ. બળતા અગ્નિમાં પ્રવેશ કરવો સારો પણ વ્રતનો ભંગ કરવો સારો નહિ. આપણે બંનેને નરકનું કારણરૂપ એવું આ દુર્વચન હવે મારી પાસે કહીશ નહિ. કદી તારામાં એવી કુબુદ્ધિ ઉત્પન્ન થઈ હોય તો તેને તારા હૃદયમાં જ રાખજે.' આ પ્રમાણે સાધ્વી **રાજીમતીએ** ચાતુર્યભરેલાં વચનોથી પ્રતિબોધ કરવાથી રથનેમિના હૃદયમાં સારી અસર થઈ અને તે પોતાના દુષ્કર્મની નિંદા કરતો ભગવંત **નેમિનાથની** પાસે આવ્યો. તેણે પ્રભુની આગળ પોતે કરેલા વ્રતના ભંગની આલોચના લીધી. પછી પ્રભુએ બતાવેલી તપસ્યા કરી પ્રભુની સાથે તેણે વિહાર કર્યો. એક વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં રહી તેમને **કેવલજ્ઞાન**

પ્રાપ્ત થયું, કારણ કે, સોય સૂતર સહિત હોય તો જડ્યા વિના રહેતી નથી.

પછી પ્રભુ **નેમિનાથ** લાભને અર્થે વિહાર કરી ફરી ત્યાં સમવસર્યા. મુનિઓ અને વણિકો લાભ જોઈને જ વિચરે છે. પ્રભુને સમોસરેલા જાણી **કૃષ્ણે** શાંબ વિગેરેને બોલાવી કહ્યું કે, 'જે પ્રભુને જઈ પહેલો નમશે તેને આ ઘોડો મળશે.' કૃષ્ણનાં આ વચન સાંભળી ભવ્યપણાથી રહિત એવો **પાલક** નામે તેમનો પુત્ર અશ્વ ઉપર બેસી વહેલી રાતમાં સત્વર ચાલ્યો. તેણે પ્રભુને વંદના કરી કહ્યું કે, 'તમારે **કૃષ્ણને** કહેવું કે, પાલકે સર્વ પ્રથમ મને વાંદ્યો છે.'

મોટી ભક્તિવાલો **શાંબકુમાર** પ્રભાતે ઉઠી શય્યા છોડી **શ્રી નેમિપ્રભુની** સન્મુખ સાત આઠ પગલાં જઈ ઉભો રહ્યો. પછી તેણે એક સાટિક ઉત્તરાસંગ કરી અને સર્વ કર્મને નાશ કરનારા શક્રસ્તવ વિગેરેથી પ્રભુને વંદના સ્તુતિ કરી. પેલો પાલક ઉતાવળો કૃષ્ણની પાસે આવ્યો અને તેણે દર્પક અશ્વની માંગણી કરી. **કૃષ્ણે** કહ્યું, 'હું **નેમિનાથ** પ્રભુની પાસે જાઉં છું. તેમને પૂછીને પછી અશ્વ આપીશ.' આ પ્રમાણે કહી **પ્રદ્યુમ્ન, શાંબ** વિગેરે પુત્રોથી વીંટાએલા કૃષ્ણ **નેમિનાથને** નમવાને ઉત્કંઠિત થઈ સમવસરણમાં આવ્યા કૃષ્ણે વંદના કરી પ્રભુને પૂછ્યું કે, 'સ્વામી, આ શાંબ અને પાલક એ બંનેમાંથી આપને પ્રથમ વંદના કોણે કરી છે? કે જેને હું અશ્વ આપું.' પ્રભુએ કૃષ્ણ વાસુદેવને ઉત્સુક થઈ કહ્યું, 'તમારા પુત્ર **પાલકે** મને દ્રવ્યથી વંદના કરી છે અને હૃદયમાં પૂર્ણ ભક્તિવાલા **શાંબે** ભાવથી વંદના

કરી છે.' કૃષ્ણે આશ્ચર્યથી પૂછયું, 'તે બંનેમાં શો ભેદ છે?' કૃષ્ણના પૂછવાથી પ્રભુ બોલ્યા, 'તમારો પુત્ર પાલક ભવ્ય નથી. તેથી તેણે દ્રવ્યથી વંદના કરી છે, ભાવથી કરી નથી. અને **જાંબુવતીનો** પુત્ર **શાંબ** આ જ ભવે મોક્ષગામી છે, તેથી તેણે ભાવથી વંદના કરી છે. તે વંદના તેને મોક્ષ માર્ગમાં રથ સમાન છે.' પ્રભુનાં આવાં વચન સાંભળી **કૃષ્ણે** ક્રોધ કરી પાલકને કાઢી મૂકયો અને તત્કાલ **શાંબકુમારને** હર્ષિત થઈ તે અશ્વ આપ્યો અને તેને મંડલેશ્વર બનાવ્યો.

**इति श्री प्रद्युम्नचरिते महाकाव्ये रथनेमि राजिमत्यधिकार शांब-पालक भव्यत्ववर्णनो नाम पंचदशः सर्गः ॥ १५ ॥**

卐

રાગ-દ્વેષ આદિ અંતરંગ શત્રુઓનો નાશ કરીને પરમાત્મપણાને પ્રાપ્ત કરનાર એ જ **સુદેવ** સંસારના સર્વ બાહ્ય-અભ્યંતર બંધનો છોડીને આત્મકલ્યાણમાં હંમેશ રક્ત રહેનાર એ જ **સુગુરુ** અને વીતરાગ કથિત સર્વ જીવોની સૂક્ષ્મમાં સૂક્ષ્મ દયા પાળવી એ જ **સુધર્મ**. આ ત્રણે તત્ત્વોને સાચા ભાવથી સ્વીકારૂં છું.

જગતના જીવો પોતપોતાના કર્મના અનુસારે ચોરાશી લાખ જીવાયોનિમાં ભટકે છે અને હેરાન થાય છે. તે બધા મારા મિત્રો છે. સર્વેને હું ખમાવું છું. સર્વે મને ક્ષમા આપો, મારે કોઈની સાથે વેર નથી.

# सर्गः १६ मो

## પ્રદ્યુમ્ન અને શાંબ વિગેરે કુમારોની દીક્ષા, દ્વારિકા નગરીનું દહન અને કૃષ્ણનો અવસાન કાળ.

એક વખતે **શ્રી નેમિનાથ** પ્રભુની દેશના સમાપ્ત થયા પછી વિનય અને હર્ષથી યુક્ત એવા કૃષ્ણે અંજલિ જોડી પ્રભુને પૂછયું, 'હે સ્વામી, અનેક રત્નોને સેવનારી આ દ્વારિકા નગરીનો કોઈ વાર ક્ષય છે કે નહીં? અથવા તો તે મેરૂ પર્વતની જેમ ધ્રુવ છે? અને સર્વ સ્થળે વિજય મેળવનારા એવા મારા આયુષ્યનો ક્ષય છે કે નહિ? જો ક્ષય હોય તો તે શા નિમિત્તે છે? તે કૃપા કરી કહો.' આ પ્રમાણે **કૃષ્ણના** પૂછવાથી **શ્રી નેમિનાથ** બોલ્યા, 'હે કૃષ્ણ રાજા, તમારા જેવા ડાહ્યા માણસને તેમાં શો મોહ છે? જે વસ્તુ ઉત્પન્ન થઈ તેનો અવશ્ય નાશ થવાનો જ. દરેક ઉત્પન્ન થયેલ વસ્તુ નાશવંત છે. તમારી આ દ્વારિકાનો અને તમારો બંનેનો ક્ષય થવાનો છે. તેના ક્ષયનું નિમિત્ત કેવી રીતે છે, તે મૂળથી સાંભળો.'

'શૌર્યપુરમાં બહાર આશ્રય કરી રહેલ **પરાશર** નામે એક તાપસ છે, તે બધા તાપસોમાં વિખ્યાત છે. એક વખતે તે તાપસ કામાતુર થયેલો નીચ કુળમાં ઉત્પન્ન થયેલી કોઈ કન્યાને લઈ યમુના દ્વીપમાં ગયો. કામથી ઉદ્ધત એવા તે તાપસે તે દ્વીપનો આશ્રય લઈ તે કન્યાની સાથે વિષય સેવન કર્યું. તેમાંથી તેને એક પુત્ર થયો. તેનું **દ્વૈપાયન** એવું નામ પાડ્યું. દ્વૈપાયન મહાન બાળ તપસ્વી છે, તે આ **ગિરનાર**

પર્વત ઉપર આવેલ છે. હવે થોડા વખતમાં **શાંબ** વિગેરે કુમારો ત્યાં જશે. તેઓ મદ્યપાન કરી ઉન્મત્ત થઈ તેને મારી નાંખશે. પછી તે તાપસ નિયાણું કરી ઘણા યાદવોની સાથે મૃત્યુ પામી દેવમાં ઉત્પન્ન થઈ દ્વારિકા નગરીને બાળી નાંખશે અને તમારી **જરા** માતાના ઉદરથી થયેલા તમારા ભાઈ **જરાકુમારથી** તમારો નાશ થશે. સંસારની સ્થિતિ એવી જ છે.' આ વખતે જરાકુમાર ત્યાં હાજર હતો. પ્રભુનાં મુખથી આ બધું સાંભળી તેણે વિચાર્યું કે, આવું અગાધ પાપ કરીને હું નરકે ન જાઉં તો વધારે સારૂં, હવે અહીંથી ચાલ્યો જાઉં કે જેથી મને આ કૃષ્ણનો સંગમ ન થાય. આ પ્રમાણે વિચારી જરાકુમાર ધનુષ્ય અને ભાથો લઈ વનમાં ચાલ્યો ગયો. પેલો તાપસ **દ્વૈપાયન** પણ એ પાપના ભયથી ભીરૂ થઈ વનમાં રહ્યો હતો, અને યાદવો તથા દ્વારિકાનો ક્ષય ન કરવો, એવું તે ધારતો હતો.'

**શ્રી નેમિનાથ** પ્રભુનાં આ વચન સાંભળી કૃષ્ણ વાસુદેવ, મદ રહિત થયેલા હસ્તીની જેમ શિથિલ થઈ ગયા અને પ્રભુને વંદના કરી હૃદયમાં દુઃખી થતા તેમણે દ્વારિકામાં પ્રવેશ કર્યો. પછી કૃષ્ણે પોતાના પુત્ર વિગેરે સર્વ યાદવોને બોલાવી પ્રભુએ કહેલાં વચનો સંભળાવ્યાં અને કહ્યું કે, 'હે લોકો, **આપણી દ્વારિકા નગરીના ક્ષયનું મૂળ મદિરા છે અને મદિરાથી જ તેનો નાશ થવાનો છે**, તેથી તમે તેનો ત્યાગ કરો. ઝેરની જેમ તેનું પાન કોઈએ કરવું નહિ.' **કૃષ્ણનાં** આવાં વચન સાંભળી તેમણે ભય પામી મદિરાનો ત્યાગ કરવાને પર્વતની ગુફાઓમાં છોડી દીધી. પછી કૃષ્ણે પટહની

ઘોષણા કરાવી મદિરાનો ત્યાગ કરાવ્યો અને પોતે તથા બલદેવ તત્કાલ ધર્મમાં તત્પર થયા.

બલદેવનો ભાઈ **સિદ્ધાર્થ** સારથિ કે જે ઘણી બુદ્ધિવાલો હતો તેણે કમલના કોશ જેવા બે હાથ જોડી **બલદેવને** કહ્યું, 'સ્વામી, હવે હું મારી સન્મુખ પ્રલય કાળને ન જોઉં માટે તમારી આજ્ઞા લઈ તેવું જ કાર્ય કરવાને ઇચ્છુ છું. **શ્રી નેમિનાથ** પ્રભુની પાસે દીક્ષા લેવા મને રજા આપો. હું હમણાં જ જઈને દીક્ષા લઉં. હવે કાલક્ષેપ કરવો યોગ્ય નથી.' સિદ્ધાર્થનાં આવાં વચન સાંભળી બલદેવે કહ્યું, 'ભ્રાતા તમારો વિરહ મારે દુઃસહ છે, તથાપિ તમારા હિતને માટે હું પ્રભુની પાસે દીક્ષા લેવા તમને રજા આપું છું. પરંતુ તમે એક વાત યાદ રાખજો કે, જો તમે ઘણું ઉત્કૃષ્ટ તપ કરી સ્વર્ગે જાઓ તો અતિ મોહ દશાને પ્રાપ્ત થઈ ઉન્માર્ગે ચાલતા એવા મને પ્રતિબોધ કરજો અને તેને માટે મને વચન આપો.' **સિદ્ધાર્થે** તે વાત કબુલ કરી. પછી મોહ રહિત અને ઉદાર બુદ્ધિવાલા સિદ્ધાર્થે મોટા ઉત્સવ સાથે પ્રભુની પાસે દીક્ષા લીધી. મોટી તપસ્યાને આચરતા **સિદ્ધાર્થ** મુનિ છ માસ સુધી મહાવ્રતને પાળી સ્વર્ગે ગયા અને પછી ભવાંતરે મોક્ષે પણ જશે.

આ તરફ **કૃષ્ણની** આજ્ઞાથી દ્વારિકા નગરીમાંથી બધું મદ્ય એકઠું કરી પર્વતની શિલાના એક કુંડમાં નાંખ્યું. તેની આસપાસ આવેલાં વૃક્ષો તથા લતાઓના પુષ્પોથી વાસિત થયેલું તે મદ્ય ઘણું ખુશબોદાર બની ગયું. દૈવયોગે એક વખતે **શાંબનો** કોઈ સેવક વૈશાખ માસમાં ત્યાં જઈ ચડ્યો.

તેને અતિ તૃષા લાગવાથી ઘણે દિવસે પ્રાપ્ત થયેલાં તે મદ્યને હર્ષથી પી ગયો. પછી બાકીના મદ્યથી એક ચામડાંની મશક ભરી તે શાંબની પાસે આવ્યો અને તેને તે મદ્ય ભેટ કર્યું. તેવાઓને તે પ્રિય હોય છે. તે મદ્યનું ખૂબ પાન કરી અને તેથી અત્યંત ખુશી થઈ **શાંબે** તે સેવકને પૂછ્યું કે, 'અરે સેવક, કહે આવું મદ્ય તને ક્યાંથી મળ્યું ?' પોતાના સ્વામીને પ્રિય થવાની ઇચ્છાવાલા તે સેવકે તે મદ્યની વાત કહી સંભળાવી. પછી બીજે દિવસે શાંબ પોતાની ટોળીને સાથે લઈ ત્યાં ગયો. શાંબ અને બીજા કુમારો હર્ષથી તે મદિરા પીવા લાગ્યા, તે દુસ્ત્યજ મદિરાનું અતિશય પાન કરી તેઓ ગર્વિષ્ટ અને ઉન્મત્ત થયેલા તેઓ અતિશય નાચવા લાગ્યા અને ગાવા લાગ્યા. તેમજ છુટા કેશ મૂકી તે પર્વત ઉપર ફરવા લાગ્યા. દૈવયોગે ફરતાં ફરતાં તેમણે **દ્વૈપાયન** તાપસને એકાંતે બેઠેલો જોયો. તે તાપસ ત્યાં ભયથી એકાંતે દુસ્તપ તપ કરતો હતો. 'અરે, આ પાપી છે,' એમ કહી ક્રોધથી રાતા થઈ તે અતિ બળવાન કુમારો તેને પત્થરોથી, મુષ્ટિઓથી અને લતાઓથી મારવા લાગ્યા. કુંભાર જેમ માટીને ચોળી નાખે તેમ તેઓએ મદથી તે તાપસને ચોળી નાંખી મરણ તુલ્ય કરી હર્ષ પામતા દ્વારિકામાં આવ્યા. આ વૃત્તાંત કોઈએ આવી **કૃષ્ણને** જણાવ્યો. તે સાંભળી 'અરે, એ મૂર્ખાઓએ કેવું કામ કર્યું ?' એમ કૃષ્ણ હૃદયમાં ચિંતવવા લાગ્યા. પછી કૃષ્ણ બલભદ્રને સાથે લઈ સત્વર પર્વત ઉપર આવ્યા. ત્યાં તેમણે દૃષ્ટિવિષ સર્પની જેમ કોપથી રાતાં નેત્રવાલા તે તાપસને જોયો. પછી કોપ રૂપ અગ્નિને

બુઝાવવામાં જળ જેવી અને અમૃતના પ્રવાહને વર્ષતી એવી વાણીથી તેમણે દ્વૈપાયન તાપસને શાંત કરવા માંડ્યો. તેમણે કહ્યું, 'હે મહર્ષિ, ક્રોધ કરો નહિ. આ ક્રોધ અગ્નિથી પણ અધિક દુઃખદાયક છે, કારણ કે ક્રોધ માણસને ભવાંતરમાં પણ ચિરકાલ દુઃખદાયી થાય છે. તેથી સર્વ પ્રાણીઓને ક્રોધ કરવો યોગ્ય જ નથી. હે મહા મુનિ, આ મદોન્મત્ત એવા મૂર્ખા કુમારોએ તમોને જે આ પરીષહ કર્યો છે, તે ક્ષમા કરો. ગાયના દૂધમાં સૌવીર નાંખવાની જેમ, તમે કરેલું આ મોટું તપ નિયાણાથી વૃથા કરવું ઘટિત નથી.'

કૃષ્ણનાં આવાં વચન સાંભળી **દ્વૈપાયન** બોલ્યો, 'બસ થયું, હવે તમારે વચન બોલવાની જરૂર નથી. તમારા કુમારોએ જ્યારે મને નિર્દયતાથી માર્યો, ત્યારે મેં નિયાણું બાંધી દીધું છે. મારે આ દ્વારિકા નગરી લોક સહિત ભસ્મ કરી દેવી છે. માત્ર તમને બેને જ છોડ્યા છે. આ વિષે મારો નિશ્ચય છે.' તે વખતે પુનઃ તેને વિજ્ઞપ્તિ કરવા ઉત્સુક થયેલા કૃષ્ણને બલભદ્રે વાર્યા અને કહ્યું કે, 'ક્રોધથી વિહ્વલ થયેલા આવા લોકો કદી સમજતા નથી. જેમનાં પગ, નાક અને હાથ વાંકા હોય, હોઠ તથા દાંત જાડા હોય, બીલાડાના જેવી આંખો હોય, અને પીળા કેશવાળા હોય તેઓ કદી પણ ક્રોધની શાંતિને પામતા નથી. તેથી જેનું ચિત્ત મિથ્યાત્વથી ગ્રસ્ત થયું છે એવા આ તાપસની આગળ તમારા જેવા મોટા પુરૂષોએ દીન વચનો ન બોલવાં જોઈએ.'

આ પ્રમાણે **બલભદ્રે** કહ્યું, એટલે **કૃષ્ણ** ભવિતવ્યતાનું ચિંતવન કરતા બલભદ્રને લઈ દ્વારિકામાં પોતાને ઘેર ગયા.

ત્યાં જઈ સર્વ નગરમાં દરરોજ પટહ ઘોષણા પૂર્વક તે દુષ્ટ બુદ્ધિવાલા તાપસનું નિયાણું સર્વને જાહેર કર્યું. આ વખતે સંસાર સાગરમાં પડતા એવા પ્રાણીઓને રક્ષણ કરવાને જેમ મોટું નાવ આવે તેમ **શ્રી નેમિનાથ** પ્રભુ ત્યાં આવી મોટી સમૃદ્ધિ સાથે સમોસર્યા. પ્રભુએ દેશના આપવાનો આરંભ કર્યો. કૃષ્ણ હંમેશાં જઈ તે દેશના સાંભળવા લાગ્યા અને બીજા સર્વ લોકો સાવધાન થઈ ધર્મ કરવામાં તત્પર થયા. તે વખતે નેમિનાથ પ્રભુની દેશના સાંભળી **પ્રદ્યુમ્નકુમારની** બુદ્ધિ વિરક્ત થઈ ગઈ. તેણે આવી બે હાથ જોડી કૃષ્ણને તરત વિનંતિ કરી કે, 'પિતાજી, **શ્રી નેમિનાથ** પ્રભુની દેશના સાંભળી હું આ સંસાર ઉપરથી ઉદ્વિગ્ન થઈ ગયો છું માટે મને દીક્ષા લેવા આજ્ઞા આપો. હવે આ સંસારમાં રહેવું મને યોગ્ય લાગતું નથી.' કુમારનાં આવાં વચન સાંભળી કૃષ્ણે કહ્યું, 'વત્સ, તને ધન્ય છે. તું બાળક છતાં દુઃખને નાશ કરનારી અને આ સંસારને તારનારી આવી તારી બુદ્ધિ થઈ. હું જાણું છું તે છતાં મને સ્વપ્નામાં પણ આવી બુદ્ધિ થતી નથી તે ઉપરથી મને લાગે છે કે, મને નરક ગતિનું દુઃખ ઘણો કાળ પ્રાપ્ત થશે. હે પુત્ર, હું તને સ્નેહને લઇને દીક્ષા લેતા અટકાવું, પણ પરિણામ વિચારતાં તને તપસ્યા કરવાને માટે આજ્ઞા આપું છું. જેમ યોગ્ય લાગે તેમ સત્વર કર.' તે પછી **શાંબ** અને બીજા કૃષ્ણના તથા બલદેવના કુમારોએ પણ આવીને તેમ કહ્યું, એટલે કૃષ્ણે તેમને આજ્ઞા આપી. પછી તેઓએ **પ્રદ્યુમ્નની** સાથે પ્રભુ પાસે જઈ **મહાવ્રત** ગ્રહણ કર્યું. **રૂક્મિણી, જાંબુવતી**

વિગેરે કૃષ્ણની પત્નીઓએ અને બલદેવ વગેરેની પત્નીઓએ પણ તે વખતે **દીક્ષા** ગ્રહણ કરી. આ સમયે **કૃષ્ણ** ચિંતવવા લાગ્યા કે, વિષયની લાલસાવાલા એવા મને ધિક્કાર છે ! આ બાળકો પણ પ્રતિબોધ પામ્યા અને હું પ્રતિબોધ પામ્યો નહિ. આ પ્રમાણે દુઃખ પામતા કૃષ્ણને જ્ઞાનના સૂર્યરૂપ **શ્રી નેમિનાથ** પ્રભુએ કહ્યું, 'હે કૃષ્ણ, અર્ગલાની જેમ નિયાણાંથી વાસુદેવો દીક્ષા ગ્રહણ કરી શકતા નથી. તમે ખેદ પામશો નહિ. તમારે ત્રીજી નરકે જવું પડશે, પણ ત્યાંથી નીકળીને તમે આ ભરતખંડમાં **તીર્થંકર** થશો. આ તમારા ભાઈ **બલદેવ** બ્રહ્મદેવલોકમાં જશે. ત્યાંથી ચ્યવીને આજ ભરતખંડમાં પરમ સમૃદ્ધિવાલા થશે. પછી ઉત્સર્પિણી કાળ પ્રવર્ત્તતાં એ મોટા મનવાલા બલદેવ, તીર્થંકર એવા તમારા જ તીર્થમાં દીક્ષા લઈ પરમ આનંદ પદને પ્રાપ્ત થશે.' પછી **પ્રદ્યુમ્ન** અને **શાંબ** વિગેરે ઉત્તમ વ્રતને ગ્રહણ કરી કર્મરૂપી ઇંધણા માટે અગ્નિરૂપ એવા અનુત્તર તપને કરવા લાગ્યા પછી સૂર્યની જેમ તેજસ્વી કિરણોથી યુક્ત એવા પ્રભુ પોતાના વિહારથી પૃથ્વીતલને પવિત્ર કરતા ત્યાંથી બીજા દેશમાં ગયા.

પછી **કૃષ્ણ** વાસુદેવ દ્વારિકામાં પટહની ઘોષણા દરરોજ કરાવી લોકોને જિનપૂજા વિગેરેમાં તત્પર અને ધર્મનિષ્ઠ કરી સાવધાન કરવા લાગ્યા. સર્વ યાદવો તપ તથા ધ્યાનને સેવન કરનારા, **નવકાર મંત્રને** ગણનારા અને સત્ય ભાષણ કરનારા થયા.

હવે દુષ્ટ બુદ્ધિવાલો **દ્વૈપાયન** તાપસ મૃત્યુ પામીને **અગ્નિકુમાર** દેવતાઓમાં ઉત્પન્ન થયો, કારણ કે, તેવાઓની

તેવી જ ગતિ થાય છે. ત્યાં ઉત્પન્ન થઈ તેણે યાદવોની સાથે થયેલું વૈર અને તે વિષે કરેલું નિયાણાંનું સ્મરણ કર્યું. પછી તે દ્વારિકાપુરીમાં આવ્યો, ત્યાં તેણે કોઈને નવકાર મંત્રનો **જપ** કરતો અને કોઈને **નેમિનાથ** પ્રભુની પ્રતિમાને **પૂજવામાં** તત્પર થતો જોયો. કોઈ **પૌષધવ્રત** ગ્રહણ કરતો હતો તો કોઈ **સામાયિક** વ્રત લેતો હતો. કોઈ **કાયોત્સર્ગ** કરતો હતો અને કોઈ ઉત્તમ **દાન** આપતો હતો. જ્યારે **છઠ્ઠ, અઠ્ઠમની** તપસ્યા કરતી, **દેવપૂજામાં** તત્પર થતી, **બ્રહ્મચર્ય** વ્રતને ધારણ કરતી અને હાથમાં નવકારવાળી લઈ **શ્રી નેમિનાથ** પ્રભુનાં નામનો મુખે **જપ** કરતી, દ્વારિકાની સ્ત્રીઓ તેના જોવામાં આવી. આ પ્રમાણે પુરૂષો અને સ્ત્રીઓને સત્કર્મમાં નિશ્ચલ જોઈ છલ કરનારો તે **દ્વૈપાયન** શ્વાનની જેમ તેમાં પેસી શકયો નહિ. તે કોઈ છલની ગવેષણા કરતો અગીયાર વર્ષ સુધી બહાર રહ્યો. જ્યારે બારમા વર્ષનો પ્રવેશ થયો, ત્યારે લોકો પાછા પ્રમાદમાં પડી ગયા. તેઓ કહેવા લાગ્યા કે, 'તે દ્વૈપાયન તાપસ કોણ છે? તે દુર્ધ્યાની મૃત્યુ પામીને નરકે ગયો છે. હવે તેનું અહીં આગમન શી રીતે થાય? અથવા તે દુર્ધ્યાની દેવતા તિર્યંચપણાને પામ્યો હશે.' આવું વિચારી દ્વારિકાના લોકો પ્રમાદમાં પડી ગયા. તેઓ નિઃશંક થઈને સ્ત્રીઓની સાથે મદ્યપાન કરી સુખવિલાસ કરવા લાગ્યા.

આ વખતે દ્વારિકા નગરીમાં કલ્પાંત જેવા ભૂમિકંપ વિગેરે મોટા **ઉત્પાત** થવા લાગ્યા. પાષાણની પ્રતિમાઓ **હસવા** લાગી અને ઉંચે સ્વરે **રોવા** લાગી. સૂર્યના

મંડલમાંથી **અંગારાની વૃષ્ટિઓ** થવા માંડી. ઘણાં લોકો સૂર્ય મંડલને **છિદ્રવાલું** જોવા લાગ્યા. અકાળે **વીજળીઓ** અને **મેઘ ગર્જના** થવા લાગી. સ્વપ્નામાં ચારે તરફ **અગ્નિની વૃષ્ટિ** જોવા લાગ્યા. **ચક્ર રત્ન** વિગેરે રત્નો પોતાની મેળે જ વિનાશ પામ્યા. આ વખતે કૃષ્ણ અને **બલદેવની** બુદ્ધિમાં પણ અત્યંત મોહ થઈ ગયો પછી **દ્વૈપાયને સંવર્ત્ત** પવનને વિકુર્વ્યો પછી તેણે પ્રલય કાળના અગ્નિ જેવો મહાન પ્રજ્વલિત **અગ્નિ** છોડ્યો. પવનથી જાણે પાંખોવાલો હોય, તેમ તે અગ્નિ નગરીમાં ચારે તરફ ભમવા લાગ્યો. સર્વ લોકો નાસતા હતા, તો પણ તે તાપસ તેઓને લાવી અગ્નિમાં ફેંકવા લાગ્યો. તેણે અંતઃપુરને પણ તેમાં નાંખી દીધું. તે આઠે દિશાઓથી કાષ્ઠ લાવ્યો અને તેનાથી દ્વારિકાને પૂરી દીધી લોકોના કોલાહલથી, બાળકોનાં રોવાથી, અબળાઓના પોકારોથી અને 'રક્ષણ કરો, રક્ષણ કરો,' એવા શબ્દોથી કાન ઉપર પડેલું વચન કાંઈ પણ સંભળાતું ન હતું. સાત માળના પ્રાસાદો તડ તડ કરતા પડવા લાગ્યા અને પ્રલય કાળના અગ્નિ જેવો મોટો અગ્નિનો ભડકો ધગ ધગ બલવા લાગ્યો. લોકો નાસીને ઘણાં ભાગવા જાય છે, પણ તેઓ એક પગલું પણ જઈ શકતાં નથી. નગરીમાં જ્યાં ત્યાં બળતો અગ્નિ જ તેમના જોવામાં આવે છે. પોતાના સ્વજનોને અગ્નિમાં બળતા નજરે જોઈ કૃષ્ણ અને **બલભદ્રને** ઘણું દુઃખ લાગવા માંડયું. પછી **રામ** અને **કૃષ્ણ** બંને ભાઈઓએ એક ઉત્તમ રથ સજ્જ કર્યો અને તેમાં પોતાના માતા, પિતા, **દેવકી, વસુદેવ** અને **રોહિણીને**

બેસાર્યાં. પછી તેઓ સત્વર ચાલવા લાગ્યાં, પણ ઘોડા અને બળદો ચાલવાને શક્તિવાન થયા નહિ. પછી તે બંને ભાઈઓ ઘોડાને સ્થાને પોતે જોડાઈ તે રથને બળાત્કારે ખેંચવા લાગ્યા. તેવામાં માટીના પાત્રની જેમ તડ તડ અવાજ કરતાં તે રથનાં બંને ચક્રો ભાંગી ગયાં; તથાપિ તેઓ પોતાના સામર્થ્યથી તે રથને નગરના દ્વાર સુધી લઈ ગયા. ત્યાં અર્ગલા સહિત તે દ્વાર બંધ થયેલું તેમના જોવામાં આવ્યું. તેના એક કમાડને **રામે** અને એક કમાડને **કૃષ્ણે** પાટુ મારી તે ભાગી નાંખ્યું, જેથી માટીનાં પાત્રની જેમ તે બંને કમાડ સો કટકા થઇને તૂટી પડ્યાં. પછી બંને ભુજા ઉપર રથ લઈને તેઓ આગળ ચાલ્યા, તેવામાં પેલો **દ્વૈપાયન** દેવ આવીને બોલ્યો, 'અરે, **રામ કૃષ્ણ**, તમે જાણવા છતાં આ શું કરો છો ? મેં નિયાણું કર્યું છે કે તમારા બે સિવાય બીજું એક તિર્યંચ પણ હું છોડવાનો નથી, તો તમારા માતપિતાને છોડવાની શી વાત કરવી ? તેથી તમે તેમને છોડી ચાલ્યા જાઓ. અહીંથી કોઈનો છુટકારો થવાનો નથી.' પછી **વસુદેવ** વિગેરેએ રામ કૃષ્ણને કહ્યું, 'પુત્રો, હવે તમે ચાલ્યા જાઓ. અમારી આવી જ ગતિ થવાની હશે. અમે જાણતાં છતાં પણ દીક્ષા અંગીકાર કરી નહીં. **પ્રદ્યુમ્ન, શાંબ** વિગેરે કુમારોએ અને **સમુદ્રવિજય** વિગેરે વૃદ્ધોએ જે દીક્ષા અંગીકાર કરી તે કેવું સારૂં કર્યું ? આપણે જાણતાં છતાં પ્રમાદી રહ્યા, તેથી આપણને ધિક્કાર છે.' આ પ્રમાણે કહી તે **વસુદેવ, દેવકી** અને **રોહિણી** તે જ વખતે અનશન લઈ પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવા

લાગ્યાં, **શ્રી નેમિનાથ** ભગવાનનું નામ જપવા લાગ્યાં અને આદરથી સર્વને ખમાવા લાગ્યાં. તે પછી **દ્વૈપાયન** દેવતાએ સ્ફુરાયમાન તણખાવાલો બળતો અગ્નિ તેમની ઉપર મૂક્યો. તેઓ ત્રણે સમાધિ ધ્યાનના યોગથી મૃત્યુ પામી દેવલોકમાં ચાલ્યાં ગયાં.

પછી **રામ કૃષ્ણ** પાછું વાળી તે બળતી નગરીને જોતા જોતા દુઃખી થતા તે નગરીમાંથી બહાર નીકળી ગયા. દ્વારિકા નગરીમાં સેંકડો પ્રાસાદો પડી ગયા, તેના કણેકણ થઈ ગયા, અને ચંદનના હજારો સ્તંભો ભસ્મ થઈ ગયા. આકાશ સુધી લાગેલી જવાલા અને ધુમાડાથી ધુમ્ર થયેલી દિશાઓ **રામ કૃષ્ણના** જોવામાં આવી અને ભયંકર શબ્દો તેમના સાંભળવામાં આવ્યા. આ વખતે **બલદેવે કૃષ્ણને** કહ્યું, 'ભાઈ, આપણે પોતાની જાતે વસાવેલી આ નગરીનું રક્ષણ કરવાને અશક્ય છીએ, તો હવે આપણે તેને બળતી જોવી તે ઠીક નહીં. માટે અહીંથી ચાલ્યા જવું એ ઉત્તમ છે.' કૃષ્ણે કહ્યું, 'મોટા ભાઈ, એ વાત સત્ય છે, પણ આપણે ક્યાં જઈને રહેવું?' બલદેવ બોલ્યા, '**પાંડવો** આપણા સુહૃદ્ અને બંધુ છે, માટે તેમની નવી નગરીમાં જઈને રહીએ.' **કૃષ્ણે** કહ્યું, 'મોટાભાઈ, આપણાથી તેમની પાસે શી રીતે જઈ શકાશે? કારણ કે, મેં તેમને પૂર્વે હસ્તિનાપુરથી કઢાવી દેશરહિત કરેલા છે.' **બલભદ્રે** કહ્યું, 'હે ભ્રાતા, તે ઉત્તમ **પાંડવો** એ વાત નહીં સંભારે પણ પૂર્વે આપણે જે તેમની ઉપર હજારો ઉપકારો કરેલા છે, તે સંભારશે. હે **હરિ** જે દુર્જનો હોય, તે જ ઉપકારને ભૂલી જઈ અપકારને સંભારે છે.

સજ્જનો તો અપકારને ભૂલી ઉપકારને સંભારે છે. તેથી હે **કૃષ્ણ**, નિર્મલ હૃદયવાલા તે **પાંડવોને** ઘેર જવું તે સર્વ રીતે યુક્ત છે. પોતાના ઘરની જેમ ત્યાં જવામાં કોઈ જાતની લજ્જા રાખવી નહિ.' આ પ્રમાણે વિચારી બંને ભાઈઓ હસ્તિનાપુરની દિશા તરફ ચાલ્યા; ચાલતાં ચાલતાં ગ્રીવાને વાલી નેત્રમાં અશ્રુ લાવી એ બળતી નગરીને જોતા હતા.

આ વખતે **બલભદ્રનો** એક કુબ્જ બાળક હતો. તેણે પોતાના કેશનો લોચ કરી વ્રતના ઉચ્ચાર સાથે દીક્ષા લીધી. જ્યારે દ્વારિકા બળવા લાગી ત્યારે તે પોતાના મહેલની અગાશીમાં આવ્યો. ત્યાં ઉભો રહી ઉંચો હાથ કરીને બોલ્યો, 'દેવતાઓ, હું અધુના વ્રતધારી થઈ **શ્રી નેમિનાથ** પ્રભુનો શિષ્ય થયો છું. પ્રભુના કહેવાથી હું આજ ભવે મોક્ષે જઈશ, સ્વામીનું વચન મિથ્યા ન થાઓ, મારી રક્ષા કરો.' તેનાં આવાં વચન સાંભળી જાંભક દેવતાઓ ત્યાં આવ્યા અને તેને ઉપાડી ક્ષણવારમાં **નેમિનાથ** પ્રભુની પાસે મૂકી દીધો. ત્યાં તેણે પ્રભુની પાસે દીક્ષા લીધી, દ્વારિકા નગરી એવી રીતે છ માસ સુધી અગ્નિની જ્વાલાથી બળી. પછી તે દેવતાએ તેને સમુદ્રને અર્પણ કરી અને તે સમુદ્રે તેને સ્વીકારી લીધી.

અહીં **રામ** અને **કૃષ્ણ** બંને ભાઈ દ્વારિકાથી નીકળીને હસ્તિનાપુર પાસે આવી પહોંચ્યા. તે વખતે કૃષ્ણે બલદેવને કહ્યું, 'ભાઈ, હું ઘણો ક્ષુધાતુર થયો છું. મેં શરમથી તમને કહ્યું ન હતું, માટે તમે સત્વર આ નગરમાં જઈ ખાવાનું લાવો. હું ત્યાં સુધી અહીં રહીશ.' બલભદ્ર બોલ્યા, 'બહુ સારૂં, તમે સાવધાન રહેજો, હું નગરમાં જાઉં

છું. જો નગરમાં જતાં મને કાંઈ અડચણ આવશે તો હું **સિંહનાદ** કરીશ. તમારે તે વખતે મારી પાસે સત્વર હાજર થવું.' આ પ્રમાણે સંકેત કરી બલદેવ હસ્તિનાપુરમાં ગયા. દેવ સ્વરૂપી બલદેવને જોઈ, 'આ કોણ હશે ?' એમ લોકો કહેવા લાગ્યા. મહાશય બલદેવે પોતાની આંગળીમાંથી મુદ્રિકા કાઢી તે વડે કંદોઈ પાસેથી જાતજાતનાં ખાજાં લીધાં અને કડાને બદલે કલાલની દુકાનેથી મદિરા લીધી. તે લઈને બલદેવ જતા હતા, ત્યાં કોઈ રાજપુરૂષના જોવામાં આવ્યા. 'આ **બલદેવ** છે,' એમ ઓળખી તેણે સત્વર જઈને રાજાને જણાવ્યું. **ધૃતરાષ્ટ્રનો** પુત્ર **અચ્છરદન** નામે ત્યાં રાજા હતો. તે બલદેવના ખબર સાંભળી પૂર્વનું વૈર સંભારી બલવાહન સહિત તેના ઉપર ચડી આવ્યો. તે વખતે રાજાની આજ્ઞાથી દરવાજાના અધ્યક્ષે અર્ગલા સહિત કમાડ બંધ કર્યાં, જેથી વચ્ચે આવેલો બલદેવ શક્તિવાન છતાં બહાર નીકળી શકે નહીં. આ જોઈ મહામતિ બલદેવ સાથે લીધેલા ભોજનપાન નીચે મૂકી હસ્તિનો ખીલો ઉખેડી **અચ્છરદન** રાજાની સામે દોડ્યા અને તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધ કરતી વખતે બલદેવે સિંહના શબ્દ જેવો સિંહનાદ કર્યો, જે સાંભળી કૃષ્ણ દરવાજાના કમાડ તોડી અર્ગલા સહિત નગરમાં પેઠા. તેણે હાથમાં તે પરિઘ લીધો. પછી બંને મહાબાહૂ ભાઈ તે વડે શત્રુના સૈન્યને મારવા લાગ્યા. છેવટે **કૃષ્ણે અચ્છરદનને** ચોટલે પકડીને વશ કરી કહ્યું, 'અરે પાપી, તેં આવું સાહસ કેમ કર્યું ? તું એમ સમજે છે કે, અમારૂં બધું ગયું છે ? પણ અમારી ભુજાનું

બળ ગયું નથી. સિંહ ભૂખ્યો થયો હોય, તો પણ શું તે શિયાળને વશ થાય? જા, તને આ અપરાધમાંથી છોડી મૂકીએ છીએ. અમારૂં આપેલું રાજ્ય ભોગવ.' આ પ્રમાણે કહી તે રાજાને છોડીને બંને ભાઈઓ ચાલ્યા ગયા. ઉદ્યાનમાં જઈને તેમણે ભોજન કર્યું. પછી તેઓ દુઃખી થઈ આગળ ચાલ્યા. માર્ગમાં થાકી જવાથી અને અતિ ખારો ખોરાક લેવાથી દુઃખી થયેલા કૃષ્ણે બલદેવને કહ્યું, 'બંધુ, મને ઘણી તૃષા લાગી છે, તેથી અહીંથી એક પગલું ચાલવાને હું શક્તિવાન નથી; માટે હું અહીં રહું છું. જો સ્વાદિષ્ટ જળ લાવો તો પીઉં.' બલદેવે જોઈને કહ્યું, 'ભ્રાતા, આ ઠેકાણે જળ નથી. આ છાયાથી શીતલ એવા વૃક્ષ નીચે બેસો. આ **કૌશાંબ** નામે અતિ ભયંકર વન છે. આ વન અનેક શીકારીઓના ગણુથી વ્યાપ્ત છે અને સિંહ વિગેરે શીકારી પ્રાણીઓથી યુક્ત છે, તેથી તમે સાવધાન થઇને રહેજો. જરા પણ પ્રમાદી થશો નહિ, કારણ કે, આ વન છે, કાંઈ દ્વારિકા નગરીનો સાત માળનો મહેલ નથી.' આ પ્રમાણે કહી **બલદેવ** વારંવાર પાછું વાલી જોતાં અને દૈવયોગે પ્રતિકૂળ શુકનને નહીં ગણતાં આગળ ચાલ્યા. જો દૈવ અનુકૂળ હોય તો બુદ્ધિ અનુકૂળ થાય છે અને દૈવ પ્રતિકૂળ હોય તો બુદ્ધિ પ્રતિકૂળ થાય છે. બલભદ્ર ગયા પછી શ્રમથી પીડિત થયેલા કૃષ્ણ એક પગ જાનુ ઉપર મૂકી અને પીળાં વસ્ત્રથી પોતાનું મુખ ઢાંકી તે માર્ગના વૃક્ષ નીચે સુઈ ગયા. સુતા વેંત જ તેમને નિદ્રા આવી ગઈ, કારણ કે, શ્રમિતને નિદ્રા સુલભ છે. તેવામાં **જારેય** નામનો શીકારી હાથમાં ધનુષ્ય બાણ

લઈ ત્યાં આવી ચઢ્યો. તેવી રીતે સુતેલા કૃષ્ણને મૃગ માની તે શીકારીએ ધનુષ્યને પણછ ઉપર ચડાવી તે પણછ કાન સુધી ખેંચી બળથી બાણ છોડયું. મોટા ફળવાળું તે બાણ ચરણતલમાં વાગ્યું. કૃષ્ણ ક્ષણમાં બેઠા થઈ આમતેમ જોતાં બોલ્યા, 'અરે, સુખે સુતેલા મને કોણ દુર્બુદ્ધિએ બાણ માર્યું ? તે મારી આગળ સત્વર પ્રગટ થાઓ.' પેલો પારધી **જારેય** તે મૃગને બદલે પુરૂષ જાણી ઘણો પશ્ચાત્તાપ કરતો બોલ્યો, 'હું રામ કૃષ્ણનો જ્યેષ્ઠ બંધુ, વસુદેવનો પુત્ર અને **જરાનો** કુમાર છું. માતાપિતાને, ભાઈઓને અને ઘર વિગેરેને છોડી હું કૃષ્ણની રક્ષાને માટે આવ્યો છું. મારા નિમિત્તથી કૃષ્ણનું મરણ થવાનું છે, એ વાત **શ્રી નેમિનાથ** પ્રભુ પાસેથી જાણી બાર વર્ષ થયાં હું વનવાસ કરી રહ્યો છું. મેં અહીં કોઈ પણ મનુષ્યને જોયું નથી. આજે હું ક્રીડા કરવાને અહીં આવ્યો; ત્યાં તમને મૃગ ધારીને મેં બાણ છોડયું હતું. હે ભદ્ર, તમે આ અજ્ઞાનથી કરેલો મારો અપરાધ ક્ષમા કરો અને યથારૂચિ તમારૂં નામ વિગેરે જણાવો.' **કૃષ્ણ** બોલ્યા, 'ભાઈ **જરાકુમાર**, મારી પાસે આવ. જેના રક્ષણ માટે તું અહીં આવ્યો, તે હું તારો ભાઈ **કૃષ્ણ** છું. જે થવાનું હોય તે થાય છે, તે કદિ પણ અન્યથા થતું નથી. કદિ મહાન પર્વત ચલિત થાય પણ **તીર્થંકરનું** વચન ચલિત થતું નથી.' કૃષ્ણનાં આ વચનો સાંભળી, 'અરે, આ શું થયું ?' એમ ચિંતવતો **જરાકુમાર** કૃષ્ણની પાસે આવ્યો અને કૃષ્ણને ઓળખી તેમના ચરણમાં પડ્યો. જેના નેત્રમાંથી અશ્રુધારાની વૃષ્ટિ ચાલે છે એવા જારેયને હાથ વડે

ઉંચું મુખ કરી **કૃષ્ણે** બધી વાર્તા કહી સંભળાવી. **જારેય** ખેદ કરતો બોલ્યો, 'અરે ભ્રાતા કૃષ્ણ, શું મેં તમારૂં આવું આતિથ્ય કર્યું ? **શ્રી નેમિનાથનાં** વચનોથી ભાઈનો વધ મારે હાથે જાણીને હું તે વખતે કેમ ન મરી ગયો ? અરે! આ શું આવી પડ્યું ? હે પૃથ્વી, માર્ગ આપ અને અતિ પાપી એવા મને ગ્રહણ કરી લે. અરે દિલગીર છું કે, મારો બાર વર્ષનો પ્રયાસ હમણાં વૃથા થઈ ગયો. અરે વિધાતા માર **પુરૂષોત્તમ** ભાઈનો વધ કરાવી તેં આ શું કર્યું ? મેં તારી શી વિરાધના કરી હતી ? આવું મહત્ પાપ કરી હું કયાં નરકમાં જઈશ ? હવે તો મરણ થાય, તે જ શ્રેય છે. જીવવાથી હવે સર્યું ?' આ પ્રમાણે કહી તે સાહસિક **જરાકુમારે** પોતાના હાથમાં છરી લીધી. તે વખતે મરવાની ઇચ્છાવાલા જરાકુમારને કૃષ્ણે અટકાવ્યો, અને કહ્યું, 'ભ્રાતા, આવું સાહસ કર નહીં. તારા મરવાથી શું થવાનું ? હવે યાદવકુળમાં અંકુર રૂપ તું એક જ રહ્યો છે. અરે ભાઈ, તું ચિરંજીવી રહે અને આત્મકુળની વૃદ્ધિ કર. તારાથી કે મારાથી ભવિતવ્યતા ઉલ્લંઘન થઈ શકે તેમ નથી. હે સાહસિક બળવાન ભાઈ, તું દુઃખ છોડી દે અને મારૂં વચન સાંભળ. તું હવે સત્વર **પાંડવોની** નગરીમાં જા. આ મારો **કૌસ્તુભ** મણિ લઈ જા અને સર્વ રીતે મારા દુઃખમાં સહાય કરનારા પાંડવોને આ વૃત્તાંત પ્રથમથી કહેજે. તારાં વચનને સાબીત કરનાર આ કૌસ્તુભ મણિ બતાવજે. વિલંબ કર નહિ. જલદી ચાલ્યો જા. ભ્રાતા બલદેવ હમણાં સત્વર અહીં આવશે. તારે

હાથે મારો વધ થયો છે, એ વાત જો બલદેવ જાણશે તો તે તને મારશે, કારણ કે, તે મારે વિષે પ્રેમવાલો છે.' એમ કહી તેને **કૌસ્તુભ** રત્ન આપ્યું. વળી જણાવ્યું કે, 'ભાઈ, તું આ માર્ગે જઈશ નહીં, બીજે માર્ગે થઈને ચાલજે. વખતે બલભદ્ર તારે પગલે ચાલી તારી પાછળ આવશે.' આ પ્રમાણે કૃષ્ણે શિક્ષિત કરેલો **જરાકુમાર** બાણ ખેંચી લઈ કૃષ્ણના ચરણમાં નમી દુઃખથી રૂદન કરતો ઉતાવળો ચાલ્યો અને સિંહાવલોકન કરતો તે દૃષ્ટિ માર્ગથી દૂર ચાલ્યો ગયો. જરાપુત્ર ગયા પછી કૃષ્ણને બાણની વેદના થવા લાગી. પછી જેના નેત્રમાંથી અશ્રુ ચાલ્યાં જાય છે એવા કૃષ્ણ બે હાથ જોડી ઉત્તરાભિમુખે રહી નીચે પ્રમાણે બોલ્યા :—

**नमो नमः श्री अर्हद्भ्यः सिद्धेभ्यश्च तथा नमः ।**
**आचार्येभ्योऽप्युपाध्यायसाधुभ्यश्च नमोऽस्तुमे ॥ १ ॥**

'શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને મારો નમસ્કાર હો.'

આ પ્રમાણે કહી તેણે નેમિનાથને ઉદ્દેશીને કહ્યું, 'યદુ વંશમાં આભૂષણ રૂપ એવા હે મહામતિ **શ્રી નેમિનાથ** પ્રભુ, તમને નમસ્કાર છે. આવા દુઃખના રાશિથી ભય પામી તમે ગૃહાવાસનો ત્યાગ કર્યો છે. શ્રી નેમિનાથ પ્રભુનાં મુખથી આવું મોટું દુઃખ જાણ્યા છતાં પણ હું વિરત થયો નહીં, તે મને ધિક્કાર છે.' પછી **કૃષ્ણે શ્રી નેમિનાથ** પ્રભુની દિશા તરફ ચૈત્યવંદન કર્યું અને શુદ્ધ બુદ્ધિથી સર્વ પાપસ્થાનની આલોચના કરી, 'હું એક છું, મારો કોઇ નથી અને હું કોઈનો નથી,' આ પ્રમાણે અદીન હૃદયથી ચિંતવતા એવા

કૃષ્ણે આરાધન કર્યું. જ્યારે એક મુહૂર્ત્તનું આયુષ્ય બાકી રહ્યું, એટલે ક્ષુધાતૃષાથી પીડાએલા પ્રહારની વેદનાથી વ્યાપ્ત એવા કૃષ્ણુને ક્ષણ વાર આ પ્રમાણે દુર્ધ્યાન થયું, 'અરે, મારી દ્વારિકાપુરી **દ્વૈપાયન** મુનિએ બાળી નાખી. જો હું દ્વૈપાયનને જોઉં તો તેને તેજ અગ્નિમાં ઇંધણાં રૂપ કરી દઉં. અરે! એ દુષ્ટ બુદ્ધિવાળો **દ્વૈપાયન** મારી બધી નગરીને દગ્ધ કરી કયાં ગયો? જો તે પાપી મારા હાથમાં આવે તો હું તેને ચોળી ચોળીને મારી નાખું.' આ પ્રમાણે ક્ષણ વાર રૌદ્ર ધ્યાન કરી વૈરનું ચિંતન કરતા કૃષ્ણ મૃત્યુ પામીને એક હજાર વર્ષનું આયુષ્ય પાળી ત્રીજી નારકીમાં ગયા. બાલ્ય વયમાં સોળ વર્ષ, રાજાપણામાં છપ્પન વર્ષ અને નવસોને અઠયાવીશ વર્ષ અર્દ્ધચક્રીપણામાં—એમ એક હજાર વર્ષનું આયુષ્ય કૃષ્ણ **વાસુદેવે** ભોગવ્યું.

**इति श्री प्रद्युम्नचरिते महाकाव्ये द्वारकानगरीप्रलयकारण-पृच्छा स्वकीयमरणनिमित्तपृच्छा श्रीनेमिप्रत्युत्तर श्री प्रद्युम्न-शांबादिकुमारदीक्षा द्वारकादाह श्रीकृष्णावसानवर्णनो नाम षोडशः सर्गः ॥ १६ ॥**

卐

ઉત્તમ પ્રકારના જ્ઞાનથી જીવન શુદ્ધિ કેળવીને પ્રભુના માર્ગમાં ભક્તિ, તપ, ધ્યાન આદિના આલંબનો દ્વારા નિરાલંબન દશાને પ્રાપ્ત કરીને હું ક્યારે અનંતા સુખના ધામરૂપ **સિદ્ધિપદમાં** વાસ કરીશ?

## સર્ગ: ૧૭ મો

### બલદેવનું દીક્ષા લઈ પાંચમે દેવલોકે જવું અને પ્રદ્યુમ્ન તથા શાંબ વિગેરેનું મુક્તિ ગમન.

મોટા મનવાલા **બલદેવ** અપશુકનોથી અટકાવાતા કમલના પડીઆમાં જલ લઈ જ્યાં **કૃષ્ણનું** મૃત શરીર પડ્યું હતું, ત્યાં આવ્યા. 'આ નિદ્રાવાન છે, તેથી આવેલા મને જાણતા નથી અને જે અતિ શ્રાંત હોય તેને ઘણી નિદ્રા આવે તે દૂર ન કરવી,' આવું ધારી **બલદેવ** ઉભા રહ્યા. ક્ષણવાર ઉભા રહ્યા પછી બલદેવ બોલ્યા. 'ભાઈ **કૃષ્ણ**, સત્વર બેઠા થાઓ અને કમલના પડીયામાં લાવેલું આ સ્વચ્છ જળ પીઓ.' આ પ્રમાણે કહેતાં પણ જ્યારે કૃષ્ણ ઉઠયા નહીં એટલે બલદેવ તેમના મુખ ઉપરથી વસ્ત્ર દૂર કર્યું, ત્યાં કાષ્ઠવત્ ચેષ્ટારહિત અને જીવિતના ચિન્હ વગરના **કૃષ્ણ** તેમના જોવામાં આવ્યા. 'શું આ મારો ભાઈ મૃત્યુ પામ્યો ?' એમ જાણી બલદેવ અતિ દુઃખવાલા ગાઢ રૂદન કરતાં મૂર્ચ્છા પામી નીચે પડી ગયા. શીતલ સ્પર્શવાલા પવનથી સંજ્ઞા પ્રાપ્ત કરી પછી તે પોતાના ભ્રાતાના ગુણ સમુહને કહેતા વિલાપ કરવા લાગ્યા. **બલભદ્રે** કહ્યું, 'જેણે મારા બળવાન ભાઇને સુતો માર્યો છે, તે જો મારી આગળ પ્રગટ થાય તો હું તેને તેનું ફળ ચખાડું. સુતેલાને, ગાંડાને, બાળકને અને સ્ત્રીને કદિ પણ હણવાં ન જોઇએ. તો આવી નીતિને ઉલ્લંઘીને કોણે આ પાપ કર્મ કર્યું ? તે મારનાર આવીને મારી આગળ ઉભો રહે. તે દુષ્ટ ક્યાં ગયો ?' આ પ્રમાણે બોલતા

**બલભદ્ર** મૂર્ચ્છા પામતા પડવા અને ઉછળવા લાગ્યા. આ પ્રમાણે વિલાપ કરતા બલભદ્ર મોહાકુલ થઈ ગયા. તેના મનમાં વળી વિચાર થયો કે, રખે ભ્રાતા કૃષ્ણ મૃત્યુ પામ્યા નહિ હોય કદાચ રોષ કરી રીસાયા હશે, કારણ કે તેમને થયું હશે કે, 'બલભદ્રે જળ લાવવામાં વિલંબ કર્યો.' આવું ધારી 'હે બંધુ, મારો અપરાધ ક્ષમા કરો,' એમ કહી **બલભદ્ર** કૃષ્ણના ચરણમાં પડ્યા અને બોલ્યા, 'અરે ભાઈ, બેઠા થાઓ. આ રાગવતી સંધ્યા શોભી રહી છે. આ વખતે નીતિશાસ્ત્રને જાણનારા એવા તમારે આ સુવાનો સમય નથી. હે ભાઈ, દ્વારિકાના દાહથી દુ:ખી એવા મને શા માટે સંતાપો છો ?' આ પ્રમાણે કહી **બલદેવ કૃષ્ણના** મૃત શરીરને ઉત્સંગમાં લઈ મસ્તક પર વારંવાર ચુંબન કરવા લાગ્યા અને પછી તેણે કૃષ્ણના કાનમાં કહ્યું કે, 'ભાઈ, મારો અપરાધ ક્ષમા કરો અને બેઠા થાઓ. આપણે આ વનમાંથી બીજે ચાલ્યા જઈએ, કારણ કે, અહીં તમારા ઘણા દુ:સહ વૈરીઓ વસે છે. હે ભ્રાતા, બેઠા થાઓ અને આ શીતલ જળ પીઓ.' આ પ્રમાણે કહી બલદેવ તેના મુખમાં કમલના પડીઆનું જળ મૂકવા લાગ્યા. આ પ્રમાણે કૃષ્ણને ઉત્સંગમાં લઈ વિલાપ કરતા અને સાંત્વના કરતા એવા **બલભદ્રે** આખી રાત્રિ નિર્ગમન કરી. પછી જ્યારે પ્રભાત કાળ થયો એટલે ભ્રાતાના સ્નેહથી મોહિત થયેલા બલભદ્રે તે સ્વચ્છ જળ વડે **કૃષ્ણના** મુખનું પ્રક્ષાલન કર્યું. પછી પોતાના વસ્ત્રના છેડાથી લુંછીને તે મુખને દર્પણના જેવું બનાવ્યું. પછી તેણે પ્રાર્થના કરી કે, 'ભાઈ, બેઠા થાઓ અને જલ

પીવો.' એમ કહ્યા છતાં જ્યારે તેઓ ઉઠ્યા નહીં એટલે મૂઢ બુદ્ધિવાલા **બલભદ્રે કૃષ્ણને** સ્કંધ ઉપર ચડાવ્યા અને ઉપાડીને બીજાને રોવરાવતા અને પોતે રોતા રોતા વનમાં ભમ્યા. એવી રીતે હંમેશા બલભદ્ર કૃષ્ણના મૃતદેહને સ્વચ્છ જળથી સ્નાન કરાવતા અને પોતાના વસ્ત્રના છેડાથી લુંછતાં હતા. વળી ઘણાં કમલ પુષ્પો તથા પત્રો લઈ તેમને મનાવવા માટે તેમની પૂજા કરતા હતા. આ પ્રમાણે કરતાં કરતાં બલભદ્રને છ માસ વીતી ગયા. પછી કૃષ્ણને લઈ તેજ પ્રમાણે ભમતા હતા એવામાં વર્ષાકાળ આવ્યો. આ વખતે દેવલોકમાં ગયેલા **સિદ્ધાર્થે** જોયું તો બલભદ્રની તેવી સ્થિતિ જોવામાં આવી. તેણે વિચાર્યું, 'અહો! મોટા લોકોને પણ કેવો મોહ છે? અરે, આમાં મારો પણ પ્રમાદ છે. મેં જ્ઞાનથી જોયું જ નહિ. હવે તેને પ્રતિબોધ કરવાને હું સત્વર જાઉં.' આવું ચિંતવી તે દેવ એક પાષાણના ટુકડાવાલો રથ વિકુર્વી બલદેવની આગળ ઉભો રહ્યો. પછી તે રથ ઉપર પાસે રહેલો એક મોટો પત્થર લાવી મૂકયો. પત્થરની શિલાના ઘાતથી તે રથના સેંકડો કટકા થઈ ગયા. પછી તે દેવ કુટુંબી રૂપે થઈ સાંધવા માટે લાક્ષા વિગેરે બધી સામગ્રી લઈ તે પાષાણના રથને સાંધવા બેઠો. તે જોઈ **બલદેવ** બોલ્યા, 'અરે ભાઈ, તું મૂર્ખ લાગે છે. વૃથા મહેનત શું કામ કરે છે? ભાંગી ગયેલો પાષાણનો રથ શું સાંધી શકાય?' તે દેવ બોલ્યો, 'આ તમારો ભ્રાતા જે ઘણા સંગ્રામમાં હણાયો ન હતો તે હમણાં કોઈ શત્રુથી હણાયો છે અને કોઇએ તેને એક જ બાણથી ક્ષણમાં માર્યો છે. તે જો જીવતો થશે, તો

આ મારો રથ પણ સંધાઈને સારો થશે.' તે દેવનાં આવાં વચનો સાંભળી **બલભદ્ર** મુષ્ટિ ઉગામી દોડ્યો અને બોલ્યો, 'અરે મૂર્ખ, મારા જીવતા બંધુને મરેલો કેમ કહે છે?' પછી તે દેવતા કોઈ કાળા પથ્થરની શિલા ઉપર કમલને વાવી તે ઉપર સ્વચ્છ જળથી ભરેલા ઘડા વડે સિંચન કરવા લાગ્યો. તે જોઈ **બલભદ્રે** કહ્યું, 'અરે જડ, વૃથા શ્રમ શા માટે કરે છે? કાળા પાષાણની શિલા ઉપર શું કમલ રોપાય?' દેવતાએ કહ્યું, ચિરકાલ થયા મૃત્યુ પામેલો તમારો ભાઈ જો જીવશે તો આ શિલા ઉપર કમલિનીનું વન થશે.' આ વચન સાંભળી બલદેવ ભયંકર ભ્રકુટી ચડાવી બોલ્યા, 'અરે મૂઢ, મને પૂછ્યા વિના સ્વચ્છંદતાથી પાણી પણ પીએ નહીં, તે શું મને જરા પણ પૂછ્યા વગર મૃત્યુ પામે? તું દૂર ચાલ્યો જા. આવું આવું કટુ વચન બોલ નહિ.' પછી તે દેવ થોડે છેટે જઈ એક બળી ગયેલા વૃક્ષને ફળ લેવાની ઇચ્છાથી ક્યારો કરી તેમાં સ્વચ્છ જળથી સિંચન કરવા લાગ્યો; તે જોઈ **બલભદ્ર** બોલ્યા, 'અરે મૂઢ, આ શું કરે છે? શું કોઈ બળી ગયેલું વૃક્ષ કદી ફળેલું જોયું છે?' **સિદ્ધાર્થ** દેવ બોલ્યો, 'આ તમારા સ્કંધ ઉપર રહેલો તમારો ભાઈ કૃષ્ણ જો જીવશે, તો આ બળેલું વૃક્ષ ફલિત થશે.' બલદેવે કહ્યું, 'અરે ભાઈ, તું મૃષા બોલ નહીં. જ્યેષ્ઠ બંધુ જીવતાં શું લઘુ બંધુ મૃત્યુ પામે? આ તારો અપરાધ મેં સહન કર્યો છે. હવે ફરીવાર એવું બોલીશ તો પછી તું તારા આત્માનું શુભ જોઈશ નહિ.'

આવી રીતે દેવતાએ કરતાં છતાં પણ જ્યારે **બલભદ્ર**

સમજ્યા નહીં, ત્યારે પેલા મિત્ર દેવતાએ તાજી લીલી દ્રો (દૂર્વા) લાવી તરત વિકુર્વેલા ગાયનાં મુડદાંના મુખમાં નાંખી. તે જોઈ **બલભદ્ર** બોલ્યા, 'અરે ! તું મને મૂઢ પુરૂષ લાગે છે. શું આ મરેલી ગાય આવી લીલી દ્રો (દૂર્વા) ચરે ?' દેવતાએ હસીને કહ્યું, 'તમે આ મૃત્યુ પામેલા કૃષ્ણને કેમ જલપાન કરાવો છો ? આ તમે પોતે જ એવું કામ કરતાં મને ઉપદેશ કેમ આપો છો ? જે બીજાઓને ઉપદેશ આપવામાં કુશળ હોય છે, તેઓ પોતે ઉપદેશ લેવામાં જડ હોય છે. આ નીતિનું દૃષ્ટાંત તમે પોતે જ સાચું કરી બતાવો છો.' દેવતાનાં આવાં વચન સાંભળી **બલભદ્રે** ચિત્તમાં વિચાર્યું, 'શું આ મારો બંધુ મૃત્યુ પામ્યો છે ? વખતે તે કદાચ સાચું હોય, કારણ કે, ઘણાઓ જુદા જુદા એક જ વાક્ય કહે છે.' આ પ્રમાણે જ્યારે **બલદેવને** સંશયવાલા જોયા એટલે તે દેવતા **સિદ્ધાર્થનું** રૂપ લઈ આગળ આવી ઉભો રહ્યો અને તેણે બલભદ્રના ચરણમાં વંદના કરી. તે બોલ્યો, 'સ્વામી, હું તમારો ભક્તિમાન્ સિદ્ધાર્થ નામે સારથિ છું. તમારી આજ્ઞાથી દીક્ષા લઈ મૃત્યુ પામીને હું દેવતા થયો છું. તમારૂં વચન સ્મરણ કરી તમને પ્રતિબોધ આપવાને હું અહીં આવ્યો છું. દેવતાઓ મિથ્યાભાષી થતા નથી. શ્રી નેમિપ્રભુએ સભાને વિષે કહ્યું હતું કે, કૃષ્ણનો વધ **જરાકુમારથી** થવાનો છે, તે વાત કદી પણ મિથ્યા ન થાય. **તીર્થંકરનું** વચન અન્યથા થતું નથી. હે **બલભદ્ર**, તમે કૃષ્ણને મૂકીને જળ લેવાને ગયા, તે પછી કૃષ્ણને નિદ્રા આવી ગઈ. તે મુખ ઉપર પીતાંબર ઓઢી સુઇ ગયા. તે વખતે જરાકુમાર આવ્યો.

તેણે કૃષ્ણને મૃગ ધારીને તેમના ચરણ કમલ ઉપર બાણનો ઘા કર્યો અને તેમને મારી નાંખ્યા. પછી કૃષ્ણને ઓળખી તે જરાકુમારે ઘણો વિલાપ કરી રૂદન કર્યું. પછી કૃષ્ણે તે જરાકુમારને **કૌસ્તુભ** રત્ન આપી સત્વર વિદાય કર્યો અને પાંડવોની પાસે જવાની આજ્ઞા કરી. તમારા આવવાના ભયથી તે સત્વર ચાલ્યો ગયો. તે પછી તમારૂં આ ચેષ્ટિત થયું, તે તમે જાણો છો.' તે સાંભળી **બલભદ્રે** કહ્યું, 'ભદ્ર, તમે બહુ સારૂં કર્યું. અજ્ઞાન રૂપ અંધકારથી ગ્રસ્ત થયેલા એવા મને તમે સૂર્યનું કાર્ય કરી બતાવ્યું. હે **સિદ્ધાર્થ**, મારે યોગ્ય કાર્ય હોય તો કહો. તમે મારા પૂર્વના રથના સારથિ હતા અને હવે મારા ધર્મના સારથિ થયા છો.' દેવતાએ પ્રેમથી કહ્યું, 'તમારે યોગ્ય એવી દીક્ષા છે. તે સિવાય બીજું કોઇ પરલોકનું સાધન હું જોતો નથી.' **બલભદ્રે** તે વાત અંગીકાર કરી. પછી તેણે સિંધુ અને સાગરના સંગમમાં ચંદન, અગુરૂ, કસ્તૂરી અને કપૂર વિગેરે વસ્તુઓથી કૃષ્ણના મૃત શરીરને પ્રજ્વલિત અગ્નિમાં સંસ્કાર કર્યો અને સંસારની એવી સ્થિતિ છે, એમ જાણી તેણે પોતાના શોકને નિવૃત્ત કર્યો. પછી **સિદ્ધાર્થ** દેવ નમન કરી જેવો આવ્યો હતો તેવો પાછો ચાલ્યો ગયો અને પોતે આપેલા વચનને પાળવાથી તે ઘણો જ ખુશી ગયો.

**શ્રી નેમિ** ભગવાનના જાણવામાં આવ્યું કે તપઃપરાયણ એવા **બલભદ્રને** પ્રતિબોધ થયો છે, એટલે દયાળુ પ્રભુએ એક વિદ્યાધર મુનિને ત્યાં મોકલ્યા. મમતા રહીત થયેલા **બલભદ્રે** તેની પાસે વ્રત ગ્રહણ કર્યું. પછી તેમણે કર્મને નાશ

કરનારૂં તીવ્ર તપ કરવા માંડયું. સમાધિવાલા તે બલભદ્ર તુંગિકા પર્વતના શિખર ઉપર જઈ નિત્ય માસક્ષમણે પારણું કરતા કાર્યોત્સર્ગે રહેતા હતા. એક વખતે **બલભદ્ર** માસક્ષમણનું પારણું કરવાને નગરમાં પેઠા. આત્માને ભાવિત કરતા અને સમ્યગ્ પ્રકારે ઇર્યાપથિકી પાળતા તે બલભદ્રનું કાર્તિકી પૂર્ણિમાના ચંદ્ર જેવું સ્વરૂપ જોઈ જળ ભરવા જતી સ્ત્રીઓ કામથી વિહ્વલ બની ગઇ. તે સ્ત્રીઓ માંહેની કોઈ એક સ્ત્રીએ બલભદ્રમુનિનું મુખ જોતી જળના ઘડાના કાંઠાના ભ્રમથી પોતાના પુત્રના કંઠ ઉપર દોરીનો પાશ દઢતાથી બાંધી દીધો. વ્યગ્ર હૃદયવાલી તે સ્ત્રી જેવામાં તે બાળકને કુવાની અંદર નાંખવા જતી હતી, તેવામાં તેણીની તે અવસ્થા બલભદ્રમુનિના જોવામાં આવી. તત્કાલ **બલભદ્રમુનિએ** ચિંતવ્યું કે, જે દર્શન યુવતિઓને કામદેવના ઉલ્લાસનું કારણ રૂપ થાય છે એવા મારા અનર્થકારક મનોહર રૂપને ધિક્કાર છે. વળી રાજ-માર્ગની અંદર બહાર રહેલી ધનાઢ્ય લોકોની ઘણી પુત્રીઓને પણ આવું જ થશે તો તેમને કર્મના બંધનનું કારણ મારૂં સ્વરૂપ થઈ પડશે આવું ચિંતવી **બલભદ્ર** પેલી સ્ત્રીને બાળહત્યા કરતી અટકાવી બહાર આવ્યા ગયા. પછી તેમણે અભિગ્રહ લીધો કે, 'આજથી કોઈ શહેર કે ગામમાં મારે પ્રવેશ કરવો નહિ. જો આહાર ન મળે તો બહાર કાષ્ઠના ભારાવાલાઓ જે ભાવથી પ્રાશુક આહાર આપશે તે વડે મારા તપનું પારણું કરીશ. જો તે નહીં મળે તો કર્મને ખપાવનારૂં બીજું માસક્ષમણ કરીશ.' આવો અભિગ્રહ લઈ બલભદ્ર તુંગિકા પર્વત ઉપર આવ્યા. ત્યાં રહી કાષ્ઠના

ભારાવાલા કઠીયારા લોકોએ શ્રદ્ધાથી આપેલા આહાર વડે એ મોટા મનવાલા **બલભદ્ર** પારણું કરવા લાગ્યા. એક વખતે તે ભદ્રિક લોકોએ નગરમાં જઈ રાજાને ખબર આપ્યા કે, 'કોઈ સ્વરૂપવાન મુનિ તમારા પર્વત ઉપર આવી રહ્યા છે. તે ઉદાર સ્વરૂપવાલા મુનિ ત્યાં રહીને તીવ્ર તપસ્યા કરે છે.' તે ખબર સાંભળી રાજાએ ચિંતવ્યું કે, 'આ ઉગ્ર તપવાલો સાધુ રખેને મારૂં રાજ્ય લઈ લે.' આવું ચિંતવી તે રાજા સૈન્ય સાથે તૈયાર થઈ બલભદ્રને હણવા આવ્યો. ત્યારે પેલા **સિદ્ધાર્થદેવે** ત્યાં લાખો સિંહ વિકુર્વી દીધા. તેથી રાજાએ તે પર્વતને ઘણો ભયંકર જોયો. પછી રાજા સેના સાથે આવી તેના ચરણમાં નમી પડ્યો. એટલે **સિદ્ધાર્થે** તે રાજાને પૂર્વની વાર્તા કરી સમજાવ્યો. તે પછી રાજા બોધ પામી પોતાના નગરમાં પાછો ગયો ત્યારથી **બલદેવમુનિ નરસિંહમુનિના** નામથી વિખ્યાત થયા હતા.

તે તુંગિકા પર્વત ઉપર **બલભદ્ર** મુનિએ એવી તપસ્યા કરવા માંડી કે, જેની અમૃત જેવી વાણીથી વ્યાઘ્ર વિગેરે પશુઓ પણ આર્હત **ધર્મને** પાળવા લાગ્યા. કોઈ **અણુવ્રતધારી** થયા. કોઈ **સમ્યકત્વને** પ્રાપ્ત કરનારા થયા, કોઇ ભાગ્યયોગે **માંસાહારથી** નિવૃત્ત થયા, કોઈ વૈરાગ્યના રંગથી **રાત્રિભોજનનો** ત્યાગ કરનારા થયા, કોઇએ **બ્રહ્મચર્ય** લીધું, અને કોઇએ **પરસ્ત્રીનો** ત્યાગ કર્યો. તેઓ તિર્યંચ છતાં પણ તે **બલભદ્ર** મુનિની વાણીરૂપ અમૃતનું પાન કરતાં અને તેમના દર્શન કરતાં હતાં. વિનીત શિષ્યોની જેમ તેમનું પડખું છોડતા ન હતાં. તેઓમાંથી કોઇ એક

મૃગ પૂર્વભવના સંબંધથી **બલભદ્ર** મુનિનો અતિ ભક્ત બની ગયો અને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું હતું. જ્યારે મુનિને પારણાનો દિવસ આવે ત્યારે તે મૃગ બધા વનમાં ભમી કઠીઆરા લોકોએ કરેલી પ્રાસુક રસવતીની તપાસ કરી પૂછડું હલાવવાની સંજ્ઞાથી મુનિને જણાવતો હતો. મુનિ તેની સંજ્ઞા જાણી પારણું કરવાને માટે વહોરવા જતા. જ્યારે મુનિ વહોરવાને ચાલતા ત્યારે તે મૃગ શ્રદ્ધાળુ શ્રાવકની જેમ પરમ હર્ષ પામી મુનિની આગળ ચાલી તેમને માર્ગ બતાવતો હતો. આ પ્રમાણે કરતાં તે ઘણો કાળ ચાલ્યો ગયો.

એક વખતે **રથકાર** લોકો કાષ્ઠ લેવાને માટે તે પર્વત ઉપર આવ્યા. તેઓમાંથી કેટલાક કાષ્ઠ કાપવા લાગ્યા અને કેટલાક રસોઈ કરવા લાગ્યા. તે વખતે પેલો મૃગ ફરતો ફરતો ત્યાં આવ્યો. તે રસોઈ થતી જોઈ તરત **બલભદ્ર** મુનિ પાસે આવ્યો અને તેણે પોતાની સંજ્ઞા કરી મુનિને જણાવ્યું. પછી મુનિ ધ્યાનમુક્ત થઈ ઇર્યાપથિકી શોધતા ત્યાં આવ્યા. પેલા રથકારો રસોઈની સર્વ સામગ્રી તૈયાર કરી ભોજન લેવા તૈયાર થતા હતા, તેમણે જંગમ કલ્પવૃક્ષ જેવા તે સ્ફુરાયમાન કાયાવાલા મુનિને જોયા. જેની આગળ **મૃગ** ચાલે છે એવા મુનીશ્વરને બરાબર વખતે આવેલા જોઈ તેઓ મનમાં અત્યંત ખુશી થઈ ગયા. તેઓમાં જે રથકારનો સ્વામી હતો, તે બેઠો થઈ અંજલિ જોડી મસ્તકથી નમન કરતો તેમની સન્મુખ આવ્યો. તેણે મનમાં ચિંતવ્યું, અહા! આ મુનિની છબી કેવી છે? મહાન ઉપશમ કેવો છે? જાણે

શરદ ઋતુના ચંદ્રનું બીજું પ્રતિબિંબ હોય તેવું કેવું સુંદર મુખ છે? આજે મારો જન્મ સફળ થયો. આજે મારાં નેત્રોએ ફળ પ્રાપ્ત કર્યું, અહો! આજે મારા સુકૃતનો કેવો ઉલ્લાસ! આજે મારૂં શું શુભ થશે? આ ભોજનની વેળા છે, ભોજન પણ તૈયાર છે. પ્રાયે કરીને કલ્પવૃક્ષ જેવા આ કોઈ યોગ્ય અતિથિ પ્રાપ્ત થયા છે. આ પ્રમાણે ચિંતવી તે **રથકારપતિ** મુખને પ્રફુલ્લિત કરતો પોતાના હાથમાં સર્વ ભોજન લઈ મુનિની આગળ આવ્યો. પ્રાસુક, શુદ્ધ અને એષણીય એવું તે ભોજન તથા દાતાનો નિર્મળ ભાવ વિચારી મુનિએ યોગ્યતા પ્રમાણે ભોજન વહોરી લીધું. પેલો મૃગ પોતાનું પૂંછડું ફેરવવા લાગ્યો અને તે બંનેને જોઈ ઉંચું મુખ કરી ચિંતવવા લાગ્યો કે, 'અહો! આ **રથકારના** સ્વામીને ધન્ય છે કે જેણે યાનપાત્રના જેવું આવું ઉત્તમ પાત્ર પ્રાપ્ત કર્યું. આ ભોજનની વેળા, આવું અતિ સુંદર ભોજન અને માસક્ષમણના પારણાવાલા આ મુનિ તેઓનું ચિત્ત, વિત્ત અને નિર્મળ પાત્ર આવો ત્રિપુટીનો યોગ પ્રાયે કરીને મનુષ્યને દુર્લભ છે. હું કેવો નિર્ભાગી કે જેને આવો ત્રિપુટીનો યોગ નથી. તિર્યંચપણાથી દૂષિત થયેલો હું દાન આપવાને અને તપ કરવાને પણ શક્તિમાન નથી. પેલો **રથકાર, મુનિ** અને **મૃગ** એ ત્રણે આ પ્રમાણે નિર્મલ મને ચિંતવતા હતા, તેવામાં વૃક્ષોને ઉખેડી નાખે તેવો પવન ચડી આવ્યો. પવનના યોગથી અર્ધ છેદેલું કોઈ વૃક્ષ તે ત્રણેની ઉપર પડયું. તેઓ ત્રણે મૃત્યુ પામી **બ્રહ્મલોકમાં** મહર્દ્ધિક દેવતા થયા. ત્યાં પદ્મોત્તર વિમાનની અંદર જાણે

તેજના રાશિ હોય, અને જાણે મૂર્તિમાન્ પુણ્યના સમૂહ હોય તેમ સ્વર્ગના આભૂષણ રૂપ થઈને રહ્યા. **બલભદ્ર** સો વર્ષ સુધી અતિ નિર્મળ વ્રત પાળી દેવપણાને પ્રાપ્ત થયા. ત્યાં તેણે અવધિજ્ઞાન રૂપ ચક્ષુથી જોયું તો ત્રીજી નારકીમાં અધમ દેવતારૂપ પરમાધાર્મિકો વડે અતિ નિર્દયપણે મરાતા **કૃષ્ણ** જોવામાં આવ્યા. પછી તે વૈક્રિય શરીર વડે કૃષ્ણની પાસે આવ્યા. સ્નેહથી મોહ પામેલા **બલભદ્રે** ત્યાં તેવી અવસ્થામાં કૃષ્ણને જોયા. **કૃષ્ણને** જોઈ બલભદ્ર બોલ્યા, 'હું તમારો ભાઈ બલભદ્ર છું. ચિરકાલ વ્રત પાળીને બ્રહ્મલોકમાં દેવતા થયો છું. હું અહીં તમને મળવા આવ્યો છું. કહો હું શુ કરૂં ?' **કૃષ્ણ** બોલ્યા, 'ભાઈ, મને અહીંથી ખેંચી લે. આ પરમાધાર્મિકોએ કરેલી તથા ક્ષેત્ર જ વેદના સહન કરવાને હું અશક્ત છું, કારણ કે, હું પૂર્વ ભવે સુખી હતો.' **કૃષ્ણનાં** આવાં વચન સાંભળી તે બળવાન દેવતાએ પોતાના બે ભુજાથી તેને લેવા માંડ્યા, તેવામાં તો તે પારાની પેઠે વેરાઇને પૃથ્વી ઉપર પડી ગયા. પછી ફરીવાર ગાઢ યંત્રણાપૂર્વક તેમને બે ભુજામાં લેવા માંડ્યા, તો તે ગલત્કુષ્ટીની જેમ ઉલટી અત્યંત વ્યથા પામ્યા. એટલે તેણે કહ્યું, 'ભાઈ, એમ કરશો નહિ. તમે હાથે મને પકડો છો, તેથી જે દુ:સહ પીડા થાય છે, તે હું સહન કરી શકતો નથી. મેં હવે જાણ્યું છે કે, મારૂં કર્મ મારે જ સહન કરવું. **શ્રી નેમિનાથ** પ્રભુએ જે કહ્યું છે, તે શું અન્યથા થાય ?' **બલભદ્રે** કહ્યું, 'હું બલવાન છું પણ કર્મથી યંત્રિત એવા તમને લઈ શકતો નથી. જો તમારી ઇચ્છા હોય તો હું તમારી પાસે ઉભો રહું.' કૃષ્ણે કહ્યું,

'ભાઈ, તમે નિરર્થક પાસે રહેશો, તેથી શું થવાનું? તમે છતાં પણ મારે દુઃસહ વેદના સહન કરવાની અહિં જ છે. સુવર્ણ, રૂપું, રત્ન અને ગૃહનો ભાગ વહેંચી લેવાય છે, પણ કોઈ સ્વજનની વેદનાનો ભાગ લઈ શકતું નથી. મારી દ્વારિકા નગરીનો દાહ થવાથી અને આવી અવસ્થા વડે મારૂં મૃત્યુ થવાથી મારા શત્રુઓને હર્ષ અને મારા સુહૃદોને શોક થયેલો છે; તેથી શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનારી, શાંર્ગ ધનુષ્યવાલી, પીળા પીતાંબરવાલી, આભૂષણોથી યુક્ત, ગરૂડના વાહનવાલી, લક્ષ્મી સહિત અને સુવર્ણ તથા રત્નના વિમાનમાં રહેલી મારી ચંદનયુક્ત મૂર્તિ મારા મિત્રોને અને શત્રુઓને તમે બતાવજો. તેમજ નીલ વસ્ત્રને ધારણ કરનારી, ધીર, તાલધ્વજના ચિહ્નથી મનોહર અને પૃથ્વીને વિદારવાને ઉગ્ર હાથવાલી તમારી પવિત્ર મૂર્તિને મારી મૂર્તિની પાસે રહેલી બતાવજો. આ પ્રમાણે દેશે દેશે અને શહેરે શહેરે કરજો એટલે આપણે સર્વ અનશ્વર છે એમ લોકોને પ્રતીતિ થાય. 'જગતમાં ઉત્તમ પુરૂષે વિપત્તિ અને સંપત્તિમાં સમભાવ રાખવો જોઈએ.' પ્રેમને વશ થયેલા **બલરામે** તે વાત કબુલ કરી ભરતભૂમિમાં આવી વિમાનની સમૃદ્ધિ બતાવી દેશે દેશ, શહેરે શહેર અને ગામો ગામ લોકોને કહ્યું કે, 'હે લોકો સાવધાન થઈને સાંભળો. આ સૃષ્ટિ અમોએ બનાવી છે અને તેનો સંહાર પણ અમે કરીશું. દ્વારિકા નગરી પણ અમે રચી અને અમે સંહાર કરી છે. અમે ઇચ્છાથી સ્વર્ગ તથા પૃથ્વી ઉપર જઈએ છીએ અને ઇચ્છાથી આવીએ છીએ. અમે પરતંત્ર નથી. આ પૃથ્વી ઉપર અમારા સિવાય

બીજો કોઈ કર્તા નથી. અમને પૂજનારને સ્વર્ગ આપનારા છીએ અને અપૂજનારને દુઃખ આપીએ છીએ. પાંચજન્ય વિગેરેથી વિભૂષિત એવી અમારી પ્રતિમા કરી પુષ્પાદિક સર્વ ઉપસ્કરથી (સામગ્રીથી) પૂજા કરો.' **બલભદ્રની** આ વાણી સાંભળી સર્વ લોકોએ તેમ કર્યું અને તે **રામ કૃષ્ણની** પ્રતિમા અને પૂજા સર્વ ઠેકાણે પ્રવર્ત્તી. તેમની પ્રતિમાનું પૂજન કરનારા લોકોને બલદેવ દેવતાએ મોટી સમૃદ્ધિ આપી, તેથી બધા લોક **વિષ્ણુ ભક્ત** થયા. અને દિવસે દિવસે જગતમાં પોતાની મેળે જ મિથ્યાત્વ વધવા લાગ્યું. આકડાના વૃક્ષને કોઈ વાવતું નથી, તે પોતાની મેળે જ ઉગે છે, આ પ્રમાણે યોજના કરી **બલદેવ** હર્ષથી પોતાના દેવલોકમાં ગયા અને તે ચારિત્ર રૂપી વૃક્ષનું પુષ્પ હોય તેવું નિર્બાધ સુખ ભોગવવા લાગ્યા.

આ તરફ પેલો **જરાકુમાર** પાંડવોની નગરીમાં ગયો. ત્યાં સભામાં બેઠેલા ધર્મપુત્ર **યુધિષ્ઠિરની** પાસે જઈ તે રૂદન કરતો શોક કરવા લાગ્યો. તેને અતિ રૂદન કરતો જોઇ ધર્મપુત્ર યુધિષ્ઠિરે મનમાં આકુલ વ્યાકુલ થઈને પૂછ્યું, 'શું થયું છે ? તું કેમ રૂવે છે ?' એમ પૂછી ઘણી મહેનતે વસ્ત્રથી તેનાં આંસુ લુછીને યુધિષ્ઠિરે તેને સ્વસ્થ કર્યો. પછી જરાકુમારે મૂળથી વૃત્તાંત કહી સંભળાવ્યું અને કૃષ્ણે ઇંધાણી તરીકે આપેલ **કૌસ્તુભ** રત્ન **યુધિષ્ઠિરને** આપ્યું. તે કૌસ્તુભ રત્નને જોઈ બધા પાંડવો શોકવિહ્વલ થઇ બીજાને રોવરાવતા પરસ્પર થયેલા શોકથી એકી સાથે રોવા લાગ્યા. તત્કાલ તેમને મૂર્ચ્છા આવી ગઈ. ક્ષણવારે સંજ્ઞા પ્રાપ્ત કરી

કૃષ્ણના ઉપકારક ગુણોને સંભારી વિલાપ કરવા લાગ્યા. એવી રીતે ચિરકાલ વિલાપ કરી, **'આ સંસારની સ્થિતિ એવી છે,'** એમ જાણી સુકૃતી **યુધિષ્ઠિરે કૃષ્ણની** ઉત્તર ક્રિયા કરી. લોકોનાં વચનથી મોટા કષ્ટે શોકને નિવૃત્ત કરી **યુધિષ્ઠિરે જરાકુમારને** મોટો ઉત્સવ કરી રાજ્ય ઉપર બેસાડ્યો. આ વખતે કરૂણાસાગર **શ્રી નેમિ** તીર્થંકરે જ્ઞાન રૂપ ચક્ષુથી તે પાંચે **પાંડવોને** દીક્ષા લેવાની ઇચ્છાવાલા જાણી ચાર જ્ઞાનને ધારણ કરનાર, ધીર, અને પાંચસો સાધુઓથી પરિવૃત એવા નામથી અને પરિણામથી **ધર્મઘોષ** આચાર્યને ત્યાં મોકલ્યા. આચાર્યને જોઈ તેઓ ખુશી થયા. પુરૂષોમાં ઉત્તમ એવા પાંચે પાંડવોએ મોટા ઉત્સવથી તે ધર્મઘોષ આચાર્યની પાસે દીક્ષા લીધી. **દ્રૌપદીએ** પણ હર્ષથી તેમની સાથે દીક્ષા લીધી, કારણ કે, પતિવ્રતાનો એ ધર્મ છે કે, તે પતિને છોડતી નથી. તેઓએ વિવિધ અભિગ્રહ લઈ વ્રત પાળવા માંડયું, અને ગુરૂની પાસે અભ્યાસ કરી તેઓ દ્વાદશાંગીને ધારણ કરનારા થયા. તેઓમાંથી **ભીમ-મુનિએ** એવો અભિગ્રહ ધારણ કર્યો કે, 'જો કોઈ પુરૂષ ભાલાના અગ્ર ભાગથી આહાર આપે તો જ મારે આહાર લેવો, નહીં તો ઉપવાસ કરવો.' આ પ્રમાણે દૃઢ હૃદયવાળા અને શુભ બુદ્ધિવાળા ભીમમુનિએ અભિગ્રહ લઈ છ માસ સુધી નિરાહારપણે તપસ્યા કરી. જ્યારે તે અભિગ્રહ પૂર્ણ થયો એટલે તેણે પારણું કર્યું. એવી રીતે તે પાંચે **પાંડવો** વ્રતકર્મમાં પણ શૂરવીર થયા.

હવે **શ્રી નેમિનાથ** પ્રભુ અનેક દેશમાં વિહાર કરી પોતાનો નિર્વાણનો અવસર જાણી રૈવતક-**ગિરનાર** પર્વત ઉપર આવ્યા. ત્યાં દેવતાઓએ મોટી ભક્તિથી ત્રણ કિલ્લાથી પ્રકાશમાન એવું તેમનું છેલ્લું સમવસરણ રચ્યું. આ વખતે પાંચ પાંડવોના સાંભળવામાં આવ્યું કે, **શ્રી નેમિનાથ** પ્રભુ ગિરનાર ઉપર આવ્યા છે, એટલે તેઓ તેમને વાંદવાને ઉત્સુક મનવાલા થયા. પછી ગુરૂની રજા માગી એટલે ગુરૂએ આજ્ઞા આપી. તેથી હૃદયમાં હર્ષ પામતાં તે પાંચે પાંડવ મુનિઓ માસક્ષમણના પારણાવાલા **શ્રી નેમિનાથ** પ્રભુને વંદન કરવા ચાલ્યા. ઘણા દેશોને, શહેરોને અને ગામોને છોડતા છોડતા તેઓ **સૌરાષ્ટ્ર** દેશનું આભૂષણ રૂપ એવાં **હસ્તકલ્પ** નગરમાં આવ્યા. 'આ નગરથી **રેવતગિરિ** બાર યોજન છે તેથી નેમિનાથને વંદના કરી આપણે માસક્ષમણનું પારણું કરીએ,' એવું ચિંતવી તે મહાશયો કાયોત્સર્ગ કરી તે નગરમાં રાત્રિ વાસ રહ્યા. પ્રાતઃકાળે જેવામાં તેઓ હર્ષથી ચાલવાનો ઉપક્રમ કરતા હતા, તેવામાં લોકોના મુખથી સાંભળ્યું કે, 'આષાઢ માસની શુકલ અષ્ટમીએ ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં **શ્રી નેમિનાથ** પ્રભુ **રૈવતાચલ** પર્વત ઉપર નિર્વાણ પામી ગયા.' આ ખબર સાંભળી જેમને ગાઢ દુઃખ ઉત્પન્ન થયું છે, એવા તે **પાંડવ** મુનિઓ આહાર કર્યા વગર ત્યાંથી ચાલી નીકળ્યા અને **સિદ્ધાચલમાં** આવ્યા. ત્યાં **શ્રી રૂષભદેવને** પ્રણામ કરી તેમણે અનશન વ્રત ગ્રહણ કર્યું. પછી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી તેઓ મહાનંદ પદ-મોક્ષને પ્રાપ્ત થયા.

**કૃષ્ણની** આઠ પટ્ટરાણીઓ, **નેમિનાથના** બંધુઓ અને **રાજીમતી** વિગેરે ઉત્તમ કેવલજ્ઞાનને પ્રાપ્ત થયા. શ્રી શિવાદેવીના પુત્ર નેમિનાથ પ્રભુ મોક્ષે ગયા પછી **પ્રદ્યુમ્ન** મુનિ **શાંબ** વિગેરે કુમારોથી પરિવૃત થઈ રહેતા હતા. કૃપાધારી, ક્ષમાપાત્ર અને મોટા મનવાલા પ્રદ્યુમ્ન મુનિ માસક્ષમણ, અર્ધમાસક્ષમણ, વિગેરે ઘણા તપ કરતા હતા. છેવટે ઘાતિ કર્મના ક્ષય થવાથી તેમને ઉજ્વલ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. કારણ કે, તપસ્યા કર્યા વિના કોઈ પણ કેવલજ્ઞાન પામતું નથી. **શાંબ** વિગેરે મુનિઓએ પણ તેવી રીતે ઉજ્વલ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. મોક્ષના સાધનનો તે એક જ માર્ગ છે.

**પ્રદ્યુમ્ન** મુનિએ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી પૃથ્વી પર વિહાર કરી અમૃત જેવી મધુર વાણીથી ભવ્ય પ્રાણીઓને બોધ કર્યો હતો. સદ્બુદ્ધિવાલા તે **પ્રદ્યુમ્ન** મુનિ જાણે પૃથ્વી ઉપર જિનેંદ્રના ધર્મનું બીજ વાવવાની ઇચ્છા ધરાવતા હોય, તેમ તેઓએ આર્ય તથા અનાર્ય દેશોમાં પણ ચિરકાલ વિહાર કર્યો. કારણ કે, સૂર્યની જેમ સાધુની ગતિ (ગમન) પરોપકારને અર્થે જ છે, તેમ મેઘની જેમ સાધુને પણ ગો* વર્ષણ થાય છે. મુનિચર્યાથી વિહાર કરતા મુનિ પોતાનું શેષ આયુષ્ય માની તીર્થોમાં ઉત્તમ તીર્થ એવા **શત્રુંજયગિરિ** ઉપર આવ્યા. ત્યાં શુદ્ધ બુદ્ધિવાલા અને મહાન સમાધિવાલા **પ્રદ્યુમ્ન** મુનિએ અનેક યતિઓની સાથે અનશન કર્યું. શુકલધ્યાનને ધ્યાતા તે મુનિએ આયુષ વિગેરે ચાર કર્મનું

---

* મેઘ **ગો** એટલે જળની વૃષ્ટિ કરે છે અને સાધુ **ગો** એટલે વાણીની વૃષ્ટિ કરે છે.

ઉન્મૂલન કર્યું. એમ આઠે કર્મથી મુક્ત થઈ મહાનંદ પદ-મોક્ષ પદને પ્રાપ્ત થયા. બીજા **શાંબ** વિગેરે મુનિઓ પણ એવી રીતે મોક્ષે ગયા. સર્વ સાધુઓની પણ તેજ ઉત્તમ ગતિ છે.

આ પ્રમાણે મગધ દેશના સ્વામી **શ્રેણીક** રાજા અમૃત રસના જેવું **પ્રદ્યુમ્નકુમારનું** ચરિત્ર છેલ્લા તીર્થંકર **શ્રી મહાવીર** પ્રભુના દાંતરૂપી હંસને ધારણ કરનારા મુખકમલમાંથી સાંભળી અત્યંત હર્ષ પામ્યા અને નિર્મલ દર્શનવાળા **શ્રેણિક** રાજા સુકૃત કર્મમાં વિશેષ આદરવાળા થયા. પછી મહર્દ્ધિવાલા અને મોટી બુદ્ધિવાલા તે રાજા ભગવંતના ચરણયુગલને પ્રણામ કરી પોતાના સ્થાનમાં ગયા.

**इति श्री दिल्लिदेशे फत्तेहपुरस्थेः पातसाहिश्रीअकब्बरैः श्री गुरुदर्शनार्थसमाहूत-भट्टारक श्री ५ श्रीहीरविजय सूरीश्वरैः सह विहारकृतां, स्वयंकृतकृपारसकोशग्रंथश्रावणरंजितपातसाहिश्रीअकब्बराणां, श्रीहीरविजय सूरिनाम्ना कारित जीजीयाकरनिवारणस्फुरन्मानानाँ तथा कारितषड्मासिकजीवाभयदानप्रधानस्फुरन्मानानां, श्री जंबुद्वीपप्रज्ञप्ति सूत्रस्य प्रमेयरत्नमजुषानामबृहद्वृत्तिकृतां, पातसाहिश्रीअकब्बरदापितोपाध्यायपदानां महोपाध्याय श्री ५ सकलचन्द्रगणिशिष्य महोपाध्याय श्री ५ श्रीशांतिचन्द्रगणीनां शिष्यमुख्योपाध्याय श्रीरत्नचन्द्रगणिविरचिते श्री भक्तामरस्तव-श्री कल्याणमंदिरस्तव-श्री देवप्रभोस्तव-श्रीधर्मस्तव-श्रीऋषभवीरस्तव-कृपारसकोश-अध्यात्म कल्पद्रुम-श्रीनैषधमहाकाव्य रघुवंशमहाकाव्यवृत्ति-भ्रातृभगिनीनामनुज्ञे भ्रातरि श्री प्रद्युम्नचरिते महाकाव्ये बलदेवदीक्षातपःसाधन**

**पंचमस्वर्ग गमन प्रद्युम्न–शांबादिकेवलज्ञानमुक्तिगमनवर्णनो नाम सप्तदशमः सर्गः ॥ १७ ॥**

**संपूर्णं । प्रद्युम्न चरितं महाकाव्यम् ।**

દિલ્લી દેશમાં આવેલા ફતેહપુરમાં બાદશાહ **અકબરે** ગુરૂદર્શન માટે બોલાવેલા ભટ્ટારક શ્રી **હીરવિજય** સૂરિની સાથે વિહાર કરનારા, પોતે રચેલા **કૃપારસ કોષ** નામના ગ્રંથને સંભળાવવાથી જેમણે અકબર બાદશાહને ખુશી કરેલા છે એવા, હીરવિજય સૂરિના નામથી **જજીયાવેરો** બંધ કરાવી જેમણે માન મેળવેલું એવા, તથા દુઃખી થતા જીવોને અભયદાન અપાવી માન મેળવનારા, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રની **પ્રમેયરત્ન મંજુષા** નામની બૃહદ્વૃત્તિ કરનારા અને બાદશાહ અકબરે જેમને ઉપાધ્યાય પદ આપેલું છે એવા મહોપાધ્યાય **શ્રી શાંતિચંદ્ર ગણીના** મુખ્ય શિષ્ય ઉપાધ્યાય **શ્રી રત્નચંદ્ર ગણીએ** રચેલા અને **શ્રી ભક્તામરસ્તવ, શ્રી કલ્યાણમંદિરસ્તવ, શ્રી દેવપ્રભોસ્તવ, શ્રી ધર્મ-સ્તવ, શ્રી રૂષભવીરસ્તવ, કૃપારસકોષ, અધ્યાત્મ-કલ્પદ્રુમરૂપ** ભાઈઓ અને **નૈષધ મહાકાવ્ય** તથા **રઘુવંશ મહાકાવ્યની** વૃત્તિરૂપ બહેનોના અનુજ બંધુરૂપ આ **પ્રદ્યુમ્નચરિત્ર** મહાકાવ્યનો બલદેવની દીક્ષા, તપ સાધન અને પાંચમા દેવલોકમાં ગમન તથા **પ્રદ્યુમ્ન શાંબ** વિગેરેને કેવળજ્ઞાન તથા મોક્ષ ગમનના વર્ણન રૂપ આ **સત્તરમો** સર્ગ સમાપ્ત થયો છે.

卐

# પ્રશસ્તિ

દ્વાદશાંગીના જાણુ, શ્રીમાન્ તપાગચ્છ રૂપી મોટા વૃક્ષનું મૂળ રૂપ અને સંસાર સાગરમાં વહાણુ રૂપ એવા શ્રીવીર પ્રભુના શિષ્ય **સુધર્મા ગણુધર** થયા. તે ગુરૂની પરંપરામાં સાધુના ક્રિયા માર્ગને વિકાસ કરવામાં સૂર્યરૂપ અને બુદ્ધિથી બૃહસ્પતિની સમાન એવા **આનંદવિમલસૂરિ** થયા. તેમની પાટ રૂપી આકાશમાં સૂર્ય સમાન **શ્રી વિજયદાનસૂરિ** થયા, જેઓ ભાગ્યના નિધાન, ગુણુ ગણુના સ્થાન રૂપ અને ક્રિયાના પાત્ર હતા. તેમની પાટના આભૂષણુ રૂપ **શ્રી હીરવિજય-સૂરિ** થયા, જેમની રાજાઓના સમૂહના નમેલા રત્ન મુગટોથી પૂજા થતી હતી. તેમના શિષ્ય રત્ન **શ્રી વિજયસેનસૂરિ** થયા, જેઓ લબ્ધિઓના મહાન સમુદ્રરૂપ, શમરસનું પાત્ર અને જગતમાં વિખ્યાત થયા હતા. તેમની પાટરૂપ વંશના જાણે મુક્તામણિ હોય, તેવા તેજસ્વીપણાદિકગુણુવાલા **શ્રી વિજયદેવસૂરિ** થયા. તે ગુણુવાન સૂરિએ તપાગચ્છ ઉપર સારૂં શાસન પ્રવર્ત્તાવ્યું હતું. જે પોતાના સૌભાગ્ય ગુણુ અને શીલ ગુણુના યોગથી **જંબૂસ્વામીનું** સ્મરણુ કરાવે છે, એવા **શ્રી વિજયદેવગુરૂ** જય પામો.

**શ્રી આનંદવિમલ** ગુરૂના શિષ્ય **શ્રી સહજકુશલજી** વિદ્વાન થયા. તેઓ સિદ્ધાંતરૂપ સુવર્ણની કસોટીરૂપ અને ઉત્તમ ગુણોના સમૂહથી યુક્ત થયા. તેમના મુખ્ય શિષ્ય વાચકશ્રેષ્ઠ **શ્રી સકલચંદ્ર** નામે થયા હતા. જેઓની વાણીને અમૃતની જેમ પાન કરી ભવ્યજનો પ્રમોદ પામે છે, તે

ગુણુપાત્ર ગુરૂના ઘણા શિષ્યોમાં મુખ્ય અને પ્રવીણુ કમલ સમાન મુખવાલા વરવાચકેંદ્ર **શ્રી શાંતિચંદ્ર** થયા. તેઓ શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિરૂપ સૂર્યકાંત મણિમાં સૂર્યરૂપ, **અકબર** બાદશાહની સભામાં માન મેળવનારા અને શ્રી જૈન પ્રવચનની પ્રભાવના કરવાની વિધિમાં વૃક્ષ એવા થયા. તેઓ વિદ્યાના દાનથી ઘણા શિષ્યોને અતિશય પૂજ્ય થયા હતા. ગુણુના સાગર રૂપ એવા તે ગુરૂને પ્રસાદ મેળવી વિનીત શિષ્યોની પ્રાર્થનાથી વાચક **શ્રી રત્નચંદ્રે** આ ચરિત્ર રચેલું છે. વિદ્વાનોએ મારે વિષે કૃપા કરી શોધવું, શોધીને નિર્દોષ કરી વાંચવું, બીજાના ઉપકારને માટે સારી રીતે લખવું અને શિષ્યાદિકને પાઠન કરાવી તેનું પરિશીલન કરવું. સંવત **૧૬૭૪** ના વર્ષે આશ્વિન માસમાં વિજયાદશમી અને ચંદ્રવારે વાચકવર **શ્રી રત્નચંદ્રે** ૩૫૬૯ શ્લોક અને ૧૬ અક્ષર અધિક પ્રમાણુ-વાલો સંસ્કૃત પદ્ય રૂપે આ ગ્રંથ રચેલો છે.

## समाप्तोऽयं ग्रंथः

# પાણીના એક ટીપામાં હરતા-ફરતા જીવો



"સિંધ પદાર્થ વિજ્ઞાન" નામનું પુસ્તક અલહાબાદ ગવર્નમેન્ટ પ્રેસમાં છપાયલું છે, જેમાં કેપ્ટન સ્કોર્સબીએ સૂક્ષ્મદર્શક યંત્રથી એક પાણીના ટીપામાં ૩૬૪૫૦ જીવો હાલતા ચાલતા જોયા તેનું આ ચિત્ર છે.

પં. ધર્મ. અશોક ગ્રન્થમાલા તરફથી છપાયેલ

## * પુસ્તકોની યાદી *

| | |
|---|---|
| શ્રી મલય સુંદરી | અપ્રાપ્ય |
| શ્રી અશોક ગીત મંજરી | અપ્રાપ્ય |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર | અપ્રાપ્ય |
| શ્રી વિધિસહિત પૌષધ વિધિ | અપ્રાપ્ય |
| શ્રી તપોરત્ન મહોદધિ ધર્મજીવનજ્યોત | અપ્રાપ્ય |
| શ્રી ધર્મ અશોક સ્વાધ્યાય ચિંતામણી | અપ્રાપ્ય |
| શ્રી નૂતન સ્તવનાવલી | અપ્રાપ્ય |
| શ્રી પૂજા સંગ્રહ | અપ્રાપ્ય |
| શ્રી કલ્પસૂત્ર ખીમશાહી પ્રતાકારે | ૩૧=૦૦ |
| શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર | ૧૬=૦૦ |

—: પ્રાપ્તિસ્થાન :—

માસ્તર રમણીકલાલ ત્રીકમલાલ

ઠે. ઝવેરીવાડ,

જી. મહેસાણા. (ઉ. ગુ.) પાટણ.